બનામે ખુદા.

# મોતી-માળા.

(ભાગ ૧ લો.)

રચનાર


**મેહેરવાન બી. ઘડીઆલી**

તે

"સીતમે સાહણીરીયા," "ગુલામી બજાર" "તાપી માતાનો કોપ" "ગ્રાન્સાવાલની સુંદરી" વીગેરે વીગેરેના કરતા.

અને

**મેહેરજી કા. આસીવાલા બી. એ.**





મુંબઇ

આંતીયા પ્રીંટીંગ પ્રેસ, મીરજા સ્ત્રીટ નં૦ ૧૬

સને ૧૯૦૩.

કીંમત ૧-૪-૦

પારસી

કોમને જેણ દેનાર

તુરંત, પારસી કોમનું હિતને

હઇડે ધરી પરોપકારના કામો બજાવના

સાદા ઉમંગમાં મચેલા ગુજરાતી સાહિત્યના

એક સાચા મદદગાર, જાગૃતી જીંદગીના એક

જાહેર પુરૂષ, શ્રીમંત છતાં સાદા અને લાયકીવાળા

**શેઠ જાંહાંગીર બમનજી દીનશાહ પીટીટ**

**તે**

લોકપ્રિય પિટિટ ખાનદાંનના એક ઉધ્ધરતા અને જવાંન

નેક નબીરાને, તેઓની સેંકડો પરોપકારી જાહેર

સેવાઓ અને પારસી કોમના ભલાં માટેની

તેઓની ઉંડી અને દીલસોજ લાગણીઓ

માટે આ પુસ્તક હમો માન-

પુર્વક નમનતાઇથી અર્પણ

કરીયે છીયે.

**મેહેરવાંન બી૦ ઘડીઆલી**

**મેહેરજી કા૦ આરસીવાલા.**

# બે બોલ.

જો કે હમો બન્ને દોસ્તની ભેગી કોશેષ આ પેહેલીજ છે તોપણ કહેવાની રજા લઇશું કે વાંચનારી આલમ સાથે હમો બન્નેને જુની ઓળખાંન છે. એ બેમાંથી એક જ્યારે "સીતમે સાંઇબીરીયા" "ગુલામી બાજાર" "તારા માતાનો શ્રાપ" અને "ત્રાનરવાસની સુંદરી" વીગેરેનાં કર્તા તરીકે ઘણાંને જાણીતા છે ત્યારે બીજા માસીક ચોપાનીયાઓમાં ધારણ કીધેલાં નામે નાનાં મોટાં લખાણો કરતા આવ્યા છે.

"મોતી-માળા" ભાગ ૧ લામાં આવેલી "બાપ કે સાપ" નામની વારતા ઘણું મોટે ભાગે લગભગ "ઓરીજીનલ" છે જ્યારે બીજી વારતા જાણીતા અંગ્રેજી લખનાર Goldsmith નાં અતી રમુજી નાટક ઉપરથી ઘટતા ફેરફાર સાથ બનાવવામાં આવી છે. ત્રીજી વારતા મરહુમ રાજકવી Tennyson ની એક ઘણીજ મશહુર કવીતા ઉપરથી બનાવવામાં આવી છે.

વાંચનાર વર્ગ હમેશ બે તત્વનો બનેલો છે. કેટલાકોને ઘણી "કોમીક" વારતાઓ પસંદ છે જ્યારે બીજાઓને "ટ્રેજીક" બહુ ભાવે છે. આ બન્ને ભાગને પસંદ પડે એવો સંભાલ ભર્યો ભેલ હમોએ આ ચોપડીમાં દાખલ કરવાની કોશેષ કીધી છે અને હવે પછીની હમારી ચોપડીઓમાં પણ એવીજ "તીખી-મીઠી" વાંણીઓ હાજર કરવાની હમો કોશેષ કરીશું.

ભવિષ્યમાં નીકળનારી હમારી ચોપડીઓ વીશે ખુલાસાના બે બોલની જરૂર છે. જેમ આ વારતાઓમાં તેમ હમારી ભવિષ્યની વારતાઓમાં ઘણું હમો હમારા "પ્લોટ" માટે મહાન અંગ્રેજી લેખકોજ પસંદ કરીશું.

કોઇ ઓરીજીનલ બનવાવાળા સાહેબો (?) ભલે હમને **"તરજુમા માસ્તર"** નો ઇલ્કાબ આપે તે હમો ખુશીથી સ્વીકારશું. મહાન લખનારાઓનો મોટો ભાગ—શું નોવેલ લખનારા કે શું કવીઓ—જ્યારે પોતાના ગ્રંથો બીજા "પ્લોટો"ની મદદ લઇ બનાવતા આવ્યા છે ત્યારે હમારે તેમ કરતાં શા માટે શરમાવું જોઇએ? ભલે કોઇ સુગાતરા સાહેબો તે માટે નસકોરૂં ચહડાવે અને ભલે કોઇ પેટના બારીયા ગાંમ બાળે પણ હમો તો અંગ્રેજી સાહીત્યનાં ગંજાવર ખજાનામાંથીજ છુપાએલાં મોતીઓ કહાડતા જશું અને હાલના વખતને અનુસરતી રીતી મુજબ તેઓને સાફ સુફ કરી નવી જાગુસ અને ઘરેણાંમાં બેસાડી તેઓને વાંચનારી આલમને અરપણ કરતા જશું ખોદા તે કાંમમાં હમને મદદ કરે!

આ૦ સેવકો,

મે૦ બે૦ ચકોચાસી

મે૦ ફ૦ આરસીવાલા.

# બાપ કે સાંપ?

## પ્રકરણ ૧.

આગ રેલ અને છેલ્લે મરકીથી ધીમે ધીમે નાસ પામતાં સુરત શેહેરમાં આપણી વારતાની શરૂઆત થાએ છે. દીસેંબર મહીનાની એક સાંજે તાપતી નદીની નજદીકના શેહેરનાં એક ભાગમાં એક ગેહ્રી બાંધનીનો બંગલો નજરે પડે છે. આ બંગલોની આસપાસ પુર ગીચોગીચ ઝાડોવાળા એક બાગાનમાં લોકથી બીહતાં બીહતાં કોઇ ન જોય એમ બે માણસો—એક જવાંન અબલા અને એક મરદ લગભગ એકએકના કાંને ઉપર પડી વાતો કરે છે. એઉનાં મોહડું ઉપર નીરાસીનો છાપ ખુલ્લો નજરે પડે છે.

"ગુલ, મારી વહાલી ગુલ મારી તો ખાતરી છે કે એ બધું કારસતાંન તારી સાવકીનાં છે. પણ ધીરજનો બદલો [illegible] વગર રેહેમાર નથી. બે વરસ? હા [illegible] એ [illegible]

ઘણી લાંબી લાગે છે પણ આટલી મુદત શેભવા સીવાએ બીજો છુતકોજ નથી. વચન આપ મારા ગુલાબ કે એ બે વરસ પછી તું મારીજ થશે."

"કેકી તમારી હજુરે ખાતરી નથી કે હું તમારીજ છઉ ? બે વરસ તો શું પણ મારી જીંદગી સુધી હું તમારીજ રેહેવશ, કેક. પણ ઓ ખુદા એ બે વરસમાં મારી ઉપર શું શું આફતો અને મસીબતો ગુજરશે? ગમે તે હાશે પણ હું તે ખમસ અને બે વરસ પુરાં થયા પછી હુ તમારી કાગને દોરે વાર જોવસ, અને તમો જો નહીં આવશો તો હું જુરઈ જુરઈ મરીસ. કહો કેકી કે તમારા સીવાએ હવે મારૂ કોણ છે? છતા બાપે હુ બાપ વગરની. માએ તો બીચારાં મને એક મહીનાંની મુકી ચાલતાં થયાં. મારી કદર ખાનાંર અને જુલમમાંથી છોડવનાર નથી મારો ભાઇ કે નથી મારી બેહેન." એટલુ બોલી તે જવાંન બાનુ રડી પડી.

"ગુલાં હીમત રાખ. નાસીપાસ થવાનું કાંઇ કારણ નથી. તારા બાવાએ તો સાફ છેડો છોરવી આપીયો કે બા મારી છોકરીને કોઈ સાથેબી મારે પરણાવવી નથી. આ ઘેર જે મારાં બચપણથી આજ તલક મારે માટે ખુલ્લુ હતું તે હવે સદાનું બંધ થયું છે. એક બાપને પોતાની પેટની દીકરી ઉપર આટલો જુલમ ગુજારવાનો શું સબબ તે સમજ પડતી નથી પણ તારી સાવકી માની ફુસલામણથી આ સઘળુ થએલું હું ખુલ્લુ માનુ છું."

આપણી વારતાની નાયકા ગુલાં ખાંનબહાદુર ફીરોઝ

જીની પેહેલ્લે ખોરેની છોકરી હતી. કંઇક સંજોગો વચ્ચે તેવ-ણુ કરાંચી ગયા અને ત્યાં પરણી આવ્યા. આ તેવણુની પેહેલી બૈરીના માબાપ વીશે લોકોને કાંઇ ઝાઝી ખબર નહીં હતી. લોકો એવું માનતા હુતા કે આ પીરોજબાઇ કોઇ ગરીબ માણુસની છોકરી હતી અને ફીરોજજી તેવણુને જોઇ મોહીત પડયાં હતાં અને ત્યાંજ લગન પણુ કરી આવ્યા. મુંબાઇ આવ્યા પછી આસરે એક વરસમાં પીરોજબાઈ ગુલાંનો જનમ આપી સુવાવડમાંજ ગુજરી ગયાં. પીરોજબાઇનાં મરણુ પછી ફીરોઝજીને પોતાની મોહોરદાર વીશે ઘણું લાગતું હોય એવું જણાયું નહીં, અને ત્રણુ વરસ પછી તેવણે બીજું ઘર કર્યું. તેવણુની બીજી ધણીયાણીનું નાંમ ખરસેદબાઈ હતું. ખરસેદબાઇ જો કે વચલે વાંધેના માબાપના બેટી હતાં પણુ વરનાગી જુવો તો લખસાપતીનાં ખાનદાનનાં જેટલી હતી. બીજી તરફ જો કે ફીરોઝજીનાં બપાવા પાસે મોટી દોલત હતી પણુ તે સઘળું તલીયાંજાતક થઈ રહ્યું હતું, અને સેહેજ સાહુજ જે બચ્યું હતું તે ઉપરજ ફીરોજજીનો ગુંજારો ચાલતો હતો. પણુ આટલા થોડા પૈસા ઉપર ખરસેદબાઇનો લખલુત ખરચ કેમ નીભી શકતો હુતો. તે કોઇને સમજ પડતું નહીં.

ફીરોજજીનાં બીજાં લગન વખતે ગુલાં ત્રણુ વરસની હતી. ખરસેદબાઈ ઘરમાં આવ્યા પછીથી તે બીચારી નવ વરસની થઈ ત્યાં સુધી રોજનાં નવસો છીતાં ખરસેદબાઈ તેની સાથે સોધુતાં હતાં. અંતે નવ વરસની ઉમરે તેને ઘરમાંથી બહાર જવું પડયું. પોતાની માના જુલમથી તેને મુંબાઇ જવું પડયું. અને મુંબઈમાં ... ઉપર ...

શીખેલી પારસી વીધવાએ એક બોરડીંગ સ્કુલ કહાડી હુતી ત્યાં તેને ઉતારો લીધો. આ પારસી વીધવા બાનું એટલી આલેસ હતી અને લોકોનો તેણી ઉપર એટલો વીસવાસ હતો કે દુરનાં મુલકોમાંથી ઘણાં માબાપો પોતાની છોકરીને કંઈ પણ ધાસતી ચીંતા વગર આ પારસી બોરડીંગ સ્કુલમાં મોકલતાં હતાં. સુનાબાઇ પાતકની આ બોરડીંગ સ્કુલમાં ગુલાંને મોકલવામાં આવી હતી. વરસમાં ફકત બે વખત પોતાને ઘરે ગુલાં આવતી પણ તે મુલાકાત દરમ્યાંન તે બીચારીને ઘરનાં માણસ તરીકે સ્હેજ આવકાર વટીક મળતો હતો નહીં, કારણ નોકર નફર વટીક તેણીની દયા ખાવા છતાં તેના બાપ કે સાવકી માં બેહેનોની બીહીકને લીધે તેની સાથે વાત કરતાં નહીં. ગુલાં તેર વરસની થઈ ત્યાં સુધી તે આ બોરડીંગ સ્કુલમાં રહી પણ પછી લોકોના તાંનાંથી તેને ઘેર બોલાવવામાં આવી, જયાં હવે તે બીચારીને લગભગ એક બંધીવાંન તરીકે રાખવામાં આવતી હતી. સાવકી બેહેનોનાં પેહેરેલાં કપડાં તેને મલતાં હતાં, અને બહાર ફરવાની તેને છુટ નહીં હતી.

ગુલાંની શરૂઆતની જીંદગીનો કંઇક ખ્યાલ વાંચનારને આપી આપણે આપણી વાર્તા આગલ ચલાવીશું કે જે સમયે ગુલાંની ઉમર ૧૯ વરસની હતી. આ સમયે ગુલાંનો મીત્ર એકજ હતો અને તે કોણ તે તો વાંચનાર સારી રીતે જાણે છે. કેકી એક આથોરનાનજાદો હતો. તેના બાવા બપાવાને ફીરોઝજી અને તેવણનાં બાપ સાથે લાંબી ઓળખાંણ હતી. બને કુટુંબો એક એકની પાસે રહેતાં હતાં, અને બને કુટુંબો ભાઇબરવત જેવું હતુ. બચપણથી કેકી ગુ-

શેરજીને ઘર આવતો જતો હતો અને ઘરનાંજ બચ્ચાં લેખે ગણાંતો હતો. પણ કમનસીબે તે પણ આ વખતે તદન નાવારેસ હતો. આ દુન્યામાં તે તદન એખલો હતો. ગુલાં અને તે એક બચ્ચાં તરીકે સાથે રમીયાં હતાં. ...તે લોકોનો પ્યાર નાનપણથી ધીમે ધીમે ચીવત થએલો હતો. કેકી એક શીખેલો બી. એ. હતો. ઘણાં વખત આગમજથીજ તેનો પગ ગુલાંના ઘરમાંથી ગયો હતે પણ ખરસેદબાઇનો વીચાર પોતાની એકું છોકરી સાથે નેનું કરવાનો હતો. ગુલાં ખાતર તે ખરસેદબાઈની મરજી રાખવાનો કાંઈ પણ બોલ્યા વગર ઢોંગ કરતો હતો, પણ હવે તેને આવો ઢોંગ ચાલુ રાખવો પસંદ પડયો નહીં અને એક દીવસે તેને શીરાઝજી પાસે ગુલાંના હાથની માંગણી કીધી પણ તેને શું જવાબ મલ્યો તે તો આપણે વાંચી ગયા છઇયે.

આપણી વારતાની એક વરસ આગમજ કેકીના બાવા બેહેસ્તનશીન થઇ ગયા હતા. આ વખતે કેકી વેપાર ધંધા માટે નેટલ ઉપડી જનાર હતો. તેના બાવા પણ નેટલનાજ કાંઈ વેપારમાં ફસાયા હતા. તે પોતાનું સરનામું હજુર જાણતો હતો નહીં.

"કેકી વહાલા, બે વરસ હું થોભીસ તો ખરી પણ તેટલાં અરસામાં તમો મારી ઉપર કાગળ લખશો કે અને કેમ અને ક્યાં લખશો?".

"મારી મુશકેલી પણ એજ છે. તારા પોતાની ઘરમાં તો હું કાગળ મોકલાઉં તો તુને કદી મલી શકેજ નહીં.

પણ જો વહાલી મારો વીચાર એમ છે કે સુરતની પોસ્ત ઓફીસમાં ક. ખ. ગ. ને નામે હું લખીશ તે કાંઈબી સ-દબીરથી મંગાવી લેજે. એજ શીવાએ ડીયર બીજો કોઈ રસ્તો નથી. બનતી ધીરજથી તું થોભજે અને બે વરસ પુરાં થયાં પછી હું તુને લેવા આવીશ અને તે વખતે તું એક-વીસ વરસની ઉમરની થએલી હોવાથી તું તારી મરજી પ્રમાણે ગમે તેની સાથે પરણવાને છુટી થશે."

"કેકી તમારો કોઈ એવો વીસવાસુ દોસ્ત નથી કે જે મને તમારાં કાગળો પોહચાડે?"

"ગુલાં, દોસ્તો ઉપર મને ઝાઝો વિશ્વાસ નથી. તોપણ દોસ્તોમાં દોસ્ત મારો એકજ મુંબઈમાં છે. તેનું નામ જમશેદ છે અને મોટી ખાનદાનનો તે એક નબીરો છે. ધાર કે હું તારા કાગળો તેની ઉપરબી મોકલાઉ તો તે કાગળો તને તે કેમ પોહચાડે? પણ જો કોઇ વખત અ-ગવડ પડે ને કોઈ વખત કોઈ મદદગારની તને જરૂર હોય તો તે મારો દોસ્ત તને જરૂર મદદ કરશે. લાવ તારી પેલી સુંદર નોટબુક આપ. હું મારેજ હાથે તુંને તેમાં તેનું સ-રનામું લખી આપું."

ગુલાંએ પોતાનાં સાદાં બદીઆંનનાં ગજવામાંથી એક નાની રમકડાં જેવી નોટબુક કહાડી જેમાં કેકીએ પોતાને હાથે તે સરનામું લખ્યું. અને ગુલાંએ તેમાં સેહેજ નજર કરી તેને પોતાનાં ગજવામાં સેરવી દીધી.

"ગુલાં, મારા સુંદર ગુલ, હવે વખત ઘણો નીકળી જ-વાનેં હવે આપણે છુટું પડવુંજ પડશે. પણ મારી

એક છેલ્લી ખાએશ છે તે તું કાંઇબી ઓસંકાચા વગર કબુલ કરજે. ગુલાં આ દુન્યામાં પૈસા ઘણું કામ કરી શકે છે અને મને આગાહી થાય છે કે હું તને છોડી જાઉં પછી તારી ઉપર હજુર ઘણું વીટસે. કદાચ એવા વખત આવશે કે તને પૈસાની જરૂર પડશે. નહીં—ટાકું ના હીલાવ ગુલં. હું જે કહુંચ તેમાં ઘણું વજુદ છે. અપમાંન જેવું એમાં કાંઇ નથી. અને આપણે કાંઇ હવે જુદાં નથી. નહીં નાં કેહસે તા હું નારાજ થવસ, અને કબુલ કરશે તો હું જરા પણ ધીરજથી મારી મુસાફરી પુરી કરશ."

ઘણીજ આનાંકાંનીએ ગુલાંએ એક બીડેલું પરબીડું ગજવામાં સતાડી દીધું.

"કેકી, આસરે કેટલા વખતમાં તમો તરફના પેહેલ્લા કાગળની હું આશા રાખું ?"

"આજથી આસરે બે મહીને મારૂં પેહેલ્લું કાગળ તુંને મલશે. તેમાં હું તુંને મારૂં સરનામું લખીશ. તારા જવાબની હું કાગને ડોળે વાર જોઇશ."

સ્વચ્છ પ્યારના પાક બોસાઓ, મીઠી બગલગીરી અને સુખ દુખની ભેગી લાગણીઓના આંસુઓ વચ્ચે આ બે આશુક મશુકો છુટાં પડયાં અને અરધે રડતે ચેહેરે પોતાના ઓરડામાં સટકી જઈ બારણું બંધ કરી ગુલાં ભુખીજ સુતી અને કેકીનાજ વીચારમાં સારી રાત ગુજારી પણ અરે! તે ભુખી કાંએ સુતી, તે વીશે ઘેરમાં કોઇએ કોઇબી પ્રકારની તલ્લાશ કીધી નહી !

# પ્રકરણ ૨.

ગરીબ આપણી ગુલાં. એકલી અટુલી. ન સગાં કે ન વહાલાં. ન દોસ્ત કે ન આશનાં. માં તો બીચારી જનમ આંપી ચાલી ગઈ અને સગો બાપ તે જાણે જેહરી સાંપ! કલાકના કલાક તેણી એખલી ઓરડામાં ભરાઇ રહયા કરતી તો તેની કોઈ દાદ કે ફર્યાદ લેતું નહીં. ખાનું, ચાહે નાસ્તો પણ તેણી એખલી પોતાનાંજ ઓરડામાં લેતી કારણ કે ટેબલ ઉપર સાથે જમવાનો તેણીને હોકમ હતો નહીં.

ઘરનાં તો સઘળાં એવાંજ પણ શું આરોસી પારોસીઓબી તેણી વીશે પુછ પરછ કરતાં નહીં? આસપાસનાં લોકોમાંથી એકુબેએ એકબે વખત તેની દયા ખાધી અને તેની સાવકીઆગળ વાત છેડી. પણ તે કરપીણ બઇરી કયાં એ ફી હતી.

"માએ ખરસેદબાઈ, બીચારી ગુલાં હમેસાં ઘરમાંની, ઘરમાંજ ભરાઇ રેહેય તે જરા બહાર તો ફરવા હરવા જવા દેઓ. છોકરૂં એંણી હવે દહારે પારેની થઇ. છોકરૂંનું કેશું જોયો."

"અરે ગુનાગઈ માએ શું કેઉં તમુને," ખરસેદબાઇ,

એ કારસતાંન ચલાવ્યાં. "એ બીચારી પાધરી હોતે તો હમુને સાંમો બરાંપો થતે? લોકોનુંબી તે શું ભલું થશે? જુઓની માએ એ તો તેરીબી ચુપ ને મેરીબી ચુપ. એ બીચારીનું ભેજું કહાં બર્યુંચ કે બહાર જવા આવવા દઇએ? તમે બધાં અંજાણાંઓ શું જાણો માએ? એ તો એમ થયું માએ કે જારે ફીરોજી કરાંચી ગીયા કેની તારે કોઇ મુવાંએ એવણને ફસાવીયા. બેહેસતન પીરોજબઇ કેની તે માએ કેથી બીચારી ઘેલી અને ઘેલાપણુંબી વરી કેથું કુટુંબમાં ઉતરતું આવેલું. બેહેસ્તન જંરા દેખાવલી અને મુવું ધાન ખાનારાંઓ વચમાં પડયાં ને એવણ તો બીચારા ફસી ગીયા. માએ સુનાબાઇ તરોજ વીચાર કરોની કે અંદરનો ભેદ એવણ શું જાણે? પછી તો સેહજ વખતમાં બધું માલમ પડી ગયું પણ માએ કાંદો ખાઇને મોહડું કોણને સુંગારવા જાએ? માએને કેઉ જે ઓધ્ધે ઉતરતુંજ કેની તે બીચારી છોકરીબી એવીજ. સુન્નાં જેવું પેહેરવા ઓઢવાનું ને ખાવા પીવાનું પણ સકારજ કોણના લાવે? હવે કેહો માએ કે એવીને પરણાવીને કોઇની ગરર આપરે શું કાંમ ખાઇએ માએ?"

ભોલાં બીચારાં સુનાંબાઇ! તેવણ શું જાણે કે એમાં કાંઇ ભેદ છે. દયા ખાતાં ખાતાં એવણે હવે વાત આખાં શામમાં પુથરી મુકી અને બધાંઓ હવે સમજ્યાં કે છોકરી તો બીચારી ઘેલી દેખું.!

આવી હાલત બીચારી ગુલાંની હતી. કોઇને ખરેખર દયાબી આવતી તો તેની ભેર સાંધતાં બીજાંઓ અચકાતાં. બીરદએ સાથીઓ તમારો ક્યાં થાર થશે?

આપણે આગળ જોઈ ગએ તેમ ખરસેદબાઇ હમેશાં ફીસીયારીમાં ચકચુર અને ગજવાં ઉપરાંત ખરચોમાં ભરપુર હતાં. ખાનસાહેબનાં ખરસેદબાઇ તે કંઇ જેવું તેવું નહીં હતું. ફાસીનની ફીસીયારીનાં ભોગ થઇ તેવણે પોતાની છોકરીઓ માટે મોટે પગારે મડમ શીખવનારી રાખી હતી અને તેણી વળી આખો દીવસ ઘરમાંજ રેહેતી. ખાવું પીવું સુવું બેસવું સઉ ત્યાંજ હતું. મીસ સ્મીથ ખરસેદબાઈની છકેલ છોકરીઓથી ઘણી ત્રણત કંતાડતી. પણ જ્યાં સુધી પગાર મલીઆ કરે ત્યાં સુધી ચલાવી લેવું પડતું હતું. કેકી ગયો તેની એક મહીનો આગમજ તેણી આ કુટુંબમાં રહી હતી અને આટલી ટુક મુદતમાં તે ઘરનાં સઘળાં ચેનચાળા જોતી હતી. સઘળું જોયા પછી તેણીને ગુલાં વીશે બહુ અજાએબી લાગતી હતી અને ઘણીક વખત તેની મનમાં દયા પણ ખાતી હતી. તેણી ગુલાં સાથે વાત કરવાને ઘણી આતુર હતી પણ તેમ કરી શકતી નહીં કારણ કે તેમ કીધાથી ખરસેદબાઇ જરૂર નાખુશ થાએ અને કદાચ તેણીને રૂખસદ પણ મુલે. એક દીવસ સાંજે આખું કુટુંબ લગનમાં ગયું. મીસ સ્મીથ ઘરમાંજ રહી અને કાએદા પ્રમાણે ગુલાં તો હમેશનીજ ઘરમાં હતી. આ ટકનો લાભ લઇ મીસ સ્મીથ ગુલાંનાં ઓરડામાં દાખલ થઇ. ગુલાંનાં ઘેલાપણા વીશે તેણીએ પણ સમજ્યું હતું એટલે જરા સંભાળથી કાંમ લેવાનો વીચાર તેણીએ કીધો હતો.

"મીસ ફીરોઝજી કાંઇ ખલલ થઇ હોય તો માંફ કરજો પણ આજે ઘરમાં કોઇ નહીં હોવાથી હું બે ઘડી તુ સોની સાથે વાત કરવા આવીચ." ગુલાં અંગ્રેજી નહીં જા

સુતી હશે એમ સમજી મોઝેલે (આપણે હવે મીસ રમીથને ટુંકમાં મોઝલ કહેશું) ભાંગાતુતાં હીંદુસ્તાનીમાં પુછયું.

"નહીં મીસ આવો બેસો હરખંત સાની? હું તો સાં મી તમને જોઈ ઘણીજ ખુશી છું. આ ઘરમાં આજે લાંબે વખતે મારી સાથે. સારી રીતે વાત કરનાર તમોજ છો." ગુલાંએ સારાં સેહેલાં પણ ચોખ્ખાં ઇંગલીશમાં સભીયતાથી જવાબ આપીયો. આ જોઇ મોઝેલ પેહેલે ઘણીજ અજબ થઈ. તોપણ તેણીએ સમજ્યું હતું કે દીવાના આદમીઓ ઘણી વખત સારી સારી વાતો કરે છે અને પછી એકાએક પોતાની જાત ઉપર જાએ છે. તેથી હજુર તેણી સંભાળથી વાત કરવા લાગી. થોડો વખત વાત કીધા પછી ગુલાંએ છોડી દીધું અને પોતા ઉપર પડતાં દુઃખનું વર્ણન કીધું. તેને રડતાં જોઈ તેનીજ ઉમરની આ ઇંગ્રેજણને બહુ લાગી આવ્યું. અને ધીરે ધીરે તેણીની પુરતી ખાતરી થઇ કે એ બીચારી ઘેલી તો નહીંજ હતી. ગુલાંએ હવે વધુ દીલ ખુલ્લું કરી વાતો કીધી અને થોડા વખતમાં મોઝેલની ખાતરી થઇ કે આ છોકરી ઉપર બહુ મોટો અને અણઘટતો જુલમ ગુજરતો હતો. તેણી ઘણી નર્મ દીલની હતી. અને આ છોકરી ઉપર થતા ગેરઇનસાફથી તેણીનું દીલ કમકમીયું. તેણીએ આ ઘડીથી પુરતો વીચાર કીધો કે આ છોકરીની મુશકેલીઓમાં તેને કાંઇ મદદ કરવી.

ગુલાંની કહાંની સમજી મોઝેલ ઘણાં વીચારમાં પડી. ભાવકી માનાં જુલમની વાત તો ઘણી જાણીતી છે પણ તેનો બાપ કેમ આંધળો થયો હતો? આઠ ટોળા સમજ્યું તે

તો "બરી નચાવે તેમ નાચેચ. પણ આગર જો તે લોક એ છોકરીને પાળવા નહીં માંગતાં હોય તો તેને પરણી જવા કેમ નહીં દીધી ? અલબત તેમાં કાંઇ મોટો ભેદ હોવો જોઇયે ગુલાંને કુમારી રાખી મુકવામાં તેનાં બાપને કંઇ લાભ હોવો જોઇયે. અને આ ભેદ સોધી કહાડી ગરીબ ગુલાંને જુલમમાંથી બચાવી તેને મદદ કરવા તેણીએ પુરતો વીચાર કીધો અને ટક મલતે મલીયા કરવાનું તેણીએ ગુલાંને વચન આપ્યું.

## પ્રકરણ ૩.

આંતે વમલમાં પડેલી આપણી ગુલાં માટે એક ફરે-
સતો આવી પુગ્યો—ખરો! આ ઘરમાં ચાલતા કા-
રભાર વીશે ચંચલ મોઝેલને શક આવવા લાગો. પણ
ભેદ શું હશે? ગુલાંને કુમારી રાખી સબરાવ્યા કરવા-
માં તેની મા અથવા બાપને શું લાભ? અને તે મોઝેલે
જાણવાની હવે કોશેશો ચાલુ રાખી. પણ તે ભેદ મોઝેલ
જાણે તે આગમચ આપણાં વાંચનારાઓ તે વખતના તુરતા,
તુરત બનતા એક બનાવ ઉપરથી તે જાણવાને નસીબવા-
ન થશે.

એક દીવસ સવારના નાસતો કર્યા પછી ફીરોઝજી ન્યુ-
સપેપર વાંચતા ઇઝીચેરપર પડયા તેટલાં નોકરે આવી તે-
વણનાં હાથમાં એક છાપેલો કાર્ડ મુકયો. કાર્ડ ઉપરનું
નામ વાંચતાં ફીરોઝજી ચોંકી ઉઠી ઉભા થયા. "હે!. એ
કમબખત કબરમાં હારકું કયાંથી જીવતો નીકલી આવ્યો?
નવલા કોઈ જાય નહીં તેમ એને એકદમ અહીં લાવ."

કાર્ડ વાંચ્યા પછી આપણા ખાનસાહેબે કાંઇ અજાણ
બેચેનીમાં પડી બબડવા માંડયું. એક બે મીનીટ વધુ થતાં-
જ પેલો અણગમતો પરોણો ઓરડામાં આવી પુગો. ફીરો-
ઝજીએ તેને અંદર લઇ ખુરસી ઉપર બેસાડી, ચોકસને બ-

હારે કહાડી ઓરડો અંદરથી બંધ કર્યો, અને પછી ફીરોઝ-જીએ તેને ખુબ નીહાલીને તગર તગર જોવાં માંડયો.

આ અજાણો આદમી બેડી બાંધનીનો લગરીક જાડો ઠીક અઘોર માણસ હતો. જોરી તો તે નહીંજ હતો પણ તેમ તે એકદમ કાઠોબી મઙ્ગી હતો. ગરમ મુલકનાં તડ-કાંની પણ અસર તેના મોહુ ઉપર જણાતી હતી. આજુબા-જુ બે લાંબા થેસીયા તેને રાખેલા હતા. માથાં ઉપરના બાલ અરધાઅરધ પાકી ગયા હતા અને સાંમતી રીતે જો-તાં તે કોઇનું કાંઈ ઝાઝું ધ્યાંન ખેંચે એવો આદમી હુ-તો નહીં.

"કેમ મારા મુરબી ખાનસાહેબ કંઇ બહુજ બારીકીથી તપાસો છો? કાંઇ સેવકને જોઇને અજાએબ અને નાખુશ થએલા લાગો છો?"

"સાપુરજીબા, તમને જોઇને હું નાખુશ તો નથી પણ અજાએબ તો ખરેખરજ છું કારણ કે જે સ્તીમરની અંદર આજે અઢાર વરસની વાત ઉપર તમો નેતલ જવા ઉપડયા હુતા તે સ્તીમર રસતામાં ભાંગી ગઇ અને તેમાંથી તો એ-કબી માણસ બચવા પામ્યું નહીં. ખરેજ તે આફતમાંથી બચવા માટે હું તમને મુબારકબાદી આપું છું. તગર તગર જોવાનું કારણ એ કે તમારામાં બહુ મોટો ફેરફાર થએલો છે. યા ખોદા! તેણી શું ઇનસાનને બચાવી લીએ છે. હું તો સમજ્યો કે વરસો થયા તમો કોણ જાણે કયા દરીયા-વમાં ગરક થઇ ગયા હશો. યથા તારી મદદ રે મારા બાપ!"

સાપુર હવલદાર ફીરોઝજીનું અંદરખાનેનું દીલ ઘણી

સારી રીતે જાણુતો હતો, અને તેવણુ કેવા દાક્ષે અને કેવી જીભે બોલતા હતા તે ખુબ સમજતો હતો.

"તમારી મુબારકબાદી માટે સાહેબનો બહુ ઉપકાર માનું છું. જે સ્તીમરમાં હું ઉપડનાર હતો તે ઘણાંજ કામના સબબે મારે જતી મુકવી પડી અને સારા નસીબે આપણે તો બા બચી ગયા."

"ભલે બચ્યા બા ભલે બચ્યાં, પણ કેમ તમારા ધંધા ધાપાની શું ખબર? છાંડોઆડો મેલવ્યો? કાંઇ ખાણુખાન હાથ લાગી?"

"છાડો? હેહેહેહે. છઇયે—પાંચ પૈસે સુખી છઇયે, પણ બા તમારા જેવા લુમકો નહીંજ તો."

લુમકાની વાત સમજી બુધ્ધાએ વાત ઉડાવી.

"ચાલો સુખી રેહો બા સુખી રેહો. કેમ કંઇ આજે દુર વેહેર તસદી લેઇ ગરીબને યાદ કર્યાં."

"હા ફીરોઝજી શેઠ કાંઇ પૈસા તકાની બાબદસર વાત કરવા આવવું પડયુંચ."

"પૈસા તકાની વાત? તેબી વરી મારી સાથે? આપણે તો દોસ્ત કરકે ખાલુસ છઇયે જો બા. એ તો પેલા કહે તેમ બાંધી મુઠી લાખની."

"ધીરા પરો. આકલા ના થાવો મારા મુરબ્બી. આપરે. જુઓની ખાનસાહેબ હું નેતલથી આવ્યા પછી કરાંચી જેઇ બધી વાતની તેહકીક કરી આવ્યોચ. કેમ સાહેબુ કાંઇ ચાંકર્યા. ખુરસીમાં માકર છે શું? અરે ખુરાજ જો હું તો

પુછતાં ભુલી ગીઓ. તમારી દીકરી ગુલાં કેમ છે? હવે તો બહુ મોટી થઇ ગેઈ હોશે. લગભગ વીસ વરસની થઇ હોશે."

હવે આ વાતો સમજી ખાનસાહેબના લખ્પાં લેવાયાં. તોપણ બુધો જમાને ખાધેલ હતો.

"હાહા કરાંચી જઈ આયા કે? બોઈ ને રાંમસ આવાની બહુ મજાહ પડી હોશે? હું બાનું ગોસ હજુર મલેચ કે? ચાલો ઘણે વરસે આયા–તો જરા ફરો હરો. જરા સુરતનો નીરો તારી તો ચાખો. પાછા જવાની ઉતાવલ તો નથી કેની?"

"અરે નહીંરે બા. હવે પાછા શું ધુર મુકવા જઇયે? હુવે તો જે હોય તે મુંબઇમાંજ. આપરે હું એમ પુછુ ફીરોઝજી કે પેલાં કરાંચીવાલા એસતેતનું શું થયું? મે તો સમજ્યું કે હાલ તેની કીમત બહુ વધી ગઇ છે."

"નહીંરે બા, એસતેત શું, કીમત શું, ને વાત શું?"

"જુઓની ફીરોઝજી વાત ઉડાવવામાં કાંઇ સાર નહીં. હું બધી બાતમી મેલવી ચુકો છું. મારા બેહેસ્તી કાકાના વીલની નકલ પણ હું તપાસી આવ્યો છું. પેસતનજી હવલદારની એક છોકરી હતી તે તો જાણે તમારી ધણીયાણી થાય. તે તો બીચારી મારા કાકા પેસતજીની હયાતીમાંજ ગુજરી ગઇ. પણ તેની છોકરી તમારી ગુલાં એકવીસમે વરસે તેવણની સઘળી મીલકતની માલેક છે. કેમ ખરૂં કેની બા? હવે જો ગુલાં પરણીયા વગર અથવા તો બચ્ચાં વગર મરણ પામે તો હું તે મીલકતનો માલેક. કેમ દુરસ્ત વ દુરસ્ત?"

"માસતર સાપુરજી એ બધી વાતો કહાડી તમે કેહેવું શું માંગોચ ?" ભુધાએ સ્હેજ ભવાં ચહડાવ્યાં.

"હે હે મારા મેહેરબાન ગુસ્સે ના થાઓરે મારા મુરબી કેહેવાનું તો એટલુંજ કે હું પણ મારા કાકાનો એક વારસ છેઉં અને તે હું જાણું છું."

"વારૂં તમો જાણોછો તો ભલે જાણો નહીં જાણતા હોતે તોપણ તમને વખતસર ખબર કરવામાં આવતે. હું ત્રસ્તી છું અને મારૂં કામ સમજુછું."

"વખતસર ખબર કરતે ? કયારે ? બધુ સાતરેસાત થઇ રહયા પછી કે ?"

"મી૰ સાપુરજી તમો મને અપમાન કરોછો તેથી હુવે મારેબી સખત થવું પડશે. તમો વારસ છો પણ જ્યાં સુધી મારી દીકરી ગુલાં જીવતી છે ત્યાં સુધી તે વીલ સાથ તમને કાંઇ સંબંધ નથી. જુઓ સમજો, હું અને બીજા એક ગ્રહસ્થ ત્રસ્તીઓ હતા. પેલા ગ્રહસ્થ તો મરણ પામીયા અને મીલકતનો ભાવ ઠીક હોવાથી મેં મારો પાવર વાપરી તે મીલકત આજ દસ વરસની વાત ઉપર હેંસી હજારે વેચી નાખી અને તે રૂપ્યામાંથી જે કાંઇ જરૂર જોગો ખરચ થયો છે તેનો ચોખ્ખો હીસાબ મેં રાખેલો છે."

"વાહ ! હવે કેવા મજાના લાગોચ. વારૂ હેંસી હજાર તો ખરા. પણ દસ વરસનું તેનું વીયાજ ને વરી તેનુંબી વીયાજ. એ બધાનો હીસાબ રાખીયોચ કે ? જુઓ હવે વખત ગુમાવામાં સારૂં નહીં. હું બધ્ધુ જાણું છું. તમોએ તે વીયાજ ખરચી ખાધું છે તે મને બરાબર ખબર છે. આ

વીલની વાત મારાં અને તમારા શીવાએ બીજુ કોઈ જાણતું નથી. હું જે વાત કહેવા માંગુંછું તે તમારા તેમંજ મારા ફાએદાની છે. તમે તમારી છોકરીને કેવી રીતે રાખોછો તે હું જાણુંછું. વીયાજનાં દારવાતલા થયા છે તે પણ મને ખબર છે તમારી છોકરીને તમો કુમારી રાણી બચ્ચાં વગર પોહતી કરવા માંગો છો. તે પણ મને ખબર છે. વાસતે સમજો. તમારી દીકરી છોકરાં વગર મરણ પામે તેટલાં મને ચોભવું પડે. મારો વીચાર એબ છે કે મારે તમારી ગુલાં સાથે લગન કરવાં અને મીલકતની કીમતનાં અરધા અરધા રૂપ્યા આપણે વેહેંચી લેવા. છે વિચાર? કબુલ હોય તો તેમ નહીં તો આખરે જે કરવું હાશે તે કરી લેશું."

ફીરોઝજીનાં તાંતયા હવે ધીલા થયા. આયો નહીં ને હુકતો આયો ત્યારે એકદમ ગરદન પરજ ચહરી બેઠો. વાત કબુલ કરીયા સીવાએ છુટકોજ નહીં. પેહેલે તો મીયા માંદાને ટંગરી ઉંચી જેવી વાત કીધી પણ અંતે પછી સાંદુ થોકાયું,

"જાઓ બા તમેબી ખુશી થાઓ. વરી કેહેશે હુર વેહેરથી આવ્યો અને રૂરો બોલ નહીં કબુલ કીધો."

## પ્રકરણ. ૪.

સાહુ. નક્કી તો થયું પણ વાત કેટલી મુશકેલ હતી તે ફીરોઝજી જાણતા હતા. ગુલાં આ કાળા લેવટા સાથે પરણવાને સાફ ના કહેશે. તેણી કણીબી સમજવાની નથી એ વાતમાં તો કશો શક નહીં. પણ કોઈબી રીતે એ વાત બનાબવી તો જોઇયે ને જોઇયે. કલાબાઝ અને ચીપલી ખરસેદબાઇનાં હાથમાં એ વાત સોંપવામાં આવી. ગુલાંના એક અતલગનાં ખેશી તરીકે ફીરોઝજીને ત્યાં આપણા શાપુરજી શેઠ પરોણા તરીકે રહ્યા.

"ખરસેદ" ફીરોઝજી બીજેજ દહાડે બોલ્યા. "તું જોયચ કે બાત ગંભીર તો થઈચ. એ હુકતી બાર છાંતા જ્યાં સુધી આએ કમબખત સાથ છાંતસે નહીં. ત્યાં સુધી આપાણું કાંઇ વળવાનું નથી. અગર જો તેમ નહીં થયું અને સાપુરે જો ભાંગરો ફોરી આતો બાકયો તો આપણે અરધી વગરનાં થઇશું એમજ સમજવું. તારી બધી યુક્તિઓ અંતે ચાકકલ હવે આ વખતે વાપરી એ હુકતીને કોઇબી રીતે શીસાંમાં ઉતાર નહીં તો પરીણાંમ શું આવશે તે હું કઇ કહી શકતો નથી."

ચતુર ખરસેદબાઇને આ ભાષણની કાંઇ જરૂર હતી

નહીં. તે સારી રીતે સમજતી હતી કે અત્યાર સુધી કોણનાં પૈસાએ તે લોકો મોજ કરતાં હતાં, અગરં જો ભોપાળું ફુટી ગયું અને ખુલ્લો હીસાબ જો આપવો પડયો તો હજારોનાં કરજમાં આવી જઈ ખાવાનાં પણ વાખા પડશે. તેમ જો થાય તો તેની બે મોટી છોકરીનું શું થશે?

શાપુર હવલદાર સાથ સાટું નક્કી થયા પછી બીજેજ દહાડે સવારનાં ખરસેદબાઈ ગુલાંના ઓરડામાં ગુસી ગેઈ. તેને જોઈ ગુલાં તો ટગર ટગર જોવાજ લાગી. ગુલાંનાં ઓરડામાં ખાનસાહેબનાં ખરસેદબાઈ? શું તે સ્વપનુ જોતી હતી?

ગુલાં પોતાનાં વ્હાલા કેકી માટે સરનાંમુ મલ્યા પછી તેની પર મોકલવા એક સ્લીપર ભરતી હતી તે બાજુ મુકી ચમકી ઉઠી.

"અહીં આવો ગુલાં ને મારી પાસે બેસો. મારે તમારી સાથ કાંઇ અગતની વાત કરવાની છે. જુઓ ગુલાં આપણે ત્યાં એક પરોણો આવ્યો છે. સાપુરજી હવલદાર તમારા બેહસ્તી માતા તરફનાં એક સગા છે. તેવણ આપણે ત્યાં રહે તેટલો વખત તમો હમારી સાથેજ જમશો. જુઓ કોઇબી હમારે માટે કાંઇ બુરૂ નહીં બોલે એમ ચાલશો."

હમો તમોથી થતી આ વાતથી દોજખમાંથી બેહસ્તમાં આવી હોય એમ ગુલાંને લાગયું, કારણ તે બીચારી ભોળી હતી.

"માએજી તમારો હુકમ માથે ચહડાવીશ."

"આજે સાંજે તમો તૈયાર રેહેજો. કારણ તમારી સાથે મારે કાપડીઆને ત્યાં જવું છે. કાંયા કે તમારે માટે થોડાં નવાં કપડાં સીવરાવવાની હું જરૂર જોઉં છું."

સાંજ પડી અને તેઓ કાપડીયાને ત્યાં ગયાં. બીચારી ગુલાંએ કોઇ દીવસે જોયુંબી નહીં એટલું કાપડ તેણી માટે ખરીદવામાં આવ્યું અને પોલકા અને ફેશનદાર બદી-યાનો તુરતજ ઓરદરથી સીવરાવવીમાં આવ્યાં. બે ત્રણ દીવસમાં તો આપણી ગુલાંનું રંગ રૂપ બદલાઇ ગયું. ખુબસુરત તો તે હતીજ અને બેસતા પોશાકો પેહેરીયાંથી હવે તેણીની ખુબસુરતીમાં વધારો થયો. તે બીચારી તો વીચારમાંજ પડી કે આ ફેરફારનું કારણ શું હશે. સઘળાં કરતાં ચંચળ મોઝેલનું ધ્યાન આ બાબદે વધુ ખેંચીયું. જો કે આ વાતની સઘળી બારીકી તેણી સમજી શકી નહીં તોબી તે એટલું તો ચેતી ગઇ કે સાપુરની સાથે ગુલાંનું નક્કી કરવાની આ સઘળી ધામધુમ હતી. વાત એટલાં સુધી વધી કે હવે તો સાંજનાં સાપુર સાથે ગુલાંને એકલી ફરવા પણ મોકલવામાં આવતી.

ભોલી બીચારી ગુલાં! તે પોતાનાં કેકી ઉપર એટલી ફીદા હતી કે આ વાત તો તેનાં ધ્યાનમાં સ્વપને પણ આ-વી નહીં. એક દીવસે લાગ જોઈ મોઝેલે ગુલાં આગળ વાત છેડી. જણાવવાની જરૂર છે કે ફેરફાર એટલી હદ સુધી થયો હતો કે મોઝેલ અથવા કોઇબી માણસને ગુલાં સાથે વાત કરવાની બંધી હતી નહીં.

"મીસ, ગુલબાઇ હવે તો તમારો રોબ વધીયો છે. આ તમારા ફેરફાર માટે મને બહુજ ખુશાલી ઉપજેચ. ખરા દીલથી હું તમને મુબારકબાદી આપુંછું."

"મીસ સ્મીથ હું ખાતરીથી જાનુંછું કે આ ફેરફારો

ફેરફાર જોઈ જો કોઈ આ ઘરમાં ખરાં દીલથી ખુસી હોય તો તે તમેજ છો. પણ મીસ મને કાંઇ સમજ પડતી નથી. ખોદા જાણે આ ફેરફાર કહાં લગી ચાલશે. મને તો દરેક પલે ધાસતી લાગે છે કે જાણે હું હમનાં ગારી જુની હાલતે ઉપર પોહુચી જવશે. તમો તો મારાં ખરાં ખેરખાહ છો માટે એ બાબદ વીશે તમો શું ધારોછો તે તો જણાવો."

"મારી અજાયબી પણ તમારા એટલીજ છે. પણ એટલું તો નક્કી હું માનું છું કે એ સઘળી ધામધુમ તમારાં લગનની છે. મને ધાસતી લાગે છે કે તમો થોડા વખતમાં તમારા કેકીને ભુલી જશો."

"મારા લગનની ધામધુમ? કોણ સાથે? મીસ હું તમોને કાલાવાલા કરી કહુ છું કે વધારે ખુલાસાથી બોલો"

"જુઓ ગુલબાઈ હું એમ ધારૂં છું કે થોડા વખતમાં અ: તમારા સગા તમારા હાથની માંગણી કરશે."

આ સમજી ગુલાં પેહલાં સેહેજ ચોંકી ઉઠી. પણ આ વીચાર બીજીજ પલે તેને હસી કહાડવા જેવો લાગો.

"મીસ, જો કે આ તમારા ખુલ્લા વીચાર માટે હું તમને કાંઇ ઠપકો નથી આપતી પણ એ વાત તદન નહીં બને એવી છે. ઉમરનો તફાવતો જુઓ. મારા કરતાં મી૰ સાપુરજી બેવડીથીબી વધારે ઉમરના છે. નહીં નહીં એમ નહીં બને."

"બને નહીં કે બને પણ તમારા ભલા માટે તમોને ચેતવું છું."

આ બાબદ ઉપર સેહજસાજ બીજી વાતો કરી મોકેલ ત્યાંથી ચાલી ગઇ.

ગુલાં હવે મોટા વીચારમાં બેઠી. જો કે તેણીએ ઘણા સંકટો સેહેવ્યાં હતાં, જો કે લીલી સુકી તેના ઉપર ઘણી પડી ચુકી હતી તોપણ એક બંધીવાન તરીકે તેને રાખેલી હોવાથી દુન્યાનાં બાઝારથી તેણી તદન અંજાણ હતી. સાથે વળી તે ઘણી ભોલી હતી. વીચાર કર્યા પછી તેના ધ્યાનમાં આ વાત ઉતરી નહીં દુન્યા કેટલી થગારી દગાબાઝ અને મક્કાર છે તેનો તેને ખ્યાલ નહીં હતો.

પણ ત્યારે સાપુર વીશે તે શું ધારતી હતી? ઉમરે તેણીનો બાપ થવા લાએક હતો અને વળી સગઇમાં લગભગ તે તેણીનો કાકો મામો જેવો લાગતો. ઘણે વરસે મુંબઇ આવ્યા પછી તેને પોતાનાં સગાંવહાલાંઓની ખબર કહાડી અને ગુલાં તેની એખલી હઇયાત સગી નીકલી. તેની દીકરી જેવી આ સગી ઉપર અલબત તેને હેત છુટે, અલબત લોહી દોડે. નહીં નહીં લગન શું ને વાત શું. કબીબી નહીં બને. પણ ત્યારે ફીરોઝજી અને તેની વેરી એટલાં ફેરવઈ કેમ ગયાં હતાં? તેનું કારણ પણ ખુલ્લું હતું. અત્યાર સુધી તે લોકને કોઇ પુછનાર પરછનાર નહીં હતું અને હવે તે આવ્યો એટલે તે લોકોને એમ કરવાની ફરજ પડી.

ખરેજ ભોલી ગુલાં સાપુરને પોતાનાં કાકાં મામા જેવો ધારતી હતી. તેણીની સાથે લગનનો વીચાર તે કરે એ વાત તેને મનસે મહાલ હતી.

# પ્રકરણ ૫.

ગુલાંને મોઝેલે આપેલી ચેતવણીને ત્રણ દીવસ પછી એક બનાવ બન્યો તે ઉપરથી ગુલાંને માલમ પડ્યું કે તે કેવી ભુલ કરતી હતી અને મોઝેલ કેટલી હદ સુધી ખરી હતી. હમેશનાં કાએદા પ્રમાણે ગુલાં સાપુર સાથ બાગમાં એકલી ફરતી હતી. વખત લગભગ સુરજ અસ્ત પાંમવાનો થયો હતો અને આજે સાપુરે મક્કમ વીચાર કર્યો હતો કે આજે કોઇબી રીતે ગુલાંનાં હાથની માંગણી કરવી. જે જગા ઉપર છેલ્લે કેકી ગુલાંને મલ્યો હતો તે જગાથી થોડેજ દુર તેઓ આવી બેઠાં. તેઓના માથાં ઉપર ઝાડની ડાળી ઉપર બેસી એક કબુતરનું જોડું ચાંચ સાથ ચાંચ મેલવી ગુંનગુંન કરતું સાપુરે સમજ્યું અને પોતાને મલેલો આ ટકનો લાભ લઇ તે બોલ્યો.

"સાચો પ્યાર દુન્યામાં કેટલે થેકાણે જોવામાં આવતો હશે? હા બે એકએક તરફ ખેંચાતાં દીલ જ્યારે સાથે મલતાં હોશે ત્યારે તે લોકો કેટલાં સુખી હશે?"

ગુલાંએ આ વાત સમજી છુપી તોપણ સાપુર સમજે તેમ એક હાએ મારી.

"ગુલાં જો, મને માફ કરો તો, મારે તમને આજ એક

અગતની વાત કેહેવી છે. આટલા દીવસ હું તમારી સાથે ફર્યો છું તેટલાં તમોએ મને ઘેલો બનાવ્યો છે."

આટલું બોલી ગુલાંનો હાથ તેને પકડયો અને આબુજી ભરીયા બોલોમાં કેહયું. "ગુલાં હું કંઈ નાગો ભુખો નથી તેમજ તમો ધારતાં હશો તેટલો બુઢો નથી. તમને પુરતું સુખ આપવા માટે મારી પાસે પુરતાં સાધણો છે. પૈસા અને પ્યાર એ બે સામટી ચીજ શું ચીજનું સુખ નહીં આપી સકે? ગુલાં મને તમો નાસીપાસ કરશો નહીં."

પણ ગુલાં તો આ સમજી દંગ થઈ પોતાની જગા ઉપર એક પથરા માફક ચતકી બેઠી. શું જવાબ દેવો તે તેને સુજ પડયું નહીં.

"તમો મને કાંઈ જવાબ આપતાં નથી તે ઉપરથી હું ધારૂંચ કે મારે માની લેવું જોઇયે કે તમો પણ તે વીશે ખુશી છો. ગુલાં એમાં સરમાવાનું શું છે? કેમ ત્યારે હું તમારા બાવા આગળ એ વીશે વાત કરૂં?"

"જી નહીંજી. માંફ કરજો પણ હું તમારી સાથે પરણી શકીશ નહીં." ગુલાં સઘળી હીમત એકથી કરી જેમ તેમ બોલી.

"હાય ગુલાં. એ તો તમો ગભરાઇ ગીયાં છો તેથી. જરા સેહેજ વીચાર કરી ધીમેથી જવાબ આપશો."

"મેહેરબાંની કરી હવે તમો અંદર ચાલશો તો ઠીક થશે કારણ મને થંડી થઇ આવી છે અને મારૂં માથું દુખે છે."

જેવાં તેઓ ઘરમાં ગયાં કે ગુલી ધ્રુજતી લખલખતી પોતાનાં ઓરડામાં જતી રહી. રાતના સાથે જમવા આવી નહીં અને આખી રાત રડીનેજ ગુજારી.

યા ખોદા! આ શું તેણી ઉપર કંઇ નવી આફતોનો વરસાદ વરસનાર હતો? શું તેણી મુસીબતો માટેજ જન્મી હતી?

## પ્રકરણ ૬.

"મોઝેલ, બ્હેન મોઝેલ, આ વળી નવી મુસીબત અને નવી આફત. અરે પરવર દેગાર મારૂં શું થશે?" આટલું બોલી બીજે દીવસે મોઝેલને ગળે વળગી ગુલાં ધસોધસ રડી પડી.

"મોઝેલ, તમે મને કહયું તેમજ થયું. શું હવે મારા જીવવામાં કાંઇ સાર છે?"

"ગુલાં, ડીયર ગુલાં હીમત રાખો. માંહુ થાએ તે સારાંનેજ કાજે હશે." દીલાસો આપી તેણીનાં મનનું સેહેજ સાહુજ સમાધાન કરી મોઝેલ ત્યાંથી ચાલી ગઇ.

બાગમાં થએલી વાતચીત સાપુરે આવી તુરત ફીરોઝજી આગળ કહી સમજાવી. ફીરોઝજીએ તો અલબત પેહલેથી ધાર્યું હતું તેમજ થયું. તો પણ તેવણે મક્કમ વીચાર કીધો કે એ વાત કોઇબી સુરતથી બનાવવી અને જરૂર બનાવવી.

"જુઓ ફીરોઝજી શેઠ મારે જવું છે મુંબઇ, ને અહીં તો દીવ લંબાયા કરે છે. માટે મેહેરબાની કરી વાતનો નીવેડો જલદી આવે તો સારૂં."

"સાપુરજીઆ એ કંઇ હાવરા બાવરા છે કે ગપોગપ ખવાઇ જાએ. હોય પોરી જરા નાદાન છે આકલી છે. થોડા વખતમાં પોતાની મેરે ઠેકાણે આવી જશે."

બીજે દીવસે સવારનાં પોહરમાં નાસતો કરી ફીરોઝજી ગુલાંના ઓરડામાં ભરાયા અને બારણું બંધ કરી ગુલાંની પાસે બેઠા. સમજાવી પતાવી કાંમ કહાડી લેવાનાં વીચારથી તેવણે ચલાવ્યું. "ગુલાં દીકરી તુ સમજુ થઈ એમ ઘેલાં કાએ કહારેચ. આના કરતાં તુને વરી વધારે સારૂં ઘર કયું મલવાનું છે? તુંને માલમ છે દીકરી કે એની પાસે આજે કંઇ નહીં તો પચાસ હજારનો જીવ છે. જો તું વીચાર કર. હું જે કરૂંચ તે તારાં ભલાંનેજ વાસતે છે. કાંઇ તું એને પરણુસે તેમાં કાંઇ મને ફાએદો છે? ને દીકરી હવે તું કંઇ નાલ્લી છે?"

વાંચનાંર જાણે છે તેમ જો કે આ શબદો કાંઈ ખરા અંતકરણનાં નહીં હતા તોપણ આવા માયા ભરીયા શબદોમાં પોતાની પેટની દીકરી સાથે તેવણે પેહેલ્લીજ વાર વાત કેરી હતી. હાં, આપમતલબ અને એખલપેતાઈ! પોતાની મતલબો પુરી પાડવા માટે એક બાપ પોતાની દીકરીની આગલ કેટલું જુઠું બોલી તેનું સતીયાનાસ વાળવાનો વીચાર કરતો હતો? ગમે તે બોલો કે કહો, મારો કે સર કાપો પણ ગ્યારમાં સાએત ગુલાંને આ બધું પથર ઉપર પાંણી હતું.

"બાવાજી એ વાત કબી બંનશે નહીં. હું મારૂં દીલ આપી ચુકી છું અને મારા બોલથી હું કબી ફરનાર નથી.

અગર જો તમો ધારતા હોવો કે હું હજુર નાહ્લી નથી તો તમોએ કેકીને જવાંબ આપતી વખતે પણ એવો વીચાર કરવો હતો." ખુબ ઉસકેરાઇ જઇ કાંઈ અજબ હીમતથી ગુલાંએ જવાબ આપ્યો. કેકીનું નાંમ સમજી ફીરોઝજીનો પીત્તો ઉછલી આવ્યો અને તેવણ વાઘ મારૂક છેડાઇ પડયા.

"કમબખત હેન નસીબની. હજુર તું તે ભામતાનો ખીયાલ છોડતી નથી? તેની સાથે પરણીને શું ભુખે મરવા માંગેચ કે? વારૂં હું જોઉંચ કે તુ કેમ સાપુરજી સાથ નથી પરણુતી."

છેડાએલા હાથી માંફક ફુંફાડા માંરતા તેવણ ઉઠયા અને જતી વખતે જોરમાં બારનાં પછવાડે બંધ કરતા ગયા. બીજી પાંચ મીનીત પછી તેવણ પાછા ત્યાં આવ્યા અને બારનું પોતાને હાથે બંધ કરી તેને તાળું માર્યું.

યા પરવર! શું દુન્યામાં ખેલો ચાલે છે? આપમતલબ ખાતર પોતાની બેટી ઉપર આટલી મુસીબત? થોડાક રૂપ્યાના લોભને માટે એક બાપ પોતાની બેતીનો દારોગો બને? પૈસા શું આદમીને આટલાં બધાં અકુદરતી બનાવે છે? હશે તારા ખેલ ન્યારા છે. તારી મતલબ સમજવી આદમીઓનાં નસીબમાં નથી.

બંધ ઓરડામાં પોતાને એક બંધીવાન જોઈ ગુલાં તદન ગાફેલ બની ગઈ. આખો દીવસ તેણી એખલીજ ત્યાં પડી પડી રડયા કરતી. ખાવાને વખતે ચાકર આવી એક કુતરાંને આપે તેમ ભોનું ફેંકી જતો હતો. આખો દીવસ આવી રીતે પેસાર થયો. ઘરનાં બીજાં કોઈબી માણસ

ગુલાંની સુહલ દયા ખાતું નહીં હતું કારણ કે અંદરનો ભેદ કોઇને માલમ નહીં હતો. પણ મોઝેલ તેણીને માટે ઘણું વીચારમાં પડી. ગુલાં આટલી ઉસકેરાએલી હાલતમાં કાંઇ નાદાનીયત ભરેલું પગલું તો નહીં લીએ. બારીએથી નખાવી તો નહીં દીએ ? વાત તદન બનવા જેવી હતી. આ ઉપરથી તે ફીરોઝજી પાસ ગઈ અને એ વાતનું ધ્યાંન ખેંચ્યું. વાતબી ખરી હતી. કંઈ કસુ તેવું થયું તો બહાર વાત જાએ તો લોકો શુકે. મોઝેલના કેહેવાનું પરીણાંમ એ આવ્યું કે રાતનાં તેણીએજ ગુલાં સાથે ઓરડામાં સુવું અને બનતી નજર રાખવી.

## પ્રકરણ ૭

વાહ એ તો ઠીકજ થયું. મોઝેલને જોઈ ગુલાંના દીલ પરનો બોજો ઘણો ઓછો થયો. રાતના અગીઆર વાગા સુધી તેઓ વાતે બેઠાં. મોઝેલ ગુલાં માટે ખરેજ એક ગેબી ફરેસ્તો હતો. ખરૂં કહો તો આખી દુન્યામાં કેકી ઉપરાંત તેણી ગુલાંનો એખલોજ દોસ્ત હતો.

"ગુલાં, ખરેજ આવા ઘાટકી બાપ દુન્યામાં કોઈ બીજા હશે નહીં. આવા સંજોગો વચ્ચે રેહેવાં કરતાં તમારી જગાએ હું હોવું તો કેથેબી ચાલી જાઉં."

"તે ખરી વાત છે પણ ચાલી જઇને જાઉંબી કહાં? મારૂં કોઇ સગું વહાલું છે કે તેને ત્યાં જાઉં?"

"ગુલાં તમારા કેકીનો એવો કોઈ દોસ્ત નથી કે તે તમને હાલ તુરત આ જુલમમાંથી બચાવી લે."

"મીત્રમાં મીત્ર તો ફકત એકજ છે એમ કેકી કેહેતા હતા. તેનું નાંમ જમશેદજી મોદી કરી મને યાદ છે. કેકીએ તેનું સરનામું મને આપ્યું હતું. તેવણે તેવણનાં હાથેજ એક નોટબુકમાં તે લખ્યું હતું પણ ખોદા જાણે કે ચોપડીજ કયાં ગુમ થઈ ગેઇચ. મારા બદીયાંનનાં ગજવામાં હું તે ચોપડી રાખતી હતી અને પ્રફેસરસાહેબે જયારે

છેલ્લે મારાં નવાં કપડાં સીવડાવ્યાં ત્યારે જુનું બદીયાંન ચાકરોને આપી દીધું એમ તેવણ કેહતાં હતાં. જે ચાકરડીને તે આપ્યું તેને મેં એ વીશે પુછ્યું તે તો કેહવા લાગી કે તેનાં ગજવામાં તો કંઈજ હતું નહીં. ખોદા જાણે તે કયાં જતી રહી હશે ? જમશેદજી મોદી સીવાએ મને તે ચીજ માટે બીજું કાંઈ યાદ નથી."

આવીજ રીતે બંદીખાનામાં રેહતાં બીજા ત્રણ દીવસ જતા રહયા. ત્રીજે દીવસે સાંપુર હવલદાર અને ફીરોઝજી કાંઇ મસલતમાં મશગુલ જણાયા. અંતે બપોરની ગાડીમાં કાંઇ કામને બહાને સાપુર મુંબઈ ગયો. વળી બે દીવસ વધુ થઇ ગયા. અંતે એક દીવસ ફીરોઝજી બારણું ઉગાડી ગુલાંનાં ઓરડામાં આવ્યા.

"જોરે આએ સમજ હુકતી. જમશેદજી મોદી નામનો કોઇ પારસી તુંને મલવા આવ્યો છે."

"જો બાવા તમુને પગે પડું મને તેને મલવા દેઓ."

"બસ. બસ એ નાટક બંધ કર. જો સમજ હું તુંને મલવા લઇ જાઉંચ પણ તારે મોહને કુચો દાબી મરજે. સમજી કે ?"

આટલું બોલી ફીરોઝજી તેને લઇ દીવાનખાનામાં તે પારસી બેઠો હતો ત્યાં આવ્યા. કાંઇ અજબ દેખાવનો તે પારસી હતો. સફઇદાર દહાડી તેને છોલાવી હતી અને હતો તેના કરતાં વધુ જુવાન દેખાવાની તેને કોશેશ કરી હતી. તે ઠીંગણા બેઠા આદમીનું પેટ સેહેજ બહાર નીકળી આવ્યું હતું. અને આંખે બલુકાચનો ચશમો પેહેરીયો હતો.

ફીરોઝજી ગુલાંને તે આદમી આગળ લાવ્યા અને બોલ્યા, "લેઓ સાહેબ આએ મારી છોકરી ગુલાં છે. જે કેહવું હોય તે તુકમાંજ કહી દેશો તો મેહેરબાની થશે." એટલું કહી તેવણ ઓરડાને પેલે નાંકે જઈ સોફા ઉપર ન્યુસ વાંચતા બેઠા.

"બેસો બાઇ બેસો. ઘણોજ દલગીર છું કે મારે તમને કાંઇક માંઠી ખબર આપવી છે."

આ સમજતાંજ ગુલાં ફીકી થઇ ગઈ અને તોતરી બોબરી થઈ બોલી, "બોલો મેહેરબાંન જે બોલવું હોય તે એકદમ બોલો."

"જાણી તમો ઘણાંજ દુખી થશો કે ગઈ કાલે મને એક કાગળ મલ્યું છે તેમાં બહુ માંઠી ખબર મને મલી છે. જે સ્તીમરમાં તમારા કેકી નેતલ જવા ઉપડયા તેના કેપતને મારી ઉપર એક કાગળ લખ્યું છે. તે ખબર આપે છે કે મુંબઇથી દસ દીવસનાં રસતા ઉપર કેકીને ભેજાની તાપ આવી અને બીજા બે દીવસમાં તે બીચારો ગુજરી ગયો."

ઓ ખુદા! પરતીપર પચાસ તે આનું નાંમ.

છેલ્લા બોલો સમજતાં વાર ગુલાં એક ચીચીયારી પાડી, જે ખુરસી ઉપર બેઠી હતી ત્યાંથી નીચે જમીન ઉપર તુટી પડી. થોડા વખતમાં પેલો પારસી ત્યાંથી ચાલી ગયો. ગુલાંને ઉચકીને તેનાં ઓરડામાં લઇ જવામાં આવી. ડાક્ટરને બોલાવવામાં આવ્યો, અને તેને ગુલાંની સારવાર શરૂ કરી. ત્રણ દીવસ તેણી ખાધા કે પીધા વગર તદન બેભાંણ પડી રહી. ત્રીજે દીવસે તેણીએ આંખ ઉગાડી અને કેકી.

કેકીનો લવારો ચાલુ થયો. મોઝેલને જોઇ તેણીએ ધ્રસાધ્રસ રડવા માંડયું. ડાકટરના કેહેવા પ્રમાણે આ આંસુઓએ ધીમે ધીમે તેણી સેહેજસાજ સુધરવાં લાગી. પંદરમે દીવસે તેણીને ખુરસીચેર ઉપર બેસાંડી. પણ હવે તેણીએ ખાવા પીવાનુ તદન છોડી દીધું. અધુરાંમાં પુરૂં મોઝેલને તેણી આગળ જવામાંથી અટકાવામાં આવી હતી એવું કહીને કે તેણી ગુલાંના ઓરડામાં જાએ તેથી તેણીની આશાએશમાં ખલલ થતી હતી.

દુન્યાં ગુલાંને મનસે નકામી હતી. પોતાનાં હાથો ઉપરનાં ચીતલ તેણી ભાંજી ચુકી હતી અને કોર વગરની કાળી સારી તેણીએ પેહેરવા માંડી હતી. વગર લગને અને વગર આસીરવાદ સારવે તેણી વીધવા થઇ ચુકી હતી. લગ્નનાં ગાંઠથી તેણી હજુર કેકી સાથ જોડાઈ નહીં હતી પણ પોતાને દીલથી તેણી તેને પોતાનો ભરથાર સમજતી હતી. તે ભરથારનાં મરણ પછી તેણી વીધવા નહીં તો બીજું શું? બળાપો તેણીને પુશકળ હતો. તે બચારો હજારો આશામાં પરદેશ દરીયા દોહવતો ગયો અને દરીયાની નીચે માંછલી મધરોનો તે ખોરાક થયો. તેનો મરણનો દીવસ બરાબર હજુર તેણી જાણતી નહીં હતી. તેનો બાજ રોજગાર કરનારૂં કોઈ હતું નહીં, આવા આવા બળાપામાં તેણી જુરી જુરી તવઇને હાડપીંજર જેવી થતી ચાલી.

પથરને પીગલાવે તેવી તેણીની હાલત હતી. ખોદાએ તેણીને તેણીની છેલ્લી બીમારી વખતે બોલાવીજ કાંએ નહીં લીધી હશે કે તેણી પોતાનાં વહાલાંને તે જહાનમાં મલત. ખએર તેની કરાંમત અજબ છે.

# પ્રકરણ ૮

ગુલાંની આવી હાલત વીશે સઉ કોઇ તેણીની દયા ખાતું હતું. પણ ખોદા માલમ કે તેણીનો બાપ કેવા દીલનો હતો. કત્તા દુશમનની તે જગા સારતો હતો. કેકીનાં મરણની વાત સમજ્યાને હજુર એક મહીનો પણ નહીં થયો હતો તેટલાં એક દીવસ તે ગુલાંનાં ઓરડામાં ગયો.

"જો ગુલાં, તું આવાં ચેરાં ઘેલાં કાહાડયા કરેચ તે કાંઈ સારી નથી લાગતી. કેકી કેકી કરતી હતી તે તો તેને ઠેકાણે લાગી ગયો. એ પરથી શું તારે શીખવાનું છે તે તું જાણેચ? બાપની મરજી ઉપરાંત જે ચીજ તું કરવા માંગતી હતી તેથી ખોદા પણ નારાજ હતો અને તે નારાજી તેને બતાવી આપી છે. જો હજુરબી સમજ. આવી તક કબી નથી આવવાની.

ગુલાં આ સમજી ખુબ કમકમી અને રડતે ચેહેરે જવાબ આપ્યો, "બાવાજી હવે હું વીધવા થઈ ચુકી છુ: મેહેરબાની કરી એ વાત નહીં કરશો તો ઉપકાર થશે: જેમ મને એખલી પડી રહેવા દેશો તેમ મને વધુ ફાએદો થશે."

આટલું બોલી તેણીએ આંસુ ધાર રડવા માંડયું અને જ્યાં સુધી ફીરોઝજી ઓરડામાં હતા ત્યાં સુધી કાંઇ પણ બીજો જવાબ આપ્યા વગર તેણીએ રડયાજ કીધું.

"અગર જો હવે તું એમ સમજાવ્યાથી નહીં સમજશે તો મારે જોર જુલમથી કામ લેવું પડશે." એટલું બોલી ઘાટકી પેદર ત્યાંથી ચાલી ગયો.

સઘળાં કરતાં મોઝેલનું કહ્યું ગુલાં માનતી હતી તે ફીરોઝજીને માલમ હતું તેથી એક છેલ્લા ઇલાજ દાખલ તેવણુ ગુલાંને પતાવી લેવા મોઝેલને મોકલી.

મોઝેલે ગુલાં આગળ જઈ સઘળી વાત તેણીને કહી તે સમજી ગુલાં દુખી દીલે બોલી. "ત્યારે શું તમેબી મારી સામે થઇ ગયાં? તમોબી મને આવા દુઃખમાં વધુ દુખી કરો છો?"

"ગુલાં, મને સમજવામાં તમે ભુલ કરો છો. તમારા બાવાએ મને જે કામ માટે મોકલી તે હું તો અમસ્થી તમને કહું છું. જે કામ મને તેવણે સોંપ્યું છે તે માટે હું તો તમારા બાવાને ધીકારૂં છું પણ ફકત તમો સાથે વાત કરવાની એક આ તક મલ્યાથી હું આવી છું."

"માંફ કરજો મોઝેલ માંફ કરજો. તમને નાહકનો મે બેઇનસાફ કીધો છે. મોઝલ મારે તમને આજ એક જરૂરની વાત કેહેવી છે. આ ઘરમાં હવે મારે ઉભું રેહેવું નથી. આજ રાત્રે હું અહીંથી કેથેબી નાસી જવા માંગું છું."

"ધીરાં થાઓ ગુલાં. કેહેવું તો સેહેલ છે પણ તમો કહાં જશો? કોણને ત્યાં જશો?"

"સગું વહાલું તો મારૂં કોઈ નથી પણ હવે હું અહીં રહી શકનાર નથી. મને આજ એક વીચાર સુઝયો છે. આજે સાત વરસની વાત ઉપર જે બોરડીંગ સ્કુલમાં હું બોર્ડર તરીકે રહેતી હતી ત્યાં હું નાંસીને જઈશ. સુનાબાઈ પાટકની હું ઘણી માનીતી હતી. તેવણ ઘણાં માયાળુ છે. આજે રાતના હું મુંબઈ નાસી જાઉં છું અને તેવણ આગળ જઈ સઘળી હકીકત કહી દેવશ. જરૂર જરૂર તેવણ મારી ઉપર દયા કરશે. જે થાએ તે ખરૂં પણ હું જવાની તો ખરી."

"પણ તમો કેમ જતાં રહેશો ? મને તો કાંમ ઘણુંજ મુશકેલ લાગે છે. અગર જો તમો સંપરઈ ગયાં તો આએ બારણેથી નીકલી ગએલું તાળું પાછું બારણે લાગવાનું."

"જે થાએ તે ખરૂં પણ હું તો જવાની. ફક્ત એક મેહરબાની તમારી પાસે માંગી લેવી છે. તમારી પાસે જે હેંડબેંગ છે તે મને આપો. જે સોહેજસાજ મારી પાસે ચીજો છે તે હું તેમાં મુકી દઈશ. અને રાતનાં સઘળાં સુઇ ગયા પછી તે બેગ લઈ હું નીકલી જઇશ. જો હું અહીંથી નીકલી જવા પાંમી તો મારી જવાની વાત સવાર સુધી કોઇ જાણવાનું નથી અને તેટલાં તો હું મુંબઈની જઇ પુંગીશ."

"મારો બેગ હું તમને ઘણી ખુશીથી આપીશ પણ હું ધારૂંચ કે તમને પૈસાનીબી કંઇ મદદ જોઇશે."

કેકી છેલ્લે જતી વખતે જે પરણીકું આપી ગયો હતો તે તેણીએ મોઝેલને બતલાવ્યું. તે પૈસા ગણતાં ગુલાંની આંખમાં પાછાં આંસું આવી ગયાં. તે પરણીકામાં લગભગ રૂપયા પચાસોની નોટો હતી.

સાંજના મોઝેલે ઘર્ણીજ સંભાળથી કોઠરો આવી, આવ્યો. જોઈતી સેહેજસાજ ચીજો તેણીએ તેમાં મુકી દીધી. રાતનાં દસને અમલે તેણી મુંજતે પગે કંમપાઉંડની બહાર પડી. સારે નસીબે તેણીને કોઇએ જોઈ નહીં. અંધારી રાતના થથોસતી થથોસતી રસતાની કાંઈ પણ ખબર વગર તેણી જયાં જવાએ ત્યાં ગઈ. અંધારામાં તેણીએ પગેજ ચાલવા માંડયું. જાહફ્રાંનાં ઘડીયાલ સુધી તેણી પુછતી પુછતી આવી ત્યાંથી તેણી એક ગાડીમાં બેઠી. રસતામાં તેણી સપાત ઉપરજ ચાલતી હતી. પોશાક તો જો કે પારસણનો તેણીએ પેહેરયો હતો તો પણ તેણી પારસણ જેવી લાગતી હતી નહીં. કારણ કે ઘરની બહાર નીકલ્યા પછી તેણીએ માંથાથી પગ સુધી સફેદ ચાદર ઓઢી હતી જેથી તેણી કોઇ પરજાત જેવી લાગતી હતી. સ્તેશન ઉપર આવી ટીકીટ કરવા તે પોતે ગઇ નહીં. કોઇને પૈસા આપી તેણીએ ગ્રાંટરોડની એક બીજા વર્ગની ટીકીટ કરાવી. સારે નસીબે બૈરાંઓની ગાડીમાં તેણી એખલીજ હતી. ગાડી ચાલ્યા પછી તેણીએ પગમાં ભુત પેહેરી ચાદર કહાડી નાંખી અને હવે તે એક ખુબ-સુરત પારસણ થઈ ગઈ.

સવારનાં સાતને અમલે તેણી ગ્રાંટરોડ સ્તેશન ઉપર આવી પુગી અને ત્યાંથી વાલકેશ્વર જઈ સુનાબાઈ આગળ સઘળું કહી દીધું. સુનાબાઇ ઘણી માયાળુ હતી અને તેનાં બાપનાં જુલમની વાતો સમજી તે કમકમી. પણ ગુલાંને તેણીએ એક વાત સમજાવી રાખી હતી તે એ કે, ઇસકોલનાં કોઇ બીજાં આગળ તે વાત કરવી નહીં. તેણી એક સાધારણ બોરડર તરીકે આવી છે એમજ કહેવું.

સવારના ખાનસાહેબની ઘરમાં સોધાસોધ પઇ રહી. આજુબાજુ ખબર કીધી. પણ કસો પતો મલ્યો નહીં કારણ કે પતો મલવાનું કાંઇ સાધનુજ નહીં હતું. કોઇ પાસ્સન તે દીવસે સુરતનાં સ્તેશન ઉપર રાતનાં મેલને વખતે આવી હોય તે કોઇએ જોઇજ નહીં હતી. હવે ફીરોઝજીનાં લપ્પા લેવાયા. નાસીને કેથે જવાની તેણીને જગા હતીજ નહીં એટલે આપઘાતજ કીધો હશે એમ, તેઓએ નક્કી માન્યું. દુન્યા શું બોલશે તેની તેવણને કાંઇ જાજી દરકાર હતી નહીં પણ સઘળા પૈસાનો હવે સાપુર માલેક થશે તેની તેવણને બીહક હતી.

ગુલાંનાં ગુમ થવા પછી ત્રીજે દહાડે સવારના મોઝેલને એક ઇંગ્રેજી ન્યુસ પેપર મુંબઇથી મલ્યું. આગમજથી નક્કી કરી રાખ્યા પ્રમાણે ગુલાં સહીસલાંમત પુગી તેની આ ઈધાંની હતી. ગુલાં કે મોઝેલે હવે એકએક ઉપર લખવાનું માંડી વાલ્યું હતું કારણ કે કાગળ કોઈના હાથમાં જયાથી કદાચ કાંચુ કપઈ જાએ. સુનાબાઇને થીક લાગીયાથી ગુલાંની સલામતી ખાતર તેવણે ગુલાંનુ આખું નાંમ બદલી નાખીયું હતું.

# પ્રકરણું ૯.

ફીરોઝજી હવે પોતાની હાલતં સમજતા હતા. જે વખત જોએચ તેમાં સાપુર આવી પોતાનો હક માંગશે તે તેવણને માલમ હતું. હવે તેવણે પોતાનાં ઘરનો ખરચ કમતી કરવા માંડયો અને મોઝેલને પણ મહીનાની નોટીસ મલી. મોઝેલ ગયા પછી બીજેજ દીવસે એક વળી અજબ બનાવ બન્યો. ફીરોઝજીને નાંમનો એક તાર મુંબઈથી આવ્યો. મુંબઈના એક હોતેલના મેનેજરે તે તાર તેવણ ઉપર કર્યો હતો. "આજે સવારે દશ વાગે સાપુરજી હવલદાર હાર્ટડીઝીઝથી એકાએક મરણ પામીયા છે."

"વાહ એ તો ઠીક થઇ ગયું" ફીરોઝજી બોલ્યા. "એ તો એક પીરાજ જતી રહી. હવે તો હોલત આપરીજ ગુલાંબી મરી ગેઇ ને એબી પતીયો."

"પણ કેમ જાણ્યું કે ગુલાં મરી ગેઇ?" ખરસેદબાઇ બોલ્યાં.

"અરે જીવતીબી હોશે તો એમ ભરાતી સંતાતી રહીને ઝુરી થઇ રહેશે." દીકરીનાં કદરદાંન બાવા બોલ્યા.

"પણ ફીરોઝજી, જો ગુલાં જીવતી હોશે તો પેલી વાતં તમો ભુલી જાઓ છો." એમ કહી કરપીન ખરસેદબાઇએ પોતાનાં ધણીનાં કાંન ઉપર પડી હુઇ કહ્યું.

"હા યાર તે તો મને ધ્યાન રહયું નહીં. ચાલો જે થવાનું હશે તે થશે."

સાયુરનાં મરણ પછી તેની જુરી ભરવામાં આવી. તેના કેરક્ષજીયાં સરકારમાં જપત થયાં કારણ કે તેનું વારેસ કોઈ હતું નહીં અને કાયેદા પ્રમાણે તે ચોકસ મુદત સુધી કોઇ વારસની રાહ જોવા માટે ઉગાડયાં વગર રાખી મુકવામાં આવ્યાં.

રજા મલ્યા પછી મોઝેલ મુંબઇ જઇ એક વખત ગુલાંને મલી આવી. પુના ખાતે બરજોરજી મોદીનાં કુટુંબમાં તેણીને બીજી નોકરી મલી જ્યાં તે તુરત ઉપડી ગઈ. આ નવી નોકરી ઉપર તેણી ત્રણ મહીનાં રહયા પછી બરજોરજી મોદીનાં વરા ભાઇનો છોકરો જમશેદજી ત્યાં વરસાદની રૂતુમાં પુનાની સીઝન હોવાથી હવા ખાવા આવનાર છે એમ તેને સમજ્યું. જમશેદજી રતનજી મોદી નામ સમજી મોઝેલ ચોંકી. એ તો પેલોજ મોદી હતો કે જે ક્રેકીનાં દુઃખભરીયાં મરણની ખબર લાવ્યો હતો. તેણીએ તેને જોયો હતો. વળી આ જમશેદજી પાછલ તેનો કોઈ મીત્રબી આવનાર હતો.

જમશેદજી મોદી આવ્યા પછી રાતના સઘળાં સાથે જમવા બેઠાં. ખાના ઉપર મોઝેલે જમશેદજીને પહેલ વેહેલો જોયો. તેને જોતાંજ તેણી સેહેજ ચમકી. બત્રીસથી તેવીસ વરસનો આ તો એક ખુબસુરત જવાન હતો જ્યારે પેલો જમશેદજી તો આસરે પાંતરીસથી ચાળીસનો અરધો બુઘો ડાંગો બલુ ચસમાં વાળો હતો. થોડો વાર તેણીએ તેને તગર તગર જોયા કીધો પણ પછી તેને ધ્યાન આવ્યું કે એમ કરવું સભ્યતાથી ઉલટું હતું.

બપોરે એક વાગેની ગાડીમાં જમશેદજીનો મીત્ર આવી લાગો. વળી પાછાં સઘળાં બપોરનાં જંમવાં બેઠાં. નવા આવેલા પરોણાનો ચેહેરો ઘણોજ શોકાતુર હતો. તે કોઈ કદાચજ હસતો જણાતો હતો. ખાનાં ઉપર જમવા બેસીયા પછી મીસીસ બરજોરજી બોલ્યાં.

"મી૦ કેકી જો સરમાતાં નાં જો. આએ ઘેર તમારૂંજ સમજજો."

કેકી નાંમ સમજી મોઝેલ એકદમ ચમકી. કાંતામાંથી ઉછલી એક મરઘીનો કતકો તેણીનાં ખોળામાં પડયો. પોતાની અજાએબી જેમ તેમ તેણીએ દાબી રાખી. ખાનું પુરૂં થતાંજ તેણી પોતાનાં ઓરડામાં ભરાઇ ગઇ. શું એ બનવા જોગ છે ? જમશેદજી મોદી અને કેકી નાંમના બે બીજા મીત્રો કાએ નહીં હોય ? તેમજ હોશે કારણ કે પેલા જમશેદજીને મેં જોયો તે કાંઈ આવો નહીં હતો. પણ ત્યારે એ કેકી એટલો ગમગીન અને દલગીર કેમ ફરે છે ? સાંજના ચાહ પીધા પછી મોઝેલ પોતાની સેઠાણી આગલ તેવણ એખલાં હતાં ત્યાં ગઈ.

"મીસીસ મોદી અગરજો હું તમને નારાજ કરૂં તો માંફ કરશો. તમારાં પરોણાઓમાં જાજી પરપુછ કરવી એ મરીયાદાથી ઉલટું છે તો પણ જો તમો જાણતાં હાવો અને કાંઈ હરકત નહીં હોય તો મને કેહેશો કે મી૦ કેકી એટલા ગમગીન કાંએ છે ? માંફ કરજો, પણ મને ચોકસ કારણો છે તેથી હું પુછું છું."

જણાવવાની જરૂર છે કે મોઝેલની આ સેઠાણી અને

આગલી શેઠાણી. વચ્ચે ઘણો ફરક હતો. મીસીસ મોદી ખાનબહાદુરનાં ખરસેદજીભાઇનાં જેવા મીજાસનાં ખોરીયા નહીં હતાં. તેવણુ મોઝેલને પોતાનાં ઘરનાં માણસ તરીકે ગણતાં અને દરેક ચાકરો સાથ માંન અકરામથી વાત કરતાં.

“અગર જો તમો મી૦ કેકીની હકીકત સમજવા માંગતાં હોવો તો બેસો હું કહું. આજ છ મહીનાની વાત ઉપર એવણુ એક છોકરી સાથ પ્યારમાં પડયા હતા. નાનપણુથી એ બેઉ સાથેજ ઉછરેલાં હતાં. પણ તે લોકોનાં લગન કરી આપવા છોકરીનાં બાપની ખુશી હતી નહીં જ્યારે બેઉનો વીચાર એક એક ઉપર મકમ હતો. છોકરી તે વખતે ઓગણીસ વરસની હતી અને એકવીસ વરસની થાય તોજ તેણી બાપની મરજી ઉપરાંત પરણી શકે. બે વરસ થોભી જવાના વીચારથી મી૦ કેકી નેતાલ વેપાર માટે ગયા. બાપની હરૂસે છોકરીને કાગલ મલે તેથી સુરતની પોસ્ત ઓફીસમાં તેને કાગળ લખવા કહયું હતું. ત્યાં ગયા પછી એવણે ત્રણુ કાગળ લખીયાં પણુ ત્રણેના જવાબ તેને પાછા મલીયા નહીં. એટલામાં એવું બનીયું કે એવણુની એક ઘણીજ દુરની સગી બુઘી હતી તે મરણ પાંમી. તેની પાસે પૈસા હતા અને કેકી તેનાં એખલા વારસ હતા. તેણીનાં વકીલે મી૦ કેકી ઉપર તુરત લખી જણાવ્યું અને બંદોબસ્ત કરવા તેવણુને અહીં આવવું પડયું. અહી આવી એવણે પોસ્ત ઓફીસમાં ખબર કહાડી ત્યાં માલમ પડયું કે તેનાં ત્રણે કાગળો ત્યાંજ પડીયાં હતાં. તે તુરત તે છોકરીનાં બાપ પાસે ગયો. ત્યાંથી તેને માલમ પડયું કે તેણી તો કોઈ ચાલી ગઈ હતી. વધુ પુછતાં પણ તેને ઉડાવનારો જવાબ

મલીયા અને છેલ્લે તેનાં બાપે કહ્યું કે જ્યારે તેણી ગઈ ત્યારે ઘણી ઉસકેરાએલી હાલતમાં હતી અને તેથી તેણીએ આપઘાત કીધેલો હોવો જોઇયે. આ દીવસથી એ બીચારો આવો ગમગીન અને ઉદાસ રહે છે. ઉદાસીનો મારીઓ રખે કાંઇ માઠું પગલું ભરે ફરી જમશેદજી એવણને સાથના સાથજ રાખે છે. એ બેઉ કોલેજ ફ્રેન્ડો થાએ છે."

આ વાત સમજી મોઝેલે એક હુતકારાનો દમ ખેંચીયો. અને તેની આંખમાં આંસું આવી ગયાં.

"ઘણીજ દલગીરીની વાત છે કેમ મીસ સ્મીથ? કોઇનેબી દયા આવે એમાં કઇ શક નહીં. કોણ જાણે બીચારી ઉપર શું શું દુઃખ પડયાં હશે કે બીચારીએ આપઘાત કીધો."

"મીસીસ મોદી મને કેહેવાની રજા આપશો કે તેણી મરણ નથી પાંમી પણ જીવતી છે."

"શું તમે તેને વીશે કાંઈ જાણોછો ?"

અત્રે ગુલાંની સઘળી હકીકત મોઝેલે કહી સમજાવી. મીસીસ મોદી તે સમજી પેહેલે તો ઘણાંજ કચવાયાં. એક સગો બાપ પોતાની દીકરી ઉપર આ રીતનો જુલમ કેમ ગુજારે તે તેવણને સમજ પડી નહીં. પણ આખો કીસ્સો સમજી તેવણ એટલાં હરખમાં આવી ગયાં કે કાંઇબી વીચાર કર્યા વગર મોઝેલનો હાથ પકડી જમશેદ અને કેકી બેઠા હતા ત્યાં ખેંચી લાવ્યાં.

"લેઓ મીસતર કેકી આએ મીસ સ્મીથ કહે છે કે તમારી ગુલાં જીવતી છે અને તેનો પત્તો એવણ જાણે છે."

અત્રે મોઝેલે ગુલાંનો કીસ્સો પાછો કહી ગઈ. કેકી તે સમજી

સુઘળાંના દેખતાં રડવા મંડી ગયો. પણ તે આંસુઓ ખુશાલીનાં હતાં. તે એટલો ખુશીમાં આવી ગયો હતો કે તેને ઉઠીને મોકેલને ચાંપીને શેકહેંડ કીધી, પેહેલીજ ગાડીમાં તે મુંબઇ ઉપડી ગયો અને બોરડીંગ સ્કુલમાં જઇ પુગો. તે ત્યાં પુગ્યો ત્યારે ગુલાં સુનાબાઈ પાતકિ સાથે બેસી વાતો કરતી હતી. ગુલાંને તેણીએ પોતાની સ્કુલના નાની છોકરીઓને ઇંગ્રેજી શીખવનાર માસતર બનાવી હતી.



## પ્રકરણ ૧૦.

સુનાબાઇ પાટક અને ગુલાં વાતો કરતાં બેઠાં હુતાં ત્યાં એક ચાકરે આવી ખબર આપી કે કોઇ પારસી ગ્રહસ્થ સુનાંબાઇને મલવા માંગે છે. આ સમજી ગુલાં ધ્રુજવા લાગી. "સુનાબાઇ સુનાબાઈ મેહેરબાની કરી પેહેલે મને, કેઠે સંતારો અને પછી તમે જાઓ. જરૂર એ મારા બાવાજ હોશે."

"દીકરી તું કાંએ બીહેચ ? તારા બાવા હોશે તો પણ હું તારૂં પાંખરૂં દેવણનાં હાથમાં આપીશ નહીં" એમ કહી તે ત્યાંથી ગઇ. હોલમાં કેકી તેણીને મલ્યો. ટુંકમાં તેણીને તેને સઘળું કહી સમજાવ્યું.

"મીસતર કેકી તમો આવ્યા છો તો ભલે આવ્યા પણ તમો કહોછો તે નાંમની છોકરી હયાં છેજ નહીં."

તેણીએ ધાર્યું કે આમાં કદાચ કાંઇ ઠગાઈ હશે એમ સમજી આ જવાબ આપ્યો.

ઘણો વખત થયાથી ગુલાંને મજબુત શક પડયો અને તેની ધીરજ રહી નહીં. તેઓ વાત કરતાં હતાં તે ઓરડાની પાસેનાં ઓરડામાં તેણી ગઇ અને કુંચીનાં નાંકાંમાંથી જોવા લાગી. કેકી ઉજાળડામાં બેઠો હતો તેથી તેને તે બરાબર

જોઇ શકી. જોતાં વાર તેણી દીવાનાં આદમીની માંફક હોલમાં ધસી ગઈ અને કેકીને ગળે વલગી પડી. એ મારા કેકી કેકી કરી હવે તેને ધસાધસ છોડી દીધું. કેકી પણ રડવા લાગ્યો અને સુનાબાઇ પોતેબી રડવા લાંગાં.

કેકી અને ગુલાંનાં મનમાં હાલ શું હતું અને દીલમાં શું ઉથલપાથલ થતી હુતી તે કહેવું અથવા દર્શાવવું નકામું છે. ટુંકમાં ગોયા મુએલાં જીવતાં થવાની તે ખુશાલી હતી.

"મી૰ કેકી તમો ઉપર હું શક લઇ ગઈ છું તે માટે તમારી માંફી ચાહુંછું પણ મને તેમ કરવાની ફરજ પડી હતી. એવણ મારી ઉપર ભરોસો રાંખી આવ્યાં હતાં એટલે કોઈબી જાતની દગાબાઝીમાંથી એવણને બચાવવાની મારી ફરજ હતી."

"બાઇ, હું તમારી ઉપર કોઈબી રીતે ગુસ્સે થવાને બદલે તમારે માટે એથી વધુ માંન ધરાંઉછું."

ઘટટા બોલોમાં સુનાબાઇનો ઉપકાર માંની તેણીની રજા લઈ કેકી ગુલાંને પોતાની સાથે લઈ ગયો.

ગરીબ બચારી ગુલાં પાસે આ વખતે કાંઈ ઘણાં સારાં કપડાંબી હતાં નહીં. કેકી બારોબહારથી તેણીને એક કપડીયાની દુકાણે લઇ ગયો. ત્યાં કપડું લેતાં ગુલાંને કાંઇ યાદ આવ્યું. આવીજ રીતે આગળ પણ એક વખત તેણીનુ નસીબ જાગયું હતું અને ખરસેદબાઇ તેણીને આવીજ રીતે કપડાં અપાવવા લઇ ગઇ હતી. આ વાત તેણીએ કેકીને કહી.

"કોઇ સાગ્રુરંજી હવલદાર એકાએક ફુતી નીકલીયાથી એમે તેણી નવાં કપડાં અપાવવા લઇ ગઇ હતી."

"સાપુરજી હવલદાર ! જો હું ભુલતો નહીં હોઉં તો એ નાંમનો એક પારસી એકાએક હાર્ટડીઝીઝથી જે હોટેલમાં હું મુંબઈમાં હતો તેજ હોટેલમાં થોડાક વખંતની વાત ઉપર મરણ પાંમીઓ."

"તે તો કેહેતો તો કે તે મારો સગો થતો હશે."

"તેમજ જો હોય તો આપણે હવે પછી પરપુછ કરશું. તે મોટી દોલત મુકી ગયો છે અને તેનું કોઈ વારસ હજુર મલતું નથી."

હવે તેઓ પુને ગયાં. મીસીસ મોદી તો ઘણુંજ ખુશી થઇ ગયાં. ગુલાંને તેવણે ચાંપીને કોતી કરી 'દીકરી, ઘણાં ઘણાં સુખ જોજે અને ઘણું ઘણું જીવજે. જેટલું દીકરી તેં દુઃખ જોયુંચ તેટલું સુખ જોજે અને તારા વરનેબી ઘણાં ઘણાં સુખ દેખાડજે."

હવે કોતી કરવાની વારી મોઝેલની આવી. જો કે તેણી મદમ હતી અને કોતી કરવાની તેણીને આદત હતી નહીં તો પણ આ વખત તેણીએ ગુલાંને કોતી કીધી. ખરૂં કહીયે તો પારસી કુટુંબોમાં રહી તેણી અરધી પારસણ થઇ હતી.

આખા કુટુંબમાં હવે ખુશાલીજ હતી. પોતાના ઘરમાંથી ગુલાંનો પત્તો મલયો તેથી મીસીસ મોદી તો ઘણુંજ ખુશ થયાં હતાં. ગુલાં ઉપર આટલો જુલમ ગુજરવામાં તેના બાપને કાંઇ કારણ હોવું જ જોઇયે અને તેણીને કુમારી રાખવામાં અથવા તો ચોકસ માણસ સાથેજ પરણાવવામાં ફીરોઝજીને પૈસા બાબદ કંઇબી લાભ છે એમ મોઝેલ જક્કી માનતી હતી. અને તે વાત વીશે ખબર કહાડવા તેણીએ

કેકીને ખાસ ભલામણ કીધી. કેકી ગુલાંને પુને રાખી મુંબઇ આવ્યો અને સાપુરજી હવલદાર વીશે ખબર કહાડી. પછી તે સુરત ફીરોઝજીને મલવા ગયો. ગુલાં જીવંતી છે અને કેકીને મલી છે એમ સમજી તેવણ તો ઘુવરજ થઇ ગયા. સાપુર અને ગુલાં વચ્ચે શું સગાઈ હતી તે તેવણ તરફથી ખબર મેલવી તે પોતાનાં વકીલ દીસોઝાને મલ્યો. થોડા વખતમાં સાપુરનાં વારસ તરીકે વીલની ગેરહાજરીમાં ગુલાંને તેના સઘળાં કાગજ્યાં મલ્યાં. તે વાંચતાં ગુલાંનાં મમાવાના વીલની વાત બહાર પડી. હવે સઘળું સમજ પડયું. સાપુર અને ગુલાં વચ્ચેનો સંબંધ હવે ખુલ્લો થયો. ગુલાંને કુમારીજ રાખવામાં તેના બાપને શું લાભ હતો તે પણ માલમ પડયું.

બીજી ઘણી બાબદો માલમ પડી ગઇ. જે માણસ જમશેદજી મોદીને નાંમે ગુલાંને કેકીનાં મરણની ખોટી ખબર આપવા આવ્યો હતો તે છુપા પોશાકમાં થેભીયા ઓરાવેલો સાપુર હવલદાર પોતે હતો. ચંચલ મોઝેલ પણ તેને પારખી શકી નહીં હતી. સ્તીમરના કપતાનને નાંમે ખોટું કાગલ લખનાર આપના ફીરોઝજી પોતે હતા. આ ખુલાસો તોપી ઉતારી ફીરોઝજીએ કેકી આગલ કીધો.

હવે લખવાનું ઘણું થોડું રહયું છે. કરાંચીનું એસતેત વેચ્યું તેનાં રૂપ્યા સઘલા ગુલાંને મલ્યા. ખવાઇ ગએલાં વીઆજ માટે કેકીએ હીસાબ પુછયો નહીં. આટલું દુઃખ ખમીયાં છતાં ગુલાં પોતાનાં બાપ તરફ માયાળુ થઇ. પોતાં તરફથી એક ઘણી સારી રકમ તેણીએ તેવણને આપી. પણ ગુલાંનાં લગન પછી તેવણ ઘણો વખત જીવીયા નહીં. કેલા-

રાનાં ભોગ થઈ તેવણ એક દીવસમાં પોતાનાં કાંમોને હીસાબ આપવા પેલી જેહાંન ચાલતા થયા.

ગુલાંનાં લગન પછી ટુંક મુદતમાં એક બીજા ન ધારેલાં લગન નીકલીયાં. કેકીનો વકીલ ડીસોઝા કામ સારૂ ઘડી ઘડી પુને આવતો હતો. તે મોદી ખાનદાનમાં પણ પરોલાઈ ગએલો હતો અને પુને આવે ત્યારે રહેતો પણ ત્યાંજ હતો. આપણી મોઝેલે તેની ઉપર કાંઈક અસર કીધી હતી. ટુંકમાં કહીયે તો તેવણ કાકાની મોંઝેલ ઉપર કાંઈક ખાટી મીઠી નજર હતી. ગુલાંએ મોઝેલને પૈસાથી સારી રીતે નવાજી હતી. એટલે હવે મોઝેલ ખુબસુરત ઉપરાંત પૈસાવાલી પણ થઈ. ગુલાંની વારોવારને દીવસે મોઝેલ અને ડીસોઝા પણ લગનનાં ગાંઠથી એક થયાં.



# શરૂમાળ ઝાડ

## ભુલચુકની હસાહસ.

### પ્રકરણ ૧.

"જાઓ! જાઓ! ગોદરેજ તમે તો હમેશનાં એવા રહી ગીઆ! બસ તમુને આવાં ગામરાંનાં ખુનાંમાં ભરઇ રેહેવા ગમેચ એટલે હમારેબી તમારે લીધે ફરવું હરવું નહીં. જરા જુઓ બીજાઓ શું કરેચ તે? કોઈ દહાડો તો એમ કેહો કે આવો માથેરાન નહીં તો મહાબલેસર જઇએ."

ઉપલું ભાષાણ રૂપી બોલનાર શીરીનબાઇ ચીનઇ હતા. તેવણ હાલ જો કે ઉમરે ચાલીસનો આંકડો પસાર કરી ગયાં હોય તેમ લાગતાં હતાં તો પણ એક વખતની ખુબસુરતીનો છાપ તેવણનાં મોંહડાં ઉપર જણાતો હતો. તેવણનાં મેહેલાવર જમશેદજી જંમુસરીઆ સારી દોલત અને શાવક નામનો

એક છોકરો મુકી ઘણી જુવાન ઉમેરે કોલેરાના ભોગ થયા હતા. પણ શીરીનબાઇનો જીવ અસલથી ખાનાર પીનાર હોવાથી તેવણુને કાલી સુડી અને બોડા હાથ ઝાઝો વખત પસંદ પર્યાં નહીં, અને જમશેદજીનાં ગુજર્યા પછી બે વરસે તેવણે બીજુ ઘર કર્યું. અને બીજા વર ગોદરેજજી ચીનાઇ સાથ સુરતનાં ભીમપોર ગાંમમાં આવી રહયાં જયાં આપણી વારતાની શરૂઆત થાય છે.

ગોદરેજજી ચીનાઇ પોતે ઘણી જુવાન વયે પરણીયા હતા પણ નસીબે યારી નહીં આપ્યાથી તેવણુની બાઇડી પેહલીજ સુવાવડમાં મુએલાં છોકરાને જનમ આપી મરણ પાંમી. ગોદરેજનાં બાવાનો ચીનમાં વેપાર ચાલતો હતો ત્યાં તેવણુ પોતે પણુ ગયા અને પોતાની મેહનતે ખાનગી પુંજી એકથી કર્યા ઉપરાંત બાવાની પુંજીનાં પણુ વારસ થયા. ચીનમાં એકલા પડયાથી અને અસલ વહાલું વતન યાદ આવ્યાથી હવે તેવણે ચીન હંમેશનું છોડયું અને મુંબઇ આવી શીરીનબાઇ સાથે પરણી પોતાનાં અસલ વતનમાં બંગલો બાંધી ત્યાં જાથુકનું મુકામ કીધું. થોડા વખતમાં તેવણુને ત્યાં એક છોકરીની વરધી થઇ. પરીન હાલ અઢાર વરસની હતી અને માએ કરતાં બાપની ખાસીયત તેણીમાં વધુ ઉતરી હતી.

ગોદરેજજી ઉમરે પાકેલા હોવાથી ગામડાનાં પોતાનાં એકાંત ઘરમાં રહી છોકરાંઓ સાથ રમત ગમતમાં રહેવાનું વધુ પસંદ કરતા હતા જયારે શીરીનબાઇને તરીમતરાક થઇ સહુ ગીસીઓમાં ફરવા હરવાનો ઘણો શોખ હતો. આ શોખ પુરો પાડવા તેવણુ અવાર નવાર કાંઇનું કાંઇ

બહાનું કહાડી મુંબઈ સગાં માહલાંઓને ત્યાં ઉતરી પડતાં હતાં. ગોદરેજને આ મુદલ ગમતું નહીં હતું પણ સમજુ હોવાથી સેહતાન દાબો કરી અખાડા કરી જતા હતા. ફ્રાસીનની ફીસીયારીમાં મરતાં અને મુંબઈનાં લોકોની વાંદર નકલ કરતાં પૈસાનો પણ તેવણ ખુબ ધાન કહાડતાં હતાં પણ પરીન શીવાય હવે કોઈ ગોદરેજીનો પૈસો ખાનાર નહીં હોવાથી તેવણ ચુપ બેસતા હતા. જો કે તેવણ પોતાની ધણીયાણીને તેણીની મરજી પ્રમાણે ચાલવા દેતા હતા તોપણ પરીન હમેશ પોતાનાં બાવાના કહયા પ્રમાણે ચાલતી હતી અને દરેક બાબદમાં તેવણને ખુશી કરવા પોતાનું બનતું કરતી.

"જુઓની ગોદરેજજી" શીરીનબાઇએ આગલ ચલાવ્યું, "તમે તો દુન્યામાં ફરેલા હરેલા એટલે ધરઈ ગીયા પણ હમે જુવાન જવાનથી તમારી કાની ગંધઈ રેહેવાનું નહીં બને. જો મારૂં માનો! આએ વરસ મુંબઇ ચાલો. કેહેચ કે તાંહાં હમનાં બહુજ મજાહ પડેચ. ફેનસી ફેર કેહેજે કે થોડા વખતમાં થવાનો છે ને વરી સાથે સરકસ આવેલો છે ને નવા નાટકોબી ઘણાં થાએચ. જો ચાલો મંજાહ પડસે."

"શીરીન ખોદા ખાતર એ બાબદસર મારૂં માથું નાં દુખવ તારે જવું હોય તો જા પણ કાલાંવાલા કરી કહુંચ કે મને ના સતાંવ."

"આએ જોયું કેની ફરવા હરવાની વાત આવી ત્યારે એવણનું માથું દુખી આયું. ચાલો તારે બેસી રેહો એક ખુનીમાં ને ખાત ખાયા કરો. બા બરાબર છે. ખાઈ પી સેવાનું તે કંઈ અધાંનેજ સુજેચ. એ તો જેતાં જમીનમાં.

હોય તેનેથીજ મને. વરસોના વરસ સુધી આએ ઘરમસણ જેવાં ઘેરમાં પડી રેહો. બા મને તો આવા જુનાં ઘેરમાં એમ મુવું પરી રેહેવા નહીં ગમે."

"તુને નહીં ગમે પણ બા મને તો ગમેચની. જુન્નું તે બા આપરે મનસે તો સુન્નું. જુન્નું ઘેર, જુન્ની વાતો અને જુન્ના વીચારો આપણે તો બા ઘણાજ પસંદ કર્યેચ. ને વરી ભુલી કેમ જાએચ." ગોદ્દરેજ સેહેજ મસકેરી કરતા બોલ્યા, "મને મારી જુન્ની દીરીન કાંઈ થોરી ગમેચ?"

"હા એટલે તમે એમ કેહેવા માગોચ કે હું ઘણી બુદ્ધી થઇચ. જાઓ જાઓ તમેબી એમ છેકજ ચરી ના જાઓ."

"ઓ બાપરે મડમ સાહેબનો મીજાસ ગીઓ." ગોદ્દરેજે તાહુકો મુકયો. "લે ચાલો વાત નાખી દેઓ. દીકરી પરીન એ જુનામાં ભરઇને શું કરેચ?"

"બાવાજી આએ શાવકનાં શર્ટ ઉપર નાંમ પાડુંચ."

"વાહ! મારી શયાની દીકરી વાહ. નાંમ તો પાડેચ પણ તેનો બદલો તો કોણ જાણે સુવવર કેમ વાલી આપશે."

પરીન હજુર તો કાંઈ જવાબ આપે તેટલાં શીરીનબાઈ ખભરી પડયાં. "વરી તમે તેની પુઠે લાગા કે."

"બાપુ હું શું કાંમ એની પાછલ લાગું. જો શીરીન હું કેહતો આયેલ્ય ને ફરીથી કેહુંચ કે તું એ છોકરાને લોર લરાવેસ તે કાંઇ એનું હેત નથી ખાતી. એકવીસ વરસનો ગધેરા જેવો થઈ ગયોચ ને પોતાનું નાંમ લખીક તો

લખી નથી શકતો. હું તો બુ। જે કેહુંચ તે એનાં ભલાંને માટે કેહુંચ. પછી તો તું છે ને એ છે."

"અરે એજ મારો દીકરો બારીસતર થશે તે તમેજ જોશો સમજ્યા. એ તો હોય બચ્ચું છે નાદાન છે. એની ઉમ્મર શું? એની કાંતી શું?"

"એમ કરી કરીનેજ તેને બેખતા કરી નાખ્યોચ તો. આ બસ સઉકસાંમાં લોકોની મસકેરી કરવી, પીથાંઓમાં જઇ દારૂ પીવો અને લોફર જેવા દોસ્તો સાથે ફરી ફરી વખત અને પૈસાનો નાસ કરવો એ એનો ધંધો છે."

"કંઇ દારૂબી નહીં ને મસકેરીબી નંહીં. એ તો હોય. મારો દીકરો હસમુખો છે રમુજી છે. ખાનાંર પીનાંર છે. એનાં બેહસતી બાપબી એવાજ ખાનાંર પીનાંર હતા એટલે એ કાએ નહીં હોય? જો હું તમુને કેહુચ ગોદરેજ તમારે જોઇયે તો મને કેહેજો પણ એ મારા બચ્ચાંને તો કંઇબી ના કેહેતા."

"બેઉ જણાં કોતી કરીને જાહાનમમાં કાએ નહીં જતાં" ગોદરેજ મનમાં બબડયાં, "આએ હે સમજ વરી કોણ જાણે કોણને બુમ પરાવેચ. અરરર કોણ જાણે એ શું બાંગ્યુ."

ગોદરેજ બોલવાનું પુરૂં કરી રહયા નહીં તેટલાં શાવક બુમ બરાડા મારતો ઓરડામાં આવ્યો અને પોકારો મારવા સરૂ કર્યા. "જુઓ માએ હું તમુને કેહુચ. આએ પેલા ગધેરા બેહેલાને કેહેજો નંહી તો હું એને મારી બેસસુ. જેરા ભુખ લાગી તેથી રાંધનીમાં જઈ કહ્યું કે મોસમાંથી થોરું બોતાં

આવા હૈ તો ચારી સામે થયો—તે મેં લઈને મારા હાથમાં કોરીની રકાબી હુતી તે છુત્તી મોરી."

"આવામો માલ તે એવણે છુત્તો મારી ભુકો કીધો." ગોદરેજ ખભર્યા.

"દીકરા તુને ભુખ લાગી તે મારી આગલ કાંય્એ નહીં આયો. હું તુને આવીને મારે હાથે ભોનું કરી આપતે. એ મુવા એહેલાનીબી શું મગદુર કે બચ્ચાં ઉપર હાથ ઉચકે."

"બચ્ચુ તો કોઈ જુઓ." ગોદરેજનુ પાકી આવ્યું.

"ચાલ દીકરા હું પછી જઇ એ મુવાની જાતકની પખોરી નાંખુંચ. તું હમનાં તો અખારા કરી જા ને થંડો પર. બેસ દીકરા આપણે બે વાત કર્યે."

"નહીં બેસાએ! કબી નહીં બેસાએ! મારે તો બહાર જવુંચ. ચાર તો વાગી ગીઆ ને મારા દોસદારો બધા વારે વાર જોતા હોશે. પેસુ પરવરતાનું આજે વરસ છે તેને પારતી આપીચ તે ભીખાનાં પીથાંમાં આજે ખુબ મજાહ પડશે."

"શું દીકરા એવા હલકા લોક સાથ દોસતી રાખેચ?"

"જાઓ જાઓ હલકા સાના. કાઉ કારાંમાએ આવેચ, કુમલો કસરેવજ આવેચ, બાપુ ખુકકો આવેચ, બદલો બબરચી આવેચ ને હલકા સાનાં થઈ ગયા?"

"અરે હવે તું ગીઓ દીકરા. મારો દીકરો કરૂં જો આજનો દહારો માએનો બોલ રાખી ઘેરમાં નહીં રહે? ઘેરમાં કેવુ મજેનું રાંધેલું છે ને વરી તારીબી મંગાવીચ.

જો બેસ આપણે પીસની કોતમાં બીલ્લુ થશું આએં બધાંએ પાસે ખુબ પીસાવસું."

"નહીં બા નહી મારેથી નહીં થોભાએ મારે જવુંજ જોઇયે." આટલું બોલી શાવક કોઈની પણ દરકાર કર્યા વગર ત્યાંથી ચાંલી ગયો.

"અલબત અલબત જવુંજ જોઇયે નહીં તો બધો વેપાર ખોટી થાએ." ગોદરેજ બબડ્યા, "કાંઇ ફીકર નહીં એબી થીકજ છે. એ ભેંસનાં સીંગરાં ભેંસને ભારી."

શાવક માએની સામે થઈ ત્યાંથી ચાલી ગયો. કયાં ગયો તે હવે પછી આપણે જોઇશું. પણ ખરેજ એ છોકરાને ઘણાં લાડમાં ઉધરમાં આવ્યો હતો અને તેથી તે તદન બેખત થઇ ગયો હતો.

"દીકરી પરીન" ગોદરેજ વધુ ગંભીર થઇ બોલ્યા, "દીકરી પરીન આજે મારે તારી આગલ કાંઇ વાત કરવી છે. તુને માલમ છે દીકરી કે તારી હાલ ઉમ્મર શું છે?"

"કાંએ બાવા કંઇ ખાસ તે પુછવું પડેચ? હું ધારૂંચ કે મારી ઉમ્મર હાલ સત્તર વરસ ઉપરની છે."

"દીકરી પરીન, આજ લાંબો વખત થયા મારા મનમાં મેં ઉમેદ બાંધી રાખીછ કે મારી આંખ બંધ થાય તેની આગમચ મારે તારા લગન કરવાં. શરમા નાં દીકરી એમાં શરમાવા જેવું કંઇ નથી. દીકરી પરીન હું ધારૂંચ કે મારે હુવે એક ખુલાસો કરવો જોઇયે. મારા મીત્ર સાપુરજી સાહેર બાબે મેં તારી આગલ ઘણી વાર વાત કીધી છે. આ સાપું-રજીને ત્યાં એક છોકરો સોહરાબ નામનો છે. જેને મેં મારાં

ભવીશ્યનાં જમાઈ તરીકે પસાંદ કીધોચ. દીકરી માનશે કે તે આપરે ત્યાં જે વખત જાએચ તેમાં એક પરોણાં તરીકે આવી ઉભો રહેશે."

"બાવાજી તમેણ બોલવાથી હું ખરેજ અજબ થાઉંચ. બાવા એ સોરાબજીને તમે કોઈ દીવસ જોયાચ કે?"

"નહીં દીકરી મેં હજુર કોઇ દીવસ એ છોકરાને જોયો નથી. પણ હવે વાત કંઇ ઘણી દુર નથી. જોયો તો મેં નથી પણ એટલું તો જાણુંચ કે બી. એ. થએલો છે અને વકીલની પરીક્ષા આપવા જવાનો છે."

"બાવાજી તમુને જો છોકરો પસંદ પર્યો હોય તો પછી હું બોલીબી શું શકું?"

"બધું ઘણું સારૂ છે દીકરી પણ કેહેચ કે છોકરો ઘણો શરમાળ છે, તુંને શરમાળ ધણી તો ઘણો ગમેચની દીકરી?"

"બાવા શરમાળ ધણી કંઇ ખાસ મને ગમતો નથી પણ શરમાળપણું એ કાંઇ એબ નથી."

"જેની દીકરી હવે મારે સઘળું ખુલ્લું કરવું જોઇએ. મારા સમજવા પ્રમાણે છોકરામાં ઘણા સારા ગુણો છે પણ કેહેચ કે એટલો શરમાળ છે કે બોલવાની વાત નહીં."

"બાવાજી શરમાળપણાનો ઉપાએ હું કરી લઇશ. હું ધારૂંચ કે ઘણો શરમાલ ધણી મને વધારે પસંદ પડશે."

"દીકરી તારી અકલ અને સમજ શકતી ઉપર હમેશા મને ભરોસો છે. તારેથી બને તેેમ સારો આવકાર તે છોકરાને આપજે અને પછી તો જેમ તારી મરજી. હું હાલ તુરત લો જાઉંચ અને ખાવા પીવાનો બંદોબસ્ત કરૂંચ."

આટલું કહી ગોહરે—પણીક બાબદોસર બંદોબસ્ત કરવા ત્યાંથી ચાલી ગયા.

સોરાબ જેને પરીને કોઈ દીવસ પણ જોયો નહીં હતો તેને કેવી રીતે આવકાર દેવો અને ચાકર નફરોમાં ફેવા. રીતે બંદોબસ્ત કરવો તેનાં વીચારમાં પરીન ખુરસી ઉપર બેઠી હતી તેટલાં કોઈ આવી તેની ખુરસી પાછલ ઉભું. આ માણસ કોણ હતું તેની મુલાકાત વાચનાર સાથ કરાવવી જરૂરની છે.

## પ્રકરણ ૨.

ગોહરેજ, શીરીન અને પરીન શીવાએ બીજી એક જુવાન અબલા આ ઘરમાં વસતી હતી. શીરીનબાઇનાં એક ભાઈ થોડાક પૈસા મુકી મરણ પાંમીયા હતા. જર જે તે વખતે નવ વરસની હતી તેને તેવણ પોતાની બેહેનને સોંપી ગયા હતા કારણ કે જરની માતા તો જરનો જનમ આપીયા પછી થોડાક દહાડામાં મરણ પાંમી હતી. જર પોતાનાં બાપનાં પૈસાની વારેસ હતી. પણ તે બેહેસ્તીને એવી આદત હતી કે જે પૈસા તેવણ પાસે બચીયા હોય તેની તેવણ હમેશ જણસ બનાવતા હતા અને મરણ પાંમીયા ત્યારે તેવણ દસ હજારની જણસનો વારસો પોતાની બેટી માટે મુકી ગયા હતા. મરતી વખતે તેવણ એક વીલ કરી ગયા હતા કે જરે શાવક સાથે લગન કરવાં અને તેમ થાય તોજ તે જણસ જરને આપવી. અગર શાવક એકવીસ વરસની ઉમરે જર સાથ લગન કરવા ના કહે તો પછી જર જેનીબી સાથે પરણે તેને તે જણસની પેહેરાંમણી કરવી.

"કેમ પરીન કંઇ ઘણીજ ગંભીર વીચારમાં પડીચ? શું છે કંઇ તંદુરોસ્તી તો સારી છેની? એ એવું શું મોહડું કરીને બેઠીજ. જાણે કે કંઇ બધો દુન્યાનો કારભાર તારાજ હાથમાં સોંપવામાં આવ્યો હોય?"

"જર વરી તું મસકેરી કરતી આવી ? જરા કંઈ સેહુજ સાંજે વીચારમાંબી બેસીએ કે બસ રમત ગમતજ કરીયા કરીએં? જો જર મને તું ચીડવે નહીં. તો એક વાત તુંને કેહું. મારા ગરાંનાં સમ ખા કે મને ચીડવે નહીં. જો અહી આવ. મારા બાવાજીએ, મારે વાસતે જીભરાયો એક વર સોધી કહાડીયોચ ને વરી એવણુ હમનાંજ કહી ગયા કે તે જે વખત જાએચ તેમાં પોતાનાં એક દોસ્ત સાથ અહીં આવનારણી છે."

"શું કરવા? તુને જોઇને પુસંદ કરવા કે? ચાલો બા તારે હવે તમે તો પરણી જવાનાં ને આપરે તો અહીજ સબરીયા કરશું. પણુ પરીન એ તારો છેલછબીલો કોણુ છે તે તો કહે!"

"જોની જર બાવાજીનો કોઈ સાપુરજી સાહેર નાંમનો કોઇ એક દોસ્ત છે તેનો સોરાબ નાંમનો એક છોકરો છે તેની સાથે બાવાએ મારૂં કરવા ધારીયુંચ. તે પોતાનાં કોઇ એક મીત્ર સાથે અહીં આવનાંર છે અને પરોણાં તરીકે અહીં થોડા દહાડા રહેશે."

"અરે વાહરે પરીન. ત્યારે તું તો શેહરી વર પરણુશે ને પછી આપુને તો જાંખીને જોશેબી નહીં."

"વરી હરી જર તેં મસકેરી કરવા માંડી! હું શેહરી વર પરણીશ તો તું કયાં ગામડીયો પરણુવાની છે. કેમ કેમ હવે લાલ લાલ કેમ થઇ ગઇ?"

આવી આવી મસકેરીમાં હવે તેઓ એક એક સાથ ગ. કરી સુતાં, પડયાં અને સઉ સઉને કાંમે વળગીયાં.

કેહેવાની જરૂર છે કે આ મામા-પુઈનાંઓ વચ્ચે ઘણોજ સંપ હતો.

આગલાં પ્રકરણમાં આપણે જોયું તેમ શાવક પોતાની માંની સામે થઇ આવી ગયો. તે લોકોનાં ઘરથી આસરે અરધો માઈલ દુર એક તાડી તથા દારૂનું પીઠું હતું. દીવસનો મોટો ભાગ તે આ પીઠાંમાંજ ગુજારતો હતો. શીરીનબાઇ આ છોકરાને તે માંગે એટલા પૈસા આપતાં હતાં. અને તે સઘળા પૈસા તે પોતાનાં નાંમીચા દોસ્તો સાથે આ પીઠાંમાં ઠાળવાતલા કરતો હતો. અગર પૈસા કોઇ વખત પુરતા ન હોય તો તે તેની માંની કબાટોને કુંચીઓ લગાડી તેમાંથી તફરમચીમ કરવા વટીક ચુકતો હતો નહીં. લખલુત પૈસા આપી શીરીનબાઇએ આ છોકરાને દુન્યાંથી રદ કરી નાંખીયો હતો. આ જુવાંનમાં ખપવા જતી દોસીની મકસદ એ હતી કે કંઇબી કરી જરને એ છોકરા સાથે પરણાવવી અને તેના પૈસા ઘર બહાર જવા દેવા નહીં. શાવક પોતાની એબીયલ મોજમજાહમાં એટલો ચકચુર હતો કે લગન જેવી ગંભીર વાત વીશે કબી વીચાર કરતો નહીં. તે લાડથી છકેલો હુકતો જર સાથે હમેશ તુછકારથી કાંમ લેતો. પોતાની પુઇને ફકત ખુશી રાખવા જર શાવક સાથ હસવા બોલવાની કોશેશ કરતી હતી જો કે અંદરખાંનેથી તો તેણી તેને ધીક્કારતી હતી. તેણી પોતાનુ દીલ તો કોઈ બીજાને આપી બી ચુકી હતી. અને તે બીજો કોણ હતો તે આપણે હવે પછી જોઈશું.

# પ્રકરણ ૩.

સાપુરજી સાહેર અને આપણાં ગોદરેજ ઘણા લાંબા વખતના મીત્રો હતા, અને જો કે ગોદરેજે પરીન આગલ લગનની વાત તો આજેજ કીધી હતી, પણ આ વીચાર તેવણનાં મનમાં ઘણો વખત થયો રમતો હતો. એઉ બુધ્ધાઓનો આજ વરસો થયા વીચાર હતો કે તેઓએ એક એકના વેહેવાઇ થવું. વખત હવે નજદીક આવેલો હોવાથી હવે તે વીચાર અમલમાં મુકવાનો તેઓએ વીચાર કીધો. પરિણાંમમાં ક્રીસ્તમસનો હીંગામ હોવાથી ભીમપોર જવા સાપુરજીએ પોતાનાં દીકરાને આગ્રહ કીધો અને પોતાનો વીચાર પણ તેની આગલ જણાવી દીધો. સોહરાબ પોતાનાં પીતાનાં દરેક બોલો માંન સાથ ઉચકી લેતો હતો અને તેણે જવાનું કબુલ કીધું. સાપુરજી પોતે પણ તેની સાથે જનાર હતા પણ છેલ્લે દીવસે તેવણને કાંઇ કાંમ નીકલી આવ્યાથી તેવણે સોહરાબને એખલોજ જવા કહયું અને પોતે એક બે દીવસ પછી આવશે એમ જણાવ્યું. તેવણ પેહેલેથીજ જાણતા હતા કે સોહરાબ ઘણોજ શરમાળ હતો અને એખલો જવા સાફ ના પાડશે તેથી તેવણે તેની સાથે બીજા એક સાથીને પણ તૈયાર કીધો. રૂસતમ રતનાગર સોહરાબનો સ્કુલ ફ્રેન્ડ હતો અને તેઓ સ્કુલ છોડયા

પછી એકજ કોલેજમાંથી ગ્રેજ્યુએટ થયા હતા. આ છોકરાની ચાલચલન વીશે સાપુરજી સઘળું જાણતા હતા. તેવણને તે ઘણોજ ગમતો હતો-અને હંમેશ તેવણનાં ઘરમાં આવતો જતો હતો. રૂસતમને તેઓએ સોહરાબની સાથે જવા વીનંતી કીધી અને રૂસતમ તૈયાર થઈ ગયો. સોહરાબ સાથે, જવાને તેને ચોકસ કારણો હતાં. તે શું તે આપણે હવે પછી જોઇશું.

સોહરાબ અને રૂસતમ બંને સવારના આઠ વાગેનાં નીકલેલા સુરત સાંજે ત્રણ વાગે આવી પુગા, અને એક તાંગો કરી તેઓએ ભીમપોર તરફ હંકાર્યું. એક કલાક ગાડી ચાલ્યા પછી એક અકસમાત થયો. રસતામાં કાંઈ ચીજ જોઇ ગાડીના ઘોડા ચમકયા અને એટલી મસતી કીધી કે સંભાલથી બેઉને ગાડી બહાર કુદકો મારવો પડયો. ગાડી એક મોટા ઝાડ સાથ અથડી પડી અને પૈદાના કટકા થઇ ગયા. લગભગ સાડાચારનો અમલ હતો. જંગલમાં આ અકસમાત થયાથી ત્યાં બીજી ગાડી મલે એમ પણ હતું નહીં. અંતે અસબાબ ચાકરોને માંથે ચહડાવ્યો અને પગેજ મંજલ કાપવા માંડી. શીયાલાનાં દીવસ હોવાથી અંધારૂં જલદી થવાની બીહક હતી, અને વધુ મુશકેલી તો એ હતી કે તે બેમાંથી એકને પણ રસતો માલમ નહીં હતો. પુછતા પુછતા તે લોકો આગલ ચાલ્યા. રસતામાં લોકોબી એવાં નમુનેદાર મલ્યાં કે ભીમપોર કહા છે એમ તેઓ પુછતા તો જવાબ મલતો કે "એ ઓલું રહયું" તદન ખોદાનાં સત ઉપર તેઓએ ચાલ્યા કીધું. પણ અંધારૂં થવાનો વખત નજદીક થવા આવ્યો હતો તેથી હવે તેઓનાં

લપ્પા લેવાયાં. અંતે તેઓ એક પારસીનાં પીઠાં આગલ આવી લાગા.

"કોણ જાણે કોણનું મોહોડું જોઇને ઘેરથી નીકલ્યા. અહીંથી કાંઈ પત્તો લાગે તો થીક નહીં તો રખે રાત જંગલમાં કહાડવી પડે." શોરાબ મોહો કુમલાવી બોલ્યો.

પીઠાંમાં આવી તેઓએ અંદર નજર કીધી. આ વખતે પાંચ વાગયા હતા. અંદર ચાલતો રંગ જોતા તેઓ આસરે સાત મીનીટ બહારજ ઉભા રેહયા. અંદરના લોકો ધીંગા મસતીમાં એટલા ચકચુર હતા કે સોહરાબ તથા રૂસતમને કોઇએ લાંબો વખત સુધી જોયા વટીક નહીં.

"પીત પીત પીત હુરીએએએ."

"લેઓ સાહેબો આએ આપરા સાવકની સલાંમતી. એ જલદી મોટો થાએ ને એનાં બેહેસ્તી બાપનાં પૈસા એનાં હાથમાં જલદી આવે તો એનોબી હાથ ફરતો થાય અને આપુંનેબી કાંઈ તરાકો પડે." કારાંમાએ સલાંમતી ચાહી.

"શા-શા-બાઆસ. લેઓ આએ ત-ત-મામારા નેક સુખનની સ-સ-લાંમતી." બાપુ બુકાએ તેકો આપ્યો.

કહેવાની જરૂર છે કે તાડીનાં ઘડીયાંઓ ઉધાં વાલ્યા પછી હવે મોહુવરાંની બાંતલીઓ ફરતી થઇ હતી.

"લેઓ સાહેબો આએ દારૂ તાડીનાં બનાવનારની સલાંમતી." શાવકે ચલાવ્યું.

આમાં શું એક હસવાનું થયું હોય તેમ એ સલાંમતી મોટા હુરરેરેના પોકારો વચ્ચે તે સઘળાઓએ ઉચકી લીધી.

"આએ તસ્રી અને દારૂનાં—ગોવનારના મોહુનાં કારાં થાય અને શરાબ ઘેર આબાદ તેની સલામતી." ત્રીજાએ ચઢાવ્યું.

"અરે કાલી તારા કાકા ઘણાં સીક ઉતા તે કેમ છે." બાપુ ભુકકો જે સઘળાંમાં આજે વધુ લીંગેલ હતો તેને પુછયું.

"ખોદાનાં હોકર્મથી હમણાં તો થીક છે."

"મેહેસ બીચારાને. ઘણાં સારા આદમી. નકામું જુઠું બોલવું ! જાહરે મરે તારે પાસેર પાવા વગર છોરે નહીં." કાલી શું બોલ્યો તે દારૂની જુમમાં સમજ્યા વગર ભુકકાએ તત પપ થઈ ઝલાવ્યું.

"અરે એ નેહુસ તારૂં મોહનું બરે તારૂં. નાપાકના જનેલા એ શું બકેચ ? તેવણ તો તારો સેજદો કરસે તારૂં ચાહરમનું બોટું ગ્માસે. ધુર થોકસે."

બાવરી અહીંથી ચસકી.

"હેં સું બોલ્યો રે ? તારી જીભમાં કીરા પરે ને તારા ગરાંમાં નાસુર થાય ને તારા——"

"એ એ તારૂં મોહનું સંભાલ નહીં તો દાંત તોરી નાખસ."

અહીં વાત વધતે. પણ આપણા સાવકશાહુ શેઠે વચમાં પડી સમાધાન કીધું અને હમેશના તેવણનાં સખી દીલ પ્રમાણે વધુ બાટલીઓ મંગાવવામાં આવી. અને જમાતનાં નકટા જોગીઓએ પાછી શેકહેંડો કીધી. ગમે તે કહો પણ દારૂરીયાઓનાં દીલ ભોલાં તો ખરાં.

"શેઠયાઓ તુમારી મજ્લસમાં ખલલ કરવા માટે માફી ચાહુંછું. રસતામાં અમારી ગાડી ભાગી ગયાથી પગે ચાલતા ચાલતા હુમો અહીં આવયા છંઈએ. મેહેરબાની કરી કેહેશો કે ગોદરેજજી ચીનાઇનુ ઘર કંઇ બાજુએ આવ્યું." રૂસતમે આગલ પડી કહયું.

ગોદરેજજી ચીનાઈનું નાંમ શમજી સઘળાઓએ શાવક તરફ જોયું. શાવકે તુરતજ આંખની અસારત કરી ક્રીમેશાન સાઇન કીધી જેથી સઘલાઓ ચેતી ગયા

"આવો શેઠયાઓ આવો. ચાલતાં ચાલતાં થાકી ગયા હુશો. બેસો જરા વીસામો લીઓ."

"તમારી મેહેરબાની માટે તમારો ઉપકાર માંનું છું. પણ સાહેબ અંધારૂં જલદી થશે માટે જરા ઉતાવલથી રસતો બતાવશો તો થીક થશે."

"હા અલબત અલબત. આપરે હું એમ પુછું કે તમો કયે રસતે આવ્યા?"

"ખોદા જાણેચ કે કીએ રસતે આવ્યા? વહાનુ ખોદાનાં સતપરજ ચાલતાં હતાં."

"વારૂં. ને તમો હમનાં કહાં છેઓ તેબી તમને માલમ છે કે નહીં?"

"તેબી શા આપરી જાણે બલા."

"તારે સમજો શેઠ. તમો કયે રસતે આવ્યા અને હમનાં કહાં છેઓ તે જો માલમ નહીં હોય તો તર્કશાસ્ત્રના કાએદા, સાહીત્યં શાસ્ત્રના ધારા, વાયુચક્ર શાસ્ત્રના કાનુન અને સુર-શક દરશક યંત્ર શાસ્ત્રની જંનત્રી મુજબે હું હીમતથી કહી

શકુચ કે તમે ભુલા પડયાચ." ઘંગધડા વગરના આ પાફ્વી નાખનારા બોલો બોલી શાવકે પોતાની પાસે બેઠેલા એકને કોપરીંચું માર્યું.

આ સમજી સોહરાબ અને રૂસતમ તો દંગજ થયા. શાવકે કીધેલી આ મહાભારત સોધનો અર્થ તેઓ સમજી ગયા કે તે તેઓની મસકેરી કરતો હતો. પણ કરેબી શું? ગરજ બીચારી બાપરી. કાંઇ જાજુ બોલ્સે તો આસપાસથી દારમ પડે.

"હા સાહેબ તમે કેહોચ તેમજ હમને પણ લાગેચ." રૂસતમે થંડા દીલે કહયું. "પણ હવે એનો ઉપાય શું?"

"આપરે હું એમ પુછું કે તમો સાહેબો કયા ગોદરેજજી ચીનાઇ વીશે પુછોચ? પેલા ભીમપોર રહેચ તેવણ કે?"

"હા સાહેબ તેવણજ."

"કેમ કાલી ઓરખીયો કે? સાહેબને કેહુ જે પેલો સંરડાં ગુવર જેવો મોટા પેતવાલો કાકાતઉઆ જેવા નાંકનો દોસો છે તેજ કેની?" માંન અકરાંમ ભર્યા બોલોમાં શાવકે પુછયું.

"તે તો સાહેબ કોણ જાણે. હમોએ તે સાહેબને હજુર જોયા નથી."

"તેને એક છોકરી છેની વારૂ?"

"હા સાહેબ છે ખરી."

"પેલી લાંબી તાર જેવી છે તેજ કેની? સાહેબને કેહુ જે તેણીએ લાંબી વધીયાં કરવાનું કંટ્રાકટ લીધુંચ, પણ

અક્કલ તો અરધીની નથી." તારે બરાબર તેજ ગોદરેજને તમો પુછતા હોશો. પણ બા એ ચીનાઈ કયે દહારનો. થોડો વખત ચીન જઈ આવ્યો તે શું ચીન એના બાપનું થઈ ગયું કે? હા તે બરાબર તેનેજ તમો સોધતા હોશો. જુઓની બા તમે તો તેનાં ઘેરથી માઇલો દુર છેઓ. જવું જોઇયે ઉત્તર ને આર્યા તમે દખણ."

આ સમજી બેહુ દોસ્તોનાં મોંહ ફીકાં પડી ગયાં.

"ને વરી રસતો એટલો ઘેકાંધર્યાં અને કોચલવાલો છે કે હારકાની ખરાબી સમજવી. જુઓ સમજો અહીંથી એક માઈલ સુધી સીધે રસતે ચાલશો પંછી એક જગાએ આવશો ત્યાં ચાર રસતા તમુને દેખાશે."

"પણ માસતર સંભાલજો તમારે તો તે ચારમાંથી એકજ રસતે જવાનું." કાલીએ તાહુકો મુકયો.

"ચપરે એ વચમાં કટકટ ના કર. પછી તમારા દાભા હાથનાં રસતા પર પર્યા પછી જમની ગલીમાં જશો એટલે તમને ભુતખાંનું નાંમની એક તેકરી મલશે. એ જગાનું નાંમ જરા વાએડું છે માટે સંભાલજો. તે તેકરી ઉપરથી નીચે ઉતરસો કે ચોર ગલીમાં આવી લાગશો. અંધારૂ થયા પછી તમો સાહેબો ત્યાં જાઓ એ વાત પસંદ કરવા લાયક નથી. તે ગલી પસાર કર્યા પછી ઘેકાંધર્યાંનો રસતો આવશે. અહી તમને ભુલા પરવાનો ઘણો સંભવ છે. પેહેલ્લે ગર્ધે-રમાં ચાલ્યા કરી—"

"બસ બા બસ હમારે આજે ત્યાં નથી જવું."

એમ બોલી તેઓ વીચારમાં પડયા કે હવે કરવું શું. થોડો વખત વીચાર કરવા દેઈ શાબકે ચલાવ્યું.

"હું પણ આવે વખતે ત્યાં જવા તમને ભલામન કરતો નથી. પણ હું તમને એક રસતો સુચવુંચ. અહીંથી આશરે અરધો માઇલ દુર એક ધરમશાળા છે. ઘણી સાફ અને સ્વચ્છ છે. આજની રાત તમો ત્યાં ગુજારો અને સવારની વાત સવાર સાથે. આ ગામમાં તે સરવેથી સારી ધરમશાળા છે."

"આ ખબર આપવા માટે હું તમારો ઉપકાર માનું છું. હું ધારૂંચ કે એમ કરવા શીવાએ છુટકો જ નહીં. મેહેરબાની કરી કોઇ માણસને મોકલાવશો કે તે હમને આ જગા દેખાડે નહીં તો પાછા વળી આરે અવરે રસતે નીકલી જશું તો નકામી મોહકાન થશે."

"અલબત્ત અલબત મોટી ખુશી સાથે. જગા તો દેખાડવા મોકલુંચ પણ પેલા બુધા ધાખરાથી સંભાલજો હો મીસતર. ઘરી ઘરી આવીને માંથું ખાઇ જશે. વાંકો તીકો થઇને ઘરી ઘરી કંતારો આપશે. કેટલાક જમાનાનો દોસ્ત હોય તેમ સાથે જમવા પણ બેસવા માંગશે. મોટી મોટી લડાઇઓની વાતો કરી ભેજું ઇખ્ત જશે પણ જો શરૂઆતમાંથીજ ઓકોહા કરશો તો નીરાંતે બેસવા દેસે. બનતાં સુધી દુરના દુર રહેજો. પોતાના બાપ બપાવા કેવા માણસો હતા તેનું પીજન કરે કે પીઠ ફેરવી ચાલતા થવું. જાજું બોલવા એક વખત દીધું તો કમબખતી એમજ સમજવું."

"હમારા કાંન ખોલવા માટે તમારો ઉપકાર માંનું છું. અલબત હવે હમો હમારી સંભાલમાં રેહેશું"

બીજાઓ તરફ આંખની અસારત કરતાં શાવુકે કોઇ આદમીને બોલાવી તેને આ લોકોને કયાં લઇ જવા તે સમજાવી દીધું.

તેઓ ગયા પછી શાવકે પેટ પકડી હસવા માંડયું. ચતુર વાંચનાર સમજી તો ગયો હશે કે જે ઘરની નીશાંની શાવકે રૂસતમ અને સોહરાબને આપી હતી તે કાંઈ ધરમ-શાળોની નહીં પણ ગોદરેજનાં પોતાનાં ઘરની હતી.

"કેમ દોસતો કેવા એ અંદુસોને બનાવ્યા? ધાખરાની મજાહ તો હવે પડશે. મારો સસરો મને બહુ સતાવેચ. એ લવતાંક વધારે થયો હોય અને આપરે જરા લેહેરનાં હોઈયે અને જરા ધાંધલ વધારે થાય તો સસરો એવો તો છેડાયચ કે જાણે થોકીજ કહાડીયે. કાંઈ ફીકર નહીં જુઓ તો ખરા બીરાદરો કે હવે કેવી તાંલ પડેચ.



# પ્રકરણ ૪.

સોહરાબ અને રૂસતમ, ગોદરેજનાં ઘરમાં આવી પુગે તેની આગ્રામચ ઘરમાં કાંઇ જુદીજ ગમત ચાલી રહી હતી. હંમેશાં ગોદરેજજી પોતાનાં ઘરમાં ફકત એકજ નોકર રાખતા હતા જો કે ખેતીવાડીનું કામ કરવા માટે ખેતરોમાં તેવણના નોકરો ઘણા હતા. હાલ ઘરમાં પરોણાંઓ આવનાર હતા તેનો વીચાર ગોદરેજજીનાં મનમાં હતો. જો કે તેવણ બહારનો ખોટો દેખાવ કરવાનું ધીક્કારતા હતા તો પણ પરોણાંઓની સગવડને માટે બે ત્રણ માણસ ઘરમાં વધુ રાખવાનો તેવણે વીચાર કીધો. ખેતીવાડીનાં કામમાંથી આવેલાં માણસોને ઘરનાં કામની કાંઇક સમજ આપવાની જરૂર હતી. રૂસતમ અને સોરાબ જે વખતે ગોદરેજના ઘરની તરફ આવતા હતા ત્યારે ગોદરેજ પોતાનાં નમુનેદાર નોકરોને ખાનાની તેબલ ઉપર કેમ વરતવું તેની તાલીમ આપતા હતા.

"જુઓ એ બુબખો; પરોણાંઓ હમણાં આવી લાગતા હોશે વાસતે હું કહુંચ તે ધ્યાન રાખીને સમજો. તમુને જે જ્યાં જગ્રાયા આપીચ ત્યાંજ તમારે ઉભા રહેવું. એવી હુસીઆરીથી કામ કરવું કે જાણે બસ બધાંને ખુશ ખુશ કરી નાખવા."

"બઉ હારૂ હાબ બઉ હારૂ. તમારે એ વીહે નીરાત રહેવું. હેવક એવી રીતે કાંમ બજાવહે કે જાણે ગવંધર હાબનો બંતલેર." બેહલા બોંબુરાએ સદરાની બોહે ચહડાવી લાંબો લાંબા હાથો કરી ચલાવ્યું.

"શાબાસ બચ્ચા બેહલા. અને જુઓ. પરોણાઓ આવે ત્યારે દોકીઆં કરી વાંદરાની માંફક ચીમઇને જોયા નહીં કરવું."

"અરે હાબ તમો હાના બીહયા કરતા છેવો ? મારી વાત તો હમજો. મેં પણ આગળ બહુ બહુ——"

"એ બેહલાં તું એમ કતકત કર્યાં કરશે તે નહીં ચાલે. મુંબઇનાં લોકોને ઘણી કતકત ગમતી નથી. ને જો કાવલા તુંને એક ઘણી ખરાબ તેવ છે. જ્યારે કોઇ ખાવા બેસેચ ત્યારે તું નીચ્ચાની માંફક તગર લગર જોયા કરેચ તે સારૂ નહીં લાગે. હમો ખાતાં હોઇએ ત્યારે તમોએ ખાવાનો વીચાર નહીં કરવો જોઇયે."

"જુઓ હાબ એ તો ની બનવાનું. તમો હુંગલાઓ ખાતા હોવો તીવારે હમને તો બા મન થયા વેગર નહીં રેહે."

"પણ કમબખત તારે જોઇયે તો આગંમજથી રાંધની-માંથી કાંઇ ચાપી મરજે ની."

"બસ બસ હાબ તીવારે તો હતાનાનું હુન્નુ."

"વરી તમો લોકોમાં એક બીજી ખરાબ આદત છે. કોઈ ગમે એટલી હસવાની વાત કરે પણ તમારે કંઈ હસવું નહીં."

"ની હામ તે કભી નહીં જાહે. તમો જો પેલા ઘાંચીના ભુતની વાત કરહો તો મને હસવુ આવ્યા વગર રહેવાનું નથી."

"હાહાહાહા ખરેજે તે વાત ઘણીજ હસાવે એવી છે. હવે સમજ્યા. એવુ કંઇ ઘણું હસવા જેવુ હોય તે હસો તો જુદી વાત છે."

ગોદરેજ આટલુ બોલી રહયા કે સઘલા મોટે મોટે હસી પડયા. આ ઘાંચીનાં ભુતની વાત આપણાં ગોદરેજ છેલ્લાં દસ વરસ થયાં પોતાના ચાકરો આગલ રોજ કરતા હતા અને તેજ ચાકરો તે સમજી રોજ હંસતા હતા. પોતે જે વાત કરે તે સમજી બીજાઓ ઘણાં હસે એ ગોદરેજને બહુજ ગમતું હતું. પાંચ મીનીત સુધી હસવાનું ચાલુ રહયા પછી ગોદરેજજી બોલીયા.

"લે ચાલો હવે મુગા રહી જાઓ ને શું કેહુંચ તે સાંભલો એ તમો લોકો એમ માંદા મુરદાલ થઇને શુ ઉભેલા છેઓ ? જરા બરાબર છાતી કહાડી ઉભા રહો. જુઓ તમો સર્જળામાં આએ પાહલી ઘણી મજેની રીતે ઉભોચ."

"હાંઉવે હેથ તમારો હેવક હવે વોલમતેર થવા મમભઈ જવાનો વીચાર રાખતો છે. રોજ. રાતનાં વખત મલતો છે તે વારે હલેલ હોપ કરતાં લાકડી ખાંધે મારતો છું. એ બદલા જો. આં હું ઉભેલો તેમ બરાબર ઉભો રહે."

"એ અંહુસ વરી ગીએ કે પવારે ? જરા લાહરો આવ્યો કે બસ થઇ રહસું. લે ચાલો હવે સૌસૌની જગાએ ઉભા રહી જાઓ. હું તમારી પરીક્ષા લેઊંચ. ચાલો પારો કે

હું એક પરોણો છું અને મને એક ગલાસ પાંણી જોઈયેચ. આઈ બદલા એક ગલાંસ પાંણી લાવ"

આ સમજી બદલો જરાં પ્રણ હાલીયા કે ચાલીયા વગર પોતોની જગા ઉપર પુતલાં માંફક ઉભો.

"કેમરે બદલા સમજેચ કે ? એક ગલાસ પાંણી લાવ."

"હાબને કેઊ જે જહા હુધી તેબલ ઉપર હુંધુ આવાનું આવી પરે નીહુ તાં હુધી બદલા બંદાને કાંઈએ હુજ પરે નીહુ. એક વાર ખાવા પીવાનું આબેવું કે પછી માર તમારે હેવક જાણે ચીત્તો વાઘ."

"તારે શું કોઈજ સવરતું કે વવરતું નહીં ?"

"હાબને કઊં જે કાલી બંદો તો નીહું હાલવા ચાલવાનો કેમ જે તમે હોકમ કીધેલો કે જે જગા આપેલી છે તીહાંજ હુધાએ ઊભા રેવું."

"અરે તમારૂં નખ્ખોદ જાએ રે તમારૂં. આએ તો મારી બધી મેહેનત નકામી ગઈ. વરી નવેસરથી બધું સીખવવું પડશે."

ગોદરેજ આ બોલી રહયા તેતલાં કોઈ ચાકરે આવી ખબર આપી કે બે સાહેબો નીચે આવેલા છે આ સમજી ગોદરેજજી દોડયા અને ચાકરોને કહેતા ગયા કે "જુઓ રે બધા પોત પોતાની જગા ઉપર ઉભા રહી જજો. હું હમનાં પુરોણાઓને લઈને આઊંચ."

ગોદરેજજી ગયા પછી જોઈ લેવી ઓરડાંમાં દોરાદોર. બીલાડીને જોઈ ઉંડરો નાસભાગ કરે તેમ તેઓએ ફરવા માંડયું.

"અરે એ કાવલા મારી જગા કીહાં કીધેલી ?"

"અરે બેહી મરની. હું મારીજ જગા ભુલી ગએલો."

"ને મારી તો જગા હુતીજ નહી કે હું ?"

"મારી તો હું હેથને જઇને પુછી આઉંચ."

બદલો એમ બોલી દોરવા ગયો જેમ કરતાં તેનો સંદરો ગોલ તેબલ સાથ ભેરવાયો અને તેબલ ઉંધી વરતાંજ સઘલું તે ઉપર મુકેલું કોરી કાંમ અને ગલાસ કાંમ ભુકો થઇ ગયું.

# પ્રકરણ ૫.

બરાબર સવા છ વાગે રૂસતમ અને સોહરાબ ગોદરેજનાં ઘરમાં આવી લાગા. હજુર તો ગોદરેજ ઉપરથી આવે તેટલાં તો તેઓ દીવાનખાનામાં ફરાગાંત થઈ ગયા. બેહુને બદીઆન ઉપરજ બેઠેલા જોઇ ગોદરેજ અજબ થઈ ગયા.

"આવો સાહેબો ભલે આવ્યા. ઘેર તમારૂંજ છે કોઇબી રીતે શરમાસો નહીં." એમ કહી ગોદરેજે શેકહેંડ માટે હાથ લંબાવ્યો.

"પેલા પોરીઆએ કહયું તે ખરૂં હો. બુધો કતકતધણી કરેચ અતીયારથીજ શેકહેંડબી કરવા માડીચ." રૂસતમે ધીમેથી સોરાબને કહયું.

"અરે નહીં રે મારા મેહેરબાંન સરમાએ સાંનું ? થાક બહુ ચહડીચ ને ભોણાંને તો બહુ વખત હોશે માટે જરા ચાહ પાસો, તો મેહેરબાની કાકા."

સોંહરાબની વાત કરવાની ધપ જોઈ ગોદરેજને સેહેજ અજાએબી લાગી. "છોકરો, સરમાળ જેવો તો કાંઈ લાગતો નથી." એમ બબડી તેઓ ચાલી ગયા. થોડેવારે ચાહ લઇ ચાકર આંવ્યો અને તેની પાછલ ગોદરેજ આવ્યા.

"સાહેબો ફરી એક વાર કહુંછું કે કાંઈ પણ જોઇયે તે માગવાને ઓસકાતા નાં અને ઘેર તમારૂંજ સમજજો."

"બુઢ્ઢો સખી જણા છેજ. જાણો કે આપુને જે આપસે તેનાં પૈસા નહીં લેવાનો હોથની હીંમ છુત્તે હાથે ઓફર કરેચ."

"સાહેબો તમોહણેમાંથી સોહરાબજી કોણનું નાંમ?"

"ઓહો! ચાકર પાસે નાંમબી દોકરો લઇ ચુકો દેખું. તમારા સેવકનું નાંમ સોહરાબજી છે."

"ભલે ભલે બાવા જીવંતા રેહો ને તમારા બાવાનુ નાંમ રાખો."

"જા બચ્ચા સોહરાબ તુંને તો દાતીયા પીરના આસીરવાદ મલી ચુકા અને આપરે તો જાણે દાલ દોધીમાં નાંખવાના."

"રૂસતમ આપરાં કપડાં જોની કેવાં થઇ ગયાંચ. ધુરતો આએ ગાંમમાં છેજ નહીં. આપરે ચહરહી તો કાલે લઈ જવીચ એટલે એમબી ને એમબી કાલેજ કપડાં બદલસું."

"સાહેબો તમારી ચહરઇની વાત સમજી મને કાબુલની લડાઇની વાત યાદ આવેચ. આએજ પ્રમાણે સાંજના ૭ વાગે બેસી બેલી સાહેબ વીચાર કરતા હતા કે ચહરઇ કેમ અને કેઇ બાજુથી લઇ જવી તેટલાં એક તોપ ફુતનવાનો અવાજ હમારે કાંને પડયો. બેલી સાહેબે બ્યુગલ ફુંકયું અને સીપાઇઓ ઘોડે સવાર થઈ તૈયાર થઈ ગયા. ઘાસ સલગાવી બરતાં——"

"ચાલો ખુધાની ઇસતીમ ચહુરી. સાંજથી નાંક સુકવવા માંડયુંચ કે શું ? જુઓની કાકા આપરે જમી રહીને બધી વાત કરશું. તેટલાં તમે કુમાસતાનો બંદોબસ્ત કરો કેમકે બંગાલે આગ લાગીચ. આજે રાંધીયુંચ શું તે કેહશો ?"

"વાહ આ શરમાળપણું જબરૂ !" ગોદરેજ ખભરીયા. "આવાં શું રાંધીયુંચ તે તો હું નથી જાણતો કારણ કે તે બંદોબસ્ત સઘળો મારી ધણીયાણીનાં હાથમાં છે" આટલુ બોલી ગોદરેજ ફફરતા ચતકતા ત્યાંથી ચાલી જવા કરતા હતા. તેવણુ બીચારા શું જાણે કે છબરદો શું થતો હતો.

"ત્યારે તમુંને માલમ નથી તો ચાલો રૂસતમ આપરે રાંધણીમાં જઇ ખબર કહાડીયે."

આ સમજી ગોદરેજ વમાસણમાં પડયા.

"એ દુકતાઓ મને કાંઈ બબરચી, બબરચી સમજેચ કે રાંધેલાંના વાત પુછેચ ? ને વરી આ તે કેઈ જાતની નફ્ફતઈ કે રાંધણીમાંબી ગુસવા માંગેચ વારે મારા જમાઇ ! દીલ તો અત્યારથીજ મારૂં ખુશ થઇ ગયુંચ. શું કરૂં કોઈ બીજો હોતે તો લાત મારી બહાર કહાડતે પણ એના બાપની શરમ કરી જવી પડે છે."

બોલા ગોદરેજજી. "હોય બચ્ચાં છે. નાદાન છે." એમ બોલી અખાડા કરી ચાલી ગયા. પણ સોહરાબ રૂસતમે તો રાંધણીમાં જઇ હાલ્લાં ઉગડાવવા માંડયાં. અલબત ગોદરેજજીએ પોતાના દોસ્તનાં દીકરા અને તેનાં મીત્ર માટે અછ્છું ખાંનુ તૈયાર રાખ્યું હતું, તપીલીઓ ઉગડાવી જોયા પછી રૂસતમ બોલ્યો, "ખુધાએ રંધાવ્યુંચ તો ફક્કર પણ જંતી વખતે બીલ ચુકવતાં કાપ કેમ મુકેચ તે જોવાનું છે."

"અરે યાર હુવા માંગની-કે રાતનાં રહેવાની જગા મલી નહીં તો કે જંગલમાં રખડવું પડતે. ગમે તે હોય પણ ધરમશાળા રાખીચ તો ગહુ સારી રીતે. ચાલો બે પૈસા વધુ આપશું પણ આરાંમની જગા તો મલી."

તોલ તપપા કરતા તેઓ પાછા દીવાનખાંનાંમાં આવ્યા. થોડે વારે બોદરેજ પણ ત્યાં આવ્યા.

"ચાલો શેઠયાઓ ખાવાનું તૈયાર છે. સઘલાંઓ જમવા માટે તમારી રાહ જુએચ."

"ચાલ આએ તો વાત વધી. બુદ્ધો તો સાથે જમવાબી તૈયાર થઇ ગયોચ. જુઓની કાકા હમે આજે બહુ થાકી ગયાચ માટે ભોણું હમારા ઓરડામાં મોકલાવી આપશો તો ઠીક પડશે. કાલથી આપણે સાથેજ જમવા બેસસું."

બોદરેજે ભોણું ઓરડામાં મોકલાવી તો આપ્યું પણ તેવણનાં મનમાં આ વખતે જે વીચારો ચાલતા હતા તે ઘણાં જાણવા લાએક હતા. ગુઠણ જેટલા પોરીયાઓ તેવણનાં ઘરમાં આવી આટલું અપમાંન કરે તે તેવણ કેમ ખમી શકે ? આવતાં વાર તેવણે શેકહેંડ કરવા હાથ આપ્યો તો તે લોકોએ અખાડા કીધા. હજુર તો તેવણ ત્યાં આવે તેટલાંજ દગલા કહાડી લાંબા થઈ ઇઝીચેર ઉપર પડયા. તેઓના ચાકર હોય તેમ ચાહની વરડી કરી. ડાબુલની લડાઇની વાત સમજવાના અખાડા કરી શું રાંધીસુંચ તે પુછયું. એટલે રાંધનીમાં વતીક ફેરોં માર્યા અને વળી સાથે જમવાના અખાડા કીધા. આ બધો વીચાર કરતાં મુંબઇના લોકો વીસે

ગૃહસ્થને ઘણોજ ખરાબ વીચાર બેઠો અને કેળવણીના ગુના કર્યા માટે તેવણુ અફસોસ કરવા લાગ્યા !

એટલેજ આવી વાત અટકી હતી. તો ઘુર નાખી એ [illegible] ઘુમરામાં પુરૂં ફીકીનગીરનું નસીબ ફરી ગયું. તેથી [illegible] [illegible] આવનારનો મહુક એવાજ હોયે છે આતલાં [illegible] અને આવું ઇન્સાફ? સવાર પડતાં બેઓને તેડાવી [illegible] [illegible] [illegible] [illegible] વીરાર જેવી [illegible] સુધી [illegible] [illegible] [illegible] સવાર પડી.

## પ્રકરણ ૬.

રૂસતમને સવારનાં સક્કારો ઉઠવાની ટેવ હતી જ્યારે સોરાબ જરા મોડેથી ઉઠતો હતો. સવારનાં સક્કારામાં ઉઠી રૂસતમ નીચે ઉતરીયો. ઘરની પાસે એક નાનુ બાગાંન હતુ ત્યાં ફરવા લાગયો. અલબત આ ઘરને તો તે એક ધરમશાળાજ સમજતો હતો તેથી ગોદરેજને ઘર જવા તે ઘણોજ આતુર હતો. શા માટે તે એટલો આતુર હતો તે આપણુને હમણાં માલમ પડશે.

તે બાગમાં ફરતો હતો તેટલાં તેની ઘણીજ અજાએબી અને ખુશી વચ્ચે તેને કોઈ છોકરીને પોતા તરફ આવતાં દીઠી નજદીક આવતાંજ તેઓ બેહુ ઘણાંજ વહાલથી ભેતી પડયાં.

"જર! ડીયર જર એ તુ અહીં કહાથી? આટલી સક્કારી આ એક ધરમશાળામાં તુ કહાથી આવી?"

"રૂસતમ વહાલા રૂસતમ એ કાલનાં તમે લોકો એમ કાંએ ઘેલાં કાહારીયા કરોચ? એ તો મારાં પુઇનુંજ ઘેર. તુ શું બોલેચ રૂસતમ તે મને સમજ નથી પડતી."

આ સમજતાં રૂસતમ ઘભરાયો. શું છબરડો થયો હતો તે હવે તે સમજી ગયો.

"જર, કાંઈ ભુલમાં હમો અત્યાર સુધી કાંઇ કાચુ કાપતા હોઇયે એમ લાગે છે. સ્તેશન ઉપરથી આવતાં હમારી ગુંડી રસતાંમાં ભાગી ગઈ. હમો રખડતા ભુલા પડયા અને અને અહીંથી એક માઇલ દુર એક પીઠાંમાં જઇ લાગા જયાંથી એક છોકરાએ હમને અહીં મોકલીયા એવું કહીને કે આ એક ધરમશાળા છે. જાત જાતનું હમને સમજાવી રાખયું હતું તેથી હમોએ તો તારા ફુવાને મુદલ કોહું આપ્યું નહીં. અરરર હવે શું નાંખે હમો અહીં ઉભા રહીયે?"

"અરે શાવક શાવક એજ રાસકલનું એ કાંમ ઓળ-ખેચ કેની રૂસતમ? એ મારા ફુઇનો પેલો છોકરો. એનીજ સાથે મને પરણાવવા કહાડીચ તો."

"અરરર એબી સાથેજ રહેચ કે? તદન ફવાળમાં હારકા જેવો થઇ પડશે."

"મુદલ નહીં. મારી એને દરકારજ નથી. જોજેની તુંને સામું કહેસે કે બા લઈ જા એને અહીંથી મારે નથી પરણવું એની સાથે."

"બધું તો રહયું પણ હમણાં ઉઠયા પછી જો સોરાબને માલમ પડયું કે ભુલમાં હમે આવો છબરેડો કીધો છે તો એ તો એક મીનીતબી અહીં ઉભો રહેનાર નથી અને તેમ થયું તો હું રખડી જવશ. મારી આવવાની ખાસ મતલબજ એ હતી કે કોઇબી રીતે કંઈબી કરી આપણે લાલ બેસાડી નકકી કરવું.

આપણાં વાંચનારને આ જગયાએ બે બોલ ખુલાસાનાં કહેવાની જરૂર છે. જરને જો વાંચનાર સાથ ઓળખાણ છે

પણ જર અને રૂસતમ વચ્ચે ઓલખાંણુ કયાંથી તે તેને માલમ નથી.

આંપણાં શીરીનબાઈ વરસમાં એક વાર કાંઈ નહીં ત્રે કાંઈબી બહાને મુંબાઇ જતાં હતાં. તેવણુ ચોપાતી ઉપર પોતાનાં એક સગાંને ત્યાં હમેશ ધોમો નાંખતાં હતાં. અલબત પરીન અને જર હમેશ તેઓ સાથે જતાં હતાં જો કે ગોદરેજજીએ તો કેટલાંક વરસો થયાં મુંબઈ જોયું નહીં હતું. આ ચોપાતીનાં ઘરમાં બીજે માળે રૂસતમ રહેતો હતો. અને એ ઘરમાંથી જર સાથે તેને ઓળખાંણુ થઇ હતી. ટુંકમાં તેઓ પ્યારમાં પડી એક એકને વચન આપી ચુકાં હતાં. ગોદરેજને ત્યાં આવવાની રૂસતમની ખાસ મકસદ જરને મલવાનીજ હતી. રૂસતમને હવે પોતાનાં ઘરમાંથી પરણવાનું દબાંન થતું હતું અને આ વખતે કાંઇબી વાત નક્કી કરવાના ઇરાદાથી તે હયાં આવ્યો હતો. શીરીનબાઇ પોતાની મતલબમાં હમેશ ડોલતાં હતાં પણ શાવકને જરની મુદલ દરકાર હતી નહીં. પોતાની મરજી પ્રમાણેનાં ધણી સાથ જર કેસ્હેબી વખત પરણી શકે પણ તેણીની કીમતી જણસો શીરીનબાઇની કબાતમાં કબજ થએલી હોવાથી તેણી લાઈલાજ હતી. કાંઇ સરઅવસરે જર શીરીનબાઇને ઘણીબી પતાવી સીસાંમાં ઉતારવાની કોશેશ કરતી હતી કે કોઇબી બહાનેથી પેહેરવા આપે તો કાંઇબી ચુકતી. કરી પસાર કરી નાંખવી પણ બુધી બારે ગાંઠ પુરી હતી અને જરને હાથે વેચાએ તેવી નહીં હતી.

'ત્યારે શું પેલા પીઠામાંનાં કાકાએ હમને બનાવી હયાં મોકલ્યાં તેજ તમારૂં નેકનાંમ શાવકશાહ કે ? કેમ જર

હવે સોહરાબનો બંદોબસ્ત કેમ કરવો? ખાતરીથી કહું છુ કે સોહરાબને હાલ તુરત તો આ ભુલ બાબદ અંધારામાંજ રાખવો પડશે. જો જણાવી દીધું કે આ સો ગોદરેજનુંજ પોતાનું ઘર છે અને શું શું છબરડો થયો છે તો એ આ ઘરમાં પાણી પીવાબી ઉભો રેહેનાર નથી."

"ત્યારે હવે કેમ કરવું?"

"કરવું એજ કે વાત ખુલ્લી નહીં કરવી. આજે રાત સુધીમાં આપણે કાંઈબી બંદોબસ્ત કરશું અને પછી જે થવાનું હશે તે થશે."

"તારો જો એમજ વીચાર હોય તો હું પણ ઘરમાં વાત અંધારામાં રાખીશ."

તેઓ આ મસલત ચલાવતાં હતાં તેતલાં સોહરાબજ રૂસતમને સોધતો બાગમાં આવી લાગો. કોઇ જુવાંન બાઈ સાથ રૂસતમને વાત કરતાં જોઇ તે ઘણોજ અજબ થયો.

"કેમ સોહરાબ બીરાદર કાહું શું જોયા કરેચં? ઓળખેચ કે આએ કોણ તે?"

હમેશનો શરમાળ સોહરાબ હવે કોઇ પારકી એસફી જુવાંન બાઇને જોઈ ગભરાઇ ગયો.

"સોહરાબ એ શું છે? કાંઇ શું એક વાંક કર્યો હોય અને શું એક પાપ કર્યું હોય તેમ ગભરાઈ સાનો ગયોચ? સોહરાબ આએ બાઈ કોઇજ નહીં પણ મારી પોતાની જર છે. જે જર વીષે મેં તારી આગલ આટલી એખી વાત કરી હતી તે એજ જર."

રૂસતમ હજુર તો ઓળખ આપે તેટલાં જરે શેકહેંડ કરવા હાથ લંબાવ્યો. ધ્રુજતે હાથે સોહરાબે તે હાથ લીધો, પણ હવે તે વધુ અને વધુ ગભ્રાવા લાગયો.

“હું તમને મરવા—અરે મલ્યાથી ઘ-ઘ-ઘણોજ ખુરર્શી-અરે ખુશી છેઉં.” ભાગા તુટા બોલોમાં તેને જરને જવાબ આપ્યો. અને ધ્વરસવરમાં પડયો.

“સોહરાબ તું અજબ થયો હશે કે “જર અહીં કયાંથી આવી લાગી. જોની એમ બન્યું કે આપણુને અકસમાત થયો તે વીષે ગેઇ રાતે મી૦ ગોદરેજને માલમ પડયું અને આપરે કયાં ઉતર્યા છઇયે તેની પણ તેવણુંને ખબર પડી તેથી તેવણે જર અને પરીનબાનુંને અહીં આપુને લેવા મોકલ્યાંચ. ચોગરીયું કેથું એવું બન્યું કે એ લોકની ગાડીનેબી અહીંથી થોડે દુર અકસમાત થયો તેથી આપણુને અહીં સેજ વધુવાર ખોતી થવું પડશે કારણુ કે બીજી ગાડી આવતાં વાર લાગશે. ધરમશાળાવાલો એ લોકને ઘણું સારી રીતે ઓળખેચ અને તેનાં બૈરી છોકરાંનેબી એ લોકો સાથે સારૂં છે તે ત્યાંજ બેઠેલાં હતાં. જર હું ધારૂંચ કે પરીનબાનુંનેબી બોલાવો.”

સોહરાબ આ સમજી ઘણોજ ગભરાયો. હજુર તો તે કાંઇક બહાનું કહાડી ત્યાંથી સતકી જવા ચાહતો હતો તેટલાં જર તો પરીનનું પાંખડું પકડી તેણીને ત્યાં લઇ આવી. રૂસતમને તો પરીન સાથે ઓળખાન હતી કારણ કે તેઓ મુંબઇમાં એકજ ઘરમાં ધણીતાર સાથે થયાં હતાં. પરીનને દુરથી આવતાં જોઈ સોહરાબના હાંજા ગગડી ગયા. તે એક

અજાણ છોકરો હતો. જુવાંન સારા ખાંનદાંનની તરીમ તરાહ ખુબસુરત છોકરીઓ જોઇ તે હમેશ સરોવરનાં ઝાંડ માફ્ક ધ્રુજતો હતો. પોતાની મા બેહેનો શીવાએ ઘણીજ થોડી બૈરીઓ સાથે તેને પોતાની ઉમરમાં વાત કરી હતી. મુંબઈમાં જે જગા પર બૈરીઓ ઘણા આવતાં હોય ત્યાં તે કદી જતો હતો નહીં. બેકબેની પાર, બેન્ડસ્તેન અને એપોલો જેવી જગા ઉપર તે કદી ફરકતો હતો નહીં. તુકમાં બૈરાંઓને અને ખસુસ કરી જુવાંન છોકરીઓને જોઈ તે કાંઈક છબરડા કરતો હતો અને તેઓ કોરા કહાડી થોથી થાથા કરે તેથી તે તેઓથી દુર રહેતો.

જેમ જેમ પરીનને નજદીક આવતાં જોઇ તેમ તેમ સોહરાબના પેતમાં બીલાડાં દોરવા માંડયાં. માથાથી પગ સુધી તે ધ્રુજવા લાગયો અને કપાલ ઉપર પરસેવાનાં ટીપાં ફુટી નીકલ્યાં.

"આવોજી આવો" પરીને પોતેજ મીઠા અવાજે શરૂ કર્યું. "કેમ રૂસતમજી સારી કાંની તો છેઓની. આએ તમારા ફ્રેન્ડ મી૦ સોહરાબજી કે?"

"હા પરીનબાનું એજ મારા મીત્ર. 'તમારી રજાથી હું એ મારા મીત્ર સાથે તમને ઓળખાંન કરાવાનું માંન લઇશ."

એક એક સાથ હવે ઓળખ થઇ. એક કુંચી આપેલાં પુંતલાં માફક સોહરાબે શેકહેંડ કરવા હાથ લંબાવ્યો. "ગરીબ બીચારો!" પરીન મનમાં બબરી, "એટલો બુબરાએલો છે. કે હાથ તો તદન બરફ જેવા થંડા છે."

છુંએટે પછી સોહરાબ રૂસતમ આગળ ગયો અને પરીન [illegible] જરે કંઈ વાતમાં હતાં તેનો લાભ લઈ તે બોલ્યો.
"[illegible] અવ્વલતારે ભૂરૂસે રહે તેને તું એમજ રખડાવે છે. [illegible] એટલી બધી હું ઉતાવળા હુતી. બીજે સુસાતમાં [illegible] કરેલ."

"અરે એ બાગીલા જરા હીમત રાખ ને બેઠા [illegible] [illegible] છે. ચાલીતા(જેવો ચાલીતો શખ્સ [illegible] [illegible] [illegible] સાનો ? જો સોહરાબ તારે જોઈયે તે વાત [illegible] પરીન સાથે કર્યા કર. હું તો જરા આથે જરા પેલી [illegible] જઈશ. હમેશી હમારી કંઈ બાતચીત કરી કે નહીં?"

"અરે જો રૂસતમ તારે પગે લાગું મને એમ શું [illegible] ? શું તું ચાલી જાયે ને હું એની સાથે એકલા [illegible] કરૂં ? જો જો જરા વાર ઉભો રહે. જરા વાત [illegible] ઉપર આવે ને તું જોઈયે તો ચાલી જજે."

આ વાત ચાલતી હતી તેટલાં પરીન સોહરાબની [illegible] લગોલગ આવી ઉભી રહી અને તેઓની [illegible] [illegible] જઈ રૂસતમ સાથે વાતે ઉભી.

"કેમ મી૦ સોહરાબજી તમને રાતના અંજાની જગા ઉપર ઉંઘ આવીતી કે? જાણીને ઘણીજ દલગીર છું કે [illegible] અકસમાતથી તમને બહુ રખડવું પડ્યું."

"[illegible] હુંબી ખુસી છું—અરે ખુશી—અરે દલગીર છું. [illegible] ઘણી સગવડ—અરે આગલુંજ રસ્તામાં પડી પણ [illegible] [illegible]—અરે, [illegible] [illegible]—અતે—[illegible] [illegible]."

આ ઝગરડો થતો જોઇ રૂસતમેં સોહરાબને ટાપરીસુ મારી કહ્યું, "શાબાસ બેટા શાબાસ. હીમત રાખ. કંઈ નહીં ફીકર નાં. એ તો જરા શરૂઆતમાં હોય."

"ચાલો જલદી કરી કામ થઈ ગીયાં તો સારૂં. [illegible] [illegible] હમારેણી [illegible] ઘણુ બાતો થઈ ગયો. પણ સેઠ સોહરાબજી આજે તમારા [illegible] તેમને સોહબતનુ તો નહીજ હોશે. [illegible] બાયડીઓઓની રીતભાત તમો [illegible] [illegible] તો [illegible] રાખો."

"અરે નહીં રે બાનુ [illegible] તો મને ઘણુંજ ગમાય—અરે [illegible]—શું [illegible] શું બોલાયેચ—હું કાંઈ [illegible] માંગતો કે [illegible] તો મને ઘણુંજ પસંદ છે. જો કે હું પેરીઓમાં અને શોહરીઓમાં [illegible] તો પણ બહાર ફરવા હરવાનો બહુ શોખ મને નથી."

"શાબાસરે મારા દોસ્ત. બહુ ફક્કડ જવાબ આપી [illegible]" રૂસતમે પાછું ટાપરીસુ મારું. "હવે [illegible] બાગ બીનીત વધુ રે જો કે એને તું છતી લીએજ કે નહીં. ચાલ દોસ્ત હમો હવે જરા પેલા આંબાની [illegible] નીચે બેસીએચ. તમોણી ધીમેથી ત્યાં આવશે."

"અરરર રૂસતમ તુંને મારો બાપ [illegible]. જો જરા વાર થોભ. મારૂં તો કલેજુ [illegible] [illegible]."

"અરે પણ ચકરમ હમારેણી કાંઇ હમારૂં [illegible] મજનુણ દાસતાન ચલાવશુંચ કે નહીં. કે તુંને પકડીને અહીં બેસી રહશે. ચાલો પરીન તમો સોહરાબ [illegible] વાતચીત કરો. તેટલાં હમો જરા બાગમાં ફરીએચ."

"હાજી સીધારો ભલે સીધારો."

રૂસતમ ગયા પછી સોહરાબનાં ગભરાતનું પુછવુંજ શું? હવે તો તે એટલો ગભરાયો કે તે કેટલો ધ્રુજતો હતો તે ખુલ્લે ખુલ્લું પરીને જોયું. એટલે સુધી તેને હવે વીચાર કીધો કે હવે તેનેબી ત્યાંથી ચાલીં જવું પણ તેને પોતાનાં બાપનાં તાણાં તપલીનો વીચાર આવ્યો. એક આખી મીનીટ સુધી તેઓ બેહુ જણ ગપચુપ ઉભાં રહયાં જ્યારે સોહરાબનાં પેતમાં કાંઇક અકરવકર થતી હંતી. અંતે પરીને તે ચુપકીડી તોડી.

"જણાવવાની રજા લેઊંચ કે મને તમો કહોચ તેવા માણસ ઘણાં પસંદ છે. તારી મારી કરી ગેરાંઓમાં ફરી થીથી થાથા કરવા કરતાં આપરી ફરજ બજાવતાં દુન્યાનો રાહગાત દુરથી જોયા કરવો હું ઘણું પસંદ કરૂંછું. મી૦ સોહરાબ તમારી આવી જીંદગી તમને આગલ ચાલતાં ફાએદા કારક થઇ પડશે. પણ તે છતાં તમારે દુન્યામાં બધા માણસ તરફ અને ખસુસ કરીને બધાંજ ગેરાં તરફ ધીક્કારની નજરથી નહીં જોવું જોઇયે."

સોહરાબ એટલો ગભરાતમાં હતો કે પરીન શું બોલતી હતી તે તેને કંઇ બરાબર સમજ પડયું નહીં. છેલ્લા ચાર પાંચ બોલ તેને સમજ્યા જેથી તે અકરાત ગભરાતમાં બોલી ઉઠયો, "અરે નહીં રેજી. હું કબી ગેરાંઓને તગર તગર જોતો નથી. મંને એવી ટેવજ નથી."

"નહીં જી તમે મને સમજવામાં ભુલ કીધીચ. હું એમ કહુંચ કે તમારે સઘળાં ગેરાંઓને એક લાકડીથી હાંકવા નહીં જોઇયે."

સોહરાબનો કેસ હવે વધુ બીગડતો ગયો. વધુ અને વધુ ગુંચવાડામાં તે પડયો.

"માફ માંગજો—અરે માફ કરજો બાનુ, પણ લાકડીનો તો મને મુદલ શોખજ નથી અને હાંકતાં તો મને આવડતુંબી નથી. પણ હું ધારૂંચ કે મારી વાતથી તમને ઘણો કંતાલો આવતો હશે. ચાલો સાહેબજી."

"અરે નહીં રેજી, કંતાલો, શાનો. હમો તો અહીં ગામરાંમાં વખત ગુજારીયે એટલે કોઈબી શેહરીઓ સાથ લાંબે વખતે વાતચીત કરવા હમને ઘણુંજ ગમે. કેમજી હાલ તમારા મુંબઇની હવા કેમ છે?"

"જી હું તમુને કેહું જે હું હવા ખાવા મુંબઈમાં જતોજ નથી."

"નહીં મારૂં કેહેવાનું એમ છે કે હાલ લોક સુખાકારી કેમ છે? કોલેરાનું જોર હાલ કેમ છે?"

"છે જોર તો હાલ સારૂ છે. હું એમ કેહેવા માગુંચ, કે હાલ કોલેરા ઘણો નથી."

"શું ખોદાએબી મુંબઇ ઉપર એક બલા વરસાવીચ? કેહેચ કે એ બધુ ગતરોની મોહકાનથી થયું, તે શું ખરી વાત છે?"

હવે ધીમે ધીમે સોહરાબનું મગજ સમાધાની ઉપર આવવા લાગયું.

"જી હું કંઇ એમાં મારો વીચાર આપી શકતો નથી. પણ જી માફ કરજો હ. મને શરદીનો સરકમ થએલો છે અને મારો રૂમાલ હું ઘરમાં ભુલી આવેલ. મારે રજા

લેકીએ." એમ કહી તેને અંદર જવા માંડ્યું. બાગમાંથી ઘરમાં જતાં તેને બે ઠોકર વાગી, ત્રણ વખત ઝાડ સાથે અથડી પડ્યો અને ચાર વખત લપેટા ખાધા.

પ્રવીન તેને જતો જોતી નીહાળતી ઉભી. અને મનમાં બોલવા લાગી, "આ તે કેઈ જાતનું શરમાળપણું? બાપુજી તો કહેછે કે છોકરાઓ તદન હાથથી ગએલા છે જ્યારે આ છોકરાએ વાત કરતાં આટલો બધો ઠણકો કીધો? આટલો વખત વાતે વળ્યા તેટલામાં એને મારા મોઢા ઉપરથી જોયું નથી કે હું કેવી છું."

પ્રવીન પણ હવે ઘેરનો રસ્તો લીધો.

## પ્રકરણ ૭.

આ પછી વારતાનાં તખ્તા ઉપર આવતાં પહેલાં કરતાં પાત્રો હાલ શું હાલતમાં છે તે ફરીજ ઉપર ટપકેથી જોઈ જઈશું. રૂસતમ શું ભુલ થઈ હતી તે જાણતો હતો પણ તે ભુલનો ખુલાસો કરે તો સોહરાબ ત્યાંથી તુરત ઘર છોડી જાય અને તેની પોતાની ખાતર ભાગી જાય, તે માટે તેને અંધારામાં રાખી વધુ અને વધુ ભુલો કરવા દેતો હતો. પરીનને તો આ ભુલ વીશે સુદલ ખબર હતી નહીં. ગોદરેજ પોતે તો અંધારામાંજ હતા અને તેનાં જુનાં મીત્રે પોતાનાં આવા નફટ છોકરાને એક ઘણુંંજ શરમાળ મોજુદ તરીકે તેને અપમાન કરવા શા માટે મોકલ્યો હશે તેની ચીડ કરતા હતા. તોફાની શાવક જેનેથી આ સઘલો ગોટાલો થતો હતો તે આ સઘલો નાટક જોઇ ખુબ મજાહ લેતો હતો અને સોહરાબ તે ઘરમાં તેને જુએ નહીં કરી તેનેથી સંતાતો હતો. શીરીનબાઇ તો ખુબ ઠાઠ માઠ કરી અહીં તહીં દોડાદોડ કરતાં હતાં. સોહરાબ પરીન આગલ રૂકાસ થયા પછી પોતાના ઓરડામાં ભરાઈ બેઠો હતો તેથી તેવણ હવે રૂસતમને પકડી તેણી સાથે વાતે વળગેયાં હતાં.

"રૂસતમજી બાઇને કેહુ જે મુને મુંબઇમાં કેવું આવવો ગમેચ. પણ આ આપણા ઘરનું સોહરાબ દીકરૂ એટલે શું

કરીએ બા ? બસ જાણું કે એવણુનો વીચાર એવોજ કે બુધાં ભવ આ ગામડાંનાં ખુનામાંજ સબરીયા કરવું. જો કોઈ વખત મુંબઈ ગીયાંબી હોઇયે તો રોજ કાગળ પરે કાગળ આવેલાંજ છે."

"શીરીનબાઈ માએ ગોદરેજજીની આવી હુજતથી બચ્ચીત મને પણ ગુસ્સો આવેચ. તમે મુંબઇમાં રહી મોટાં થએલાં એટલે તમુંને અહીં રેહેવા તો નહીંજ ગમે."

"ગમે કે નહી ગમે પણ બા શું કરીએ કોણને કેહેવા જઇએ ? આએ રોજ ન્યુસપેપરો આવેચ તે વાંચીને જીવ મનાવીએચ. કેહેચ કેહેચ ને એમ કેહેચ કે હવે તું બુઢ્ઢી થઇ ને મુંબઇ જઇને કોણને સેહેંતા પાતલી દેખાડવાની છે."

જર જે આ વખતે ઓરડામાંજ હતી તે ઊંચા કાંને આ સઘળું સમજતી હતી.

"અરે એવણુનું ભલું થાએરે એવણુનું. તમે બુઢ્ઢાં સાંનાં થયાં ? ઘણી ઘણી તમારી ઉમર હોશે તો પાંત્રીસ છત્રીસ વરી બીજું શું ?"

"એજરે બાવા એજ."

જરને આ વખતે હસવું આવ્યું કારણ કે તે જાણતી હતી કે તેણીની આ જુવાન પ્રુઇની ઉમર તે વખતે લગભગ પીસતાલીસની હતી. હસવાનું છુપાવવા તેણી બારી આગળ જઇ ઉભી.

"લેઓ સારે વરી પાંત્રીસે તે કાંઈ માણસ બુઢ્ઢાં થઈ જાએ કે ! એવણુને ભલા આદમીને ખબર નહી હોસે કે મુંબઈમાં એ ઉમરે તો છોકરીઓ પરણેચ."

"અરે હારે બાવા હું તો બધું જાણુંચ પણ એ હુજતી આદમીને કોણ સમજાવે ? મુંબઈમાં ચાલતા રગરાગ વીષે પેપરોમાં વાંચી એવો મુવો જીવ તો બરેચ પણ કેહેવા કોણને જઈએ. આએ વરી ઘણું થાએ તો કોઈ તમારા જેવા આવે તારે જરા વાતો સમજીએ. હવે તો બાવા એકજ ઉમેદ રહીચ તે એ કે આએ મારી પરીનને કેથે મુંબઈમાંજ પરણાવવી કે જરાબી આવવા જવાનો પગદંડો વધે."

આ વાત ચાલતી હતી તે વખતે શાવક ઓરડામાં ઘુસી આવ્યો.

"તારે શું તમે લોકો બધાં મને ભુખેજ મારવા માંગોચ કે ? શું નાસ્તાપર ફકત માંખણ ખીમો ને તરેલી માંછલીજ કે ?"

"પણ દીકરા અહીં આવ. જરા ધીરો પર. તુને કંઈ બીજું જોઇયે તો માંગી કાંએ નહીં લીધું."

"પણ શું માંગું તમારૂં કપાર ? ઈડાં કરવા કહયું તો કે જે કે થઇ રહયાંચ. મુરબો કાહરીઓ તે તદન બગરીને ખાતો થઇ ગીએલો. તારે શું કરવા કેહુ ?"

એમ બોલી તે બારીએ જઈ ઉભો. તેને પતાવા અને મુઇનાં દેખતાં અમથો દેખાવ કરવા જર તેની આગળ જઈ બારી આગળ ઉભી.

"ચાલ હવે તું આવીને માંથું હુલાવ. પણ શું થયું કોઇ મારવા આવતું હોય તેમ કુતરાંની માફક પાસાંમાં સાંની ભરાએચ. જરા દુરથી ગંગરૂની."

"એ શું થયું શાવક જરા આવીને ઉભી તેમાં. અપૂરે સગાંવહાલાં વાત કર્યે તેમાં ખોટું શું થઈ ગીયું?"

"ચાલ ચાલ દુરથી વાત કર. શું સગાઈ કરવા મુંગેચ ને હું બધું સમજુંચ. પણ બાવાં બાંધીને સોહનું ખોયને ગુજમાં રોલ બોલશે."

પોતાની હીલબરને આવું અપમાન થવાથી રુસતમ ઘણીજ રીતે દલગીર થવાને બદલે સામો ખુશી થયો કારણ કે હવે તેની ખાતરી થઈ કે મેદાન તેને વાસ્તે ઘણીજ દુરીક વગર ખાલી હતું.

"આએ એવણ કોણ તમારા છોકરા થાઓ કે જી?"

"હા બાબા એ મારો છોકરો થાઓ અને આએ મારી ભત્રીજી થાઓ. ઘણો વખત થયો હુંસે એ લોકોનું નાંમ પારી રાખેલું છે. એ તો અમથાં ચેરાં કહારેચરે બા. જરા એની સૈરી સાથે લાર કરેચ. જુઓની રુસતમજી બા એ લોકની જોરી કેવી મજેની લાગેચ. જુઓની એ લોકો સાથે ઉભાય તે કેવાં સરખે સરખાં લાગેચ."

"સાંમાં ધુરનાં સરખાં. તમેબી શું અમથાં માંથુ ફુખ-વોચ? મારા કરતાં એક મુંઠ બરાબર ઊંચી છે તારે શું એ મને કેરપર લઈને ફરવાની છે?"

"શરમ છે શાવક કે માટીડા થઈને પારકા માણસનાં દેખતાં આવું અપમાન ભર્યું બોલેચ."

"માટીડો? જો હું માટીડોજ થયો હોઊ તો લાવો મારો કુલેર તોલી દેઓ. માટીડોજ થયો હોઊ તો હવે ઓસોય કોણને તાંસતે?"

વાત અહીં વધી જશે અને શાવક વધુ છબરડો કરશે કહીને શીરીનબાઈએ હવે અખાડા કરવાનો વીચાર કર્યો અને રૂસતમનાં કાંનમાં તેણીએ કહ્યું.

“બાવા રૂસતમજી બધી તમારી પરથી મરૂં. તમે તો સમજું છેઓ ને સીખેલા ભણેલા છેઓ તે જરા એ છોકરાંને સમજાવીને બે બોલ સીખામણનાં કેહો બાવા ને આટલું આએ છોકરીનું એની સાથે નક્કી કરી નાંખો.”

એમ કહી તેણી જરને લઈને ઓરડામાંથી ચાલી ગઈ અને શાવક અને રૂસતમ એકલા પડયા.



## પ્રકરણ ૮.

રુસતમે શાવકને શું શું શીખામણો આપી અને શીરીનબાઈનાં દહેલાંને કેટલું માંન આપ્યું તે હવે આપણે તપાસીશું.

શાવકે આગળ પીઠાંમાં આપણાં બે દોસ્તોને બનાવ્યા પછી તે ઘર આવી બધી ગમત દુરથી જોતો હતો. ઘરમાં ખરી વાત કોણ જાણતું હતું અને હજુર ભુલમાં કોણ હતું તેની પણ તેને ખબર મેળવી હતી.

"કેમ દોસ્ત શાવક તમે કાંઇ બૈરાંઓ તરફ ઘણાં ઘાટકી છો ? તમોએ તમારી સખીને અપમાંન કીધું તેથી લગભગ તેની આંખમાં આંસું આવી ગયાં અને રડવા જેવી થઇ ગઈ."

"અરે માસ્તર તમે એ બૈરાંઓને હજુર ઓળખતા નથી. એ લોકને રડવાની શું ખોત ? જરા ઢોંગ કરવા હોય તો કાંદો સુંગી આવે નહીં તો મસાલાનાં હાથ આંખે લગાડે. બધાં જાણે નાંજુક ખોદાએ એ લોકોનેજ બનાંવ્યાં હોય તેમ વાતની ચોપરી વાંચતાંબી જરા જરામાં રડી પરે. નાટક જોવા જાએ તહાંબી એ લોકને આંખમાં આંસુ આવી જાએ. એ લોકોને હજુર તમે ઓળખતા નથી."

"ગમે તે હોય પણ આવી મજેની ખુબસુરત છોકરી સાથ તમો પરણુવા ના કાંએ કેહોચ દોસ્ત?"

"એસો એસો માસતર તમારો ટેસ્ટબી જોઇ લીધો, એજ છોકરીને ખુબસુરત કેહુતા હોસે? આપરો દોરો તો બાપજી કેઠે છે. નવલા તારીવાલાની છોકરી હીલ્લુ બાટલોને જુઓ તો દાંતમાં આંગળાં ફકરો. એવી મજેનો જારાને ફેરએ છે કે બરાબર તેમાંથી બે જર બની શકે."

રૂસતમને ખુબ હસવું આવ્યું. "તારે દોસ્ત શું તેના સાથે તમે વીચાર રાખોચ કે?

"અરે વીચાર સાનો? નક્કીજ તેનાં સાથે પરણવાનું. ગોરી તો એવી છે કે કોઇ તો એમજ માંને કે કોહુર થયો હોશે. હાથ તો દોસ્ત રાંમસની કતકીજ જોઇ લેવી. ગાલ તો જાણે ખીલેલા પરેથા. દોસ્તને કેહું જે એટલી માતેલી છે કે ગરદન તો જણાતીબી નથી. આવી મજેની બેરી છોરા દઇને આવી મુરદાલ છોકરી સાથે કોણ પરણીને પસતાએ."

આબાદ રૂસતમને મનપસંદ આ સઘળી વાત હતી. સેહેજ વધુ વાત કીધા પછી તેની આતરી થઇ કે શાવક આબળ ખરી વાત કહી દેવામાં કાઇ ખોટું નહીં હતું. અને બરૂ પુછતાં તો તેમને તેમ કરવાની એક ટક મલી.

"એ કમબખત જ્યાં સુધી કુમારી છે.ત્યાં સુધી પેલી બુઢી મારૂં માથું ખાઇ જવાની. કયારે એ પીરા કોઇ સાથે જાએ કે હુંબી મારૂં ફેરી લેઉ."

"ત્યારે જો એમજ હોવે તો સમજ દોસ્ત, અગર જો તને એ નહી ગમતી હોયે જે ચાલ મને આપી દે."

"પણ બાપુ એ કંઈ બજારમાં વેચાતી ભાજી તરકારી છે કે હું તુંને આપી દેઉ. જા તેને પુછી જો. ને તેની ખુશી હોય તો જા મારે લગન કરી આપવામાં મારી બનતી મદદ કરવી. પેહલે તારે એ ચીબી ચરકુલી ધનકોબઇને તેનો વીચાર પુછવો જોઇયે. હું તો ધારૂંચ કે જુઠુઇએ પુછશે તો સચ્ચઇએ ધાઈ પડશે."

હવે રૂસતમે શાવકની વધુ આગળ જઈ બધી વાત કહી સમજાવી. તેની અને જર વચ્ચે કયારની દોસ્તી હતી તે તેનાં ધ્યાંનમાં ઉતારીયું.

"અરે યાર એમ છે ત્યારે ખોટી કોણુની?"

"ખોટી તો દોસ્ત એકજ છે અને તે એ કે અગર જો પેલી જણુસોનો દાબરો હાથમાં આવે તો આજે એને લઇને અહીંથી ચાલ થઇ જાઉ."

"અરે તારૂં ભલું થાએરે તારૂં. એમ બસની તો સરમાયા સાનુ કરેચ? લેની એક બે કલાકમાં કોઇબી રીતે મારે તે હુંને લાવી આપવો પછી કંઇ છે?"

"પણ દોસ્ત તેમ કરવાને બદલે તું ખુલ્લું ચાર સારાં માણસોનાં દેખતાં એમ કહી દેની કે મારે જર સાથ નથી પરણુવું કે પછી તે દાબરો આપવાની શીરીનબાઇને ફરજ પડશે"

"મારે કેહાં નાં છે. પણ તેમ કરવું નકામું છે. કારણ કે જરની માએનાં વીલમાં એમ લખ્યું છે કે હું એકવીસ વરસનો થાઉં નેહી ત્યાં સુધી મારૂં એમ કહેવું નહીં ચાલે,

એકવીસ વરસનો થયા પછી જો હું એમ કહું તો પછી જેર કોઈબી સાથે પરણી શકે."

"પણ ત્યારે તારી હાલ ઉમર શું?"

"બલા જાણે મારી કે શું ઉમર છે. પણ ધાખરી કહેચ કે હંજુરે હું વીસ વરસનો છું. જે હોય તે પણ હવે તું તારે દાબરો આપું તે લઈને પેલી સાથે પોબારા માંપી જાની."

વાંચનારને કહેવાની જરૂર છે કે શાવક એકવીસમું વરસ પસાર કરી ચુકો હતો પણ એકવીસમે વરસે તે પોતાનાં પેહેલા બાપની ચોકસ દોલતનો માલેક થનાંર હતો તેથી કરી શીરીનબાઈ તેને ખોટું સમજાવતાં હતાં. ગોદરેજ પોતે પણ તેમજ કરવાની કોશેશ કરતા કારણ કે તેવણ જાણતા હતા કે એ પોરીઆનાં હાથમાં પૈસા જેમ જલદીથી આવે તેમ સારૂં.

"તારે તું મને વચન આપેચ કે તે દાબરો તું મને લાવી આપશે? આપ તાલી જોઉં."

"દોસ્ત ધ્યાંન રાખજે કે ગમે તેવો છેઉં પણ એક બોલનો છેઉં. જા બરાબર બાર વાગે બાગમાં મોટા આંબાના ઝાડ આગળ મલજે."

"જો દોસ્ત તું દાબરો લાવે કે નહીં પણ હમે તો નાહાસવાનો વીચાર કરી ચુકાંચ."

"અરે નહીં શું લાવે, તું જો તો ખરો કે હું શું રંગ મચાઉંચ."

આટલું બોલી શાવક ત્યાંથી ચાલી ગયો. રૂસતમ હવે વીચારમાં પડીયો. એ નાપાક કુકતા પર ભરોસો રાખવો કે નહીં. બોલવા ઉપરથી તો એવુ લાગેચ કે કંઇ નવું જુનું કરે ખરૂં. પણ કંઇ કેહેવાએ નહીં. પીઠાંમાં તેઓને બનાવી કહાડયા તેમ કાંએ નહીં પાછો તેને બનાવે. રખે જાઇને ભાંગરો વાતી દઇ કંઇ બુમ પડાવે. તેમ જો થયું તો રૂસતમનું તો મોહતજ સમજવું. દાબરો મુલે કે નહીં તોપણ તેઓ નાહસી જનાર હતાં એમ કહી રૂસતમ બહુ પસતાયો. વળી કાંઇ મજાક કરવાનાં ઈરાડાથી જો તે કાંઇ છબરડો કરે તો તેની દહાડી પરે અને શાવકને તાંપતું થાએ એવું બને. એ તો હવે જે થયું તે થયું. બે કલાક થોભીય શીવાય બીજો છુતકો હતો નહીં.

આંની તરફ આવાં સાતાં થતાં હતાં ત્યારે પેલી તરફ ગોદરેજજી ઓડપર ચીડ કરતા હતા. રૂસતમ તો હવે સંભાળીને ચાલતો હતો પણ સોહરાબ તરફથી તેવણુ અપમાંન ઉપર અપમાંન ખમતા ચાલ્યા જતા હતા. પરીન સાંથે થએલા છબરડાથી સોહરાબ એખલો ઓરડામાં ભરાઈ બેઠો હતો અને તે થએલા ગોંતાલાથી તેનેથી શુંનું શું બોલાઈ જતું હતું. અને તે ગોદરેજને શું અપમાનો કરતો હતો તે પણ તે સમજતો નહીં હતો. ગોદરેજને ઓરડા આગળથી પસાર થતાં જોઇ તે એક વખત બોલ્યો, "એ કાકા મારાં બુત ઘણાં ખરાબ થઇ ગયાંચ તે જરા કોઈ પાસ સાફ કરાવી આપશો." ચરેલા ચતકેલ ગોદરેજ ત્યાંથી ચાલી ગયા તેટલાંમાં સાંજેજ અજાંન બીજા થયા. સોહરાબનો ચાકર ધુમ દારૂ પી તૈયાર થએલો ગોદરેજને મલ્યો.

તે જાતનો ગોવાનીસ હતો તેથી તેનીજ બોલીમાં બોલ્યો, "અરી માકા બો ફ્રોટો સીનીયોર. અરી તુમરા સોબ નોકર લોક બોરા છાકતા આદમી હુએરે. આપણુ—આપણુ કોબી—કોબી—કોબી દારૂ પીતા નહીં હુએરે. અરી તુમરા સોબ આદમી લોક હમકુ ખોરાબ કર દાલેગારે. ઓ માકા ગોવા, ઓ માકા પંજીમ, ઓ એસ માઈ ડારલીંગ મોરીયમ, આઇ એમ યોર ડીયર પેડરો." એમ કહી ભારોભાર વાસ મારતા ફીરંગીએ ગોદરેજને એવી તો ચાંગીને કોતી કરી કે છુતો પારતા પરે નહીં. અધુરામાં પુરૂં. તેને હવે ગોદરેજને ચુમીઓપર ચુમી લેવી માંડી.

"ઓ માઈ ડેઝી ડેઝી, ગીવ મી યોર આનસર ડુ. આઇ કીસ યુ એંડ યુ કીસ મી. અરે માઇ મોડામ તુમ હમકુ કીસ કાએકુ નહીં કરતારે. ગો તુ હેલ યુબી ધેમ. તુમ હમકુ કીસ નહી કરતા તર હમ દુસરા મોદામ લાએગારે."

આવા આવા ધંધો જોઇ ગોદરેજનું પાકી જતું હતુ. આ જગાએ કોઇબી બીજું હતે તો અતીયારે સો લાત મારી તેને ઘરમાંથી બહાર કહાડયો હતે. પણ ફક્ત સોહરાબના બાપની તેવણુ રાહ જોતા હતા. આજે સાંજ સુધીમાં તેવણુ આવી પુગે એવી વકી હતી.

સોહરાબનાં ફીરંગી આકરે ગોદરેજ સાથે પ્યાર કીધા પછી ગોદરેજ પરીન આગળ ગયા.

"કેમ બાવાજી કાંઈ ઘણુંજ ફિકરોએલા લાગોચ ?"

"ઉસકેરાએલો નહીં તો થંડે પેતે ફર્યા કરૂં ? આવાંબી તે કંઇ માણસો દુન્યાંમાં વસતાં હોશે ?"

"ખચીત બાવાજી આ તો હદજ થઇ ગઇ."

વાત ભરમમાં ચાલ્યાથી બેહુ બાપ દીકરાં ઉંધું સમજતાં હતાં. ગોદરેજ સોહરાબની નફ્તાઇ વીશે કહેતા હતા જ્યારે પરીન એમ સમજતી હતી કે તેવણ તેનાં પુશકળ શરમાળપણાંની વાત કરતા હતા.

"બાવાજી હું તો વીચારમાં પડીચ કે આવા સંજોગો વચ્ચે હવે મારે શું કરવું."

"એ જોયું દીકરી ? એ બધા મુંબઇની કેળવણીનાં પરતાપ. જરા શીખીયા ને બી. એ., એમ. એ., થયા કે ધરીયા ધરાએ નહીં."

"તમે ભુલ કરોચ બાવાજી. એમાં કેળવણી શું કરે ? કેળવણી એક માણસને એટલું શરમાળ સાનું બનાવે ?"

"શરમાળ ? એને તું શરમાળ કેહેચ ? શું કોણની વાત કરેચ પરીન ?"

"કોણની બાવાજી. વરી આપણે તમારા દોસ્તના દીકરા સોહરાબજીની. શરમાળ નહીં તો બીજું શું ?"

"એ તું બોલેચ શું દીકરી. આએ પોરીઆને તું શરમાળ કહેચ ? કાલ સાંજથી આજે અગીયાર વાગા સુધીમાં મને કંઇક અપમાંનો કરી ચુકો. એનાં બાપનું ઘેર હોય તેમ અહીં સાહેબી કરેચ. માણસો ભાકતાં ખુન થઇને ફરેચ

અને વળી મને આજે એ સોહરાબ કેહેવા લાગો કે મારા બુંટ સાફ કરાવી આપજો."

"બાવાજી તમારી કાંઇ સમજમાં ભુલ હોસે. સવારનાં એ બેહુ મીત્રો બાગમાં ફરતા હમુને મલી ગયા. રૂસતમે તો હમારી સાથે સારી હસ્રી બોલીને વાત કરી પણ આએ તમારા સોહરાબજીએ તો અકરઇ ગભરઇને ધુજવા માંડયું અને તત પપ થઇ ગયા."

"ઘોંગ, ઘોંગ. બધા ગૈરાંઓને દેખાડવાના ઘોંગ. હજુર એનાં કરતાં તો મેલા છોકરાંની આંખમાં શરમ વધારે છે."

"આ બે મતફેર વાત કંઇ સમજ નથી પડતી. મારી સાથે વાત કરતાં તેવણ એટલા બધા શરમાયા કે સાત આંઠ મીનીત વાત કીધી તે દરમીયાંન મારા મોહુ તરફ વટીક એવણે જોયું નથી."

"હોસે બા હોસે તમો બાઇ સાહેબો સાથે માંન અક-રાંમ સાથે વાત કીધી હોશે પણ આપરી સાથે તો એવી રીતે વાતો કરવા માંડી કે એ જાણે મુંબઇનો ગવંડર અને હું તો જાણે કાંમ કરનાર મજુર હોઉં."

"ખચીત બાવાજી આપણાં બેમાંથી કોઇનીબી મોટી ભુલ છે."

"ગમે તે હોય પણ હવે એનો બાપ આવે ને જલદીથી શરમ આબરૂમાં એ લોકો અહીંથી ચાલવા માંડે તો સારૂં નહીં તો કે મારી મીજાસ જો ગીઓય તો આપણે તો બો હરધુંતં કરીને કહારસુ."

"નહીં નહીં ખાવા ઉતાવલા ના થતા. હોય નાદાંન છે. વખત છે કંઇ ભુલ હોશે કંઇ ગેરસમજુતી હશે. કેહેવામાં અને સમજવામાં ઘણી વખતે ફરક પડી જાએચ. આટલું થોભીયાચ ત્યારે તો જરા વધુ થોભી જાઓ. એનાં ખાવાને આવવા દેઓ. ઉતાબલા થશો તો તમારા દોસ્ત ખપમાંન લઈ જશે."

"થોભીએચ ખાં થોભીએચ જ્યાં સુધી થોભાએચ ત્યાં સુધી થોભીએચ. પછી જોઇયે કે ઉંહરો કીએ પાર બેસેચ."

# પ્રકરણ ૯.

જાત જાતનાં ગોટાળા, તરેહ તરેહનાં છબરડા અને કીસમ કીસમની હસવા જેવી ભુલો થતાં અંતે બપોરનાં બાર વાગા. શકમાં પડેલો રૂસતમ શાવકનાં વચનને માંન આપી બાગમાં આંબાના ઝાડ આગળ ગયો. પણ થોડા વખતમાં તેની ધાસ્તી ચીંતા અને શક દુર થયાં. શાવક કંઈ ચીજ સંતાડતો આવતો જણાયો. રખે હજુર તે કંઇ રમુજ કરતો હોય. પણ નહીં તે રૂસતમ આગળ આવ્યો અને સંતારેલો દાબરો હાથમાં ખુલ્લો કીધો.

"કેમ દોસ્ત થઇ હવે ખાતરી ? અરે બીરાદરે કવાણ ચોરે મન હમે હમારૂં વચન કભી તોરીયે નહીં. ખાંને ખાંનાંની કુચી મારી પાસે છે. સમજ્યો બીરાદર."

દાબરો ખોલી જોતાં, રૂસતમ હરખાઈ હરખાઇ ગયો. હવે તેને ચાંપીને શાવકને શેકહેંડ કરી.

"અરે મારા ભોલા દોસ્ત. હું તારો આભાર કેમ ભુલી શકશ ? કહે દોસ્ત કે આ ઉપકારનો બદલો કેમ વાળી શકસ ?"

"અરે યાર આપે દુસ્તીએ ખુશીથી લઇ; ચાલ્યો જાની

કે એજ મારા ઉપકારનો બદલો. અને વરી તારી ભલઇ હોય તો મુંબઈ કોઇ દીવસે તારે ઘેર આવ્યે ત્યારે એક બાટલી મંગાવી આગળ મુકી એટલે આપણુને બીજુ કંઇ જોઇયે નહીં."

"અરે બાતલી, શું ? દારૂનાં પીપમાં તુંને બોરી. કહ્યું મારા દોસ્ત. ચાલો ત્યારે હવે આંપણે અહીંથી પોબારા ભાંપી જવાની તૈયારીઓ કરીએ. 'પણ દોસ્ત એક મેહેરબાની તારે હજુર કરવી પડશે. અહીંથી સ્તેશન ઘણું દુર છે. આજે સાંજે ફરવાને બસે સ્તેશન ઉપર જરની સાથે હું નાસી જવાનો ઇરાડો રાખુચ. પણ સારા ખાતરીવાળા ઘોડાની એક ગાડીની ઘણી જરૂર છે. જો તું એક ગાડીનો બંદોબસ્ત કરી આપે તો તારી મેહેરબાની પુરી થએલી કહેવાએ.

"અરે દોસ્ત સરમાયા સાનો કરેચ. જેબી જોઇતું હોય તે કેહે. એમાં શું મોટી વાત છે ? ગાડી તો દોસ્ત એવી આપું કે ઘોડા ચાર પગે દોડે ને બોલ બોલતાંમાં સ્તેશન ગર લઇ જાએ. બરાબર સાંજે પાંચ વાગે ગાડીનો બંદોબસ્ત કરૂં છું. અહીંથી સેહેજ દુર એક એકાંત જગા છે. ચારઆંમલાંનું ઝાડ જર બરાબર જાણેચ. ત્યાં ગાડી બરાબર ૪।। વાગે ઉભી રહેશે અને પાંચ વાગામાં તમે લોકો ત્યાં જશો તો આઠની ગાડી તુંને ઘણીજ સેહેલાઇથી મલી જશે."

"બસ દોસ્ત બસ એટલુંજ જોઈતું તું. કેમ તારે હું તારે ભરોસે છુ. દોસ્ત હમે જઇએ તેની આબરૂજ મલશે કે ?"

"નહીં બા તે કાંઈ આગળ કહી નહીં શકતા. હવે મલીને શું કરવાનાં છઇએ. પણ જો એ, તેબી જર હાલમાં

એની પુઇને પકરીને બેઠીચ ને જણુસ આજે પેહેરવા માંગેચ. જુગ્ગી ફઈ કાચી નથી. કભી નાહી આપે. ચમરી તું તે પણ હમરી નહીં છુતે. આપતી તો દાસી થઈ પણ કબાત ઉગાડી ઘડી ઘડી દાબરો તપાસવાની એને ટેવ છે અને તેમ જો થયુ. અને એને માલમ પડયું કે દાબરો પસાર થઈ ગયોચ તો વાત બગડી જશે. હવે આપણે અંદર જઇને જરને કોઇબી રીતે કહી દેવું જોઈએ કે દાબરો આપરી પાસે છે.”

રૂસતમ પેહેલે સોહરાબનાં ઓરડામાં ગયો અને તેને તે દાબરો પોતાની પાસે રાખવા કહી હોલમાં આવી લાગો. શાવકે કહયું હતું તેમજ થયું હતું. જર પોતાની પુઇને પતાવતી હતી અને એક દીવસ જણુસ પેહેરવા માટે આપે એમ કાલાવાલા કરતી હતી. રૂસતમ અને શાવકને આવતાં જોઈ શીરીનબાઇએ ચલાવ્યું.

“અરે બાવા રૂસતમજી જુઓની તો આ કે.એ ઉઠતી ત્યારની મારૂં માથું ખાઇ જાએચ. બસ એકજ રદન પોટલો લઇને બેઠીચ કે આજે જણુસ આપો તે આપો. જરા કોઇ કેહારે મરૂં. જરા બે બોલ સીખામણના આપોરે. મરૂં.”

“છત છતં જુવાન છોકરીઓને જણુસ સાની જોઇયે. ખુબસુરતી ખુદરતી જોઇયે, નહીં કે તીપતાપ કરીને ખેંચાન કરનારી.” રૂસતમે અસારત કરતાં કહયું. પણ જર તે અસારત સમજી શકી નહીં.

“તારે શું રૂસતમજી તમે એમ કેહવા માગોચ કે જણુસો કબાતમાં કાત. ખાવા કરવાને વાસતે છે. છતી છે તવ શું કોઇ બહારનું આવે જોએ તારેથી પેહરૂ નહીં.”

"અરે મારી દીકરીરે તે પેહેરવાથી કંઈ તારી ખુબસુરતી વધવાની છે. તું આટલી ખુબસુરત છે તો પછી તુને જણુસોની શું જરૂર છે? ને વરી બહારનાં કોણુ છે. એણી જીભરાયા ઘેરનાંજ કેહેતાએ. એવણુ સાથે આપણુને કંઈ અંજાણું છે?"

"પણુ ફુઈજી તમે એટલાં બધાં હુજત કરોચ તે શું હું કંઇ લઈને નાસી જવાની છેઉં?"

શાવકે હવે જોયું કે કદાચ કાંમ આગલ વધે ને શીરીનબાઈ આપવા તૈયાર થાએ તો બાજી બીગડે તેથી તે શીરીનબાઈ આગળ કંઇ કાંમને મસે ગયો. અને ધીમેથી કાંનમાં કહયું, "માએજી તમે તારે એને એમ કહી દેઓની કે દાબરો તો કેઠે મુકઇ ગયોચ તે ધ્યાંન આવતો નથી."

"વાવા એ થીક તાલ છે. તે જોની હું એમ કેહુ કેની કે કેઠે મુકઇ ગયોચ તો તુંબી જરા તાપસી પુરજે હું કે હા કેઠે મુકઈજ ગયોચ. તું જાણેચ કેની દીકરા કે એ બધી જેહેમત તારેજ વાસતે હું કરૂંચ."

"અરે હારે તમે મુગાં મુગાં એમજ કેહોરે ને હું શાક્ષિ પુરસ."

"જોની દીકરી જર તું ગભરઈ જાએ કરીને તુને હું કેહેતા અચકાયા કરતીતી. દાબરો તો કેઠે મુકઇ ગયોચ ને હું સવારની સોધુંચ તો પાતો નથી. ગભરાતી ના દીકરી. ઘેરમાંજ કેટે મુકાએલો છે ને પોતીકી મેરે મલશે."

"જાઓ જાઓ ફુઈ તમે કોણુને સમજાવવાં આયાંચ?"

કઇ નાલુ ખરચુ ખરચુ છેઊ કે? કંઇ જોરીમાં હીજ બીજ આણીંચ કે શુ?"

"જો તુ નહીંજ માંનતી તો ચાલ તુને દેખાડું કેઈ કબતમાં તે હમેશાં રહેચ તે તો હું જાણેચ.

એમ કહી શીરીનબાઈ ત્યાંથી ચાલી ગઈ. તેની મકસદ એ હતી કે જે કબતમાં હમેશાં દાખરો રહેતો હતો ત્યાંથી કહાડી બીજે ઠેકે થસાવી દેવો અને પછી તે કબાત જરાંને દેખાડવી.

દાખરાની રકજીક ચાલતી હતી તે વખતે રૂસતમે ઘણીબી ઇસારત કરી પણ જર તે સંમજી શકી નહીં. જેવી શીરીનબાઇની પીઠ ફરી કે રૂસતમે તેને તુકમાં વાત સમજાવી દીધી અને સાંજ માટે શું બંદોબસ્ત કીધો હતો તે પણ કહી સમજાવ્યો અને તેઓ બેહુ જણા ત્યાંથી છુતતાં પડયાં. હવે હોલમાં શાવક એખલો હતો. પાંચ મીનીતબી હજુર પસાર નહીં થઇ હશે તેટલાં શીરીનબાઇનાં બુમબરાડાનાં અવાજ આવવા લાગા.

"ઓ કોઈ આવો રે માએ હું તો મરી ગેઈ અરધી વગરની થઇ ગેઇ જો માએ."

બુમ મારતી ગભરાએલી અકરાએલી શીરીનબાઇ હોલમાં આવી સોફા ઉપર ફસરઇ પરી. શાવક તો અલબત ચેતી ગયો પણ બંદ પેતે થાવકું મોહ રાખી બોલ્યો.

"શું છે, શું છે માએજી? ઘેરમાં તો બધાં સારીકાંની છેની? કોઇ ચીજ તો નથી પરી ગીયું ની કે કોઈની તબીયત તો નથી બગરીની?"

"અરે મારા બાપજી રે. મારૂં ઘેર લુતઇ ગીયું રે. ચોરો કબત ફારી ગીયા રે. અરે કોઇ દોરોરે કોઇ મુવાઓનાં ગરાં ફાંસો રે."

"પણ શું થયું શું? શું લુતઈ ગીયું તે તો ભસો."

"અરે હું કીએ મોહને બોલીરે કે દાબરો ખોહવઇ ગીયો રે. અરરરર મરી ગેઇ રે. પોરીને શું જવાબ આપસરે."

"અરે તમારૂં ભલું શાએર માએ તમારૂં તમેબી જબરાં ઘોંગી નીકલ્યાં. શાબાસ શાબાસ પારીઆ કરો ખુબ ને કોઇ આવીને પુછશે તો હું શાક્ષિ પુરસ."

"અરે દીકરા ઘોંગ સાનાં બરીયાચ મારા ભેથરનાં. ખરેખરજ ઘેરમાં ચોરી થઇચ. અરે બાવા કોઇ દોરી પુગોરે ને પોલીસને ખબર આપોરે."

"અરે હારે પણ હું કહા મોટેથી બોલુંચ કે તમે ઘોંગ કરોચ. સાબાસ ચલાવો જરા વધારે મોટેથી."

"અરે શાવક નહીં રે તું સમજતો નથી. દાબરો ખરેખર કેઠે જતો રહયોચ."

"અરે હારે પણ હું કહાના કેહુચ. હું બી સાક્ષિ છેઉં કે દાબરો જતોજ રહયો. જરા વધુ મોટેથી માએ."

"અરરર આએ ?હુકતાને કોણ સમજાવે. અરે કમબખત દાબરો તો કોઈ ચોરી ગીયુંચ.

"અલબતં એક મુકીને હજાર વખત. "હું બી એમજ કેહુંચ. હું કસમ ખાઇને શાક્ષિ આપુંચ. માએજી તમારી ચોકટીંગ આગળ પેલા બાલીબાગાને મુંબઇમાં નોઅલો તેબી હતી ગીયો."

"અરે આએ જુઓરે કોઈ કાફર હુકતો દુઃખભર દામ હીએચ તે. કેહુંચ કે ખરેખર જતો રહયોચ તોબી એ એનું ને એનુંજ ફેરીયા કરેચ. અરે બાપુ જરા એમ આવ ને સમજ. ખરેખર કોઇ મારી કબત ઉગાડીને દાબરો લઇ ગીયુચ."

"પણ વરી હું તે શું કેઊંચ. માએ ધીરાં ના થઈ જાઓ. જરા મોટે બુમ ચલાવો. તમે બીહતાં નાં હું સાક્ષિ આપસ."

"મરેરે આએ જબુનને કોણ સમજાવે? અરે કમબખત જાની. જરા જઇને પોલીસને ખબર કરી આવની. અરરર મરી ગેઈ રે માએ. બાપલા વીનાની થઇ ગેઈ જો માએ. જગનાં લોક તુપી ખાવાનાં જો માએ."

"વારે વા માએ. ભલભલા નાટકીઓ તમારી આગલ આજે કુચ બીસાદમાં નથી. મારી કસી ફીકર કરવી નહીં હો. સાક્ષિ તો એવી આપસ કે મેં મારી આંખે આંખ દાબરો ચોરાતાં જોયો. ચલાવોની તો મોટેથી. મુગાં શું રહી ગીયા."

હવે શીરીનબાઈથી વધુ તામોસ થઇ શકાયું નહીં પગમાંની સપાતુ તેવણે હાથમાં લીધીને શાવક ઉપર તેવણ ધસીયાં.

"કમબખત હુકતા હું સુ કેહુંચ તે સમજતો નથી ને કીયારનો મારાં લોહીનું પાણી કરેચ."

એમ કહી તેવણે શાવકના બદદાની ખુબ ખુણર લીધી. પણ શાવકને તેની કયાં દરકાર હતીઃ તેને મનસે તો

રમુજ હતી. માર ખાતો ખાતો અને નાહુસતો નાહુસતોબી, તે બોલતો ગયો કે "કંઈ ફીકર નહીં હું તમારી તરફથી સાક્ષિ પુરસ."

શાવક તો કયાંનો કયાં પસાર થઈ ગયો અને શીરીન-બાઈએ અહીંથી ત્યાં ઘેલાં આદમીની માંફક ફરવા માંડયું. શું કરવું તે તેણીને સુજ પડયું નહીં. ગોદરેજજી ખેતરોમાં કામે ગયા હતા અને ઘરમાં માતીદામાં માતીદો તો શાવક હતો. પણ તે તો બોલેબોલ સાક્ષિ પુરવા તૈયાર થતો હતો. હવે તેણીએ વીચાર કર્યો કે રૂસતમને બોલાવી તેને આ બાબદથી વાકેફ કરવો. કારણ કે જો લાંબો વખત નીકલી જશે તો ચોર કયાંનો કયાં પસાર થઈ જશે તે તેણી જાણતી હતી.

## પ્રકરણ ૧૦.

રૂસતમે સોહરાબને દાબરો લઇ જઇને આપ્યા પછી સોહરાબે તેનું શું કીધું તે આપણે હવે તપાસીએ. રૂસતમ ઘણો ઉતાવલમાં દાબરો આપી ચાલી ગયો તે તો આપણે જાણીએ છીએ. દાબરો રેસમી કપડાંની કોઠળીમાં વીંટાલેલો હતો તેથી સોહરાબ સમજી શકયો નહીં કે તેમાં શું હતું. અને તે બીચારો શું જાણે કે તે કયાંથી અને કેવી રીતે ત્યાં આવવા પાંમીયો હતો "આમાં જરા જોખમ છે તે સમાલીને રાખજે" એમ કહી રૂસતમ ત્યાંથી ચાલી ગયો હતો. પણ ધરમશાળા જેવી જગામાં કેઇ જગા ઉપર તે મુકવો તે તેને સમજ પડયું નહીં. પરીન સાથ કીધેલા છબરડા પછી તે ઓરડામાંજ ભરાઇ રહયો હતો. પરીન અને જર હજુર ધરમશાળામાંજ છે અને ગારી આવે કે તે લોકો સાથે ગોદરેજજીને ઘેર જવું પડશે તેનાં તે ગભરાતમાં હતો. બહાર નીકલે તો રખે પરીન સામે થઇ જાએ. અને કાંઈ છબરડો વધુ થાએ કરી તે અંદરજ ભરાઈ બેઠો હતો. દાબરાનું શું કરવું તે તેને સમજ પડી નહીં. અંતે તેને એક વીચાર સુઝયો. તેનાં કપડાંનાં બેગમાં તો તેની જગા થાએ નહીં તેથી તેને પોતાનાં એક નોકરને બોલાવ્યો (તેઓ સાથે બે નોકરો હતાં જેમાંનો એક તદન

ચોકાર હતો તે આપણે જોઈ ગયાં) અને તેને કહ્યું, “લેરે જીવા આએ દાબરો લઇ જઇને પેલી ધરમશાળાવાળી બાઇને આપી આવ ને કેહેજે કે જરા સંભાળીને રાખજો. હમે પાછા જશું ત્યારે લેશું.” . . .

“પણ છેત એ બાઇ કંઇ——”

“બસ કતકત નાં કર. તું તારે મારે નાંમે તેને આપજે.”

જીવનને ચાકરોમાં ફરતાં હરતાં માલમ પડયું હતું કે આ કાંઈ ધરમશાળા નથી તેથી તે કેહેવા જતો હતો કે એ બાઇ કાંઇ ધરમશાળાવાળી નથી. પણ તેને સમજે કોણ? સોહરાબનું નસીબજ હમનાં ઊંધું ચાલતું હતું.

“પણ છાબ મારૂં જરા છમજો તો ખરૌ એ બાઈ તો—

“બસ તુંને કહયું કેની કે એકદમ જા.” જીવન ત્યાંથી ચાલી ગયો.

શીરીનબાઈ રૂસતમને સોધતાંતાં તેતલાં જીવો હાથમાં દાબરો લઇને સાંમે થયો.

“બાઇજી છોરાબ છેતે આએ આપેલું ને કીધેલું કે છમભાલીને ઊંચો કરજો.” “જતી વખત લેતા જશું” એ બોલો સારે નશીબે જીવો બોલતાં ભુલી ગયો.

દાબરો જોતાંજ શીરીનબાઇનો જીવ ધીરો પડયો. તુરતજ તેણીએ તે ઉગાડી જોયો. સઘળી જણસો જેમની તેમ સલામત હતી. હવે તે વીચારમાં પડી. પણ તુરત તેણીએ મનમાં વીચાર કરવા માંડયો, “હાશે કાંઇ મારીજ ભુલ હોશે. મારીજ ગફલતીથી કાંમ થયું હશે. મારેથી કબાટ ઉગાડી તો નહીં રહી ગેઈ હોય અને ?. ને બુમ પરાવા ગોઇરેજે તો

સંતાડીઓ નહીં હોય. ચોરી તો નહીંજ થઇ હોય કારણ કે જો કોઈ ચોરી લઇ જાએ તો જેમનો તેમ સલામત કોઇ પાછો નહીં મોકલે."

જેબી હોય તે પણ જ્યારે તે સલામત મલ્યો હતો એટલે વધુ ચાવા ચીલી નહીં કરવાનો તેણીએ વીચાર કીધો. કંઈબી ભુલ કંઇબી ગફલતી હોવીજ જોઇયે.

બપોરનાં ખાનાંનો વખતં થયો હતો. ગઇ રાતનાં જ્યારે તેઓ જમીયા હતા ત્યારે તો રૂસતમબી તે ઘરને ધરમશાળા સમજતો હતો એટલે તે બે દોસ્ત સાથેજ જમીયા હતા. પણ હવે તો તે જાણતો હતો કે જમવા તો સાથે બેસવું જોઇયે. પણ સોહરાબની તબીયત થીક નથી એવું બહાનું કહાડી તેઓ બંનેએ પોતાંનાંજ ઓરડામાં ખાઈ લીધું. ખાતાં ખાતાં રૂસતમે વાત છેડી. "કેમ સોહરાબ પેલો દાબરો સમાલીને કેઠે મુકયોચ કે ?"

"રૂસતમ તુંને એટલો વીચાર નહીં આવ્યો કે મારી પાસે હું આવી જગા ઉપર દાબરો કયાં સંભાલ્યા કરૂં. મેં તો જીવણ પાસે તે પેલી ધરમશાળાવાળી ઉપર મોકલાવી આપ્યો."

ચંડે પેતની નરમ ઘી જેવી આ વાત સમજી રૂસતમનું લોહી ઉડી ગયું.

"કેમ રૂસતમ થીક કીધું કેની ?"

"ચાલો તુંબી થીકજ કીધું."

ગરીબ બીચારો રૂસતમ ! બધી રીતે તેનું મોહ બંધ હતું. સોહરાબને તે કેમ કહી શકે કે દાબરો કોણનો હતો

અને ક્યાંથી આવ્યો હતો અને કેમ તેની પાસે આવ્યો હતો. જો કે રૂસતમને સોહરાબ ઉપર ખુબ ચીડ આવતી હતી તોપણ તેરીબી ચુપ ને મેરીબી ચુપ શીવાએ છુતકોજ નહીં હતો. "જીસ મુલસે આયા ઇસ મુલસે ગયા" એવો વીચાર કરતો રૂસતમ ઓરડામાંથી બહાર નીકળ્યો. દાવુદ તેને સામોજ થયો. શું થયું હતું તેની તેને તો ખબર પડી ચુકી હતી.

"કેમ માસતર એ શું તમે લોકોએ રકાસ કીધો. બી એ. થયા ને એમ. એ. થયા ને આવી અક્કલ ને હુસીયારી રાખોચ કે ? આપરે શું કરીએબા. હવે તો તમારૂં તમારે હાથે ફેરી લેઓ."

"શું કરૂં દોસ્ત વાંક મારો નથી. બધો છબરડો પેલા મારા દોસ્તથી થયો. ચાલો હવે તો એ વાતપરથી પાંણી ફેરવશું અને અમથાંજ સાંજના પોબારા માપશું."

"દોસ્તી કરે તો હમારા જેવા હુસીયાર માણસ સાથ કર કે એમ પીતપાત ફરીને મદદ કરે. નહીં કે આવા જંગલીઓ સાથ."

"ચાલો એ તો જે થવાનું હતું તે થયું. પણ તારા માએ કાંઈ બોલતાં હોસેની કે એ શું ગોતાલો થયો. એવણ સમજી તો નથી ગીયાં કે ?"

"અરે નહીં રે સમજી શું-જાએ એનું કપાર. એ તો બુધી એમજ સમજેચ કે કંઈમી ભુલ અને ગફલતી છે. ચાલ હવે હું લો, જાઊચ. મારે તમારા લોકોની ગાડીની તૈયારીઓ કરવી છે.

## પ્રકરણ ૧૧.

જમ્યા પછી જર અને પરીન સાથે થયાં. પરીનને વધુ વખત અંધારામાં રાખવું જરને ઠીક લાગયું નહીં. અને તેથી સોહરાબ શું ભુલમાં હતો તે હવે તેણીએ કહી દીધું. જો કે રૂસતમ સાથે નાહુસી જવાની વાત વીશે તેણીએ અખાડા કીધા.

"શું આએ ઘેરને એવણ ધરમશાળા સમજેચ ? મરેરે કોટક. પણ ત્યારે આપરે હવે એવણની ભુલ ભાંજવી જોઇયે."

"નહીં હમણાં નહીં. તેમ જો થયું તો એ હમણાંને હમણાં અહીંથી ચાલી જશે. તું જાણેચ કેની એ કેટલો શરમાળ છે ? મારો તો વીચાર છે કે સોહરાબનાં બાવા આવે ત્યાં સુધી એ ભુલ સુધારવી નહીં."

"મરેરે તારે કેશું આવું ગોંદલ થઈ ગીયું કે ? તારે કેશું તેથીજ બાવાની સાથે આવી રીતે એવણ વરતતા દેખું."

વાત અહીં આવતાં તેઓ કાંઇ કાંમને લીધે છુતાં પડયાં. છુતાં પડયા પછી પરીન રાંધણીમાં ગઇ. જો કે ગોંદરેજને ત્યાં ચાકરો તો હતા તોબી રાંધવાના કાંમમાં પરીન એટલી

કુશળ હતી કે ઘણી ખરી વાણીઓ તેણી પોતાને હાથે બનાંવતી હતી.

સોહરાબને જે ઓરડો આપવામાં આવ્યેલ હતો તે એવી જગાએ આવેલો હતો કે રાંધણીમાં શું શું થાય છે તે ઘણું ખરૂં તે ઓરડાની બારીએથી જોવઈ શકાએ. જમીયા પછી સોહરાબ જરા બારીએ ઉભો અને તેને પરીનને અહીં તહીં દોરતી તપીલીઓ તપાસતી જોઈ.

"વાહરે શું ખુબસુરત છોકરી છે! એ કોણ હોસે! ધરમશાળાવાળાની છોકરી હોવી જોઇયે."

ઓરડો છોડી હવે જરા બહાર આથવાનું તેનું મન થયું. બહાર આવ્યા પછી પાછી એક વખત તેની નજર તેણી ઉપર પડી. તેણીની પછવાડે એક ચાકરડી જતી હતી તેને સોહરાબે કાંઈ કાંમને મસે અટકાવીને પુછયું કે તે બાઈ કોણ હતી?

"વરી કોણ? હમારા શેઠની છોકરી." એમ કહી તે ત્યાંથી ચાલી ગઈ.

"બરાબર. પેલા બુધાની છોકરીજ હોવી જોઇયે."

રૂસતમે ચાકરડીને પુછેલો સવાલ તેણીને ઘણો અજબ જેવો લાગો અને તેણીએ તે વાત પરીન આગલ જઇને કીધી. પરીનને પોતાને કાંઈ ઝાઝી અજાએબી લાગી નહીં. તેણી તુરતજ સંમજી ગઇ. જે વખતે તેણીએ સોહરાબ સાથ વાત કરી હતી ત્યારે તેણીએ જુદ્દી સારી પેહેરી હતી અને તેણી કેવી હતી તે તો મુદલ તે જાણીજ નહીં શકે કારણ કે વાત કરતી વખતે તેની નજર આખો વખત જમીન

ઉપર હતી અને તેને મુદલ તેણીનાં મોહ ઉપર જોયું નહીં હતું. આયાએ શું જવાબ આપ્યો તે સમજી તેણીએ તેને તાકીદ કીધી કે આ સવાલ વીશે તેણીએ કોઇ બીજા આગળ વાત કરવી નહીં. આટલું સમજી આયા ત્યાંથી ચાલી ગઇ પણ જતી વખતે આયા કેહેતી ગઇ.

"બાઈ જયારે હું જવાબ આપીને પાછી ફરી ત્યારે મેં અઠરતા એવણને બોલતા સમજ્યાં કે છોકરી કેટલી ખુબસુરત છે."

"ખચ્ચીત એ મને ઓરખતો નથી; છોકરી એટલે ધરમશાળાવાળાની છોકરી એ મને સમજતો હશે. વારૂ ત્યારે હવે ધરમશાળાવાળાની છોકરીનાંજ લેબાસમાં હું શું કરી શકુંચ તે મારે અજમાવવું છે."

આપણી પરીને સોહરાબ માટે કાંઇ અજબ ખેચાંન કીધું હતું. બે ત્રણ વખત પાછી તેણીને જોવાની તેને કોશેશ કીધી અને તે ફાવીયો. પરીને હાથે કરી હવે તેની આગળથી આવજાવ કરવા માંડયું. તેણીનો ગોરો ગોલાબી પણ નીરદોશ ચેહેરો તેને ઘણોજ ગમ્યો.

તેને આજ લગી કોઇબી જુવાન છોકરીને નીહાળીને જોઇ હતી નહીં. પરીનને તેને બારીકીથી તપાસી. અંતે તો તેણીનો શીકાર થયો. તે તેણીને જોઇ તેણી સાથ પ્યારમાં પડયો. કોઇબી રીતે સાથે વાત કરવાની તેને હવે વેતરણ કરી.

બપોરનાં બે વાગા પછીનો સુમાર હતો. સઘળું એકાંત હતું. ગેહદરેજ ખેતરોમાં જુઆર કપાતી હતી ત્યાં હતા. શીરીનબાઈ પોતાનાં ઓરડામાં જી કરી ગઇ હતી. શાંત

પીઠાંમાં પોહચી વળ્યો હતો અને રૂસતમ એકાંતમાં જરને સમજાવતો હતો. જાણુસને ગોતાળો થયા પછી તેણીનું મન ધચુપચુ થયું હતું. તોપણ તે તેણીને સમજાવવામાં અંતે ફતેહ પાંમીયો. સાડા ચાર વાગે સાંજે તેણીએ ચોરઆંમલાનાં ઝાડ આગળ આવવાનું વચન આપ્યું.

આવા એકાંત વખતે પરીન હોલમાં જઇ કંઇ વારતાની ચોપડી વાંચતી બેઠી. સોહરાબે તેણીને જોઈ અને તે પણ કાંઇ ચોપડી લઇ ત્યાં ગયો. વાત પેહેલે કેમ છેડવી તેની મુશકેલીમાં હતો તેટલાં ચંચલ પરીનેજ શરૂ કર્યું, "જી ચાહ તૈયાર છે. જ્યારે જોઇયે ત્યારે માંગી લેજો."

"થેંક્યુ. કંઇ નહીં બાનું હજુર તો બે થયાચ. ચાહ પીવાને ઘણો વાર છે."

આટલું બોલી તે પરીનની સાંમેનાંજ સોફા ઉપર બેઠો. ચોપડી વાંચવાના તે ઢોંગ કરતો હતો પણ ચોપડીમાં તેનું ધ્યાંન હતું નહીં. પરીનને તે વધુ તીકતો બેઠો અને તેની ઉપર વધુ અસર થવા માંડી. પરીન આ સઘળું બારે દોરે તપાસતી હતી. થોડોવાર આંમ ગુરકા ગુરકી ચાલ્યા પછી પરીનેજ પાછી વાત છેડી.

"માંફ કરજોજી તમને હું અરચણ કર્યા કરૂંચ તે. પણ પણ આ ચોપડીમાં લખ્યુંચ કે 'પછી તેઓ બંને જણાં લએલા મજનુંની વાતોમાં પડયાં.' એટલે તે વરી કેવી જાતની વાત હોશે ?"

આબાદ તક જોઇતીજ મલી. તે પોતાંની જગાએથી ઉઠયો અને પરીનની પાસે આવીને બેઠો.

"જોઊંજી મને જરા ચોપડી જોવા દેઓ."

ચોપડી લેતાં તેનાં હાથ પરીનનાં નાજુક હાથોને લાગયા. તે વખતે તેના દીલમાં જે જટકો પસાર થયો તે દર્શાવવો બહુજ મુશકેલ છે. લએલા મજનુનનો કીસ્સો પરીન ઘણું સારી રીતે જાણતી હતી તોપણ વાત છેડવા માટે તેને આ તાલ સોધી હતી.

"લએલા મજનુ' એ એક ફારસી કીસ્સો છે. લએલા મજનું સાથે ઘણી નાની ઉમરથી પ્યારમાં હતી. તેઓ એક બીજા ઉપર જાન આપતાં હતાં. પણ લએલાનાં બાપે વાંધો કહાડીયાથી તેઓનાં પ્યારમાં ખલલ પડી. મજનું બીચારો ઘેલો થઈ ભતકવા લાગયો અને જંગલમાં મરી ગયો. વફાદાર લએલા પણ તેની સોધમાં નીકલી અને મજનુંનાં મરણ પાંમેલાં શરીર ઉપર વીલાપ કરતી તેણીબી મરણ પાંમી. કેવો દલગીરી ભર્યો અંજામ? બે જણ એક એક ઉપર ફીદા હોય તો બીજાઓએ શા માટે તેઓની વચ્ચે આવવું જોઇયે?" આટલુ' બોલી સોહરાબે એક છુપી હાએ મારી જે પરીને બરાબર સમજી.

એક વખત બીહતો ધ્રુજતો તતપપ કરતો સોહરાબ આવા જુસ્સાથી પ્યારની વાંતો કરે તે તેણીને ઘણું જ અજબ જેવું લાગું.

"બચીત ઘણુંજ દલગીરી ભર્યું" તેણીએ જવાબ આપ્યો.

"માંફ કરશો બાઇ પણ મને પુછવાની રજા આપશો કે હું કોણનો અહીં આવ્યો છું પણ તમને તો મેં હંમનાંજ જોયા."

"હાજી આખો દીવસ હું ઘણીજ કાંમમાં રહું છું અને મને આએજ વખતે પુરસદ મલે છે."

"મેહેરબાંની કરી તમારૂં નાંમ કહેશો."

"મારૂં જનમ નાંમ તો બીજું છે પણ મને ઘરમાં બપઇ નાંમે બોલાયે છે."

"ત્યારે તમો આ કુતુંબ જાય શું સગઇ ધરાવો છો? હું ધારૂંચ કે પેલા કાકા તમારા બાવા હોશે."

"નહીંજી હું એવણની એક દુરની સગી છું પણ એવણ મને દીકરી કરી બોલાવે છે અને હું પણ એવણને મારા બાવાજ ગણું છું કારણ કે ઘણી નાનપણથી એવણેજ મને પાલી પોસી મોટી કરી છે."

ધીમે ધીમે હવે સોહરાબે પરીનની વધુ નજદીક સરવા માંડયું.

"મને કહેવાની રજા આપશો મીસ બપઈ કે તમો ઘણાંજ ખુબસુરત છો. ગામરાંઓમાં પણ આવી ખુબસુરતીઓ હોય છે એમ મને માલમ નહીં હતું."

આ સમજી પરીન શરમની મારી લાલ થઇ આવી અને હવે તેણીની ખુબસુરતી વધવા લાગી.

"જી માંફ કરજો પણ હું ધારૂંચ કે ગોદરેજજી ચીનાઈની પરીન બાનું જેટલી તો હું ખુબસુરત નથી."

"છત છત હુમબગ. તેનાં કરતાં તમો ઘણાંજ ખુબસુરત છો."

"હું ધારૂંચ કે તમે મારી ખોટી વખાંણ કરોચ અને મને અમથી ચડ્હાવી આપોચ. હું તેવણ કરતાં વધુ ખુબસુરત છું એમ તમે કેમ જાણો?"

"કેમ જાણું? વરી કેમ જાણે. મેં તેનેબી જોઈને તમુમેબી જોયાં. અલબત તમે તેણીનાં કરતાં વધારે ખુબસુરત છેઓ. તમારી આંખમાં અને તેણીની આંખમાં પણ ઘણો ફરક. જુઓની તમારી આંખો કેટલી ચલકેચ અને તે તો સેહેજ બારી હતી."

"એઅદબી માફ છે પણ મારા સમજવા પ્રમાણે તો તમે તેવણ સાથે વાત કરતાં આખો વખત આંખ જમીન ઉપર રાખી હતી અને તેવણનાં મોહપર તો તમે જોયુંબી નહીં હતું અને જો તેમજ હોય તો તેની આંખની તપાસ તમો કેમ લઈ શકયા."

"અરે તારી. આએ પોરીએ એ વાત કહાથી જાણી." સોહરાબ મનમાં બબરીયો.

"છત નોનસનસ. કોણ કહેચ કે મેં તેની આગળ નહીં જોયું, સામી તેજ આખો વખત નીચે જોયા કરતી હતી."

"હોસે પણ મેં તો સમજયું કે તમે તો અકરઈ ગભરઈ ગીયા અને તત પંપં થઇ ગયા અને ધુજવા લાગા."

"હમબગ હુમબગ. તદન ખોટી વાત. મેં તો ભપકામાંજ ચલાવ્યું. તેજ બીચારી ગભરઇ ગેઇ અને કંઇ કંઇ બહાનાં કહાડીને ચાલી ગેઇ. હું વેને જોઇયે બીહું કાંએ? બૈરાંઓથી માટીડાઓએ બીહવાનું હેવું? શું બઈની અંદર

તો હજારો બૈરાંઓની ઠઠમાં હમે ફરવા જઈએ અને સેવક જરા હસમુખા છે એટલે બૈરાંઓના જરા માણીતા છે."

આ ઠઠ્ઠાંસ સમજી પૂરીનને મનમાં હસવું આવ્યું.

"તમુને કેહું જે મારૂં નાંમજ તે લોકોએ વાજતો ગુંગરો રાખીયુંચ."

આ સમજી પરીનથી હસાઇ ગયું જે જોઇ સોહરાબને અકરવકર થઇ. "કેમ આએ છોકરી ખરી વાત જાણેચ કે શું કે મનમાં હસેચ."

"કેમ જી તમે કંઇ હસીયાં ?"

"નહીં જી હસવું તો એમ આવ્યું કે તારે તમારી ઉપર તો કંઇક બીચારીઓ ઉમેદ રાખતી હોસે. જીવ તો તમારો એક અને ઉમેદવાર ઘણાં તો પછી કેટલી બીચારીઓ નાસીપાસ થશે અને કેટલીકનાં દીલ તુતસે."

"જુઓનીજી એમ તો ચાહવા તો ઘણાંબી આવે પણ મુંબઇની છોકરીઓમાં કંઇ દમ નહીં. ફાસીનની ફીસીયારીમાં ચકચુર થઇ રહેલીઓ ઇંગ્રેજી સીખવામાં પોતાની દેહ કચ્ચડી નાંખી સંસારનું સુખ તેઓ મેલવી શકતાં નથી. ગામરેની ગોલાબી ગાલવાળી તંદરોસ્ત છોકરીઓ જેવી હમારાં મુંબઇમાં એકબી તમને મલશે નહીં. માંફ કરશો પણ ખુલ્લું કહેવામાં હું કાંઇ ખોટું સમજતો નથી કે તમારા ગાલ ઉપરની લાલી જોઇ મુંબઇની દરેક છોકરી તમારી અદેખઇ કરશે અને દરેક કુમારો માણસ તમારો ભરથાર થવાને ઉમેદવાર થશે."

હવે સોહરાબે તેની ખુરસી નજદીક સરવા માંડી.

"શું જી તમેબી મને બધી સરમાવી નાંખોચ ?"

"એમાં સરમાવાનું શું છે? જે ખુબીઓ તમારામાં હું જોઉંછુ તે હું તમને કહુંછું."

હવે તેને વધુ અને વધુ નજદીક સરવા માંડયું.

"મને માંફ કરશો. જો હું ઘણી બેઅદબી કરતો હોઉં તો પણ મારેથી કહ્યા વગર ચાલતું નથી કે હું તમને ચ-ચ-ચાહઉંચ."

આ બોલો સમજતાંજ શરમની મારી પરીન એકદંમ લાલ થઇ આવી.

"બે અદબી માંફ છેજી પણ હું કહા અને તમે કહા ?"

"તે વાત હવે પછી થશે પણ મને કહો કે તમો મને આશા આપોચ કે નહીં ?"

"નહીંજી માંફ કરો. હું ધારૂંચ કે તમો હાલમાં શુ બોલોચ તેની તમને ખબર નથી. તમારા જેવા શીખેલા શેહેરીને ત્યાં મારા જેવી ગામરોયન કેમ સોભે ?"

"નહીં તમને કાલાવાલા કરીને કહુંચ કે મને નાસી પાસ નાં કરો."

"તમારા ભલાંને માંટે મારે ના કહેવા શીવાએ બીજો છુતકો જ નથી."

ગરીબ બીચારો સોહરાબ. આ તેનાંમાં કેટલો ફેરફાર ? બેરાંઓને જોઇ તે હમેશ કોસો દુર નાસતો હતો અને તેઓ નજદીક આવતાં તે ધ્રુજતો હતો. સોહરાબ કે જેને આ એજ પરીન સાથે ગભરાતમાં શું શું છબરડા કીધાં હતા તે હમણાં

અને હુંમણુંજ પેહેલ વેહેલો ચાહતાં શીખીયો હતો. તેને કોઇબી બૈરાંનાં મોહ ઉપર અતીચાર સુધી ચીપીને જોયું ન હતું. તેને કોઇબી બૈરીનો આવો મીઠો અવાજ આગલ વગર બીહકે સમજ્યો નહીં હતો. તેજ સોહરાબ આજે આપણી આ ગામરેની ગોરીનાં ગોલાબી ગાલોને: ગુંજરી થયો હતો. પરીનનો જવાબ સમજી તે ઘેલો ગાંડો થઇ ગયો અને તેણીનો નાંજુક હાથ પકડી તેને એક બચ્ચાં માંફક કાલાવાલા કરવા માંડ્યા.

"તમને કાલાવાલા કરૂંચ તમારી પાસે માંગી લેઊંચ કે એકદમ નાં ના કેહો. હજુરબી વીચાર કરજો અને મારી ઉપર દયા કરજો." એમ કહી તેણીનો હાથ સોહરાબે પોતાનાં હાથોમાં દાબીયો અને પોતાંની છાતી સાથ તે દાબવા જતો હતો તેતલાં જોર કરી પરીને પોતાનો હાથ તેનાં હાથોમાંથી છોરવીયો. આજ વખતે ઓરડાનાં ઉબર ઉપર કોઈ આવી લાગું તે કોઇજ નહીં પણ આપણાં હીંનાતા ધરમશાળાવાળા હતા. તેવણ ખેતરમાંથી ચાનો વખત થયાથી આવ્યા હતા. હોલમાં ચાલતા નાટકનો છેલ્લો સીન તેવણે બરાબર જોયો. સોહરાબ તેવણને જોતાંજ ચાલી ગયો અને જતાં જતાં બબરીઓ "કયાંથી કવાબમાં હાડકું આવી સુવું."

"એ આએ શું કેસતા પરીન? શું તુબી મને થગ-ડામાં? આઓજં કેની પેલો માણુસ કે જેનાં શરમાળપણાની તું તારીફ ઉપર તારીફ કરતી હતી. અને જેની મરીયાદા માટે તું બરકાં પર બાકાં ફૂકતીતી."

"હા વહાલા બાવાજી તેં એજ. એનાં શરમાળપણાં

વીશે જે મેં તમને કહયું છે તે બોલેબોલ ખરૂં છે અને તે હું સાબેત કરી આપવા તૈયાર છું."

"આએ છોકરી તો મને ઘેલો કરી નાંખશે. પણ મેં મારી આંખે આંખ શું જે બધુ જોયું તે ખોટું. એ તારી કેટલો નજદીક બેઠો હતો ? શરમાળ માણસો એમજ બેસતાં હશે. શું તે તારો હાથ પકડી કાંઈ રગજીગ નહીં કરતો હતો ? તે ચાલચલનને તું શરમાળપણુ કહેચ કે ? પરીન પરીન તું મારી આવી દાહી દીકરી થઇ મને ઠગેચ ?"

"બાવાજી હમણાં એટલુંજ કહેવા દેશો કે નજરે જોએલુંની ઘણી વખત ખોટું પડે છે. તમો મારી ઉપર વીશ્વાસ રાખો અને હું થોડા વખતમાં તમારી ખાતરી કરી આપીશ. કે એ ખરેખર એક શરમાળ માણસ છે."

"ખાતરી મારી પુરતી થઇ છે. તું ભલે તેને વીશે એ વીચારો ધરાવ પણ મેં હમણાં પકકો વીચાર કીધો છે કે એને જઇને મારે ભલમનસાઈથી કેહવું કે એને અહીંથી ચાલી જવું."

"બાવાજી, વહાલા બાવાજી જો મારો એક એટલો બોલ કરો અને એટલા ઉતાવલા નાં થાઓ. વીચાર કરો બાવાજી કે એનાં બાવા સાથે તમને કેટલી જુની દોસતી. ગમે તેટલીબી એની કસુરો હશે તોપણ તમે એને ઘરમાંથી કહાડી મુકશો તો શું તેવણ ગુસ્સે નહીં થશે."

"તેને સમજાવવું મારૂં કાંમ છે. તેને જેબી કહેવું હશે તે હું કહીશ

"જો બાવાજી મારૂં માનો. કોઈને ખાતર નહીં તો મારે ખાતર થોભો. વીચાર કરો કે ફક્ત બે કે ત્રણ કલાકમાં એનાં બાવા આવવા જોઇયે અને તેવણુ આવ્યા પછી તમે જે જોઇયે તે કરજો."

ગોદરેજજીનાં ધ્યાનમાં વાત ઉતરી. થોડોક વીચાર કર્યા પછી તેવણ બોલ્યા, "મરવા દેઓ કમબખતને અને આવવા દેઓ એનાં બાપને."

એમ બોલતા તેવણુ ત્યાંથી ચાલી ગયા.

## પ્રકરણ ૧૨.

ગરીબ બીચારો સોહરાબ! આ બે દીવસોમાં દુન્યાંમાં જેબી ભુલ થઈ શકતી હોય તે ભુલ કરવાને તે પેદા થયો હોય એમ લાગતું હતું.

ગોદરેજે વીચાર કર્યો હતો કે કંઈબી કરી સોહરાબનાં બાપને આવવા દેવો અને પછી તેને હાથેજ સઘળો ઈનસાફ કરાવવો.

આ પ્રકરણમાં એક નવી થતી ભુલ વીશે લખવા પહેલાં એક ખુલાસો કરવાની જરૂર છે. આપણી વારતાના બનાવો જયારે બનતા હતા તે મુદત ઉપર આબકારી ખાતાંનો જુલમ ઘણો હતો નહીં. દારૂ વેચવામાં આજનાં જેટલી બંધી હતી નહીં. ખસુસ કરી ગાંમરાંઓમાં આંકોસ ઘણો થોડો હતો અને દરેક ધરમશાળાવાળા પોતાનું દારૂ તાડીનું પીઠું પોતાની ધરમશાળામાંજ રાખતા હતા. ગોદરેજ પોતે જો કે તેમ કરતા નહીં હતા પણ પોતાનાં ઘરની બાજુમાં એક જગા ભાડે આપી હતી જે જગામાં એક પીઠું હતું અને જેને સોહરાબ ગોદરેજનું પોતાનુંજ પીઠું સમજતો હતો. છેલ્લા પ્રકરણમાં થતી વાતોને લગભગ એક કલાક થયા પછી સોહરાબનો છાકતો કએતાંન પાછો સુરમર ચહડયો. તે એટલો પીધેલો થયો કે હવે તેને વધુ તોફાંન

કરવા માંડયું. ગોદરેજ હૉલમાં બેઠા હતા ત્યાં તે આવ્યો અને સોફા ઉપર તેવણની પાસે બેઠો. હવે તેને જાત જાતનાં ચેરાં કહાડવા માંડયાં.

"અરી માકા. આઊં ગૉઆચો ગોવંદર હુએરે: ચેરે-તુકા બેવરો ચાંગલો નાહીં. માકા બુંબઈચો ફેની ઍાલરેત ફેત વેરી ગુડ. અરી કમ ડીયર. આંપાન પોલકા દાન્સ કરેગા."

એમ કહી તેને ગોદરેજનો હાથ પકડી તેવણને સોફા ઉપરથી ખેંચી કહાડી મજબુત પકડી રાખી ખુબતદરેથી ગોલ ચકરડાંમાં ફેરવ્યા અને ગાવા માંડયું. "ચેરેલીંગ, મેરેલીંગ દીંગ દાંગ."

ઘણી મુશકેલીએ આ છાકતનાં હાથમાંથી ગોદરેજ છુટ્ટા થયા. હવે એવણની ધીરજ રહી નહીં. હવે તેવણ ગુસ્સામાંજ સોહરાબનાં ઓરડામાં ઘુસીયા.

"મી૦ સોહરાબજી. અતીયાર સુધી હું તમને કંઈ બોલ્યો નથી પણ દારૂ પીવાની બાબદમાં તમારા નોકરો ઘણી ખરાબ ચાલ ચલાવેચ."

"જુઓની શેઠ હમો પોતે દારૂ પીતા નથી પણ હમો હમારા ચાકરોને તે વીશે કાંઈ મનાં કરી નથી."

અહીં આ બે વચ્ચે પાછી ભુલ ભુલામરી ચાલતી હતી. ચાકરો છાકતા થઇ ધીંગા મસ્તી કરતા તે વીશે ગોદરેજ ફરીયાદ કરતા હુતા ત્યારે સોહરાબ સમજતો હતો કે આએ ધરમશાળાવાળાનાં પીઠાંમાંથી ચાકરો ઘણો દારૂ નહીં પીતા અને વકરો નહીં કરાવતા હુતા તેથી તે ફર્યાદ કરતો હતો.

"પણ હું ધારૂંચ કે તમે એ લોકોને કાંઇ સીખામણ આપવી જોઇયે."

"જુઓની શેઠ તમે ઘરી ઘડી માથું ખાયાં કરોચ તે સારૂં નહીં. હમોએ હમારા ચાકરોને સાફ ખુલ્લું કહયું છે કે જોઇતો દારૂ હમારે હીસાબે લઇને પીવો."

"શું તમે એવો હોકમ ખરેખર આપ્યોચ ?" હવે ગોદરેજનો ગુસ્સો તપી આવ્યો અને તેવણે બાંગ મારી પુછયું.

"હું મારા બોલ સાથે તમ્ને કેહુંચ કે હમોએ એ બાબદની તે લોકોને છુત આપીચ. લેઓ-જુઓ સામેથી પેલો કએતાંન લઠરતો લઠરતો આવેચ. એમ આવ કએતાંન, મેં તુંને નહીં કહેલું કે તારે ગમે તેટલો દારૂ પીજે."

કએતાંને જવાબ શું આપ્યો તે લખવો જરા નજીસ છે પણ તે લખવા માટે માફી ચાહીયે છે. સોહરાબનો સવાલ પુરો થાએ તેટલાંજ કએતાંને ખેં કીધું. અને બંનેને મોહ આગળ રૂમાલ પકડવો પડયો.

બસ. ગોદરેજજીની ખમવાની શકતી અહીં ખતમ થઇ. તેવણનાં મોહ ઉપર તેને કહયું કે છાકતા થવાનો હોકમ તેને પોતાને હાથે આપ્યો હતો. સોદાવાતરની બાતલીમાં હવે તોફાન વધુ થવા માંડયું અને બાતલી ફાતી ગઈ.

"અરે. ઓ બેઅદબ નકટાઇનાં નમુનાં ! હું તુંને હોકંમ કરૂંચ કે અત્તર ગરી તારે અહીંથી ચાલી જવું: અગર જો દસ મીનીતમાં તારો સરસામાન લીધું અહીંથી ચાલી નહીં

ગીઓ તો યાદ રાખજે કે લાત મારી ચાકરો પાસે ઘેરની બહાર હંકારી કહાડશ."

આ તોપનાં ગોલા સમજી સોહરાબ તો તાઇલજ થઇ ગયો.

"એ કાકા તમે એ કોણને એટલું બધુ બોલોચ? ઘેર તમારૂં સાનુ થઇ ગીયું. હમે પૈસા આપશું પછી શું?" -

"તારે ઘેર મારૂં નહીં તો શું તારા બાપનું? નફ્ફટ-ઇનેબીઃ તો કંઈ હદ હોય? કોઈનાં ઘેરમાં આવવું, ઘેર ધણીને ચાહ લાવવાનો હોકમ કરવો, રાંધણીમાં જઈ હાલ્લાંઓ ખોરવાં, બુત પાલીસ કરાવવાનો હોકમ કરવો, ચાકરોને છાકતાં થવાની રજા આપવી, ઘેરનાં લોકોને હાથ પકડી અપમાણો કરવાં અને વળી નફ્ફ્ત નાંખે કેહેવું કે ઘેર કોણનું છે? નીકલ એકદમ અહીંથી નીકલ."

"અરે પણ એ કાકા જરા મોહનું સંભાળીને બોલો"

"આહા તારા બાપનું ઘેર છે. ઉચકી લઇ જા અંદરનો બધો સાંમાંન. આએ રૂપાંની કેનેસતી છે ને આએ રેસમી ભરતકાંમનો પરડો છે. ઉઠાવી લઇ જા કોણ તુંને પુછનાંર છે."

"અરે પણ એ કાકા એટલું બધુ તમે કોણને--"

"બધુ તારા બાપનું છે લઈ જા. આએ સંગેમરમરની ટેબલ છે ને સીસમની એઝીચેર છે ને આએ ધોલીયાઓ છે હોલમાં ઓઇલ પેંટીગની સબીઓ છે ને——"

"પણ પણ એ માસતર એ બધુ——"

"અરે લઈ જા રાંધણીઆંથી બધાં રાંધવાનાં વાસન કુસંન. લઈજા કબાટોમાંથી કપરાં ચપરાં. લઈજા તારે જેઇયે તો બધુ તારાં બાપનું છે"

ગોદરેજ એટલા સુર ઉપર આવી ગયા હતા કે તેવણ જે ધ્યાનમાં આવે તે બોલતા હતા. એટલા ઉસકેરાઈ ગયા હતા કે સોહરાબને તેવણ બોલવા પણ દેતા હતા નહીં.

"હું તમને કેહી મુકુંચ કે જો દંસ મીનીતમાં તમો અહીંથી નીકલી નહીં જશો તો તમારો સાંમાંન હું ઘેરની બાહાર ફેંકાવી દેવશ."

ઉસકેરાએલા ગોદરેજ ઓરડામાંથી બહાર ગયા. સોહરાબ અને તેવણ શીવાએ આ ગોટાલો કોઇ બીજું જાણતુ હતું નહીં તેવણે પોતાની ઉમરમાં કોઈનું અપમાંણ ખમીયુ હતું નહીં અને કોઇને આટલાં બધાં અપમાણ તેવણે કર્યાં હતાં નહીં. પોતાનો ગુસ્સો કમતી કરવા તેવણ ઘરની બહાર નીકલી પડયા અને ખેતરમાં ચાલુ મુકયું.

સોહરાબ તો દંગ થઇને ઉભોજ રહયો. બુધાની કાંઈ આગરી ખસી હતી કે શું. તેને પેહેલે કાંઈ સમજ પડી નહીં પણ વધુ વીચાર કરતાં તે સેહજ વેહેમમાં પડયો. કાંઇ ભુલતો નહીં થતી હોય? પણ શું ભુલ હોય? થોડા વખત જવા દઇ તે શાંત થયો અને હોલમાં આવ્યો. પરીનને ઉતાવલમાં આવતાં જોઇ તેને તેણીને અતકાવી.

"મેહેરબાની કરી કેહેશો બાનું કે આ ધરમશાળાવાળાનું નાંમ શું છે."

સોહરાબનાં બાવાનો આવવાનો વખત ઘણો નજદીક આવંતો હતો, અને હવે તેણીએ તેની ભુલ સુધારવાનો વીચાર કર્યો.

"ધરમશાળા? કેઇ ધરમશાળા? ધરમશાળાવાળો કોણ?"

"આંએ ધરમશાળા વીશે પુછુંચ?"

"એમદળી માંફ છે મેહેરબાંન પણ આએ કાંઇ ધરમશાળા નથી. આ તો ગોદરેજજી ચીનાંઇનું ઘર છે."

"હેં ગોદરેજજી ચીનાઇનું આએ ઘેર? ને આએ બુધા ગ્રહુસ્થ અહીં છે તેવણ કોણ?"

"ગોદરેજજી પોતે. માંફ કરજો હું જરા ઉતાવલમાં છું." એમ કહી પરીન ત્યાંથી ઝડપમાં ચાલી ગઇ.

ગરીબ બીચારો સોહરાબ! આ સમજી તેનાં હોસકોસ ઉડી ગયા. તેને હવે શું કરવું તે સુજ પડ્યું નહીં. તેનું મોહ ફીકકું પડી ગયું. તેને અતીયાર સુધી ગોદરેજને શું અપમાણો કર્યાં હતાં તેનો વીચાર કરતાં તે ઘેલો થઇ ગયો. તેનાં બાવા જે વખત જાએ તેમાં ત્યાં આવશે અને તેની આવી ચાલ માટે તેને શું શું કહેશે તેનો વીચાર કરતાં તે દીવાનો થઇ ગયો. ગમે તે થાય પણ એકદમ ઘરમાંથી ચાલી જવું એવો તેને વીચાર નક્કી કીધો.

એ બધું તો ખરૂં પણ રૂસતમ કયાં હતો? શું તેબી આવી ભુલો કરીયો જતો હતો કે? કયારે તે મલે કે તેની આગળ સોહરાબ બધો ખુલાસો કરે. અને ત્યાંથી ઉથાંગરી કરે. તે શું જાણે બીચારો કે તેનો દોસ્ત શું ઊંડા પાણીમાં ફરતો હતો.

ઘણાંજ ઊંડા વીચારમાં તે માથે હાથ દઈ બેઠો હતો તેટલાંમાં તેને પરીને જોયો. હવે તેણીને એક બીચાર આવ્યો. સોહરાબે તેની ભુલ જોયા પછી તે ત્યાં ઉભો રહેશે નહીં

એમ તેણી નક્કી માનતી હતી અને તે જો ચાલી જાય તો વાત સઘળી બગડી જાએ એમ હતું. ભુલ શું થઈ છે તે જાણ્યા પછી ગોદરેજ થંડા પડી જશે તે તેણી સારી રીતે જાણતી હતી. તેથી હવે તેવણુને ભુલથી વાકેફ કરવા અને સોહરાબના ખાવા આવે તેટલાં સોહરાબને કોઈબી તદબીરથી ચાલી જતો અટકાવવો એવો વીચાર તેણીએ કીધો.

સોહરાબ તે ઘેર છોડી જવાનો વીચાર કરતો હતો તે વખતે એક ચેહરો તેની આંખ આગળ હતો. ફકત આજેજ પ્યાર જેવી ચીજ તેને માલમ પડી હતી અને ફકત આજેજ તે ચાહતાં શીખ્યો હતો. ફકત એક બે મુલાકની અંદર પરીને તેને ઘેલો કીધો હતો. આ ઘેર છોડી જવાને તેને કોઈબી ચીજ ના કહેતી હોય તો તે પરીન હતી. પરીનનોજ તે હાલ વીચાર કરતો હતો તેટલાં તેને તેણીનેજ આવતાં જોઈ.

"બાનુ જો કોઇબી જાતની બેઅદબી થતી હોય તો માફ કરશો પણ મારે એક વાત કહેવી છે. જો તમને કંઈ અરચન નહીં હોય તો જરા બાગમાં ચાલશો."

તેઓ હવે બાગમાં ગયાં. પરીનને એક ચીજ ધ્યાનમાં આવતાં તેણીને સેહેજ હસવું આવ્યું. આ તેજ જગા હતી કે જ્યાં ફકત તેજ સવારે સોહરાબે અકરાત ગભરાતમાં છબરડો કીધો હતો.

"એક વખત ફરી તમારી પાસે માંગી લેઊંછું કે જો કોઈબી જાતની બેઅદબી થતી હોય તો માફ કરશો. હું એક ગ્રહસ્થ છું અને એક ગ્રહસ્થનું બચ્ચું છું. પ્યાર શું

ચીજ છે તે તમોએ આજેજ મને શીખવીયું છે. મેં અતીચાર સુધી કોઇબી બાઈ માણસ સાથે આટલી છુટથી વાત કીધી નથી, મને આજે આં ઘર છોડી જવાની ફરજ પડે છે. મને કહો એ બાનુ કે અગર જો હવે પછી હું તમારા હાથની માંગની કરૂં તો મને તમે કબુલ કરશો?"

"સોહરાબજી શેઠ તમો હમને છોડી જવાની વાત મેહેરબાની કરી કરશો નહીં. જો મારો અથવા અહીં કોઇબી માણસનો વાંક થયો હોય——"

"નહીં વાંક કોઇનો નથી. મોટામાં મોટો વાંક મારો અને મારા નસીબનો છે. હું તમો પાસ માંગી લઊંછું કે મને નાસીપાસ કરશો નહીં."

"ત્યારે શું તમે હમને છોડી જશો?"

"ઘણી દલગીરી સાથ મને તેમ કરવું પડેચ."

"જો તેમાં કાંઈ મારો વાંક હોય તો હું ઘણી દલગીર થઇશ. શું મારે લીધે તમે તેમ કરોચ? અરે એ ખોદા! હું તમને કાલાવાલા કરૂંચ તમારી પાસે માંગી લઊંચ કે તમે અહીંથી એકદમ ચાલી ના જાઓ."

આએ બોલતાં પરીને આંખમાં આસું લાવી દીધાં.

"અરે પરવર. મારે લીધે આએ બીચારી રડેચ. એને રડતાં જોઇ મારૂં જીગર ફાટી જાએચ. અર્થે બાનું. ઘણાંક સબબો સર. હું ઘણાં ખુલાસાથી વાત કરી શકતો નથી. મુંબઇનાં લોકો ચાવાચીવી કરનારાં છે, ગરીબોને તેઓ હીનનારાં છે, વળી મારા બાબાને સમજાવવામાં જરા મુશકેલી

પડશે. પણ જો તમો મને આશા આપશો તો કંઈબી કરી તમને મારી કરવાની કોશેશ કરીશ."

"પૈસાની તંગી એબી એક ગુનાહ છે એમ મને આજેજ માલુમ પડે છે." એમ કહી. પરીને વળી આંખ આગલ રૂમાલ પકડયો.

"અરે ખુદા વળી એ આંખપાણી કરેચ. ઓ પૈસા પૈસા."

"ત્યારે શું તમે પૈસાનાંજ પુજારી છેઓ કે ?"

"નહીં નહીં મને ઘેરઇનસાફ કરશો નહીં. અગર જો હું મારા પોતાનેજ હીસાબે જીવતો હતે અને મને કોઇને જવાબ આપવાનો હતે નહીં તો હું કોઈની દરકાર કરતે નહીં. પણ દુન્યા મને શું કહેશે ? તે મારે માટે શું શું બુરૂં વીચારશે ? ને વળી મારા પીતાજી ? તેવણને હું કેમ સમજાવશ ?"

"ત્યારે જો મારે લીધે તમે એટલી અગવડ ખમતા હાવો અને અરચણ પડતી હોય તો જાઓ સીધારો."

જેમ સોહરાબ પરીન સાથ વધુ વાત કરતો ગયો તેમ તેણીનાં પ્યારની જાલમાં તે વધુ વીંતલાતો ગયો. સૌ કરતાં તે પોતાનાં બાપથી ઘણો બીહ્તો હતો, તેની મરજી ઉપરાંત તે આ ગરીબડી છોકરી સાથ કેમ પરણી શકે ?

"બાનુ તમોં મંને એક બાબદસર વચન આપશો ? આ ઘર હું હમનાંજ છોડી જવા માંગું છું. અગર જો હું મુંબઇ જઇ નક્કી કરી તમારી ઉપર માંગું મોકલું તો તમો મારો હાથ કબુલ કરશો ?"

"પણ-પણ-જી, તમે મારે માટે હેરાન થાઓ——"

"કંઇ ફીકર નહીં. ઘણું થશે તો મારા બાવા પોતાનાં વારસામાંથી મને બાતલ કરશે. ચાલો હવે હું રજા લેઊંચ. મને ભુલશો નહીં. તમારી ઉપર હું આશા બાંધીશ."

એમ કહી તે ઘરમાં ચાલી ગયો. તેને જતો જોઈ પરીન વીચારમાંજ ઉભી.

"સવાર અને સાંજ વચ્ચેનાં સોહરાબ વચ્ચે કેટલો ફરક? એનાં શરમાળ સ્વભાવમાં કેટલા અમીરી ગુણો સમાયલા છે? પરણીશ તો હું પણ એનીજ સાથે નહીં તો કુમારી રહીશ. અગર જો હું કોણ છેઉં તે હમણાં એને કહી દેઉંચ તો એ વધુ ગભરાતમાં પડશે. પણ કોઇબી રીતે હવે ખરી વાત બાવાને કહી દેવી જોઇયે. કંઇબી કરી એને એકદમ ચાલી જતો અતકાવવો જોઇયે."

તેણી પણ હવે ઘરમાં ગઈ અને ગોદરેજજીને તેણીએ જરૂરનાં કાંમને બહાને બોલાવી મંગાવીયા.

સોહરાબ તૈયારીઓ કરવામાં રોકાયો. ગાડી મેલવવાની મુશકેલીમાં તે હતો અને રૂસતમની તે રાહ જોતો બેઠો. પોતાની ભુલ વીશે તે જેંમ વધુ વીચાર કરતો હતો તેંમ પોતાની ચાલ વીશે તે વધુ શરમાવા લાગો અને પીઠાંમાંનાં પેલા પારસી ડુકતાને હવે તેને ખુબ ચોપરવા માંડયું. સઘળા વીચારો વચ્ચે પરીનનો ચેહેરો તેની નજર આગલજ હતો.

## પ્રકરણ ૧૩.

ઘણો વખત થયો, આપણાં રૂસતમજી કાકાની આપણે ખબર લીધી નથી. તેવણ મીયાં હાલ શું કરતા હતા તેની તરફ હવે નજર ફેરવશું. રૂસતમ ચોર આંમલાંનું ઝાડ શોધી કહાડી ત્યાં જઇ ગાડીની રાહ જોતો ઉભો હતો. ગાડી ત્યાં આવી લાગવાનો વખત સવસ્યારનો નેમવામાં આવ્યો હતો અને આસરે પાંચ વાગે તેઓ તે ગાડીમાં બેસી સુરતનાં સ્ટેશન ઉપર જનાંર હતાં.

વચન આપ્યા પ્રમાણે શાવકે ગાડીની ગોઠવણ કરી હુતી. તેમ કીધા પછી તે ઘેર પાછો આવ્યો અને જર સાથે તેને નસારવાની તૈયારીઓ કરવા માંડી.

"શાવક, માએ જાણુસ મલ્યા પછી તુને કંઈ કહુંયું કે?"

"તારો રૂસતબી તદન કાકા અંહુસ છે. જાણુસ કેટલી મેહેનતે તફરાવી તારે તેને વરી આવો છબરડો કીધો. માએ તો એમ સમજેચ્યુ કે કાંઇ ભુલચુકથી થયું હતું અને મેં બી એમજ એવણનાં ધ્યાંનમાં ઉતાર્યું."

"પણ શાવક ગારીનું બરાબર નક્કી કીધુંચ કે? રખે પુઈને કાંઈ વાત માલુમ પડે તેની મને બહુજ ધાસ્તી લાગેચ. જોની શાવક એક એટલી મેહેરબાની કર, એવણ જે વખતે જાએચ, તેમાં અહીં આવી લાગંતાં હાશે. હું

તારી ઉપર અમથીજ ઘરૂંપરૂ થવશ. ને તું બી જરા મારી સાથે હસી હસીને પ્યારથી વાત કરજે."

તેઓ વાત કરતાં હતાં તેટલાં બુધી આવી લાગી. જણસ વીશે તેણીએ ઘણાં ઘણાં વીચારો કીધા હતા અને કંઇ કંઇ વેહેમ તેણીને આવ્યા હતા. જર અને શાવકને એક એકનાં કાંન ઉપર પડી વાત કરતાં જોઇ તેણી ઘણીજ ખુશી થઈ ગઈ.

"દીકરા શાવક, એ શું તેને મીઠું મીઠું સમજાવેચ?"

"કંઇ નહીં માએજી આએ એને સમજાઊંચ કે જણસ જણસ સાની અમથી કર્યા કરેચ. જે બખત જાએચ તેમાં હવે હમે પરણી જશું એટલે એ તેનીજ છે."

"ઓ મરી જાઉંરે તારી અક્કલપરથી મારા દીકરા. જર તું એટલી બધી હુજત કરેચ તેથી મને ચીર લાગેચ અને હું બી બોહસે પરેલી છઉં."

"જેમ તમારી મરજી પુઇજી. હું કોઈ દીવસે તમારી સામે થઇ નથી પણ જો તમારી મરજી નહીં હોય તો ના આપો તમારી ખુશી."

શીરીનબાઇ એક ખુનાંમાં જઇ કાંઈ વારતાની ચોપડી વાંચવા બેઠાં અને જર અને શાવક બીજા ખુનાંમાં બેસી પ્યાર કરવાનો ધોંગ કરી તેણીને થગતાં.

પેલી ગમ રૂસતમ ગાડીની રાહ જોતો હતો. શાવકે જો કે ગાડીનું નક્કી કીધું હતું તો પણ બરાબર સાડાચાર વાગા તો પણ ચોર આંમલા આગળ ગાડી આતી નહીં. રૂસતમ હવે ગભરાયો. રખે શાવક કઈ ગફલતમાં રહયો

હોય.. રખે તે ગાડીની વાત ભુલી ગયો હોય. જો તે ભુલીજ ગયો હોય તો હજુરબી તેને યાદ દેવરાવવાનો વખત હતો. પીઠાંમાં જઈ તુરત તેને શાવકની ખબર કહાડી. તે ઘર ગયો હતો એમ જાણતાંજ તેને એક ચીઠ્ઠી લખી પરબીડાંમાં બીડી એક માણસને આપી તેને ઘરે મોકલ્યો. માણસને સખત હોકમ આપ્યો હતો કે શાવકનેજ હાથો હાથ આપવી અને બીજા કોઈના હાથમાં જવા દેવી નહીં.

માણસ ચીઠ્ઠી લઇને આવ્યો ત્યારે હોલમાં આપણે જોઇ ગયાં તે નાંટક ચાલતો હતો. ચીઠ્ઠીવાળા માણસને જોતાંજ શીરીનબાહાએ તે કોણ તરફથી લાવ્યો હતો તે પુછ્યું. આગળથી શીખવી રાખ્યા પ્રમાણે ચાકરે ભલતુંજ નાંમ અરાવ્યું. પણ ચંચલ જર સરનામાં ઉપરનાં હરફ જોઇ ચેતી ગઈ. તેને તુરત પારખી કહાડયું કે તે ચીઠ્ઠી રૂસતમ તરફથીજ આવી હતી. બાજુમાં જઈ શાવક તે ઉખેડી વાંચવા લાગો.

કમનસીબે રૂસતમનાં એક તો હરફ જરા ગતર હતા ને વળી ઝડપમાં લખવાથી વધારે ગુંચવાડો કીધો હતો અને બીજી ગમથી આપણાં શાવક શેઠનો અભ્યાસ છેક ગુજરાતી બીજી ચોપડી સુધીનો એટલે હવે શાવકની અકરવકરનું પુછવુંજ શું ?

"એ કમબખતે સું ભમરડા ચકરડા કહાડયાચ ? પેહેલો હરફ તો **ખ** જેવો લાગેચ. નહીં **ખ** નહીં **બ** છે. હા બરાબર **બી**. પછી શું છે જો ? પછી તો કઇ **રૂ** જેવું છે. તારે તો તે **બીર** થયું. તદન બેહલોબી બેવકુફ છે. તારી ને બેવરો છોરીને બીર સાનો પીવા માંગેચ; નહીં નહીં એ તો બીરા

છે. એ કોણ જાણે કીયા કાંનાં મેહેતાની ઇસકોલમાં શીખી-યોચ. લખતાંબી આવરતું નથી. લેબા લે જર જરા તુંજ વાંચ. એ આપરી સાથે વાત નહીં કરે."

જરે હવે કાગળ હાથમાં લીધું. એક નજરમાંજ તે શું લખેલું હતું તે વાંચી ગઇ. પણ હવે કાંઇ ફેરવી તોલવું જોઇયે.

"જોની શાવક એ તો બધું કંઇ આબર ગુબર કોઇયે લખ્યુંચ. 'બીરાદર શાવક, પેસુ પંચીના કહેવા પરથી લાગેચ કે આજે તારે ત્યાં કોઇ પરોણાંઓ આવેલાં છે તેથી તુ આવનાંર નથી, અરે જંગલી તું કીએ દીવસે એમ બાએ-લાની કાંની ઘરમાં ભરઇ રહેતો હતો. નાહનું નફત આજે મુંબઇથી આવનાંર છે અને કાલી કારાંમાએને હીસાબે આજે પારતી છે. બેજુ બતતું દફ વગાડશે અને નવલ નકતો લાવનીઓ ગાસે. બાપુ બુકા અને ખસી ખંધા વચ્ચે કલગી તોરાનાં ગીતની રસા કસીની મજાહ જોવા લાએક થશે' હવે શું વાંચે શાવક એ તો બધું એવું ને એવુંજ તાહેલું, હવે આજે તું ગીઓ તહા. બેસની ઘેરમાંજ."

એમ કહી જરપમાં કાગળનો ડુચો કરી તે ડુચો ઓર-ડાનાં એક ખુણાંમાં ફેંકી દીધો."

"નહીં નહીં એ ચકરમ તેમ નહીં બનશે. બધું વાંચ-વુંજ પડશે. તંદન કાતરીયું તારૂ ગેપ છે. એ તમારે મનસે નકામું છે પણ હમુ લોકોની તો એ જીંદગીની મોજ છે."

ખુણાં આગળ જઈ કાગળનો ડુચો ઉચકી તેને શીરી-નબાઇને આપ્યો. "લેરો માએજી જરા આમે વાંચો."

ખલાસ. બધુ ખલાસ. વાત બધી ઉગાડી પરી ગેઈ. કાગળ ઉખેડતાં શીરીનબાઇએ નીચે પ્રમાણે વાંચ્યું.

"બીરાદર શાવક,

સાદાચાર થઇ ગયા તોપણ હજુર ગાડી આવી નથી. કદાચ તું દોસ્ત ભુલી ગયો હોય કરી યાદ આપુંછું. જેમ બને તેમ જલદી ગાડીનું નક્કી કરી જરને મોકલાવી દેશે તો ઉપકાર થશે. આગગાડીનો વખત ચુકસું તો વાત બગડી જશે. તારી પેલી બુઘી ધાખરીની મને બહુ બીહક છે કે રખે તે બીલાડીને આ વાતનો વાસ જાએ."

એ બાપરે જાણે કે એક સુસવાત. કહો કે તોપનો ગોળો ફુટતો. હવે શીરીનબાઇનાં પોકારોનું પુછવુંજ શું.

"અરે તમે મરી જાઓ મુવાં કારસતાંનનાં કુતરાંઓ. આવા આવા ફજેતા ને આએ આએ તમારા ફેસતા. અરે મુવાં બીલારાંઓ તમે લોકો આટલાં આટલાં ઊંડા પાણીમાં ફરોચ? અરે મુવા કુતરા. ઘેરનો ઘોધો થઇને તુંજ આંખ ફેરવા નીકલ્યો. બેશરમ નકતી આએ તારી પુઇને તું એમ થગવા માંગતીતી. તમે ભસતે જાઓ મુવાં ઘેરાંઓ. જનમતી વખતેજ મુંઇ કોઈ જનાવતીએ ગરાંમાં આંગળાં ભોકી નહી દીધાં ને ગુંગરાવીને મારી નહીં નાંખીયાં. અરે મુવાં નીમકહરાંમો કેટલાં કેટલાં દુઃખો જોઈ હુએ અફસોસ કર્ચી તમુ લોકોને પાલી પોસી મોટાં કીધાં તેનો આએ નતીજો. તમે ભસતે જાઓ મુવાં નફતોં જુઓ તમુને હું દેખારૂંછ કે નાહસી કેમ જવાઓચ."

વાંધન માફક છેડાતાં શીરીનબાઇ ચાલી ગયાં અને ગાડી જોડાવવાનો હોકમ આપ્યો.

શાવક અને જર એક એકનું મોહ જોતાં ઉભાં.

"ખપવા તો ઘણો હુસીયારમાં માંગેચ ને આગ્મે શું નખ્ખોદ વાલીયું ?"

"મારો શું તેમાં વાંક? તું એટલી બધી સીફતથી વાંચી શું કાંમ ગેઈ. મને કાંઇ ઇસારત કેમ નહીં કીધી."

"જા જા બેવકુફ તુંનેબી જોઇ લીધો. અરધે રસતે લાવીને હુબારે તેવો છે."

"બેસ બેસ ઉલ્લુ ચકરમ. તારી ઘણી હુસીયારી તુનેજ ભારી પરી."

તેઓ આ રકઝક કરતાં હતાં તેટલાં શીરીનબાઈ પાછાં આવ્યાં.

"ચાલરે એ ઢુકતી જલદી તેયાર થા. ગારી જોરાએચ તે ખોતી થશે. સુરત કોલી દોસાંને ત્યાં તારે મારી સાથ હુમણાં ને હુમણાં આવવું પડશે. તુંબી તેનેજ લાએકની છે તે તુને અહીં સખે રહેવા નહીં ગમે."

"અરરર હું તો મરી ગેઈ શાવક. કોલીઈ દોસાંનાં ઘેર કરતાં તો એક બંધીખાનું બી સારૂં. હું તો તહાં રરી રરીને મરી જવાની."

"હે ચાલ નીકલ ચોતલા બરી જલદી કર પછી વીચાર કરવા બેસજે. સાંજ પડતી જાએચ ને અંધારૂ થવા માંડયુંચ."

શીરીનબાઇ ત્યાંથી પાછાં ચાલી ગીયાં.

પેલી તરફ ફુરસતમે ચીઠ્ઠી મોકલ્યા પછી તે પાછો ચોર આંમલાં આગળ જઈ જુએચ તો ગાડી આવી ઉભેલી. કાંઇક ભુલ થયાથી ગાડીને અસુર થયું હતું. પણ હવે ગાડી આવી ત્યારે જર નહીં ગલે તેનું કેમ? પણ જર કયાંથી આવે? ત્યાં તો શું શું આતો ભફાયો હતો. લગભગ પાંચ વાગા સુધી તેને જરની રાહ જોઈ અને અંતે કંતાલી ઘેર તરફ પાછો ફર્યો. રખે તે બીધી હોય અને છેલ્લી ઘડીએ વીચાર માંડી વાલીયો હોય.

ઘેર આગલ આવતાં તો તેણે બીજી ગાડી ત્યાં ઉભેલી જોઇ. રખે સોહરાબનાં બાવા આવી લાગા હોય. હોલમાં દાખલ થતાંજ બધો વીજોરો માલમ પડી ગયો. તે એટલો દલગીર થઈ ગયો કે ફકત રડવાનુંજ બાકી હતું.

"આએજ તારી દોસતી કે શાવક? એટલું કાગળઓ છુપું નહીં રખાયું કે લાગલું તેને વાચવા આપી દીધું? હું ધારતો તોજરે કે એ જરૂર ફસાવી દેવાનો."

"ચાલ પેલીનું ભાષાણ પુરૂં થયું ત્યારે એનું માથાં દુખણ શરૂ થયું. પણ જંગલી રે હું શું જાણું કે ચીઠ્ઠી કોણે મોકલીચ અને તેમાં શું બર્યુંચ."

શાવક હજુર તો આએ પુરૂં કરી નહીં રહ્યો તેટલાં સામેથી સોહરાબ આવી લાગો. સોહરાબે આને આ ઘરમાં પેહેલ વેહેલોજ જોયો તેની બધી ભુલો માટે સોહરાબ એનોજ આભારી હતો.

"વાહ મીસત્તર વાહ તમેબી કેથા ઘણાં સારા માણસ છેઓ. તમારી ચાલ માટે તમારે શરમાવું જોઇએ."

"લે વરી આએ અધુરો હતો તે ઉમેરાયો. મુંબઇની બધી દીવાંનશાળા છુતી ચાવીચ કે શું ?" શાવક બોલ્યો.

"હુએફ છે શરમ છે તમારી ઉપર" સોહરાબે ચલાવ્યું. ચીબાસ અને અકકચારી શીવાએ હું તમારાંમાંનુ બીજું કશું જોતો નથી."

"તદન ગધેરો છે બેવકુફ છે" રૂસતમે ઉમેર્યું.

"એ તો નાંદાનમાં ખપસે બચ્ચાંમાં ગણાસે પણ રૂસતમ તાપે મારી સાથે આ ચાલ ચલાવવાનો સબબ શું ? તું આ ભુલ વીશે જાણુતો હતો અને તે છતાં તેં મારી ભુલ સુધારી નહીં તેનું કારણ શું ?"

"સોહરાબ હું આટલી મુશકેલીમાં આવી પુગોચ હું મારા દુઃખમાં દુબી મુવોચ અને તે વખતે આવો ગુસ્સો કરવો તુંને નહીં છાજે."

"તું દુઃખમાં છે ત્યારે શું હું સુખમાં છેઊ કે ? તમારી આ ચાલ માટે તમારે ખુલાસો કરવો પડશે શેઠ."

"અને મેહેરબાંન, તમારી ચાલ માટે તમારેબી ખુલાસો કરવો પડશે. જે દાબરો મેં તુંને રાખવા આપેલો તે તેં કોઇને આપી દીધો એબી કાંઇ સારૂં કાંમ નહીં કહેવાએ."

"મી૦ સોહરાબ, વહાલા રૂસતમ તમોએ હાલ એ પ્રમાણે મારામારી નહીં કરવી જોઇયે. મી૦ સોહરાબજી હું તમને કાલાવાલા કરીને કેહુંચ કે હાલ વાત અબાડા કરી જાઓ."

શીરીનબાઇને હવે પાછી આવતી જોઇ રૂસતમ અને સોહરાબ ત્યાંથી સટકી ગયા.

"કેમરે ફુકતી હજુર શું અહીં પાખણુ કરેચ કે હજુર તૈયાર નહીં થતી. ચાલરે ફુકતા તુંનેબી હમારી સાથે આવવુ પડશે."

હવે તેણી તેઓને ઘસડી ગઇ અને કોલી દોસાંને ત્યાં જવા માટે તેઓ તૈયાર થયાં.

ગૅાહરેજ હજુર ખેતરમાંથી આવ્યા હતા નહીં. અંધારૂ થવા આવ્યું હતું તેથી ગૅાહરેજ આવે તેની આગમજ ચાલી જવાનો શીરીનબાઇએ વીચાર કીધો.

શાવક જાણતો હતો કે આ સઘળો ગોંતાળો તેની એક ભુલથી થયો હતો તેથી તેને પક્કો વીચાર કીધો કે કોઈબી તદબીરથી હજુરબી જરને રૂસતમ સાથે નસાડી મુકવી. ને રૂસતમ આગળ ગયો.

"દોસ્ત તારૂ નસીબજ આજે તારી સાંમે છે. પણ હુંબી તો ખરો કે સીક્કો બજાણી. રાતનાં આસરે આંઠતે સુમારે ચોરઆંમલા આગળ મલવાને ભુલતો ના. હું શું કરૂંચ તે તું પછી જોશે.

આ કહીને ગયા પછી કોલી દોસાંનાં ઘેર તરફ સવારી ચાલુ થઈ.

## પ્રકરણ ૧૪.

ગાડી હંકરાઈ ગયા પછી આસરે અરધા કલાકમાં સોહરાબના બાગમાં આવી લાગા. તેવણુની થોડીકજ વખત આગમજ ગોદરેજ પણ ખેતરમાંથી આવી પુગા હુતા. અને પરીને સઘળી વાતનો ખુલાસો તેવણુ આગલ કીધો હુતો બંને જુનાં દોસ્તો હવે વાતે બેઠા. સોહરાબે કીંમલી ભુલી યાદ કરતા તે લોકો પેટ ભરીને હસ્યા.

"અરે વારે મારા ધરમશાળાવાળા! કંઈ નહીં એવી જરા તુંને શિક્ષા થઈ. કાંએ નહીં તે લોકોને વાસતે ઇસતેસનપર ગારી મોકલી કે આવા છબરડો થતે નહીં. વારૂ દોસ્ત તુંને શું શું અપમાનો કીધાં તે તો કેહ." બંને બુધાઓએ તુંતાંથીજ વાત ચલાવી.

"અરે યાર કંઇ બોલજ ના. આવતાંને વાર તો ચાહ લાવવાનો હોકમ આપુંને મચ્યો. આપણે જાણીએ કે હોરો બીચારા થાકેલા પરસેવા આયાચ. વાતબી એવા દમામમાં કરે કે જાણે ભલો ધનેતરણી હતી અથો."

"એ તો શેરના બચ્ચાં શેર બાવા" બુધાએ ગોદરેજનું પાકંવવા માંડયું.

"અલબત અલબત નહીં કાંએ. પણ સમજ તો ખરો.

પછી રાંધેલાંની ખબર પુછઇ. પછી દોરીયા રાંધણીમાં ને તુપીલીઓ ખોરવા માંડી. વાત એટલા સુધી વધી કે છેલ્લે બુટ્ પાલીસ કરવા કેહવાનું બી ચુકયો નહીં ને એક વખત તો નફ્ત નાંખે કેહયું કે ચાકરોનેદારૂ પીવાની છુટ તેને આપી હતી."

"હે હે હે થીક તાલ પડી. હું ઇચ્છુંચ કે આપરેબી જરા ગમ્મત જોઇ હોતે. પણ ગોદરેજ શું તું કહેચ તેમાં કંઇ વજુદ છે કે પરીન સાથે એને આટલી બધી છુતથી વાત કીધી ?"

"વરી એમાં શક જેવું શું છે ? એકએકની પાસે બેસી વાતો કરતાં મેં એ લોકોને જોયાં. પરીન પોતે કેહચ કે તેને પોતાનો પ્યાર તેણીને જાહેર કીધો બેઉ એકએકને મનપસંદ છે દોસ્ત."

"ચાલો તેમ જો હોશે તો આપરેબી ખુશી થઇશું. પણ મારો વીચાર છે કે આપણે હમનાં સોહરાબને બોલાવી મંગાવીએ. એ ઘણોજ શરમાળ છે. પોતાંની ભુલથી એટલો ખસીયાનો પરી ગીઓચ કે આવતાંને વાર મને કેહવા લાગો કે હું તો રાતનાં મુંબઇ જાઊંચ. અહીં બોલાવી એની શરમ ભાંજવી જોઇયે."

સોહરાબના બાવા પોતે જઇ તેને સમજાવીને લાવ્યા. શરમાએલો લજવાએલો સોહરાબ ગોદરેજની માંફી ચાહવા આવ્યો.

"મેહરબાંન શેઠજી ગોદરેજ. જે ભુલનો ભોગ થઇ મેં અખમાંનો કીધાં છે તે માટે ખરેજ ઘણો શરમીંદો છું. મારો

બાવાજીનાં એક જુનાં મેહેરબાન મીત્રને એ અપમાંનો કીધાં તે માટે હું તમારી માંફી ચાહુંછુ."

"દીકરા સોહરાબ" ગોદરેજજી બોલ્યા, "અહીં આવ શરમાનાં. મારી પાસે બેસ. એમાં માંફ કરવા જેવું શું છે? એ બધું થયું તે ભુલમાં થયુંચ; કાંઇ તેં જાણી જોઇને કીધું નથી. ને મેં કાંઇ છેલ્લે છેરઇને તુંને થોરાં અપમાંનો કીધાં નથી. હજુર તો તેની માંફી મારે તારી પાસે ચાહવી છે."

"અરે ગોદરેજજી તમો, મને વધુ શરમાવો છો. તે અપમાંનો કરવાંનાં મેં તમને કારણો આપ્યાં હતાં અને તેથી હું તેને લાએકનો હતો."

"ચાલ સોહરાબ" હવે તેનાં બાપે પતાવા માંડયો, "હવે થયું તેં નહીં થવાનું નથી. મનમાંથી બધુ કહાડી નાંખ. ગોદરેજ ઘણાં ભોલા છે. અને તેવણ તો બધુ ભુલી ગયા છે."

હવે તેઓ બીજી બીજી બાબદો પર વાત ચલાવવા લાગયા. રૂસતમ તો શરમીંદો થઇ ગયો હતો તેથી કોણ જાંણે કયાં ખુનાંમાં ભરાઇ બેઠો હતો. વાત હવે તેનીજ ચાલતી હતી. સોહરાબનાં બાપ તેની ઉપર ઘણાં ગુસ્સે હતા કારણ કે તેની આ ચાલથી તેવણને પણ ખરાબ લાગું હતું. પણ ગોદરેજનાં પોતાનાં વીચારો ઘણાં જુદા હતા.

"જુઓ દોસ્ત એમાં હું એ લોકોનો કાંઇ કસુર જોતો નથી. મારા સમંજયા પ્રમાણે એ બે વચ્ચે ઓળખાંણ ઘણી જુની હતી. જરનું નાંમ જે શાવક સાથ પારી રાખ્યું હતું તે નકામું હતું કારણ કે તેની એને પરણવાની મરજીજ

નથી. કસુર એટલીજ જોઊંછુ કે ભલાં આદમીએ જરા ઉતાવલ કરવી નહીં હતી. હું ઇચ્છુચ કે ચીઠ્ઠીનો ગોટાળો થયો ત્યેંરે હું અહીં હોતે તો શીરીનબાઇને અતકાવતે."

હવે તેઓએ વાત પાછી ફેરવી.

"સોહરાબ" તેનાં બાપે ચલાવ્યું. "હું જાણીને ઘણો ખુશી છુ કે પરીન સાથ તેં આટલી છુટથી વાતો કીધી છે અને તમો એક એકને ચાહો છો."

ભુલચુકનાં વમલમાં નાંખનારો સીતારો હજુર સોહરાબનાં માથાં ઉપરથી ખસીયો નહીં હતો.

"બાવાજી તમે શું કહોચ તે મંને સમજ પડતી નથી. મેં પરીનબાનુ સાથે છુટથી વાત કીધીજ નથી. હું તેવણુને ફકત એકજ વખત મલ્યોચ પણ તે વખતે હું ઘણોજ ગભરાએલો હતો. બીહ ધુજીને મેં તેવણુ સાથ વાત કરી હતી. ખરૂં પુછો તો તેવણુનાં મોહ ઉપર વટીક મેં જોયું નથી."

ગોદરેજ મુંછમાં હસીયા અને પોતાનાં દોસ્તનાં કાંનમાં કહયું, "છોકરો જરા શરમાએચ. આપરા દેખતાં બોલવાં જરા ઓસકાએચ."

"દીકરા" બાપે આગળ ચલાવ્યું. "એમાં શરમાવાનુ શું છે? એક એકને ગમવું અને ચાહવું એમાં કાંઈ પાપ છે? એક વખત નહીં પણ વધુ વખત પરીન સાથે પ્યારનાં જુસ્સાથી વાત કરતાં મારા દોસ્તે તુને જોયો છે. અગર જો તમો——"

"પણ બાવાજી તમો બોલોચ——"

"શરમાનાં દીકરા નાં શરમાં. અગર જો તમો એકએકને ગમતાં હોવો અને ખરાં દીલથી——"

"બાવા, જરા થોભો હું, ખાતરી આપુંછું કે મેં——"

"ઘેલો છે દીકરા ઘેલો. શું એક ચોરી કીધી હોય તેમ ઓસકાયા સાનો કરેચ? અગર જો તમે બેઉ એકએકને ચાહતાં હોવો તો હમારીબી બેઉની મરજી છે."

"પણ બાવાજી તમે તો મને બોલવાજ નથી દેતા. હું મારા બોલ સાથે કહુંછું કે મેં પરીન બાનુ સાથે કાંઈબી પ્યારની વાતો કીધી નથી. ફકત એક વખત હું તેણીને મલ્યો અને——"

"શું તમો તમારા બોલ સાથે કહો છો કે ફકત એકજ વખત તમે તેણી સાથે વાત કીધી છે?"

"હા મારા બોલ સાથે કહુંછું."

હવે સરવે ચુપ થઇ ગયા. ગોદરેજ ઘણાજ વીચારમાં પડયા અને અજબ થયા. સવારનાં બાગમાં વાત કરતાં તો મેં એ લોકોને બરાબર જોયાં. બપોરનાં પરીનનો હાથ પકડી પ્યારથી વાત કરતાં મારી આંખે મેં જોયો અને એ છોકરો બધી વાત સાફ નામુકર જાએચ. હશે હાલ ચુપકીદી પકડી બેસવું એમ તેવણે વીચાર કીધો.

"બાવાજી હું આએ ઘેરમાં આવ્યા પછી ઘણોજ મુશકેલીમાં આવ્યો છું. આજે મેલમાં મને મુંબઇ જવા દેશો તો તમારો મોટો ઉપકાર થશે."

એમ બોલી સોહરાબ ત્યાંથી ચાલી ગયો.

"ઘણુંજ અજબ જેવુ" ગોદરેજ બોલ્યા.

"ગમે તેહોય પણ મારો દીકરો કભી જુંહું બોલે નહીં."

"પણ ત્યારે શું મેં આંખે જોયું તે ખોટું. ચાલો આપણે પરીનનેજ બોલાવી. તમારા મોહનાં ઉપરજ પુછીયે."

"પરીનને શાક્ષિ તરીકે બોલાવવામાં આવી અને ગોદરેજેએ સોહરાબની તપાસ ચલાવી.

"દીકરી પરીન જે પુછું તેનો સાચે સાચો જવાબ આપજે. સોહરાબે અત્યાર સુધીમાં કાંઇબી પ્યારની વાતો તારી આગળ કીધીચ કે?"

"સવાલ જો કે ઘણો એકાએક પુછવામાં આવ્યો છે તોપણ જ્યારે તમો જવાબ માંગોચ્ચ ત્યારે મારે કેહવું જોઇયે કે એવણે પોતાનો પ્યાર બાપુકાર જાહેર કીધોચ."

"શેઠ સાહેબ. થઇ ખાતરી."

"મેહેરબાની કરી કહેશો પરીનબાનું કે અતીયાર સુધીમાં તમો સોહરાબને કેટલી વખત મલ્યાં છો?"

"હું ધારૂચ કે ત્રણ વખત."

"કેમ થઈ ખાતરી મારા દોસ્ત."

"ને તમુંને મારા દીકરાએ શું શું કહયું?"

હવે પરીન શરમાઈ ગેઇ.

"બોલ દીકરી બોલ, શરમાના."


"મારા ચેહેરાની અને ખુબસુરતીની વખાણ કીધી. એવણનો પ્યાર ઘણાં મજબુત શબદોમાં જાહેર કીધો."

હવે તેવણ તદન ગુપચુપ થઇ ગયા. તોપણ તેવણને હજુર વેહેમ ઘણો આવ્યો અને નજરે જોયા વગર વાત માંનવી નહીં એમ તેવણે વીચાર કીધો.

"ગોદરેજજી મારા દીકરાને તમો કરતાં હું વધુ ઓળખુંચ. હું કંઈ એમ નથી કહેતો કે તમો જુઠું બોલોછો અને મારો દીકરો સાચ્ચો છે. પણ કાંએ નહીં કંઈ ભુલ હોગ ?"

"બેઅદબી માંફ છેજી પણ તમારો વીચાર હોય તો તમુને નજરે નજર ખાતરી કરી આપું." પરીન બોલી.

"કબુલ છે મારે કબુલ છે."



## પ્રકરણ ૧૫.

રાતનાં આંઠનો વખત હતો. શીરીનબાઇ ગયા પછી રૂસતમે ઘરનાં કોઇબી માણુસને મોહ દેખાડયું નહી હતું. જો કે વાત લદન હાથથી ગઇ હતી તોપણ આશા આદમીના દીલમાં હમેશ હોય છે. શાવક ઉપરથી તેનો વિશ્વાસ ઉઠી ગયો હતો અને તેને કીધેલી ભુલથી તેને તે ચોપડતો હતો. તોપણ એક છેલ્લા ઉપાએ તરીકે તે આંઠ વાગે શાવકે કહયું હતું તે પ્રમાણે ચોરઆંમલાં આગળ ગયો. પાંચેક મીનીત ગયા પછી તેને અંધારાંમાં કોઇ માણુસને જોયું. જરા નજદીક આવતાં તેને શાવકને ઓળખ્યો. તેનું આંખુ દીલ કાદવ કીચલથી છંતાઇ ગયું હતુ.

"વારે મારા દોસ્ત હવે મારી ખાતરી થઇ છે કે તુ ખરેજ એક બોલનો આદમી છે."

"તમો જુંબઇગરાંઓ ઘણાંજ અધીરા અને આપમતલબીયાં છેઓ. મારી એક ભુલ માટે બધાંજ ચોપરવા મંડી ગયાં."

"માંફ કર દોસ્ત માંફ કર પણ બોલની જલદી કે શીરીનબાઇ એમે જર કહ્યા છે. કાંઇ અકસ્માત તો નથી થયોની?"

“કહ્યા હોય વરી અહીંના અહીંજ. બીરાદરને કેહું જે જહાંનાં તહાં.”

“મેહેરબાની કરી મસ્કેરી છોરી દે અને ખુલ્લું બોલ.”

“ચાલ તારે આજે ઉખીયાનું પારખ,
ચાર જણુ ગારીએ બેઠાં, નહી હસે કે બોલે,
દસ માઇલ દોડીયાં તોપણ, ઘેર આગળજ ડોલે.
ગોલ જોકા તે શું ?”

“કંઇ ભેજું નહીં ચાલતું દોસ્ત.”

“જોની દોસ્ત. ઘોરાવાળાને પાયો દારૂ ને લગાંમ લીધી આપરે. ગારી તો એવી દોરાવી કે બુઢ્ઢીનાં તો હારકે હારકાં ખોખરાં કીધાં. ઘેરથી એક માઈલ દુરની સરક આગલ ગારી લીધી અને પછી ઘેરની આસપાસ આંતા ખાયા કીધા. હાથે કરી ગધેરનો રસતો પકડયો અને રસતામાં જે કાદવ કીચલનાં ખાબોચીયાં મલીયાં તેની મુલાકાત કરાવી. હવે સમજ્યો કે હજુર નહીં ?”

“સમજી ગીયો દોસ્ત સમજી ગીયો.”

“માએ તો સમજેચ કે હમણાં દસ અગીયાર વાગેલા છે અને હમે ઘેરથી પંદર માઇલ દુર છઇએ.”

“પણ એ લોકો છે કહા ?”

“પેલી પાસેની ઝાડીમાં ગારીને ઘુસારી દીધીચ. જોની હું જઇને માએને અહીં ખેંચી લાઊચ તેતલાં તું અહીં અરઇ જા અને પછી ગાડીમાં બેસી જજે અને ગાડીવાળાને

મેં સમજાવી રાખ્યુંચ તે સ્ટેશન પર હંકારી જશે. ઘણી સેહલાઈથી મેલ તારા હાથમાં આવશે."

"ઓ દોસ્ત, મારા સચ્ચા દોસ્ત તારો ઉપકાર કેમ ભુલસ."

રૂસતમ ઝાડના ઓથામાં ભરાઈ ગયો અને શાવક શીરીનબાઇને ત્યાં લઇ આવ્યો. શીરીનબાઈ જોય નહીં તેમ રૂસતમ ત્યાંથી સટકી જઈ જરને જઇ મલ્યો.

"શાવક હું તો બીહુ છુંજને ધાસતીએ મરી જાઊંચ. જહાં છે તહાં આપુને ભુતે ઘેરેલાં છે. આંપણું કહા છઇયે તેબી કંઈ સમજ પરેચ કે નહીં."

"બધો વાંક તમારોજ માએ. તમંને મેં કહયું કે એટલી રાત જવા દેઓને આપરે સવારે જશું તે તમે નહીં માંન્યું."

"અરે માએરે કમ્મરનાં કતકા થઇ ચાલ્યા. અસ્તૂર માંથાંમાં ઘોંકા મારેચરે. પણ શાવક આપરે હમણાં છઇયે કહા. ધાસતીએ મારૂં દીલ તો બધું ધુજેચ."

"હુંબી કાંઈ ખાતરીથી નથી કહી શકતો પણ મને લાગેચ કે આપરે ઘેરથી દસ માઇલ દુર ચોર તેકરીપર છઇયે. બહુજ ધાસતી ભરી જગયા."

"ઓ માએરે હવે કેમ કરસ. અરે મારા ખદા સરમ આબરૂ તારે હાથ છે જો મારા બાપ."

"પણ માએ હવે એમ ગભરાઇને શું કરશો હું ધારૂંચ કે કાંઈ એટલું બધું બીહવા જેવું કંઈ નથી. અહીં જાણીતા

ચાર ચોરો ઉતા તેમાંનાં બે તો ખુનનાં વાંકમાં આવ્યાથી ફાંસી ગીયા ને બે છે તે તો કોણુ જાણે કહા લુટ ચલાવવા ગીયા હોસે. પણ સબુર એ પેલુ સાંબેથી કોણ આવેચ."

"ઓ માએરે મરી ગેઈ રે. ચોરજ હોસે."

"હા મનેબી એમજ લાગેચ. તમે જરા આસતેથી વાત કરો."

"તારે પગે પરૂં શાવક ચાલ કેઠે સંતઈ જઇએ નહીં તો મુવો કોઇ દુસમેનનો તોતો પીસી નાંખસે."

"અરે નહીં નહીં ચોર નથી એ તો કોઇનું ઢોર ચરેચ."

"અરે સરોસ ઇજદ તમારે આસરે જો મરૂં બેહેરાંમ ઇજદ તમારોજ આધાર જો મરૂં."

"આસતે બોલો માએ આસતે બોલો. જુઓ પેલુ કોઇ લાંબુ લાંબુ હીલેચ"

"ઓ માએરે હવે તો જરૂર મરી જવાનાં."

"નહીં નહીં માએ બીહો નાં એ તો ખજુરાંનું ઝાડ હીલ્યું."

"પણ શાવક હવે આપરૂં શું થશે. આખી રાત કહાં રેહેશું ને કહા સુઈસું. થંડીએ તો અકડીને મરી ચાલી. પણ જો શાવક આએ સાંબેથી કોણ આવેચ. આએ તો જરૂર કોઇ માણુસ છે."

અચોત તેમજ હતુ. પછી શાવકે તે માણસને દુરથી તુરત ઓળખી કહાડયો. તે માણસે એક બખાર સાંસો જે મરથી તેને જોયું કે તે કોઇજ નહીં પણ સોહરૈજ પોતેજ

હતા. ચેર આંસલાં આગલ તેવણનાં ઘણાંક ખજુરાં હતાં કે છેજેલાં હતાં. આજ કેટલાક દીવસ થયા ખજુરની ઉપરથી તારીની ચોરી થતી હતી, અને આજે આસતેથી આ વખતે તેવણ કોઈ સપડઈ જાએ એવી આશામાં આવ્યા હતા. શીરીનબાઈ ગભરાતમાં પોતાના વરને એળખી શક્યાં નહીં.

"મારો સસરો, એ કહાંથી વરી ફુટી નીકલ્યો." તે મનમાં ગભરાયો.

"માંએ હવે વાત ધાસતી ભરેલી લાગેચ. પેલા બે ચોરોમાંનો આએ એક હોવો જોઇયે અને બીજો જે વખત જાએચ તેમાં આવતો હોશે. ચાલો ચાલો ઝડપ કરી ને હું કહું ત્યાં ભરઇ જાઓ. બાપરે એનાં હાથમાં પીસતોલ કેવરી મોટી. જુઓની, કાંઇ ધાસતી જેવું હોસે તો બંબાર મારસ."

એક ગીચ ઝાડીમાં તેને શીરીનબાઇને સંતારી દીધી અને પોતે ગોદરેજને સામે થયો.

"એ કોણ શાવક કે? કેમ કોલી દોસાંને ત્યાં એ લોકોને મુકી આયો કે?"

"હાજી."

"ગારી કહા છે?"

"તબેલામાં છોરી."

"એ લોકો સહીસલામત પુગાં કે? પણ હું ધારૂંચ કે તું ઘણો જલદી પાછો ફર્યો."

"હા બાવા. આએ આપરો નવો ઘોડો ઘણો સરસ છે. તે સપાતામાં પુગી ગીયાં. હ હ હ." શાવકે ખંખાર માર્યો.

"ઓ બાપરે. રખે બચ્ચાં પર કોઇ મુવો હાથ ઉચેકે." શીરીનબાઇ બબરીયાં.

"પણ શાવક હમણાં મેં કોઇનો અવાજ સમજ્યો તે કોણ હોશે."

"એ તો હું પોતેજ મનમાં વાત કરતો હતો કે ત્રણ કલાકમાં થીક મંજલ કાપી."

"અરે મનમાં વાત કરતોતો તે શું જવાબબી તુંજ પાછો આપતોતો ? મેં એક કરતાં વધુ માણસનાં અવાજ ખુલ્લા સમજ્યા. બોલ તે કોણ હતું ? મને શક પડેચ કે આએ તારાં કાંઇ ફારસતાંન છે. ખસી જા મનેજ તપાસ કરવા દે."

"ઓ માએરે થઇ ચુકું બધાં મરી જવાનાં મુવો તો ઘણોજ છેરાયોચ ને અહીંજ આવેચ. અરે મેહેર ઈઝદ તમારી મદદ જો બાવા." શીરીનબાઈ હવે ઘણીજ ગભરાવા માંડી.

"પણ જરા ઉભા તો રેહો. જરા હું કેહુંચ તે સમજો તો ખરા."

"મારો શક હવે વધારે વધતો જાએચ."

હવે ગોદરેજ આગલ ધસી ગયા. શીરીનબાઈ તો એમજ સમજ્યાં કે હવે બધું થઇ ચુકું. જાંન જવાનો સોદો આજે આવ્યો ખરો. તેણી સંતાવાની જગાએથી બહાર

નીકલી આવી અને ગોદરેજને એક ચોર લુતારો સમજી તેનેં ગુગેં પરવા માંડી.

"હમ તુમારે પંગે પરીંયાચ અરે બાવા હમારા ઉપરથી ગધી મરી જાઉં હમારેકુ જવા જેયો."

"એ શું બકેચ શું કંઈ ઘેલી થઇચ."

"અરે બાવા તુમારેકુ ગમે તો હમારા પૈસા લેંજો, એ હમારા દીકરા કુ મારતાનાજી. તુમારે પગે પરતા હુએ તુમ હમકો મારસો તો તેમાં તમારેકુ કયા મલવાના છે."

"શીરીન, શીરીનેં એ એસ શું કરેચ? એ શું ઘેલાં કહારેચ ?"

"કોણ ગોદરેજ? ઓ માએરે તમે આવી મોટી રાતે અહીં જંગલમાં કહાંથી."

"મોટી રાત સાની ને જંગલ સાનું? હજુર તો સવા આંઠ વાગાચ અને આએ તો આપરા ઘેરની પાસેનું ચોર આંમલું છે. હું હવે બધું સમજી ગીયોચ. એ ફારસતાંન આએ કમબખતનાંજ છે."

હવે શીરીનબાઇએણી શાવકને ગારે ગારે ધોઇ નાંખીયો. પેલી બાજુ રૂસતમ અને જરનેણી ગોદરેજનાં આવવાની વાત માંલમ પડી ગઇ અને રૂસતમ ત્યાંથી ખસતી ખાંઇ ગીયો. બધું હાઉસંન જાઉસંન હવે ઘેરમાં પાછું આવ્યું.

ઘરમાં આવ્યા પછી રાત તો ગપચુપ પસાર થઈ ગઈ. સોહરાબ તો રાતનાં મેલમાંજ જવા ઘોરે ચહડયો તો પણ તેનાં બાપે સમજાવી થોબાવ્યો હતો. બીજે દીવસે સવારે જવાનો તેણે નક્કી વીચાર કર્યો હતો.

સોહરાબના બાવા એક મુશકેલીમાં હતા. ગોદરેજનું અને પરીનનું કેહેવાનું સોહરાબનાં કેહેવાથી તદન જુદુંજ હતું એમાંથી કોણ ખરૂં હતું તે જાણવાની તેવણને બહુ ચટપટ થતી હતી. સવારનાં બહુ સક્કારાંમાં તેવણે પરીન સાથ વાત કીધી હતી અને એવું નક્કી કરવામાં આવ્યું હતું કે સોહરાબ જાએ તેની આગમજ પરીને તેવણની ખાતરી કરી આપવી.

સવારે છનો વખત હતો સોહરાબ જવાની આગમચ પરીનને મલવાને ઘણોજ આતુર હતો. એક ટક મોકલી તેને પરીનને જણાવ્યું કે બાગમાં તેની એક છેલ્લી મુલાકાત લેસો તો મોટો ઉપકાર થશે. આ ટકનો લાભ લઈ બાગમાં ચોક્કસ જગામાં તેણીએ ગોદરેજ અને સોહરાબના બાવાને છુપાવ્યા અને બરાબર તેજ જગા ઉપર તેઓ વચ્ચે ચાલતી વાત ગોદરેજ અને તેવણનો મીત્ર સમજે તેમ તેણી સોહરાબ સાથ વાતે ઉભી.

"બાનું છેલ્લે જતી વખત હું તમો પાસે રજા ચાહવા આવ્યોચ. તમને છોડી જતાં મને કેટલું દુઃખ થાયચ તે હું તમો આગળ દર્શાવી શકતો નથી."

"હાસે શેઠ પણ હું નહીં ધારતી કે તે દુઃખ તમોને ઝાઝો વખત ખમવું પડે. તમો શેહેરનાં રહેવાસી છો અને બે ત્રણ દીવસમાં તમો વળી કોઇ બીજીને જોઇ મને ભુલી જશો-એમાં કાંઈ શકજ નહીં."

"અરે અરે ખોદા ખાતર મને ઘેરઇનસાફનાં કરો. ચોક્કસ મુશકેલીએ જો આસ રસ્તામાં નહીં હોય તો હું

તમારો ગોલાંમ થઇ રહ્યું. તમોએ મને ચાહતાં શીખવીયોચ. તમારી ખુબસુરતીએ મને સ્ત્રી જાતની ખરી ખુબીઓ દેખાડીચ. અરે ખોદા મને મદદ થજે. ભવીષ્યમાં એનેજ મારી બનાવામાં તું મદદ કરજે."

"ત્યારે શું તમે આજે જવાજ માંગોચ ?" પરીન ઘણાંજ દલગીર અવાજે બોલી.

"હા હું ધારૂંચ કે હું આજે જઇશ. પણ વચન આપ, અપર્ણ વચન આપ કે મને તું ભુલશે નહીં."

હવે તેણીની આંખમાં આંસુ આલવા માંડયાં. ઉપર રોમાલ ઢાંકી તેણી બોલી.

"અગર જો હું આટલી ખુબસુરત છું એમ તમે ધારતા હોવો તો પછી તમો સારાં બીજી શું ખાંમીઓને લીધે મારી સાથે જુદાઇ રાખવા માંગોચ તે સમજ પડતું નથી."

સોહરાબ ! ભુલ ભુલાંમણીમાં ભુલો પડેલો સોહરાબ ! તેણી ગરીબ માંબાપની છોકરી હતી એમ તેણીને કહી તેણીનું દીલ દુખી કરવાને તેનું જીગર ચાહ્યું નહીં.

"નહીં ખાંમી સાંની. ફકત કહેવું મારૂં એજ છે કે હાલ વખત નથી."

"નહીં નહીં તેમ હોયજ નહીં. તમો મારેથી કાંઇ છુપાવોચ, મને થગોચ."

હવે તેણીએ ખુબ આંસુ ખેરવવા માંડયાં. "અગર જો તમો જવાજ ચાહતા હોવો તો ભલે સીધારો. પણ મારે.

લીધે મારેથી કઇ દુર નાહસવા માંગતા હોશો તો હું ઘણી દલગીર થઇશ અને મનમાંજ બળાપો કરી જુરીયા કરીશ."

"નહીં નહીં તારે લીધે નહીં. તારેથી છુટું પડવું મને મુદલ ગમતું નથી. ખોદા જાણેચ કે મને હાલ શું દુઃખ થાયચ."

"હું ધારૂચ કે તમે મને ઉડાવોચ."

હવે તેણીએ વધુ રડવ. માંડયું. વાંચનાર આ રડવું ઢોંગી નહીં હતું. સોહરાબના શરમાળપણાંમાં શું શું અમીરી ખવાસો હતા અને તેણી તેને કેવી રીતે હાલ ઠગતી હતી અને તે તેણીને આટલા પ્યારથી ચાહતો હતો તોપણ તેણી તેની સાથે આવી ઘાટકી રીતે વરતતી હતી એ વીચારથી તેણીને ખચીત રડવું આવતું હતું. તેણી હવે આ છોકરાને ખરાં દીલથી ચાહતી હતી.

"ના રડ, બપઇ તુંને આજીજી કરૂંચ કે ના રડ." તેણીની વધુ આગલ જઈ તેને હવે તેણીના આંસુ લુછવા માંડયાં, "તારા રડવાથી મારૂ દીલ વીંધઈ જાએચ અને તુને રડતી જોઇ મારી આંખે અંધારાં આવેચ."

હવે તેને તેણીને વધુ આગળ બોલાવી અને તેણીનાં આંસું લુછતાં તેણીનાં સુંદર ગોલાબી ગાલોપર એક મીઠો બોસો લીધો.

સોહરાબે તેની જીંદગીમાં આવું મીઠું મધ ચાખ્યું ન હતું અને પરીન પણ એક મરદના ખરા પ્યારની બોકીની લેહજતથી અંજાણી હતી. હા તે સુખી મળ!

ઝાડી પછવાડે સંતાએલા: ગોદરેજ અને તેનાં મિત્રથી

હવે વધુ ખમાયું નહીં. આટલી બધી હદ સુધી જવા છતાં એક માણસ આટલું જુઠું બોલે એ તેઓને કમકમાટ ભર્યું લાગ્યું.

"બેઅદબ જુઠ્ઠા! નીમકહરામ બદમાસ!" સોહરાબના બાવા ઉસકેરાઇ જઇ બોલ્યા, "શરમ નથી આવતી તુંને આવું જુઠું બોલતાં. મારા બાપનેબી તું ઠગતાં શરમાતો નથી." આ ભાષણ સમજી સોહરાબ તો થસ થઇ ઉભો તેટલાં ગોદરેજે ચલાવ્યું.

"મી૰ સોહરાબજી મેહેરબાની કરી કેહેશો કે હસુને તમો જુદુ સમજાવતા હતા અને આ માંરી દીકરી સાથે તમો આવી રીતે વરતોચ તેનો સબબ શું?"

"તમારી દીકરી? કોણ તમારી દીકરી?"

"કોણ? વરી આએ પરીન!"

"શું આએ બાઇ તમારા દીકરી પરીન? ઓ ખોદા! શું હજુર ભુલચુકની લેવડ દેવડનો મારો હીસાબ પુરો નથી થયો? બસ તમે બધાં બસો ને મને આએ ઘેરમાંથી એકદમ ચાલી જવા દેઓ."

"બાવાજી વાંક એવણનો નથી. એવણ મને તમાંરી દીકરી તરીકે નહીં પણ કોઇ ગરીબ દુરની સગી તરીકે અત્યાર સુધી ધારતા હતા."

પરીને અહીં પેહેલેથી છેલ્લે સુધીનો ખોલાસો કરવા માંડયો જે સમજી હવે ગોદરેજ અને સોહરાબના બાપ પેટ પકડી હસવા લાગ્યા.

માફ થાએ તે સારાંનેજ કાજે. ગમે તેવી ભુલો થઇ પણ બંને બુઢાઓની મકસદ તો બર આવી. સોહરાબને સેહેજસાજ પતાવી પરીનને ત્યાંજ મુકી બેઉ બુઢ્ઢાઓ ત્યાંથી ચાલી ગયાં. અને હવે આ બેનો હસવાનો વખત આવ્યો.

"અરે લુચ્ચી લુચ્ચી તેં બી મને ઠગીયો ?"

"અરે લુચ્ચા લુચ્ચા તેંએબી મને બહુ સતાવી."

અને એ પ્રમાણે એક એકની ભુલો માફ કરી હવે તેઓએ હીસાબ ચુકતે કર્યાં.

પણ હવે જર અને રૂસતમનું કેમ ? જરનાં લગન રૂસતમ સાથે કરી આપવાનો ગોદરેજજીનો ઘણો વીચાર હતો અને તેમ કરવાનો રસ્તો તેવણને ઘણી સારી રીતે માલમ હતો.

હોલમાં તેવણ પોતાંનાં દોસ્ત સાથે બેઠા અને શાવકને ત્યાં બોલાવી મંગાવ્યો.

"શાવક આજે મારે તુંને તારા તેમજ કોઈ બીજાનાં ફાએદાની અગતની વાત કેહેવી છે. તું એકવીસ વરસનો થયા પછી તારા બેહેસ્તી બાવાની દોલતનાં ચોકસ ભાગનો માલેક છે તે તો તને માલમ હોશે."

"વરી તેમાં પુછવાનું કેહવું ? કેમ કાંઇ ચાંઉં કરવાનો વીચાર છે કે શું ?"

"અરે બેવકુફ જરા સમજ. એકવીસમું વરસ આજે તુંને બે મહીનાં થયા શુરૂ થઈ ગયુંચ.

"હેં ખચીત ? બાપનાં બોલ સાથે ?"

"હા ખચીત. જા તારી માએને બોલાવી લાવ."

શાવક જીવ લેતો દોડયો. તેટલાં ગોદરેજે જર અને રૂસતંમનેબી ત્યાં બોલાવ્યાં હતાં.

"શાવક આએ સરવેના દેખતાં હું તને જણાઉંચ કે તારૂં એકવીસમું વરસ ખલાસ થયું છે માટે સીધો જવાબ આપ કે તારે આ છોકરી સાથે પરણવું ચ ?"

"સીજલરાનાં આ બાનુંઓ અને ગ્રહસ્થોની સામે હું કહું છું કે હું શાવકશાહ સાપુરજી, સાહેર ત વગરગાંમનો નવાબ બાપુકાર જાહેર કરૂંછું કે મારે આં જરાં સાથે પરણવું નથી માટે એની મરજી પરે તેની સાથે એને પરણી જવું અને હું મારા માએને હુકમ કરૂંછું કે એની જણસ એને એમની એમ આપી દેવી અને મારો હીસાબ ચુકતે કરવો.

"એ મારા બાદશાહી દીલના શાવક." જર બોલી ઉઠી.

"એ અમીરી ખવાસના દોસ્ત." રૂસતમ બોલ્યો.

"એ નીમકહરામ હુકતા." શીરીનબાઇ બોલ્યાં.

હવે લખવાનું કંઇ રહયું નથી. સરવે સારૂં જેનું સેવત સારૂં. શીરીનબાઇ શીવાએ સઘળાં ખુશીમાં હતાં.

"દોસ્ત શીવક આએ સઘળું તારી મેહેરબાનીથી થયું ચ."

"ચાલરે બાપુ માંથું ના ખા. જરા હવે નીરાંતે મારી હીન્દુ ખાટલાનો વીચાર કરવા દે."

# જહાંગીર અને તેહેમીના.

## પ્રકરણ ૧ લું.

ચમન શેહેરના હાકેમ ફરેદુનના મેહેલની આસપાસના દીલપઝીર બાગમાં ખુશનુમાં બાંમદાદની લહેરે લહેરે આવતી લેહેકી વચ્ચે એક દીલકશ જોડું મોહોબતની ખુશ કેફમાં ચકચુર અને લીન થઈ એક બેઠકપર બેઠેલું નજરે પડતું હતું.

એકજ નજર ફેંકતા ચતુર જોનારની નજર આગલ માલમ પડતું હતું કે તે જોડું એક એકપર સરબસર ફીદા અને મોહોબતની અગને બેતાબ અને બાહવરૂં બનેલું હતું; પણ લગોલગ અને અડોઅડ તેઓ બેઠાં હતાં છતાં, એકાંત અને કોઈ જોનારની નજરથી દુર હોવા છતાં, પ્યારનો ઝરો તે બંનેના જીગરમાં પુર જોશથી ઉછલતો છતાં, એક એકની ગોદમાં દબાંઇ મોહોબતના મીઠાં શરાબનો પ્યાલો નોશ કરી શકતાં ન હતાં! એકાંતપણાનો લાભ લઇ શકતાં ન

હતાં ! કે નહીં તે પુર જોશથી ઉછળતા પ્યારના ઝરાને ખાલી કરી શકતાં હતાં !

કારણ તેઓ નેકીને રસ્તે ચાલનારાં, ખુદાઈ તથા માનવીઓએ ઘડેલા સંસારી કાનુનોને માન આપનારાં હતાં. જે સ્થિતિમાં તેઓ મુકાયેલાં હતાં તેવી સ્થિતિમાં ભલા સાધુ અને જોગન પોતાની તપ ભુલી જઇ ખુદાઈ ભજનને બાજુ મુકી શેતાનના સાગીરદ બનશે—યાને સંસારના કીડા થઈ પડશે ! જાહાંગીર અને દીલઆરામ તે સંકુના ન હતાં. પણ અફસોસ ! બાતેનમાં પાક છતાં જાહેરમાં તેઓ પાપી ગણાતાં હતાં !

તે એક કમનસીબ જોડ હતી અને વાંચનાર એવાં કમનસીબો ખરેજ દયાને લાયકના છે કે જેવાં કમનસીબોનો આ તકલીદી દુન્યામાં કંઈ છેકજ ટોટો નથી. જે પાપીઓ ગણાયે છે—જેઓ બદકારમાં ખપે છે—જેઓ તરફ લોક આંગલી બતાવે છે, જેઓને બેકદર દુન્યા બેઆબરૂ તરીકે ગણે છે, તેઓ-તેઓજ ફક્કત જો સંજોગના ભોગ ન બન્યા હોય તો તેઓ મોટે ભાગે ભલા અને નેકમાં ખપે ! પણ તે એક ચોક્કસ સંજોગના ભોગ બનેલાં જોડાંઓ કેટલાં કમનસીબ ? કહે છે કે દરેક ઉધરતા જવાંનની પેહેલ વેહલી ઉમેદ દુન્યામાં આબરૂ મેલવવાની હોય છે અને સારા ગુણો ધરાવવા છતાં તે બાજે વખત એકજ પાપથી પોતાની આબરૂ જન્મ સુધી પાયામાલ બનાવે છે ! કારણ બાકી આદમના જીગરમાં નેક અને બદ જુસ્સાઓની જુંબેસ હંમેશાની પજરતી રહે છે અને દલગીરીની વાત છે કે મોટે ભાગે નેક જુસ્સાઓ પર બદની ફતેહ થાય છે.

પણ સારા ભાગ્યે જહાંગીર અને દીલઆરામની જોડને એક અપવાદ તરીકે ગણવાને આપણી પાસે કારણો છે.

"મારી માલેકણ ! મારાં આંખનાં નુર !" જહાંગીર દીલઆરામ તરફ પ્રિતની પુર નજર ફેંકી બોલ્યો, "બાનુ દીલઆરામ! દીલને આરામ આપનારૂં તરીકે તુજનું નામ એક પ્રિય ઓલખાણ આપે છે તે છતાં મુજ કમબખ્તના દીલને તું આરામ આપી શકતી નથી—એ મારાં ફુટેલાં નસીબની એક કાંહાંણી છે; પણ હું મારા નસીબને તાબે થઇશ !"

"સારાં ચમન શેહેરનાં જોદ્ધાઓને માહાત કરનાર આ બાહાદુર જહાંગીર તુજને મુજ સમાંન એક કમીની ઓરતનું દીલ લાગેલું છતાં તે મલી શકતું નથી—હું મારૂં દીલ આપી શકતી નથી એ મારાં પણ ફુટેલાં નસીબની કાંહાંણી સમજું છું—પણ હું મારા ભરથારને બેવફા થનાર નથી—અફસોસ ! હું પણ મારાં નસીબને શરણ થઇશ ! અરે બેકદર દુન્યા ! જો જહાંગીર પેલા મેહેલ તરફ નજર કર ! ત્યાં મારો ખાવિંદ ફરેદુન—ચમન શેહેરનો હાકેમ—ખુશ નીંદની લેહેરમાં સુતો છે—જેના ખવાસમાં ભલાઇનો ભંડાર સમાયલો છે, જે ડાઘ વગરનો રાજકર્તા પવિત્ર જીંદગી ગુજારી પોતાની પહરેજગારીથી સારાં ચમન શેહેરમાં જાણીતો અને માનીતો થઇ પડયો છે, જેની પહરેજગારી સારા ચમન શેહેરને પવિત્ર દાખલો આપી પ્રકાશતો રૂપેરી રોશનીનું એક ઝગઝગતું કીરણ છે, જેનાં ફક્ત નામપર મારાં કરતાં વધુ ખુબસુરત ઓરતો પોતાનો જાંન સદકે રવા તૈયાર છે—તેની અને તેનીજ હું હકદાર ઓહોદેદાર તેને મારૂં દીલ ખરા પ્યારથી આપી શકતી નથી !

જહાંગીર તે દીલ ફકત તારી તરફજ ખેંચાય છે! અને હમેશ તારી તરફજ ખેંચાયલું રેહેશે! હું ચાહું તો મીઠી મોહોબતનું મધ તું વાહાલા તરફથી ચાખી પ્રરમ સુખ મેલવું પણ નહી ઓ બાહાદુર જહાંગીર મને લલચાવ ના, મને લલચાવી દોજખના ઉંડા ગારમાં ગરક ના કર."

"એવું બોલી બાનુ દીલઆરામ તું મને બેરહેમસાફ કરે છે! હું તુંને લલચાવી મારા માલેક તથા હાકેમનું નીમક હરામ કરીશ નહી. કુદરત આપણી વિરૂદ્ધ છે તો તેનો શું મુજાકો છે. દુન્યા મને દેખીતી રીતે સુખી અને સંતોષી માને છે જ્યારે બાતેનમાં હું હયરાંન અને સરગરદાન છું તો શું પરવાહ છે. હું મારા કીરતારની દરબારમાં સરૂખરૂ મોંને જનાર છું."

"શાબાશ! ઓ બાહાદુર પેહેલવાન, તારી ધીરજને ધન છે!" દીલ આરામ પુકારી ઉઠી અને પોતાનો હાથ પુર પ્રેમની નજરથી લંબાવ્યો જે જહાંગીરે ચુમ્યો—અને તે પોતાંની બેઠક પરથી એકાએક ઉઠી ઉગતા ખુરશેદ ઇયજદ તરફ આંગલી કરી પુર જોશથી બોલ્યો, "દીલઆરામ! વાહાલી દીલઆરામ! જો પેલા નુરી કેબલા તરફ! સારી દુન્યાંની રોશની પુરી પાડનાર તે બખતાવર કેબલાના કસમ લઇ જણાવુંચ કે મને પરણવું હરાંમ છે—

"શાબાશ! આફરીન!" દીલઆરામ વળી પુકારી ઉઠી, "આપણું બંનેનું દીલ એકમેક તરફ ખેંચાતું છતાં તે એક થઇ શકતાં નથી તો કોઈ બીજીના પ્યારથી તુંને શું રાહત મલનાર છે! તારૂં દીલ જનમનું મારૂં અને મારૂંજ છે એ ખ્યાલથી હું કંઇક તકલીફી દીલાસો લઇશ."

"સલાંમ ! સલાંમ ! હું તુંને પછી મળશ ! બાનુ દીલઆરામ હું કોલ આપુંચ કે એ કસમ હું જન્મ સુધી પાળીશ. લે.વચન !" જહાંગીર પોતાની બેઠકપરથી ઉઠી જતાં જતાં બોલ્યો પણ પાછો ફર્યો "ફકકત પેહેલ્લી અને છેલ્લી વાર!" એટલુ બોલી તેને દીલઆરાંમના બંને ગાલ તથા કપોલ પર બોસા લીધા "ખુદા માફ કરે !" તે જતાં જતાં બબડયો.

તે નજરથી ગુમ થયો, ત્યાં સુધી તેને નીહાલી દીલઆરામે આકાસ તરફ એક સોકાતુર નજર ફેંકી અને ધીમા કદમે મેહેલમાં દાખલ થઈ.

* * * * *

બાનું દીલઆરામનો ભરથાર તે ચમન શેહેરનો હાકેમ ફરેદુન ચમન શેહેરની ગાદીએ બેઠો તેની ઘણાં વરસો આગમજ ચંદનીની એક ખુશનુમાં રાત્રે તે ચમંન શેહેરની આસપાસ આવેલી ટેકડીઓ વચ્ચે ચંદની ઘોરતો ભમતો ભમતો છેક દુર દરાજ વેરાંન ખેરાંન ઉંચા પાહાડો વચ્ચે જઈ લાગો, અને ઠાકથી જરા સુસત બનેલો એક જબરદસ્ત પથ્થર પર બેઠો, પણ બેસતાં સમેત તેના બદનમાં ધાસ્તીનું એક લખલખું પ્રસરી રહયું—કારણ પાસે આવેલા પાણીના સરોવરમાં માણસોના બે હાડપીંજરો પડેલાં તેણે ચંદનીની રૂપેરી રોશની વચ્ચે જોયાં, જે સરોવરનાં પાણી લગભગ સુકાઈ ગએલાં હતાં. તુરતજ તેનાં મગજમાં એક વિચાર પસાર થતાં તેને યાદ આવ્યું કે તે સરોવર ત્યાં જાણીતુ થયલુ "મોંતનું સરોવર" હોવું જોઈએ. આ સરોવર સાથે એક કાહાણી જોડાયલી હતી. બે ભાઈઓ, (જેમાંનો એક રાજાની ઉંચી પદવી ધરાવતો હતો) તે તલાવની પાસેની

ટેકડીપર એક એક સાથે જંગમાં ઉતરી બંને એકેકના પેહ-લ્લાજ જરબના ભોગ બની તે તલાવમાં ગબડી ગયા હતા એવું તવારીખ નવેશો નોંધી-ગયલા તેના વાંચવામાં આવ્યું હતું અને કુદરતની કઇ ગેબી મકસદે તે બંન્નેના હાડપીંજરો તેનો પોતાની નજર સાંમે પડેલાં જોઈ હાકેમ ફરેહુન અજાબ અને પરેશાંન બની તેઓને નીહાલતો બેઠો. પછી વધુ ખોલ કરવાની મકસદથી તે પેલા પથરપરથી ઉઠયો અને તે હાડપીંજર આગલ જઇ તેઓને હાથ લગાડયો; હાથ લગા-ડતાંજ તે હાડપીંજરોમાંના એકની ખોપરી પરથી બે કીમતી અને બેમુલાં જહવાહીરથી મઢેલું એક તાંજ કંઇક છેટે ગબડી પડયું.

ફરેહુને તે તાજ પોતાના કબજામાં લીધું અને બીજી સહવારે તે હાડપીંજરોને વરસો વીતવા છતાં ઘટતી ક્રિયા સાથે દફન કરવાનો ઇરાદો કરતો અને તે બંને ભાઈઓના કીસમત પર કપાલ કુટતો અને તકલીદી દુન્યાની લોભી લાલચો અને હવસો માટે અફસોસ કરતો પોતાના મેહેલમાં પાછો ફર્યો.

બીજી સહવારે તે બંને હાડપીંજરોને મંગાવી તેણે દફન કીધાં.

## પ્રકરણ ૨ જું.

થોડાં વરસ પછી જ્યારે ફરેહુન ચમન શેહેરની ગાદી પર બેઠો ત્યારે એક દીવસે તેને એક દબદબા ભરી દરબાર બોલાવી અને બાગેબુલંદ જાહેર કીધું કે "મોતના તલાવ"માંથી મળેલાં તે તાજમાં જડેલાં નવ બેમુલાં ગોહરો કે જે નવ ગોહરોની કીમત એક પાદશાહત થઈ શકે એવાં તે ગોહરોમાંથી દર વરસે એક તે એવા એક પેહેલવાંનને બક્ષેશ આપશે કે જે દર વરસે ભરવામાં આવનાર અખાડામાં સર્વોત્તમ પેહેલવાની હુન્નર બતાવી તે વાર-શીક અખાડામાં ઉતરનાર દરેક પેહેલવાનને માહત કરી પેહેલવાંની હુન્નરમાં એકકો જાહેર થાય!

આપણી વાર્તાનો પરડો ઉઘડે છે તે અરસામાં હાકેમ ફરેહુને જાહેર કીધેલા તે ઇરાદાને આઠ વરસ વહીં ગયાં હતાં અને નવમાં વરસનો પેહલો દહાડો શરૂ થયો હતો કે જે સહવારની ઘડી બામદાદે આપણે ઉપર જોઇ ગયા તેમ હાકેમ ફરેહુનની નેક બાનું દીલઆરાંમ અને ચમન શેહેરના જોધ્ધા જહાંગીર વચ્ચે જીગર ચાક કરનારી દુ:ખી ગુફતેગુ થતી આપણે આંભલી આવ્યાં છીએ, અને તે તેજ દીવસની બામદાદ હતી કે જે વખતે જહાંગીરે કુમારો રેહવાના કસમ ખાધા હતા. વીતી ગયલાં આઠે વરસના

આઠે અખાડામાં બાહાદુર જહાંગીરે સર્વેને મારી હઠાવ્યા હતા અને દરેક અને દરેક વખતે કાહાણી કીરતના પેલી તાજમાંનું એક એકુ ગોહર તેણે જીતી લીધું હતું; જાહેરમાં બોલાતું હતું અને તેની પોતાની પણ ખાત્રી હતી કે તે છેલ્લું ઝવાહીરણી તે પોતેજ જીતી જશે. અને પછી તેણે પ્રિતથી કરી રાખેલો એક ઇરાદાનો અરમાંન પુરો કરવાનો વખત નજદીક આવેલો જોયો—તે ઇરાદો એજ હતો કે તે નવે ઝવાહીરો સોનાના એક તાજમાં જડાવી બાનુ દીલઆરામની પેશાનીપર બીરાજતું કરવું! તેણે તે વિચાર પેંહેલ્લા અખાડાની જીત પછી કીધો અને તે ઉમેદ અને આશાથીજ ઉછ્ળી તે આસાધારણ સુરમાં આવી દરેક નંગ જીતતોજ ગયો! બાનું દીલઆરાંમને ભેટ આપવાનો તેનો ઇરાદો પોતાની છાતીમાંજ પ્રેમથી પાળી દાટી રાખ્યો અને તે વિષેનો એક સંસારો વટીક દીલઆરામને જાણવા દીધો નહીં કે જેથી છેલ્લે બાનુ દીલઆરાંમ તેની અણહદ અને અડાગ પ્રીત માટે આફરીન પુકારે!

" નવમાં વરસના અખાડાની બામદાદે બનેલા બનાવે બાનું દીલઆરામની તબીયતપર કંઇક અસર કીધી. અને તોણીપર સ્હેજ બીમારીએ ગલબો કીધો.

## પ્રકરણ ૩ જું.

"મારી વહાલી દીલઆરામ" હાકેમ ફરેદુને પોતાની મોહોરદાર વિષે કાળજીભરી કલવાર બતાવી "તું શું એટલી બધી બીમાર છે કે તારેથી અખાડાનો તમાશો જોવા આવી શકાશે નહી ?"

"હા મારા ખાવિંદ. મારામાં ત્યાં આવવાની શક્તિ નથી." દીલઆરામ બોલી.

"ત્યારે શું આપણા બાહાદુર જહાંગીરની જવાંમરદીભરી પેહેલવાંની જોવાને તું ચુકશે કે જેવા દેખાવો તમો ઓરતોને જોવાનું બહુ પસંદ હોય છે." ફરેદુને બળાપો કીધો.

બાનું દીલઆરામે જમીનપર ઠેડવેલી આંખો ઉંચી કરી જહાંગીર તરફ ફેરવી કે જે હાકેમ ફરેદુન પાસે ઉભેલો હતો. જહાંગીરે તે નજરનો બીજો અર્થ ઉઠાવ્યો; તેણે લાગ્યું કે દીલઆરામ ગોયા કેહેતી હોય કે "જહાંગીર તું અહીંજ રેહે. મારાં તારી તરફનાં હેત-પણ પાકીજેહ હેત-આગલ અખાડામાં મલવાના ગોહર જેવાં સેંકડો ગોહરે કુચ્છ બીસાદમાં નથી!" એવો અર્થ ઉઠાવી તેણે અખાડામ નહીં જવાનો ઠેરાવ કીધો. જો કે છેલ્લું ઓહર મેળવી તે નવે ગોહરોનું નજરાંનું દીલઆરામ આગલ ધરવાનાં અર-

માંન તરફ તેનું દીલ ખેંચાવા લાગું. પણ તેણે દીલઆરામની કેહેવાતી ઇચ્છાને તાબે થવા ચાહયું અને અંતે પોતાની મરજી વિરૂદ્ધ સામથી વેગળો ગયો.

"મારા મેહેરબાંન હાકેમ." તે બોલ્યો, "મારાં બદન પર એક જખમ થયલો છે અને તેથી હું રબસની ક્વારી કરવા અશકત છું, માટે હું આજે અખાડામાં આવી શકતો નથી!"

જહાંગીરનું ઉપલું બોલવું સમજી ફરેહુને પેહેલલાં તેની તરફ નજર કીધી, દીલઆરામ તરફ બીજી નજર ફેંકી, અને પછી ત્યાંથી ગુપચુપ ચાલી ગયો! "પણ તેની પીઠ ફરતાંજ દીલઆરાંમ બોલી ઉઠી.

"એ શું કીધું જહાંગીર?" તેણીએ ઠપકો આપ્યો, "તું અખાડામાં કાં નહીં જતો? બીજા પેહેલવાનો આપણા દુશમનો છે અને લોકોની ગંદકી ભરેલી જબાંન શું ઉચારશે? આપણા વચ્ચેનો સંબંધ પવિત્ર છતાં લોક એ સંબંધને બીજીજ રીતે ઓળખે છે—અફસોસ! લોકને મોંહોડે ઢાંકણું નથી. કવિઓ અને લખનારાઓએ મોઘમમાં પણ સીફતથી આપણાં નામો સાથે જોડયાં છે. મારા ભરથાર ફરેદને પણ કોઇ દહાડો નહીં અને આજે જ્યારે તેં અખાડામાં જવા ના પાડયું ત્યારે કંઇક શકની નજરે મારી તરફ જોયુ—તેની આંખોમાં શકનો કંઇક પ્રકાશ મેં દીઠો; રખેને તે મને નાહક બેવફા માને! રખે કોઇ કસરેવકે તેનું મન ભમાવ્યું હોય! આજ સુધી મને તેણે થપકાનો એક બોલ કહયો નથી! પણ ફીકર નહીં, સાચને આંચ નથી. આકાશમાં સુરજને કોણ સદા ટીકી શકે છે! પણ તું જા!

જહાંગીર તું જા! જા અખાડામાં જા; ફત્તેહ કર, અને તારા હુમનબરદો, અને લોકોનો ખોટો શક દુર કર!"

"તું હુકમ કરી ચુકી દીલઆરામ? હવે. હું એક સવાલ પુછું?" જહાંગીર રાજા આગલ ફોકટ જુઠું બોલી પસ્તાતો બોલ્યો, "કયે નાકે હું હવે અખાડામાં જઈ ત્યાં તમાસો જોવા બેઠેલા ફરેહુનને મારૂં મોહોડું બતાઉં? ફરેહુન કે જે ખુદ પોતાના બોલને ગોયા તે ખુદાનો બોલ હોય એટલું માંન આપેછે તેવા હાકેમ આગલ હું કેમ જુઠો પડું?".

"ફરેહુનને મનાવતાં કેટલી વાર?" દીલઆરામ હસી બોલી, "શું તુંને કંઇ વિચાર સુજ પડતો નથી? એવી નજીવી વાતમાં એક ઓરતની અક્કલની મંદદ? જો તારે મારી સલ્લાહ લે. લોક કહેછે કે જહાંગીરની તલવારને જહાંગીરનો હાથ લાગતાંજ તેનો હુમનબરદ જમીનદોસ્ત થાય છે—કારણ કે તેઓ ફકકત જહાંગીરના નામથીજ લરજે છે; એવું હોવાથી આપણું કાંમ થાય તથા તારી પરિક્ષા થાય એવો એક રસ્તો તુંને સુચવીશ અને તે એજ કે એ અખાડામાં તું છુપે પોપાકે જા—એક અંજાણા તરીકે અખાડાની હરીફાઇમાં ઉતર! મારી ખાત્રી છે કે તું જીતશેજ. અને જીત્યા પછી ફરેહુનની આગલ તું જાહેર થજે અને સચ્ચાઇથી વેગળો જવાના કારણ તરીકે જણાવજે કે તું જહાંગીરના દેહેસ્તનાક નામે જીતે નહીં પણ તેના કાંમે જીતે એવી મુળ મકસદથી તેં તેને જુઠું સમજાવ્યું. એ બોલવું તારી કીર્તિને વધારશે. કારણ ખુદ ફરેહુન પોતે કીર્તિનો મજબુત શિકારી છે;/કીર્તિ તેને ઘણી પ્યારી છે—અને વધારે વાત તો એ છે કે તે પોતાં કરતાં પોતાના જોધાઓની

કીર્તિ થતી જોઇ વધુ ખુશી રહે છે કારણ તે એવું અનુમાન કરે છે કે પેહેલવાનોને લડાયક હુન્નરોમાં કેળવવાની તેની અઠાગ મેહેનતનાં ફળો પુરેપુરાં અને સાચેસાચાં તેને મળી ચુકાં છે—વાસ્તે જા અને ફત્તેહથી છળકાતો હસ્તે મુખડે મારી આગળ પાછો ફર !"

જહાંગીર તુરતજ ઘોડેસ્વાર થયો અને અખાડામાં જવા ઘોડાને એડ મારી. તેણે સીધો અને સરળ રસ્તો છોડી ઉજડ રસ્તો પકડયો કે જેથી તેને કોઇ ઓળખી કાહાડે નહીં. ચાલતાં ચાલતાં તે વિચારોના વમલમાં ગુંટાયો અને રસ્તો ચુકયો. રસ્તો ચુકેલો જોઇ તે ઘભરાયો પણ બહુ દુર નજર પોહોંચાડતાં કોઇ કિલ્લાના બુરજો હવામાં ઉભેલા જોઈ કંઇ ધીરજવાંન થયો અને તે કિલ્લા તરફ મારતે ઘોડે ધસ્યો, અને કિલ્લાના દરવાજાપર આવતાંજ રણસીંગડું પુકયું. તુરતજ તે કિલ્લાનો દરવાજો એક મુંગા માણસે ઉઘાડયો કે જેની તદ્દન ચુપકીડીથી જહાંગીર કંઇક અજબ થયો. તે મુંગા માણસે તેને પોતા પાછળ આવવાની ઇસારત કીધી અને જહાંગીર હજુ તો તેની સાથે થોડો આગળ વધ્યો કે તુરતજ કોઇ ત્રણ માણસોને તેણે પોતા તરફ આવતા જોયા.

# પ્રકરણ ૪ થું.

જે આવનાર તે કિલ્લાનો માલીક અમિર દીલાવર તથા તેના બે બેટાઓ રૂસતમ અને સોરાબ હતા, જેઓએ જહાંગીરને માંન અકરાંમ સાથ એસતેકબાલ લીધો. જહાંગીરને માન આપવા વળી અમિર દીલાવરની અતિ ખુબસુરત બેટી તેહેમીના સીહીડી આગળ તૈયાર ઉભી કે જેની માતા સવરગવાસ થઇ હતી. માંન અકરાંમ સાથે જહાંગીરને કિલ્લામાં લીધો અને પછી અમિર દીલાવરે જબાંન ખોલી.

"તું કોણ છે રફીક" તેણે જહાંગીરને પુછયું, "અને કહાં જવા ચાહે છે. તારૂં નામ શું?"

"મારૂં નાંમ હું ચોકકસ કારણસર જાહેર કરવા નારાજ છું." જહાંગીરે જવાબ આપ્યો, "પણ તમારી કદરદાંની માટે ઉપકાર માનતાં મારે એટલું તો જણાવવું જોઇએ કે આજે સાંજે ભરાનારા અખાડામાં હું મારૂં નસીબ અજમાવવા જાઉંછું. મારૂં નામ હવે પછી તું સમજશે. પણ હું અખાડામાં જાઉં તે આગમજ રફીક તુને મારે એક અરજ કરવી છે. મારાં બખતર સાથની આ ઢાલ ઇરાંની પેહેલવાનો ઓળખી કાહાડી સાથે મને પણ ઓળખી કાહાડશે માટે મને કોઇ બીજી ઢાલની ગરજ છે જો તે એક

દીવસ માટે, મને ઉછીની આપશો તો તારો ઘણો ઉપકારી થઇશ."

જહાંગીરની અરજ સમજતાંજ અમિર દીલાવરનો બેટો રૂસતમ ખડો થયો. અને બોલ્યો, "પોહોલી પેશાનીના જવાન બેગાના! તારી પેશાની અને તારાં કદ તરફ નજર ફેંકતા મને લાગે છે કે તું અખાડામાં જીત મેળવશે. માટે એવા એક પેહેલવાનને મારી ઢાલ ઉછીની આપવા મુગરૂર થઇશ."

"પીતાજી" તે પછી પોતાના પેદર તરફ ફરી બોલ્યો, "મારી પર એક મેહેરબાની કરો અને મારી એક અરજ કબુલ કરો. આ જવાંન પેહેલવાન સાથે અખાડામાં જવાની મને રજા આપો કે ત્યાં જઈ એની બાહાદુરી નજરો નજર જોવાને ભાગ્યશાલી નીવડું."

"બીરાદર રૂસતમ" જહાંગીર તે છોકરાનું નાંમ જાણી લઇ બોલ્યો, "તું મારી સાથ આવી મને માન આપવા ચાહે છે તે માન સરોચશમથી માથે ચહડાવું છું."

"પણ બેટા રૂસતમ" અમિર દીલાવરે પોતાના ઉઘરતા દીકરાનો ખુશમીજાજથી કંઇક ટકોર કીધી "કાં નહીં તુંજ સર્વ ઇરાંની પેહેલવાને હરાવી, આ બાહાદુર બીગાનાને પણ જેર કરી, હાકેમ ફરેદુને હરીફાઇ માટે ખુલ્લું મુકેલું નવમું અને સર્વથી મોટું જવાહીર હાથ કરી લાવે, અને તે તારી આ બેન તેહેમીનાને એના સુંદર બાલમો ખોસી તેને દીપાવવા બક્ષેસ આપી સારાં ઇરાંનમાં નાંમ કાહાડે?"

"પીતાજી! પીતાજી! ખામોશ. આ માહાન પેહેલવાન આગળ મારી એવી ટકોર કરી મુને શરમાવો ના."

"અને વળી આપણા ગરીબ કુટુંબની છોકરી બેન તેહેમીનાને તે બેમુલ જહુવેર શોભે?" અમિર દીલાવરનો ઉધરતો નાના બેટા સોરાબે લાયકીથી ઉમેર્યું. "એવું ગોહર તો ફક્કત રાણીનો દરજ્જો ભોગવનારને શોભે."

જે જવાંન બાનુંના નામ સાથે તે બાપ બેટાઓ ચેડાં કાંહાડતા હતા તેણે પોતાની નજર નીચી કરી નાંખી અને શરમથી તેના રોખસારો પર લાલી ફરી વળી. બીજીજ પળે તેણીએ તે નજર જમીન પરથી ઉંચકી અને જહાંગીર પર ઠેડવી જેણે તેહેમીનાની કંઇ સીફત માટે જબાંન ખોલી.

"સુંદર ચીજો જો સુંદર બાનુંઓજ પોહેરે એવુંજ જો હોય" તે તેહેમીના તરફ નમી બોલ્યો, "અને જો દરેક રાણી જો ખુબસુરતજ ગણાય, તો મારાં આધીન મત પ્રમાણે બાનું તેહેમીનાં એટલાં ખુબસુરત કેહેવાય કે તેવણ દુન્યાનાં સઉથી અણમોલ જહવાહીરથી સણગારાવાં તદ્દન લાયક છે."

જહાંગીર બોલી અને મુગો રેહેતાંજ તેહેમીનાએ તેની તરફ ઓસકાતી નજરે જોવાનું ચાલુ રાખ્યું. જહાંગીરના મનહર મીઠા અવાજે ગોયા તે ઘેલી થઇ ગઇ અને બે પાંચ પળની તેના ચેહેરાની તપાસ પછી તે નુરી ચેહેરાની જવાન નાર જહાંગીર પર એવા પ્યારથી મોહીત પડી કે જે પ્યાર તેણીના સુખ અને કરારીનો દુશમન થઇ પડયો!

જહાંગીર તેઓ સાથે ભેળાઇ ગયો અને તેણે અખાડામાં જવાની ઉતાવલ હોવાથી અમીર દીલાવરે તુરત ખાણું મંગાવ્યું જે ખાણું મીઠી તેહેમીનાએ ધડકતી છાતીએ જહાંગીર આગળ પોતાને હાથે પીરસ્યું. ખાણાં પછી અમિર દીલાવરની તબીયત/અચબુચગડી વા આવવાથી સુણે. જહાં-

ગીરની રજા લીધી અને અખાડામાં તેને દરેક ફત્તેહ ઇચ્છી. જવાન રૂસતમ તથા સોરાબ પણ બાપની સારવાર માટે તેની પાછળ ગયા. રૂસતમે તુરત પાછા આવવાનું જણાવ્યું કે જેથી તે જહાંગીર સાથે મેદાન પડે. તેહમીના પણ ત્યાંથી ઉઠી ગઇ.

એકલો પડતાં જહાંગીર હવે જવાની તઇઆરી કરવા લાગ્યો અને સીહીડીબાહાર ઉતરી પોતાના ઘોડાને પંપાળ્યો. આની તરફ જવાંન તેહમીના પોતાના ઓરડામાં ગઈ હતી ખરી પણ તેનું દીલ એટલું તો ચકભમ અને બેતાબ મારી ગયલું હતું કે ત્યાં તે કંઇ જીવ જેવો વખત નહીં થોભતાં પાછી બાહાર આવી અને ધીમે પગલે તથા ચુપચુપ દાદરપરથી ચોરી છુપીથી નીચે ઉતરી અને દાદરને છેલ્લે પગથીએ આવી અચકી ઉભી. આ વખત જહાંગીર ઘોડાની પીઠપર હાથ ફેરવી તેનો પંપાલતો હતો. એક પળભર તેહમીના તે બનાવ જોતી ઉભી અને જે ઘોડાને જહાંગીર પ્યારથી પંપાલતો હતો તેની તરફ અદેખાઇની નજરે જોવા લાગી, કે જેની પીઠપર ફરતો હાથ પોતાના હાથમાં લેવા તેણીનું જીગર ઉછળવા લાગ્યું !

તેહમીના જહાંગીરની હવે છેક પાસે ગઇ અને ઉભી કે જેની તરફ જહાંગીરની પીઠ હતી. ફરી જોતાં તેહમીના પર તેની નજર પડી અને અજબ બની તેહમીનાને જોવા લાગ્યો. જોબનવંતી તેહમીનાને તેણીની ખરી ખુબસુરતીમાં તેણે હમણાંજ જોઈ અને તેણીની તે ખુબસુરતી જોઇ મનમાં અફરીન કરવા લાગો. એકાએક તેના જીગરમાં કોઇ પવિત્ર ધસ્તીએ ઘર કીધું, ગોયાતેની તરફ ટીકતી તે કુમારીકા ખુદ

પવિત્ર નિર્દોષતા પોતેજ હોય ! કારણ જો કે તેણી એક બોલ પણ બોલવા વગર મુંગી ઉભી હતી તોપણ જહાંગીરના ચેહેરા તરફ તે એવાં ખેંચાણથી જોતી હતી કે ગોયા તે ચેહેરો કોઈ પવિત્ર દેવીનો હોય ! બે ત્રણ પળ પછી તેહમીનાએ ચુપકીદી તોડી અને જહાંગીર તરફ ફરી કાલાવાલાની રૂપે બોલી.

"મેહેરબાંન સાહેબ—જો કે હું તારૂં નામ જાણતી નથી" તેહમીનાએ જહાંગીરને કહ્યું, "તે છતાં હું તારેથી કંઈ ખાએસ ધરાઉં છું. તું અખાડામાં જાય છે અરો પણ મારાં મનમાં કંઈ વેહેમ આવે છે કે તું ત્યાં ખતા ખાશે, અને તુંને કંઈ નુકશાંની ન પુગે એ માટે હું અતિશય આતુર હોવાથી મારી અરજ છે કે આ મોતી જડીત લાલ કપડાંની પટી તારી કોલાહની આસપાસ વીટાલ કે તુંને કંઈ એલજાંમ પુગશે નહીં. એ મારી ખરાં દીલની બંદગી પછી તુંને આપવા ધારેલી મારી ભેટ છે કે જે બંદગીની અસરે તું સહી સલાંમત પાછો ફરશે કારણ ખુદા હંમેશ નિર્દોષોની અરજ સ્વીકારે છે !"

"માંફ કર અયે નાજનીન" જહાંગીર બોલ્યો, "આજ સુધી કોઇબી બાનુંની ભેટ મેં મારા બદનપર શોભાવી નથી—મારી તે આદત નથી એ જેઓ મને ઓળખે છે તેઓ જાણે છે"

"એમ છે ?" તેહમીના મીઠા સરોદે મીનતજારી કરી બોલી, "ત્યારે તો જે ઓળખાણવાલાઓ તારી એ આદત જાણે છે તેઓ તો એ ભેટ તેં પેહેરેલી જોઇ તુંને તું તરીકે

બીજાંનથી ના પાડશે—એ તો એમ થયું કે તુંને જે જોઇએ તે મળ્યું ! તું અખાડામાં કોઇથી ઓળખાવા માંગતો નથીની ?”

તેણીની એ ચતુરાઇ ભરી તકરાર સમજીને કાલાંવાલા કરતી તે કુમારીકાને નારાજ ન કરવાના હેતુથી પરિણામનો કંઇ પણ ગંભીર તોલ કરવા વગર જહાંગીરે તેહમીનાથી માહુત થઇ તેણીની અરજ કબુલ કીધી, અને ધડકતે જીગરે તેહમીનાએ જહાંગીરના માથા પર મુકેલી કોલાહની આસપાસ એક લાલ રંગનું મોતી જડીત કપડું લપેટયું.

“મારા આખા જન્મારામાં” તેહમીનો પેલું મોતી જડીત કપડું લપેટતી હતી તેટલાં જહાંગીર બોલ્યો, “કોઇ પણ બાનુંની મરજીને હું તાબે થયો નથી.” અને તેના એ બોલવા સમેત તેહમીનાની સુંદર સીકલ પર લોહી ધસી આવ્યું અને તેણીનું જીગર હરખથી ઉછલવા લાગ્યું. હજુ તો તે કપડું તેહમીના લપેટી રહી તેટલાં તેનો ભાઇ જવાંન રૂસતમ ત્યાં આવી લાગ્યો અને તેહમીના ફીક્કી પડી ગઇ !

રૂસતમે પોતાની ઢાલ જહાંગીરને આપી અને પોતે પોતાના ભાઇ સોહરાબની ઢાલ લીધી જ્યારે જહાંગીરે પોતાની ઢાલ કાહાડી તેહમીનાને સોંપી ! અને તેણીથી ઇચ્છયું કે તે ઢાલ તેના પાછા ફરવા તલક સંભાલથી રાખવી. તેહમીના જહાંગીરની આ અરજ સમજી ખુશાલ બની ગઈ અને તે ઢાલની જીવની માફક જતન લઇ રાખવાનો કોલ જહાંગીરને આપ્યો.

“તું એટલી ફીક્કી કાં પડી ગઇ છે, તેહમીના” રૂસતમ

જહાંગીર અને તેહેમીના વચ્ચેનો મામલો કંઇક સમજી જઈ રમુજ કરવા બોલ્યો, "તારા ગાલપર લાલી આવવા દે!" એટલું બોલી ભાઇએ બેનને પ્રિતથી ત્રણ બોસા લીધા અને જહાંગીરે છુટા પડવાની સલાંમ તરીકે તેહેમીનાના હાથમાં પોતાનો હાથ મુકયો, અને રૂસતમ અને જહાંગીર ઘોડેસ્વાર થઈ ચાલતા થયા. એક પળ સુધી તેહેમીના સ્થિર ઉભી રહી એટલાંમાં તો તે બંને જંગીઓ કીલ્લાનો દરવાજો વટાવી ગયા. પણ દરવાજામાંથી બાહાર પડવા સમેત તેહેમીના તે દરવાજા તરફ ધસી જઇ ત્યાં ઉભી, કે તેઓ નજર આગલથી દુર થાય ત્યાં સુધી તેઓને તે જોઈ શકે!

રસ્તે જતાં જવાંન રૂસતમે જહાંગીરનાં કાલાવાલા કીધા કે તેણે પોતાનું નાંમ જણાવવું અને તે જવાંનની પોતા તરફની ફીદાગીરી જોઇ લઇ ઇનસાફને ખાતર જહાંગીરે પોતાનું નાંમ જણાવ્યું. જંગીઓના તુરરા જહાંગીર જેવા પેહેલવાંન સાથ અચબુચ દોસ્તી થયલી જોઇ જવાંન રૂસતમના હરખનો પાર રહયો નહીં અને જહાંગીર તરફ એવાં માંનની એક નજર ફેંકી જાણે ગોયા તે તેની પુંજા કરવા તઇઆર હોય!

## પ્રકરણ ૫ મું.

બપોરના એને અમલે જહાંગીર અને જવાંનુ રૂસતમ અખાડાવાલી જગ્યાએ આવી પહોંચ્યા. બાનુઓ, અમિર ઉમરાવો, પેહેલવાનો તથા તમાશગીરોથી ચોગાન ચીકાર ભરાઈ ગયું હતું અને તે સર્વનું ધ્યાંન નેકાબ સાથના લોખંડી બખતરવાલા જહાંગીર તથા રૂસતમપર ખેંચાયા વગર રહયું નહીં, અને સર્વ એક એકમાં એ પેહેલવાંનો કોણ હતાં તે વિષેની તેહેકીક કરવા લાગ્યાં.

હાકેમ ફરેદુન સર્વની વચમાં પુર ઠાઠ સાથે બેઠો હતો! હાથમાં તેણે એક રેસમી દાબડો પકડયો હતો જેમાં પેલું છેલું ઇનામી ગોહર મુકેલું હતું.

નગારચીઓએ નગારાં ઠોકયાં અને નગારાં અને શરણાઇઓનાં અવાજો વચ્ચે અખાડો શરૂ થયો. પેહેલવાનો બે બાજુએ સફ સમારી ઉભા કે જેમાંની એક બાજુ હુમલો લઇ જનાર હતી જ્યારે બીજી બાજુના પોતાના બચાવમ હાથ અજમાવનાર હતા. નિશાણી થતાં એક બાજુના જંગીઓએ ઘોડાને એર મારી એકાએક ચોગાન વચ્ચે ધસ્યા, અને પલકમાં, હથીઆરોના અવાજો વચ્ચે જમીન ગોયા ધરતીકંપના ધમલમાં ઝવિંઝલાઈ ગઇ!

જહાંગીર સુરપર ચહડ્યો અને એક એક પછી એક સ્વારોને ઘોડાના જીનપરથી ઉથાવી જમીનદોસ્ત કરવા લાગ્યો. તે સુરપર આવેલા જંગીની બાહાદુરી જોઇ હાકેમ ફરેદુન અમીર ઉમરાવો તથા આસોઆંમ તમાસગીરો અજાયબીથી દંગ થઈ ગયાં.

"એ કોણ હોવો જોઇએ!" "એ કોણ હશે" વગેરે સવાલો આતુરતાથી પુછાયા.

"પેહેલવાંન જહાંગીર સિવાય એવું પ્રાક્રમ કેણ બતાવે?" "પણ જો એ નેકાબદાર જંગી જો જહાંગીર હોય તો તેની કોલાહમાં મોટી જડીત ફીટ કેમ હોઈ શકે? કોઇની ઓરતને તે એ માંન આપે એ મોહાલ છે-શુ આપણે જહાંગીરને ઓળખતા નથી. એ કોણ હશે—લાગેચ તો જહાંગીર જેવોજ!"

એવા એવા ગુંચવાડાભર્યા સવાલ જવાબોથી તમાસગીરોની બેઠકોપર હોહા થઇ ગઇ.

આની તરફ ચોગાનમાં જહાંગીર જે ધુજારો કરતો હતો તે જોઇ ત્યાં મળેલા હરેક જંગી જવાંનની છાતીમાં કાતેલ ગુસ્સો ઉભરી નીકળ્યો—શું એક અંજાણ્યો માણસ ગોયા જમીનમાંથી ફુટી નીકલી ઇરાંની દરબારના નામચીન પેહેલવાંનોને આવી નામોશીભરી હાર આપે?

એ ગુસ્સાએ સર્વેને નવું જોર બક્ષ્યું અને સર્વ એકઠા થઈ જહાંગીરપર હુમલો લઈ ગયા. તેઓએ ભાલાઓ ઉચકશી અને જોશમાં આવી ભાલાઓને એક પછી દરીઆ-

વના ઉછળતા મોજા માફક જહાંગીરપર ધસ્યા—અને એક પળમાં મામલો કંઈ ફેરવાયો.

દુશમનોના ભાલાએ જહાંગીરનો ઘોડો જખમી થઈ પડયો, અને તમાસગીરોની ભારી દલગીરી વચ્ચે ખુદ જહાંગીરની બાજુએ એક ભાલો ખુટી બેઠો જેનો અરધો ભાગ ભાલો મારનારના હાથમાં રહી ગયો.

ઘોડા વગર જખમી હાલતમાં જહાંગીરની હાલત બારીક થઇ પડી; પણ બાહાદુર રૂસ્તમ તેની મદદે આવ્યો. તે જંગી જવાને એક સ્વારને તેના ઘોડાના જીનપરથી ઉઠાવી લઇ જમીનપર પટક્યો અને તેનો ઘોડો જહાંગીર પાસે લઇ આવ્યો જેનીપર જહાંગીર પાછો સ્વાર થયો.

લાગેલા જખમની અગને જહાંગીરે જીવપર કીધું અને સર્વની અજાયબી અને વાહવાહ વચ્ચે ગોયા એક મોજેજો કરી બતાવી સર્વ પેહેલવાનોને ચોગાનમાંથી જખમી હાલતમાં ખડેરી દીધા.

રણસીંગડાં પાછાં ફુંકાયાં અને બાંગીએ બાંગે બુલંદ પુકાર કીધો કે "મોતી જડીત લાલ ફીટવાલો નેકાબદાર બેહેલાં ગોહરનો માલેક છે."

"અયે બાહાદુર નેકાબદાર" હાકેમ ફરેહુન બોલ્યો, "આગલ આવ અને આ ગોહર તારે સ્વાધીન લે."

"ગોહરની વાત મારી આગલ નહીં જોઇએ". જખમી થયલો જહાંગીર દબાયલા અવાજે બોલ્યો "ખુદા ખાતર મને ચોખ્ખી હવામાં જવા દો, મારી આગલ ઇનામની વાત ના કરો! કારણ આજે મોત મારૂં ઇનામ છે! સલામ!

ખુદ ખુદાના કસમ તમોને આપું છું કે કોઈએ મારી પુઠ પકડવી નહી !"

એટલું બોલી જહાંગીર ચોગાનમાંથી બાહાર નીકલી પડી જરાવારમાં નજર આગલથી ગુમ થઇ ગયો કે જેની પાછળ જંગી રૂસતમ પણ હતો. તેઓએ લીધેલો રસ્તો જંગલનો હતો.

"મારી ઓલખાણનો એક પરહેજગાર શખસ આ જંગલમાં રહે છે" જહાંગીરે વધુ સુસ્ત અવાજે રૂસતમને કહ્યું "ત્યાં મારે જવું છે."

પણ જહાંગીર તે પરહેજગાર શખસના મકાંનથી થોડે દુર ઘોડાપરથી સરી પડયો અને જમીનપર બેસી રૂસતમને અરજ કીધી કે તેની બાજુમાં ખુટી બેઠેલા પેલા ભાલાના ટુકડાંને તેના શરીરમાંથી બાહાર ખેંચી કાહાડે.

"અરે વાહાલા જહાંગીર" રૂસતમ રડમસ થઇ બોલ્યો "મને ધાસ્તી છે કે એ ભાલાના બાહાર નીકલવા સમેત તું તારો જાન કબજ કરશે."

"પણ એ ભાલો મારાં શરીરમાં છે તેટલાંજ હું મરૂંચ—કાહાડ—કાહાડ" જહાંગીરે આજીજી કીધી.

રૂસતમે ભાલાનો તે ટુકડો ખેંચી કાહાડવા સમેત જહાંગીરે ચીસ્યારી પાડી એક હાય મારી. તેના બદનનું અરધું લોહી બાહર ધસી ગયું અને દુ:ખ અને નબલાઇના માર્યો ને બેસુધ થઇ ગયો.

રૂસતમ તુરતજ ત્યાંથી થોડે દુર આવેલી જહાંગીરે ઓળખાવેલા પરહેજગાર જોગીના ઝુમડાં તરફ દોડયો અને

તે પવિત્ર દસ્તુરની મદદે જહાંગીરને તેના ઝુપડામાં લીધો અને બંનેની જીવતોડ સારવાર વચ્ચે જહાંગીર ત્યાં દીવસનાં દીવસો સુધી, મોત અને જીવની વચ્ચે તફડીઆં મારતો પડી રહયો.

જહાંગીરના ચાલી જવા પછી અખાડામાં એકઠા મળેલા. અમીર ઉમરાવો, જહાં પેહેલવાનો અને તમાસગીરો સર્વ એકમતીએ હાકેમ ફરેદુનની આસપાસ ફરી વળ્યા.

"નામદાર હાકેમ ફરેદુન" એક બુઝોર્ગ અમીર ફરેદુનને કુરનસ બજાવી બોલ્યો, "જે બાહાદુર જવાને જવાંમરદીના કામે આપણને હેરત કરી નાંખી અહીંથી ચાલતી પકડી છે તે જવાંન મરણતોલ ઘાયલ થયલો છે એમાં કશો શક નથી—તે લાગેલા ઘા કેટલો જબુન અને કારી હોવો જોઈએ તેનો ખ્યાલ એટલાંપરથી લેવો ઘટારટ છે કે તેણે ઇનાંમપર પોતાનો દાવો કીધો નથી તેમજ ઇનામ લેવા આવવા બોલાવતાં પુકારી ઉઠયો કે મોત તેનું ઇનાંમ છે! ખુદા તેને મોતના દસ્તમાંથી બચાવે! જોર અને સુરમાં તે બીજો જહાંગીર છે!"

"એક નહીં પણ સેંકડો વખત મેં ધાર્યું કે તે જહાંગીરના જેવો છે." હાકેમ ફરેદુન પેલા બુઝોર્ગ અમીરના મતને મળતો થયો "અને તેથી આપણને સજાવર છે કે એવા એક નામચીન સરદારને માટે ઘટટી પુછપરછ કરવી" એટલું બોલી તે દયાળુ હાકેમ એક જવાંન તરફ ફર્યો કે જેનું નાંમ ફરામર્ઝ હતું.

"ઉઠ અયે જવાંન ફરામર્ઝ" હાકેમે તેને હુકમ કીધો,

"અને જઇને તલ્લાશ કર કે એ બાહાદુર નેકાબદાર ક્યાં અને કેવી હાલતમાં છે."

"ઇરાંન દેશની મગરૂરી અચે બાહાદુર નરેશો હું હીંમતથી કહું છું કે અહી બેગાં મળેલાઓમાં એક પણ માણસ એવો નહીં હશે કે જે તે બેગાના નેકાબદારની દલેરીપર આફરીન કરી મારાં મતને મળતો નહીં થશે કે તે આપવા ધારેલાં ઇનાંમને તે પુરેપુરો લાયક છે. માટે આપણા ચાલતા આવેલા રવઇઆથી ઉલટા જઈ તેને એક અસાધારણ માંન આપીશું. જો તે સ્વારે આપણી આગલ આવી જીતેલાં ઇનામપર દાવો કીધો નથી તો આપણે તેની તરફ તે મોકલી આપવું જોઇએ. ઓ અચે દીલાવર ફરામર્ઝ અને તેને શોધી કાહાડી તેને આ ગોહર સપુરદ કરી પાછો ફર. ખબર લાવ કે તે ક્યાં છે અને કેમ છે. તેને શોધી કાહાડવા શીવાય પાછો ફરતો ના."

જવાંનીના બાહારમાં ખીલતો ફરામર્ઝ હાકેમનો હુકમ બજા લાવવા હસ્તે ચેહેરે ઉઠયો ખરો પણ તેના જીગરમાં ગુસ્સાનો અંગાર તપવા લાગ્યો. અખાડા પછી ત્યાં ચાલનારી બે દીવસની ખાણીપીણી અને મોજમજાહ તજવાંના હુકમે તે અંદરખાનેથી ઘણોજ ફફડવા ચટકવા લાગ્યો અને બેગાંનાં નેકાબદાર પેહેલવાનને મનમાંજ શાલપાંમરી ઓઢાડવાનું શરૂ કીધું, પણ બાંહરથી તો હસ્તે ચેહેરે સર્વને નમી ઇનામનું પેલું ગોહર હાકેમ પાસે લઈ ઘોડેસ્વાર થઈ ઘોડો કુપટાવતો બાહર પડયો.

# પ્રકરણ ૬ ઠું.

પેલી બાજુ અખાડામાં જવા જહાંગીરના તેહમીનાથી છુટા પડવાની રાત્રે તેહમીનાએ આખી રાત તમામ બેકરારીમાં ગુજારી. જહાંગીરનો ચેહેરો તે જવાન નારની નજર આગળથી ખીસ્યો નહીં ગોયા જહાંગીરની તસવીર કોઇએ તેની આંખ આગલ ચીતારી મુકી હતી કે જે સબીને તેણીએ એવી રીતે તપાસી કે જેનાં છેક ઉંડાણમાં નજર કરી જહાંગીરનું દીલ અને મન વાંચવાની તે કોશેશ કરતી હોય !

સહવારના ઉઠતાં વાર તેણી પોતાના ઓરડાનું બારણું બંધ કરી અંદર બેઠી અને નીચે ઉતરી નહીં કે જે ઓરડો તે કીલ્લાના ઉંચામાં ઉંચા બુરજમાં કોતરેલો હતો બારણું બંધ કરી જહાંગીરે તેણીને સંભાલ માટે આપેલી ઢાલને બાહાર કાહાડી પ્યારથી તપાસવા લાગી. ભુખ અને તરસને તેણીએ તે દીવસ અને ત્યાર પછીના દીવસોએ લગભગ બીસારી મુકયાં ! ભલા બાપની માવજત કરવાનું તે ગોયા વીસરી ગઇ ! અને દીવાંની બની ગોયી તે ઢાલની પાસબાંની કરવા લાગી ! ઢાલને રખે ધુળ યા કાટ લાગે એવી કાલજી ભરી ધાસ્તીથી તેણીએ તે ઢાલપર ઉંચામાં ઉંચા રેશમી

કપડાંની કોથળી ચહડાવી અને તે કોથળીપર જાત જાતના રંગના રેશમના દોરાએ તે ઢાલનો આબેહુબ આકાર અને તેનીપરના ચિત્રામણો તેમજ જહાંગીરે બતાવેલી બહાદુરીની સીફતમાં તે ઢાલપર પાડેલા લેખોને આબેહુ નકલે ભરી લીધાં. એથી ન ધરાતાં કલાક કલાકે ઘરનું કામકાજ અને ઉંઘ ભુખ તજી દઇ ઉપર ઓરડામાં આવી પેલી કોઠલીમાંથી ઢાલ તેહેમીના બાહાર કાહાડતી અને પ્યારથી તેની પર પાડેલા લેખો અને તેની પર પડેલા દુશમનોના હથીઆરના ગોબા અને ચોબાઓ મગરૂરીથી છળકાતી છાતીના હરખભર્યા ઉભરાઓ વચ્ચે તપાસતી અને ફલાનો જરબ કેવી રીતે પડયો હોવો જોઇએ અને તે હથીઆરના જરબથી તેના નુરે ચશ્મ જહાંગીરે પોતાનો બચાવ કેવી જંગી રીતે કીધો હોવો જોઇએ તે કલ્પી તેના ખ્યાલ અને તુરંગો વચ્ચે ખુશ સ્વપના જોતી બેસતી!

એવો તે અખંડ પ્યાર હતો!

*　*　*　*　*

*　*　*　*

આખાડા પછી બે દીવસો અયેશ આરાંમ અને શીકારની મોજસોબો વચ્ચે ગુજારી હાકેમ ફરેદુન મેહેલમાં પાછો ફરી રાણી દીલઆરામને આવી મલ્યો.

"તારી તબીયત હજુ નાદરૂસ્ત છે વાહાલી દીલઆરામ" ફરેદુને દીલઆરામની ખેરઆફયત પુછી.

"નહીં, હું સારીકાની છું." રાણીએ જવાબ આપ્યો.

"જહાંગીર કયાં છે?"

ફરેહુનના આ સવાલે દીલઆરામ ફીક્કી પડી ગઈ અને અજાણ બની ફીકરમંદ દીલે પુછ્યું, "શું જહાંગીર તમારી સાથે અખાડામાં નહીં હતો ?" "શું તેણે ઈનામ જીત્યું નહીં ?"

"નહીં પણ તેના જેવોજ એક પેહેલવાંન, અખાડામાં ઉતર્યો હતો અને તેણે ઈનામ વટીક જીત્યું."

"ત્યારે તો તે જીતનાર જહાંગીરજ હતો." ચણીએ ફરેહુનને ખાત્રી આપી.

"પણ તેં કેમ જાણ્યું" ફરેહુને જાણવા માંગ્યું.

આગમજથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે રાણી દીલ-આરામે ફરેહુનને જણાવ્યું કે જહાંગીરે છુપે નામે આવવાનું એટલા માટેજ દરૂસ્ત ધાર્યું કે તે પોતાની પરિક્ષા કરી જોય કે તે ખરેખર પોતાની મરદાંનગીથીજ પોતે સર્વપર જીત મેળવી શકે છે કે તેના નામીચાં નામથી દુશમનો પેહેલ્લેથી હીંમત ખોઇ દઇ તેને હાથે માહત થાય છે અને એ કારણથી તેણે ફરેહુનથી પણ એ વાત છુપાવવા માટે ત્યાં નહીં આવવાનું બીમારીનું બાહાણું કાહાડયું હતું.

"પણ એ વાતથી એણે મને અંજાણ નહીં રાખ્યો હતે તો બેહેતર થતે—શું એક હાકેમ તથા વિશ્વાસુ દોસ્ત તરીકે એ હું વાત છુપી નહી રાખી શકતે ?" હાકેમ ફરેહુને સ્હેજ ઠપકો આપ્યો પણ પછી દલગીર બની બોલ્યો, "જે બનવાનું હતું તે બન્યું. પણ દીલઆરામ હું તારી આગળ ખરાબ ખબરનો લાવનાર છું. જહાંગીરને નહીં ઓળખવાથી ખુદ તેના દોસ્તો અને ભલું ચાહનારા ઈસંની પેહેલવાંનોએ

તેની પર તુટી પડી જખ્મી કીધો—મરણતોલ જખ્મી કીધો; જો કે અંતે જીત તો જહાંગીરનીજ થઇ. જખ્મી હાલતમાંજ તેણે જીત મેળવી મેદાન છોડયું. પણ સાથે સાથે મને એક સારી ખબર. પણ આપવી છે કે કોઇ કોમલ હાથ હમણાં તેની સારવારમાં રોકાયલો હોવો જોઇએ—હું આશા રાખુંચ કે જહાંગીરનું જીગર કોઈ કુમારીકાએ ચોરી લીધું હોવું જોઈએ કારણ તેણે પોતાની કોલાહની આસપાસ રેશમી કપડાંની એક મોતીજડીત ફીટ વીંટાલી હતી, ભેટ!—કોઈ દીલજીત કુમારિકાની કીંમતી ભેટ!

દીલઆરાંમના મુખપરનું સર્વ લોહી તેણીના જીગરે ખેંચી લીધું અને મોતસમાંન ફીકી પડી ઉભી. બીજીજ પળે ઘભરાતા જીવ અને દાઝેલે જીગરે તેણી પોતાના ખાવિંદની રૂબરૂથી હટી ગઈ અને પોતાના ઓરડામાં ઘસી ગઇ. ગુસ્સો, નાસીપાસી, અને ધિકકારની લાગણીઓથી તેણી ધ્રુજવા લાગી એટલાં સુધી કે દાંતો વચ્ચે પકડેલા હોઠ અને આંગલાના નખો વચ્ચે આવેલી હથેલીમાંથી લોહી ઝઝરવા લાગ્યું!

## પ્રકરણ ૭ મું.

હાકેમ ફરેદુનનો જવાંન કાસદ ફરામર્ઝ પેલું ગેહર લઈ જગેજગ ફરી વળ્યો પણ જહાંગીરની શોધ કરી શકયો નહીં અને એતેફાકે તેહેમીનાના બાપ અમિર દીલાવરના કીલ્લાપર આવી ચહડયો. ફરામર્ઝના હથીઆર દુરથીજ સુરજના કિરણો વચ્ચે પ્રકાસતાં નજરે પડતાં તે કોઈ પેહેલવાનજ છે :એવું નકકી અનુમાન કરી તેની તરફથી જહાંગીરની ખબર મેળવવાની હોંસે તેહેમીના દોડતી અને હાંફતી નીચે .ઉતરી આવી કિલ્લાના દરવાજા પર ઉભી.

"ભલે પધાર્યા મેહેરબાન" તેહેમીનાએ ફરામર્ઝને નમીને આવકાર દીધો "પણ મારે એક સવાલ કરવો છે! હાકેમ ફરેદુને ભરેલા અખાડામાં કયા બાહાદુરે જીત મેળવી છે?"

"પોતાની કોલાહની આસપાસ કોઈ બાનુને હાથની ભેટ—મોતીજડીત લાલ પટી—લપેટી આવનાર એક નેકાબદાર બેગાનાએ અખાડામાં સર્વને મારી હઠાવ્યા!" ફરામર્ઝે ખબર આપી.

"હું ધારતીતીજ!" તેહેમીના બોલી ઉઠી.

"પણ તે જીત તેને ઘણીજ મોંઘી પડી" ફરામર્ઝે

સનાનના સમાચાર ઉમેર્યા "અખાડામાંથી જ્યારે તે ચાલી ગયો તે વખતે તેના સીનામાં એક સખત—જીવલેણ—કારી ઘા થયલો હતો."

ફરામર્ઝનું તે બોલવું સમજી તેહેમીના મુશકેલથી દમ લઇ શકી અને પોતાના સીનાપર હાથ મુકી દીધો ગોયા તેણીના સીનામાં જહાંગીરની માફક કોઇએ ભાલો ભોકી દઇ તેણીને ઘાયલ કીધી! અને બેહોશ થઇ જમીનપર તુટી પડી. ફરામર્ઝ અજાયબીથી ડાચું વકાસી તેહેમીનાને જોતો ઉભો હતો તેટલાં અમિર દીલાવર કિલ્લામાંથી બહાર આવી લાગો અને ફરામર્ઝ કોણ હતો તેની પુછપરછ કીધી જ્યારે તેહેમીનાનો નાનો ભાઈ ચોહરાબ દાસીએની મદદે તેહેમીનાને ઉઠાવી કિલ્લામાં લઇ ગયો જ્યાં તેની સારવાર કરી તે ગરીબ અબલાને સુધીમાં લાવવામાં આવી.

અમિર દીલાવરે પુછેલા સવાલના જવાબમાં ફરામર્ઝે હાકેમ ફરેદુનના હુકમની મતલબ દિલાવરને કહી સમજાવી અને પેલું ગોહર તેને દેખડાવ્યું.

"તે જવાંનની શોધમાં તમોને રખડવું પડયું છે એ સમજી હું ઘણોજ દલગીર છું" દીલાવરે લાયકી બતાવી "પણ હવે તમોને વધુ ભટકવું પડનાર નથી. અખાડામાં જવા આગમજ એ જવાંન મારે ત્યાંજ ઉતર્યો હતો; તે પોતાની ઢાલ અહીં મુકી ગયો છે; તેની સાથે મારો બેટો રુસતમ છે અને તે કેઠે નહીં જતાં અહીંજ આવશે માટે મેહેરબાંની કરી મારે ત્યાં ઉતારો લેવો કે જેથી તું તેની મુલાકાત લઈ શકે."

ફરામર્ઝે લાયકી બતાવી અમિર દિલાવરની મેહેમાનગીરીની અરજ કબુલ કીધી અને કિલ્લામાં ઉતારો લીધો પણ તેની લાયકીમાં બેઇમાનીનો કંઈક અંસ સમાયલો હતો !

તેણે તેહેમીનાપર નજર નાંખી !

"દુનીઆના કયા ભાગમાં તેહેમીના કરતાં વધુ ખુબસુરત ચેહેરો મળી શકે ?" ફરામર્ઝે પોતાને પુછ્યું, "માથાથી તે પગ સુધી આખાં બદનમાં એક પણ ખોડ નહીં ! દરેક અવયવમાં સુંદરતા, જીગર ચાક કરનારી મનહરણ અદા, અને બોલવા ચાલવામાં અતિ નિર્દોષતા ! બસ એ ફુલ મારૂં !"

અવારનવાર તેઓ બાગમાં એક એકને મળ્યાં કે જ્યાં જબાંદરાઝ ફરામર્ઝે પોતાની લટરાજથી તેહેમીનાની ખુબસુરતીની તારીફ કરવા માંડી પણ તે નિર્દોષ નારની છાતીમાં જહાંગીરની છબી કોતરાયલી હતી તો ફરામર્ઝની ખુબસુરત અને ચાલાકી શું અસર કરનાર હતી ?

"જે ઢાલ તે પેહેલવાંન મુકી ગયો છે તે જોવાની માંગણી તું તરફથી અત્યાર સુધીમાં નથી થઈ એ જોઈ હું અજબ છું ! તેહેમીનાએ નરમ ઠપકો આપી ફરામર્ઝને અદેખો બનાવી દીધો ! "જે કામ તુંને તારા હાકેમે સોંપ્યું છે તેની જુસ્તેજો કરવા કરતાં બાગમાં લેહેર કરી વખત ગુમાવવો એ તારા હાકેમ તરફની બેવફાઈની શરૂઆત નથી ?"

ફરાંમર્ઝ ભરમમાં મારેલો આ તાંણો સમજી ગયો અને ગુસ્સા અને અદેખાઇના આવેસમાં તેણે પોતાના હોઠો કરડયા.

"તારી પ્રકાશિત આંખોના ઝળકાટ વચ્ચે મને સોંપેલું કામ હું ભુલી ગયો ખરો." ફરામર્ઝ નાઉમેદીથી બોલ્યો અને પછી તેણે પેલી ઢાલ જોવા માંગી, જે જોવા માટે તેહેમીના ફરાંમર્ઝને કિલ્લાના બુરજમાં છેક ઉંચે આવેલા પોતાના ઓરડામાં લઇ ગઈ. ઢાલ જોતાંજ ફરામર્ઝે તે જહાંગીરની ઢાલ તરીકે તુરતજ ઓળખી.

"મારા હાકેમનું ધારેલું ખરૂં પડયું." ફરામર્ઝ મજાક કરતો બોલ્યો, "એ જહાંગીરની ઢાલ છે."

"અને મારૂં ધારેલું પણ ખરૂં પડયું." તેહેમીના હરખથી બોલી "સવપનાઓમાં મેં જોયું કે તે પેહેલવાંનોનો વડો હોવો જોઇએ અને તે ખરૂં પડયું!"

"અને મેં મારા સ્વપનામાં જોયું" ફરામર્ઝ અદેખાઇના આવેશમાં નફટ બની બોલ્યો "કે તે પેહેલવાનના વંડાને તું ચાહે છે! કેમ ખરૂંની?"

નિર્દોષ તેહેમીનાને તે સવાલ નફટાઇથી ભરપુર છતાં નિર્દોષજ લાગ્યો અને સાદાઇથી બોલી, "હું શું જાણું બા! ખરો પ્યાર શું છે તે મને ખબર નથી. પણ ખરો પ્યાર કેવો હોવો જોઇએ તેનો જે મને ઝાંખો ખ્યાલ છે તે ખ્યાલ જો ખરોજ હોય તો હું કેહેશ કે હું તેને ચાહાવુંચ અને કુણીએ બીજો કોઈ તેની જાગા લેશે નહીં!"

"હું એક દુન્યાદારી માણસ છું" ફરાંમર્ઝ બોલ્યો "અને મને જણાવવા દે કે પેલો તારો ઝાંખો ખ્યાલ ખરો છે. તું જહાંગીરને ચાહે છે. પણ તેને ચાહવા પેહેલ્લાં સંભાળજે !" જહાંગીર અદેખાઇથી જલતાં જીગરે બોલ્યો, "જે બીના એ જાણે છે તે તુંને ખબર નથી કે તે કોઈ બીજીને ચાહે છે !"

"હશે !" તેહેમીના કંઇક ગુસ્સાથી બોલી અને ત્યાંથી ચાલી જવા નીકલી.

"સબર ! એકજ સોનેરી પળની વધુ મેહેરબાંની !" ફરાંમર્ઝ તેહેમીનાને અટકાવતાં બોલ્યો, "જહાંગીરે પોતાની કોલાહપર વલગાવેલી પટીના કસમથી કહુંછું કે જહાંગીર કોઈ બીજીને ચાહે છે. પણ કદાચ હવે એમ બને ખરૂં કે તે નાલેશીની કેતાબનું પાનું બદલે ! અને એમજ છે તો તે નામવર પેહેલવાંનના પ્યાર—પ્રાક્રમો વચ્ચે મારે આવવું નથી. હું ધારૂંચ કે જહાંગીર કયાં છુપાયલો છે તે જગાની તુંને ખબર છે માટે તેની સોધ કરવાની મારી ફરજને હું તારી બનાવુંછું. અખાડામાં તેણે જીતેલું ગોહર પણ તુંજ તારા કબજામાં લે. જો તું તેને ચાહતી હશે તો તારે હાથેજ તું એ બક્ષેસ સપુરદ કરતાં તુંને ખુશહાલી લાગશે. અને જો તે તુંને ચાહતો હશે તો તારા હાથમાંથી એ નંગ લેતાં ખુશાલીથી તેની છાતી ધડકશે. સલાંમ ! સદહજાર સલાંમ !"

એ પ્રમાણે ફેરાંમર્ઝ પેલું ગોહર તેહેમીનાને સ્વાધીન કરી અમિર દીલાવરનો કિલ્લો છોડી ગયો, અને દરબારમાં જઇ હાકેમ ફરેહુન તથા રાણી દીલઆરાંમને સર્વ વાતથી વાકેફ કીધાં, અને રાણીના મુખ તરફ ટીકી ટીકી અમિર

દીલાવરની બેટી તેહેમીનાના જહાંગીર તરફના પ્યારની હકીકત કહી સમજાવી તેનેથી થતી અસર બારીકીથી તપાસવા લાગો; પરિણાંમમાં દીલઆરાંમને મોત સમાંન ફીકકી પડેલી તેણે જોઈ. સર્વ અમીર અમીર ઉમરાવોએ એ નવાં જોડાંની સલામતી અને શુભ દુવા ચાહી જે દુવા દેનાર હરેકને દીલઆરાંમે ભારાં દીલથી કદુવા દીધી !

પેલી તરફ ફરામર્ઝના જવા પછી તેહેમીના પોતાના પેદર દિલાવર પાસે ગઈ અને ગુંઠણ મંડીએ પડી આજીજી અને ઓજરખાહીથી એક અરજ કીધી.

"પીદર, વાહાલા પીદર" તેણી બોલી "આજ સુધી તમોએ મારી એકબી માંગણી નાકબુલ કીધી નથી. અને આશા રાખુંચ કે મારી આજની માંગણી તમો જરૂર કબુલ ફરશોજ. વાહાલા ભાઈ રૂસતમની શોધમાં મને જવા દો."

"રૂસતમની શોધમાં જવાની કંઈ જરૂર નથી" અમિર દીલાવર બોલ્યો "તેનો સાથી અને રાહબર દીલાવર અને જંગી છે."

"હા પણ તે દીલાવર જખમી થયલો છે." તેહેમીના બોલી "વળી મને મારે હાથે પેલું ગોહર જહાંગીરમે સ્વાધીન કરવું જોઇએ. વાહાલા પીતાજી, જહાંગીરને હું મારા સ્વપનામાં લેવાયલો અને નખાયલો જોઉં છું—ગોયા તેનું બદન હાડપીંજર થઈ ગયું હોય ! સ્રી જાતના નાજુક હાથની સારવારની વાત જુદી હોય છે. બીમારીમાં બહાદુર પેહેલવાનોને તેઓની જખમી હાલતમાં સારવાર કરવી એ સ્રી જાતીની ફરજ છે."

"હું સમજ્યો ! બેટા ! હું સમજ્યો !" જમાનોનો ખાધેલ દીલાવર બોલ્યો, "પરોપકારના કાંમ કરતાં તું કંઈ બીજીજ લાગણીથી જહાંગીરની શોધમાં છે ! પણ જે ફલ તું ચાખવા માંગે છે તે ખુદ એટલાં ઉંચા ઝાડપર લટકેલું છે કે જે તોડી લેવા જેટલા ઉંચા હાથો તું ધરાવતી નથી ! પણ ખયેર ! જા ! તારી મરજીજ છે તો જા !"

તેહેમીના પોતાની ભાઇ સોહરાબને લઇ ઘોડેસ્વાર થઇ નીકળી. "પરોપકારના કાંમ કરતાં તું કંઇ બીજીજ લાગણીથી જહાંગીરની શોધમાં છે." અમિર દીલાવરના એ બોલો તેણીના કાંનમાં ગોયા વાગ્યા કીધા ! પણ અફસોસ ! એ બોલોનો જવાબ બીજા બોલોએ આપ્યો, "હું મારાં મોતને શોધવા જાઉં છું !" એ વિચાર તેણીના મગજમાં ભરાયો અને ઘણું કરતાં નીકળ્યો નહીં. જહાંગીરની શોધમાં તે લોકોને કંઇ લાંબે જવું પડયું નહીં. પેલા પરહેજગાર પુરૂષના ઝુંપડાં આગળ આવતાંજ સોહરાબે પોતાના ભાઈ રૂસતમને પીછાન્યો.

"રૂસતમ ! વાહાલા ભાઈ રૂસતમ ! જહાંગીર કેમ છે ?" તેહેમીનાએ રૂસતમની ખેરઆફીયત પુછવાનું બાજુ મુકી દઈ લાગલી જહાંગીર વિષે પુછવા લાગી.

"સોહરાબ ! તેહેમીના !" રૂસતમ અજબ થઈ બોલ્યો "તમો અહીં ! અને વળી જહાંગીર ! જહાંગીરનું નાંમ તમો લોકોએ કેમ જાણ્યું ?"

તેહેમીનાએ રૂસતમને સઘળી વાતથી વાકેફ કીધો. સોહરાબ કંઇ આગલા પાછલા વિચારો આવતાં એકાએક

ગમગીન બની રૂસતમ અને તેહમીનાને મુકી બાજુ થઇ ગયો જ્યારે રૂસતમ તેહમીનાને ગુફાઓમાંથી પેલા જોગીના મઠમાં લઇ ગયો. નારીયેલીના ઝાડની સીતલ અને તંદરોસ્તી આપનારી છાયા હેઠલ તે મઠક આવેલું હતું અને અંદર દાખલ થતાંજ તેહમીનાએ ખુશાલીની એક ધીમી ચીસ પાડી. તેણીની ત્યાં નજર ત્યાં પડેલી જહાંગીરની કોલાહપર પડી કે, જેપર હજુ મોતી જડીત પટી વીંટાલેલી હતી! ખુશાલીથી તેણીનું નાજુક જીગર છળકાવા લાગ્યું એવા વીચારથી કે જહાંગીરે તે પટીને હજુ માનીતી ગણી રાખી હતી.

જે ઓરડામાં તે સુતો હતો ત્યાં આવતાં તેહમીનાએ જોયું તો જહાંગીર ઉંઘમાં પડેલો હતો; ગોટલાંથી ગંઠાયલા તેના મજબુત જોરાવર મોટા હાથો વરૂના ચામડાપર ખુલ્લા પડેલા હતા કે જે જરા જરામાં એવી રીતે હીલતા હતા કે ગોયા જોનારને કંઇ ખ્યાલ આવે કે જહાં પેહેલવાન જહાંગીર સ્વપનામાં વટીક કોઇ સાથે લડાઇ કરતો હોય!

પણ તેહમીનાએ તેપર વધુ ધ્યાંન આપ્યું નહી. તેણીએ જહાંગીરને માથાથી તે પગ સુધી નીહાલ્યો અને હાડપીંજર જેવો તેનો સેવાયલો અવતાર જોઇ ગમગીન બની જઇ ડચકાં ખાવા લાગી. તે જગા એટલી એકાંત અને ચુપચાપ હતી કે તેહમીનાના ડચકાના અવાજે જહાંગીરની ઉંઘમાં ખલલ થઇ. તે જાગ્યો અને આંખોના ડોળા ફેરવવા લાગ્યો. પણ અધીરી બનેલી તેહમીનાએ તે એકદમ સજાગરૂં થાય તે આગમજ જહાંગીરને બોલાવ્યો, "નામદાર હાકેમ,

ફરેદુને તમોંએ જીતેલું ગોહર મોકલાવ્યું તે હું મારી સાથે લઇ આવી તમોને સપુરદ કરવા આવી છું."

"તે કેવી રીતે ?" જહાંગીરે પુછયું અને તેની આંખમાં ખુશાલીનો ચમકાર પંઠરાયો હોય એવું તેહેમીનાને લાગ્યું.

તેહેમીનાએ તે ગોહર પોતાના હાથમાં કેમ આવ્યું તે જહાંગીરને ટુંકમાં સમજાવ્યું અને પછી તેના બીછાના આગળ ગુંઠણુમંડીએ પડી એકદમ વાંકી વળી જઈ તે ગોહર જહાંગીરના હાથમાં મુકયું. તેણીનો ચેહેરો જહાંગીરની ઘણી નજદીક હતો અને તેના પરિણામમાં જેમ એક બચ્ચાંએ આપણે ચાહેલું કામ કીધું હોવાથી જે રીતે બોસો લંઇએ તે ઢપે તે બહાદુર જવાંને તેહેમીનાના રોખસારાપર એક બોસો લીધો. તુરતજ તેહેમીના જમીન પર ગબડી પડી; કારણ ખુશ ઉસકેરાટથી તેણી એટલી આજેજ બની ગઇ !

"તું ઘોડે સ્વારીથી ઘણીજ ડાકી ગયલી લાગે છે. તુંને આશાંયશની ઘણી જરૂર છે." જહાંગીર ઝબકી ઉઠી બોલ્યો.

"મને આશાયશની કંઇજ જરૂર નથી, જવાંન સાહેબ !" તેહેગીના બોલી, "તમારી આગળને આગળ રેહેવું એ મારે મનસે પુરતી આશાયશ છે."

"એમ બોલવાની મતલબ શું ?" જહાંગીરે વીચાર્યું અને પોતાની મોટી સોહામણી આંખો તેહેમીનાપર સવાલ પુછવાની ઢપે ઠેડવી મુકી—એટલો લાંબો વખત સુધી કે તેણીના રોખસારાપર લોહીએ ધસારો લાવી મુકી તેણીના

જીગરની છુપી વાત જહાંગીરની નજર આગળ ખુલ્લી કરી દીધી !"

જહાંગીર તે વાત જાંણીને ગુંચવણમાં પડયો પણ નાકુવત હોવાથી વધુ બોલ્યો નહીં. પણ તેહમીનાના ચેહરાપર ફરી વળેલી લાલી તેને ગમી નહીં. એક સિવાય, ઔરતના હેતની તેને જરૂર ન હતી—તે દરકાર કરતો ન હતો—અને ફોર મરડી ભર ઉંઘમાં પડયો હોય તેમ દેખાવ દીધો, એટલો બધો વખત સુધી કે અંતે તે ખરેખર ઉંઘમાં પડયો.

# પ્રકરણ ૮ મું.

તેહેમીના જહાંગીર આગળથી ખસી જઈ બાહાર આવી અને સોહરાબ સાથે ખેતરમાં ફરવા લાગી રાત્રે કયાં પડાવ નાંખવો તેનાં વીચારમાં તેઓ હતાં. તેહેમીના જહાંગીરની સારવાર કરવા માટે ઘણીજ આતુર હતી પણ તે તદ્દન સારો થાય તે પેહેલ્લાં ઘણા દીવસો નીકલી જાય એવું હતું. અંતે તેઓએ ઠરાવ કીધો કે તેઓએ પોતાના બાપીકા કિલ્લા તરફજ ઘોડા હંકારવા અને રાત પોતાના મકાંનમાં પસાર કરી ઝઝકલાંમાં પાછું ફેરવું.

એ પ્રમાણે દરરોજ તેહેમીના સહવારના ઝઝકલામાં બાપની રજા લઈ નીકળતી અને સાંજના ઝઝકલામાં ઘર પાછી આવવા પેલા પરહેઝગાર પુરૂષના મઠમાંથી નીકળતી. થાક તેણીને લાગી નહી કે નહી લાગી એ વખતની મંજલોની ઘોડેસ્વારીની રંજ ! થયલા ઘાની અસરથી જહાંગીરને વારંવાર મગજનો તાપ આવતો કે જે અરસામાં તે તેહેમીનાને ઘણી મેહેનત આપતો, અપમાન વટીક કરતો. પણ તે કુમારીકાએ ધીરજથી સહન કીધું. એક માત પોતાના બચ્ચાં માટે જેટલી કાલજી ન લે તેના કરતાં વધુ કાલજી તેણીએ લીધી અને અંતે એક દીવસ એવો આવ્યો કે પેલા પહરેઝગાર પુરૂષે જાહેર કીધું કે જહાંગીરની જીંદગી

તેહેમીનાની સારવારથીજ બચવા પાંમી. તેણે જહાંગીરને ચાલવા હાલવાની રજા આપી અને બે ચાર દીવસમાં તો જહાંગીરે તંદુરસ્તી સાંથે દોસ્તી કીધી!

જેહાંગીર કલાકના કલાક સુધી તેહેમીના સાથે વાત કરતો - તેણીપર પોતાનો જીવ ફીદા કરતો. પણ તેહેમીનાને જે જોઇતુંતું તે તેણીને મલ્યું નહીં. એક વાહાલા ભાઈના અણહદ અઠાગ પ્યારથી જેહાંગીરે તેહેમીનાને માથાથી પગ સુધી નવાજી—પણ એક આશકનો પ્યાર તે આપી શકયો નહીં—કારણ તે આપણે જાણયે છીએ તેમ કોઇ બીજીને ચાહતો હતો અને જો કે તેણીનાં તેવા પ્યારથી તે બેનસીબ રહયો હતો છતાં લીધેલા કસમ પાળવા તેણે તેહેમીનાને નારાજ કીધી.

"અફસોસ! અફસોસ! નાસીપાસી! નાસીપાસી" ગરીબ બીચારી તેહેમીના એક દીવસ બંધ બારણે રડી પડી "એ મને કબી ચાહશે નહી! ત્યારે હું શું કરૂં? શું મોતને શરણ થાઉં?" અને પછી જાંણે એક નિર્દોષ નીરાધાર બીચારૂં પક્ષી જેમ એકના એક સાદે એકજ જાતનું ટુકું ગાયણ રાત દીવસ અને વરસની આખેરી સુધી ગાયા કરે તેમ આખી રાત સુધી તેહેમીના એકનાં એકજ બોલો બોલી "ત્યારે હું શું કરૂં? શું મોતને શરણ થાઉં!" આ કોરથી પેલી કોર મરડતી, બીછાનામાં બેસી પાછી સુઈ જતી અને ઘડી ઘડીમાં હાથની કોણીપર માથું ટેકવી તાસવીસથી મનમાં એકજ જાતનું બડબડતી "જહાંગીર નહીં તો મોત!" "મોત નહીં તો જહાંગીર!"

સાંઝે થવા પછી જહાંગીર, તેહેમીના રૂસતમ અને

સોહરાબ ત્રણે જણાં અમિર દીલાવરના કીલ્લામાં આવ્યાં. સરસમાં સરસ પોષાક અને ઘરેણાંથી દરરોજ સણગાર કરી તેહેમીના જહાંગીર પાસે આવતી. એક દીવસે જહાંગીરે ખુશીમાં આવી જઇ તેહેમીનાને કહ્યું કે તેની યાદગારી દાખલ કોઈબી ચીજ તેણીએ તેની પાસે માંગવી.

"તુંને ઘણીજ ગમતી ચીજ મારી પાસે માંગ; તેહેમીના તેં મારીપર મારો જીવ બચાવી એક એવો ઉપકાર કીધો છે કે તે ભુલાવો મુશકીલ છે. તું જે માગશે તે હું આપીશ. જો કે હું કોઇની મરજી પ્રમાણે ચલી ચાલતો નથી, તોપણ હું તારી મરજીને શરણ થવા તૈયાર છું."

તેહેમીનાએ જહાંગીરનું એ બોલવું સાંભળી તેની તરફ ઉજળી પુની જેવા ફીક્કા પડી ગયલા ચેહેરાએ જોયું અને બોલવા ચાહયું પણ બોલવાની શક્તિ ગોયા તેણીએ ગુમાવી દીધી.

જહાંગીરે જોયું કે તેહેમીના કંઇ બોલી દેવાની કોશેસ કરતી હતી પણ તેમ કરવાની તેનામાં તાકાત ન હતી; એવું જોઇ તેણે ઝાઝી બોહોસ કીધી નહીં.

"વીચાર કરીને મને કહેજે." જહાંગીરે સુચવ્યું.

કેટલાક દીવસ વીટવા બાદ એક બડી બામદાદે તેહેમીના બાગમાં ફરતી હતી ત્યાં જહાંગીર આવ્યો અને તેહેમીના પાસે પોતાની બેઠક લીધી.

"હું આજે તમો સર્વની રજા લઇ જાઉં છું." જહાંગીર બોલ્યો, "વાસ્તે મારી માંગણી પ્રમાણે મારી ઇધાંણી દાખલ કોઇ ચીજ હવે જલદી સાંગી લે."

"જાવોછો ?" તેહેમીના ફાલ ખાઈ બોલી, "હવે પછી આપણે કદાચ કભી પાછાં મળશું નહી તો શું એક કીંમત ભરેલા બોલની ખોટીને લીધે શું હું મરીશ ?"

"બોલ ત્યારે બોલ ! તારી માંગણી શું છે તે સાંભળવા હું તારીજ આરવારથી જીવતો છું."

"તો સાંભળ" તેહેમીના ઉસ્કેરાઇ જઇ એકદમ બોલી પડી. "જહાંગીર ! વાહાલા જહાંગીર ! હું દીવાની થઇ જવશ ! હું તુંને ચાહુંછું ! ચાહુંછું મારા હૈયાંના જીગર હું તુંને મારા જાનથીબી જીયાદા ચાહુંછું. મને તારો પ્યાર બખશ, મને તારી મોહોરદાર બનાવ !"

જહાંગીર ગમગીન બની ગયો.

"વાહાલી છોકરી" જહાંગીર તે નિર્દોષ કુમારીકા તરફ જોઈ દલગીરીથી બોલ્યો, "જો પરણેલી જીંદગી મારા નસીબમાં સરજેલી હતે તો હું કયે દહાડેનો પરણી ગયો હતો. પણ મારાં નસીબમાં પરણવાનું છેજ નહીં દુન્યાંની કોઇબી ઓરત મારી મોહોરદાર થઈ શકનાર નથી."

"નહીં ! નહીં ! મને તરછોડ ના" તેહેમીના દયા માટે સુંદર ગોરા નાનકડા હાથો લંબાવી બોલી "જો તારી મરજી એમ હોય તો મને તારી મોહરદાર ના બનવા દે ! પણ મને તારી સાથેની સાથે રાખ ! હું દરરોજ તારૂં મુખ જોઈ સુખી થવસ. એક દાસીની માફક તારી ચાકરી કરશ. સારી દુન્યાંમાં જયાં જયાં જશે ત્યાં મને તારી પાછળ આવવા દે !"

"આહા ! ગરીબ છોકરી" જહાંગીર કદરથી બોલ્યો, "સારી દુન્યાંની મારી મુસાફરી દરમ્યાંન તું મારી પાછળ

આવવા માંગે છે તે દુન્યાં બેકદર છે! દુન્યાં જાસુસો અને તારી મારી કરનારાંઓથી ભરપુર છે અને તેઓ એટલાં ભુખ છે કે જે તેઓ જોય અને સાંભળે છે તેનો હંમેશ ખરાબ અર્થ ઉઠાવવા વગર રેહેતાં નથી! માટે જો હું તારી માંગણી કબુલ કરૂં તો ગોયા એવું કેહેવાય કે તારા ભાઇઓ અને પીતાની ખાતરદારી અને મેહેમાનદારીનો બદલો મેં નગુણાંપણાંએ વાળી આપ્યો."

"જો એમજ છે કે હું તારો ચેહેરો જોઇ શકું નહીં તો અફસોસ જાણ ઓ વાહાલા જહાંગીર કે મારા દહાડા ભરાઇ ચુકયા છે!" તેહેમીનાં બોલી.

"નહી! નહી! ઓ સદગુણી કુમારીકા "જહાંગીર બોલ્યો "એમ ના બોલ. તારી એ લાગણીઓ મારી તરફનો ખરો પ્યાર નથી—જવાંનીનો એ પેહેલ્લો ઉછાળો છે! આજના તારા બોલોને તું કોઇ દહાડો હસી કાહાડશે કે જે વખતે તું કોઇ વધુ વખત લાયક જવાંન સાથે તારી કદખુદાઇ કરશે. તેહેમીના મારી જવાંનીના દીવસો ભરાઈ ચુકા છે, અને તેથી તું કોઇ વધુ નાની ઉમરના જવાંનને લાયકની છે. જો તે જવાંન ગરીબ હુશે તો હું તેને મારી કુલ અસકયાંમતમાંથી અરધી મીલકતનો ધણી બનાવીશ. કાંમ પડવે મને બોલાવજે અને હું રાત દીવસ તારી ચાકરીમાં ખડો રહીશ. એ ઉપરાંત હું કાંઇ વધુ કરી શકતો નથી."

"મને બીજુ કંઇ જોઇતું નથી." તેહેમીના મોત સમાંન ફીક્કી પડી જઇ લપેરો ખાતી બોલી અને જહાંગીરનું નાંમ જબાંનપર લેતી બેસુદ્ધ થઇ તુટી પડી જેવી હાલતમાં તેણીને બાગમાંથી કિલ્લામાં લઈ જવામાં આવી.

એતેફાક એવો બન્યો કે તેહેમીનાનો બીતા જે પણ બાગીમાં હુવા ખાવા નીકલ્યો હતો તેણે તે જવાંન જોડાંની વાતચીત સમજી અને તેહેમીનાના બેસુદ્ધ થવા સાથેજ જાહેર થયો.

"અફસોસ! જવાંન પેહેલવાંન" તેણે જહાંગીરને કહ્યું "મારૂં ફરઝંદ આટલું દુઃખી થશે એવું જો હું જાણતે તો તુંને મારાં મકાંનમાં ઉતારો આપતેજ નહીં.

"એમાં મારો વાંક નથી સાહેબ" જહાંગીરે કંઇક દુઃખથી જવાબ આપ્યો.

"જે થયું તે થયું" તે દુઃખી બાપે પુછ્યું, "પણ મારી બેટીનો હાથ નાકબુલ કરવા માટેનો તારો ઠરાવ તું શું ફેરવી શકશે નહીં"

'એ બાનુંને નારાજ કરવા માટે મોટું દુઃખ ઉપજવા છતાં મારે જણાવવું જોઇએ, અમીર દીલાવર સાહેબ કે એ વાત કદી બને એવી નથી."

"ઠીક છે" દીલાવર શાંતીથી બોલ્યો, "ત્યારે એક દુઃખી બાપની બીજી અરજ સમજ—"

"મોટી ખુશીથી સાહેબ" જહાંગીર બોલ્યો, "હું તે બજા લાવવા તૈયાર થઇશ."

"તેહેમીના સાથે આજ પછી અતી બેદરકારી અને કંઇક ધિક્કારથી ચાલ કે જેથી એ પણ તુંને ધીક્કારે—નહીં તો એ મારી ફુલ સમાંન બેટી બળાપાથી ફુલ સમાંન કરમાઈ જશે" અમિર દીલાવર હુકમની ઢપે બોલ્યો.

આ વિચિત્ર માંગણીથી જહાંગીર જરા વિચારમાં પડયો. "તમારી માગણીને શરણ થતાં હું એક નગુણા તરીકે તેહેમીનાની નજરમાં ખુલ્લો પડીશ તે છતાં જો એથી તેહેમીનાને કંઇક ફાયદોજ થનાર છે એવું જો તમારી બુજોર્ગ દાનેશમંદીથી તમો જોતા હોવો તો મારી મરજી વિરૂદ્ધ પણ મોટા દુઃખ સાથે હું તેમ કરીશ." અંતે જહાંગીર પણ તેજ ઠરાવપર આવી બોલ્યો.

તેજ સાંજે જહાંગીરે તેહેમીના પાસેથી પેલી ઢાલ કે જેને તે ગરીબ છોકરીએ જીવની કાંની જતનથી રાખી હતી તે મંગાવી લીધી, કે જે ઢાલને દુઃખની લાગણીથી ધુજતી અને લખ લખતી તેહેમીનાએ પોતાને હાથે બનાવેલી કોડલીમાંથી બાહેર કાહાડી જહાંગીરપર મોકલી દીધી.

બીજે દીને સહવાર પડતાંજ જહાંગીરે પોતાના ઘોડાને કિલ્લાના ચોગાનમાં તૈયાર કીધો. ઘોડાના પગલાંનો આવાજ સમજતાંજ તેહેમીના બારી આગળ આવી. અને જોયું કે જહાંગીર ત્યાંથી બાહાર પડવાની તૈયારી કરતો હતો. તેહેમીનાની બીજી નજર જહાંગીરની કોલાહુપર પડી કે જેપરથી પેલી મોતીજડીત પટી પણ ગુમ થયલી તેણીએ જોઇ. તે પોતે બારી આગળ ઉભી હતી એ વાત જહાંગીરને ખબર હતી એવું તેહેમીનાએ ખુલ્લું જોયું પણ જહાંગીરે નહીં ઉપર જોયું કે નહીં છુટા પડવાની છેલ્લી સલાંમ તરીકે હાથ ઉચકયો, પણ ચુપચુપ પણ દલગીર ચેહેરે ઘોડાને એડ મારી ધીમે ધીમે કિલ્લાની બાહાર પડયો; અને એ પ્રમાણે ખુદા અમિર દીલાવરને આપેલું વચન જહાંગીરે પાળ્યું. પણ અફસોસ તે બનાવ તેહેમીના માટે અપસુકનભર્યો હતો.

બાપની સમજાવટ, તથા વાહાલા ભાઈઓના પ્યારભર્યા મીઠા દીલાસા છતાં તેહમીના તે બુલંદ મીનારાના ઉંચામાં ઉંચા બુરજમાં કોતરેલા પોતાંના ઓરડામાં ઝુરવા લાગી. બાપ ભાઈઓની હાજરી દરમ્યાન તેણી બેદરકાર રેહેવાની કોશેશ કરી, શાંત રેહેતી પણ એકલી પડતાંજ તેણીએ પોતે બનાવેલી ઉમદા ભરત કામની પેલી કોથળી કે જેમાં તે જહાંગીરની ઢાલ મુકતી હતી, તે કોથળી આંખોમાં દાબી નવધારે રડતી, અને જહાંગીરનો ચેહેરો યાદ કરી તેની જુદાઈ કરતાં મોતને વધુ પસંદ કરી મોતને ગાયા તેડું કરતી.

"ઓ મોત! મોત! મને બોલાવ અને હું તારી પુઠે આવવા તૈયાર છું." વખતનો વખત સુધી તેહમીના બબડતી, 'મારા જહાંગીરે મારા હેતને મીઠું ગણ્યું નથી તો ઓ મોત હું તુંને મીઠું ગણું છું! જહાંગીર તરફનું મારૂં હેત જે મને એક વખત મીઠું લાગતું હતું તે મારે મનસે હવે કડવું છે, જ્યારે મોત જે મને એકવાર નાપસંદ હતું તે આજે મીઠું અને આવકારદાયક છે."

એ પ્રમાણે તે બીચારીનો હાલ બેકરારીનો થઈ પડયો અને ખાવું, પીવું તથા આરામ છોડી દઇ પેલી કોથળીને ખોળામાં લઇ, નવધાર આસુંઓથી ભીંજવી તે પર બોસાઓનો વરસાદ વરસાવતી. દીવસે દીવસ તે નિર્દોષ ફુલ કરમાવા લાગ્યું અને અમિર દીલાવરે ગમખાર જીગરે જોયું કે તે બીચારીની જીવવાની આશા રહી નહીં.

"બેટી મારી" તે બુઢો બાપ ચીરાયલાં જીગરે મીનતજારી કરવા લાગ્યો, "કોઇને ખાતર નહીં તો જે બાપે તું

માવતર વગરની બેટીને જતન લઇ ઉધારી તેને ખાતર જીવ!" તેહેમીના, જહાંગીરનો ખ્યાલ છોડી દે કારણ કે તું જેવા એક પવિત્ર ભોગનો લાયકનો નથી."

"ખચ્ચીત લાયકનો નથી." જવાંન સોહરાબ બોલ્યો, "રાણી દીલઆરાંમ સાથનો તેનો સંબંધ અપવિત્ર છે અને લોક તેઓપર થુંકે છે! અને એવા માટે એક કિમંતી જીવ આપવો એ સજાવાર નથી. જહાંગીર નીચ છે!"

સોહરાબનું એ બોલવું સમજી તેહેમીના ઘણી ઉસ્કેરાઇ ગુસ્સે બની ગઇ અને બીમારીથી તદ્દન નબલું પડેલું તેણીનું બદન આંચકા ખાવા લાગ્યું.

"અદેખાઈ, પોતાની કાતેલ અગને, ગીબતખોર માણસોને લોકની નીંદા કરવા ઉસ્કેરે છે! મારા જહાંગીરની મોટાઇ કોઇથી જોવાઈ શકાતી નથી." તેહેમીના ઉસ્કેરાઇ બોલી, "પણ હું કોઇને તેની વિરૂદ્ધ બોલવા દેનાર નથી, કારણ વાહલા સોહરાબ તું જાણીને અજબ થશે કે નામવર હાકેમ ફરેદુનની દરબારમાં જહાંગીરને મળવા ખુદ હું પોતે જાઉછું."

"તે કેમ?" અમીર દીલાવર, સોહરાબ તથા રૂસતમે એકકે અવજે પુછ્યું.

"મારી અરજ સાંભળો" તેહેમીના બોલી, "અરજ—એક મરતી છોકરીની અરજ સાંભળો. હું તમોને કસમ આપુંછું કે મારી મરતી વખતની માંગણી જરૂર બજા લાવજો—"

"એમ ના બોલ તેહેમીના" દીલાવર રડમસ થઈ બોલ્યો તું જીવશે."

"નહીં—ખોટી આશા રાખવામાં ફાયદો નથી. તેહેમીનાએ ચુકવ્યું. "મોત મને બોલાવે છે અને તેના હુકમને માંન આપવા તૈયાર છું—પણ તે આગમજ મને વચન આપો કે મારી છેલ્લી માંગણી—જેબી હોયં તે—તમો જરૂર બજાં લાવશો." એટલું બોલી તેણીએ ગોયા વચનનું માંગતી હોય તે રૂપે હાથ લાંબો કીધો, અને તે ગમખાર બાપ બેટાઓએ મરતી દીકરી—બેહનની માંગણી જરૂર બજા લાવશું એવું કહી કોલ આપ્યા.

વચન મળવા સાથ તેહેમીના શાંત થઈ ગઈ અને જેબમાંથી એક કાગજ કાહાડી સર્વેની અજાયબી વચ્ચે દીલાવરના હાથમાં મુકયું.

"મારી મરતી વખતની છેલ્લી ઘડીએ મારાં બદનમાંથી ગરમી નીકલી જાય તે આગમજ આ ચીઠ્ઠી મારા હાથમાં મુકી મુઠ્ઠી વાલજો" તેહેમીના અજબ અને વિચિત્ર માંગણી કરતી બોલી, "અને મારૂં આંગ થંડું થતાંજ જે બીછાનાં પર હું મરણ પામું તે બીછાનાંને તેમજ મુઠ્ઠીમાં પકડેલા એ કાગજ સાથના મારાં બદનને રાણીને છાજતા દબદબા સાથે સણગારજો ! અને તે સણગારેલાં બીછાનાંમાં મેલેલાં મારાં બદનને પુરતા ભપકા સાથ બાહાર કાહાડી નદી કીનારે લઈ જવાની તૈયારી કરી રાખજો. નદી કીનારે એક હોડી તૈયાર રાખજો કે જે ચલાવનાર ફક્કત એકજ માણસ હોવો જોઇએ અને તે એકલા માણસ તરીકે આપણા બુઢા અને નિમકહલાલ મુંગા-બેહેરા બાંગબાંન બહમનને નક્કી કરજો. કે જે મને જળમાર્ગે હાકેમ ફરેદુનના મેહેલ આગળ ઉતારી ફરેદુન આગળ લઈ જશે !"

અજાયબીથી દંગ બની ગયલા બાપ બેટાઓ હવે કંઇ બોલી શક્યા નહીં, કારણ તેઓ વચનથી બંધાયા હતાં; અને મુંગે મોંહાડે તે કમનસીબ નારીના છેલ્લા હુકમને માંન આપવા કબુલ થયાં—જો કે તેઓની અજાયબીનો તો પાર જ હતો નહીં, પણ તે અજાયબી લાંબો વખત રહી નહીં કારણ છેલ્લીવાર કબુલાતો અપાયા પછી તેઓની અજાયબી અફસોસ! વીલાપના આકારમાં ફેરવાઇ ગઇ, અને કંઇપણ તાસવીસ વગર તેહેમીના, ગમ્મખ્વાર ભાઇઓ તથા બાપને રડતા મેલી એક ડચકું અને જહાંગીરનું નાંમ મુખપર લઇ તે સાંજે આ જહાંનમાંથી સદાની વાસો કિડાવી ગઇ.

અમીર દીલાવરે પેલું કાગજ તેહેમીનાની મુઠ્ઠીમાં મુકયું અને વચન પ્રમાણે તેની દરેક માંગણી બજા લાવવામાં આવી, અને બીજે દીવસે મુંગા-બેહેરા બાગબાંન બહમને તેહેમીનાની લાસને લઇ નદી માર્ગે હાકેમ ફરેદુનના મેહેલ તરફનો રસ્તો લીધો.

"છેલ્લી સલાંમ! વાહાલી બેહેન! રૂસતમ અને સોહ-રાબે જલતાં જીગરે નમન કીધું.

"સલાંમ! છેલ્લી સલાંમ! મારી પ્યારી બેટી!" બુઢો દીલાવર ફસડાઇ પડી બોલ્યો, "મારી આંખોનું નુર આજથી ગુમ થયું."

## પ્રકરણ ૯ મું.

આપણે જાણ્યે છીએ તેમ જહાંગીર પેલાં સાતો ગોહરનો માલેક થઇ ચુકયો હતો, કે જે ગોહરોની કીંમત આપણે જોઇ ગયા છીએ તેમ એક પાદશાહતની અંકાઇ હતી. અને જે ગોહરો મેલવવા માટે જહાંગીરને હાથે કંઇક પેહેલવાનોના અમુલ્ય જાંન ગયા હતા અને જેને માટે જહાંગીર પોતાનો પ્યારો જાંન ખોવાની અણીપર હતો.

એટલાં કીમતી તે ઝવાહીરોને, જહાંગીર દીલઆરાંમના પગ આગળ મેલવા તૈયાર થયો કે જે માટેનો તેનો અરમાંન વરસો થયાં છાતીમાં ઘુમ્યો રહયો હતો !

હસ્તે ચેહેરે તે હાકેમ ફરેદુનના મેહેલમાં જઇ ઉભો અને રાંણી દીલઆરાંમને મળવા ચાહયું; તુરતજ તેને દાખલ કરવામાં આવ્યો અને હરખભેર તે દીલઆરાંમ પાસે આવી ઉભો કે જે એક બારી આગળ ઉભી રહી, પાસે વેહેતી નદીના રોહને બેધ્યાંનપણે તપાસ્તી હતી.

જહાંગીરનો હરખ તેની છાતીમાંજ બંધાઇ ગયો. કારણ રાંણી દીલઆરાંમ જે જગાપર ઉભી હતી ત્યાંજ જરા પણ હીલવાં ચાલવા વગર સંગેમરમરના પથ્થરમાંથી કોતરી કાઢા-

ઉલાં પુરહાં મીસાલ આવકારની એક સ્હેજ પણ નીસાંણી વગર સ્થિર અને દમાંમથી ખડી રહી; જહાંગીર તુરતજ ગુંઠણુમંડીએ પડયો અને તેણીના પોષાકની મોહરીપર એક બોસો લીધો.

"જહાંગીરને આવકાર વટીક નહીં!" જહાંગીરે દીલઆરામને પુછયું.

પણ તેનો જવાબ મલ્યો નહીં.

"મજાક મશ્કેરીનો આ વખત નથી" જહાંગીરે કંઇક દુઃખથી ઠપકો આપ્યો.

ફરીથી પણ જવાબ મલ્યો નહીં!

"મને ના સતાવ! બાનું દીલઆરાંમ! જો આ નજરાણાંપર નજર કર! સાત વરસની જેહેમતથી મેળવેલાં આ સાત ગોહરો હું તારા પગ આગળ ધરવા લાવ્યો છું, અને ત્યારેજ હું ખુશી અને મગન થઇશ કે જયારે તું તે કબુલ કરી તારાં રોનકદાર બદનપર તેઓને બીરાજતાં કરશે. તારી ખુશીમાં આવે તો એ સાતે ગોહરોને સોનાના તારમાં જડી તારા જમણા હાથને શોભાવજે કે જે રોણકદાર હાથની બરોબરી સારી જહાંનમાંની કોઇ પણ ઓરતનો હાથ કરી શકે નહીં! જોઇએ તો એ સાત ગોહરોનો હાર બનાવી તારી હંસરૂપી ગરદન આસપાસ લટકાવજે કે જે ગરદનની કુદરતી શોભા એ ગોહરોની શોભાને દીપાવશે! ઓ દીલઆરાંમ! તારાં બદનની સાદી શોભા આગળ એ ગોહરોની ઝલકતી ઝલક નાચીજ છે તે છતાં એ ગોહરો મને ખુશી રાખવા ખાતર કબુલ કર!"

જહાંગીર એ સઘળું બોલતો હતો તે દરમ્યાન રાણી દીલઆરાંમે પાસે પડેલો ફુલોનો એક સુગંધીદાર તોરો હાથમાં લીધો અને ગુસ્સામાં અને ગુસ્સામાં તે ફુલોના પાતરાં પીંખી ચુંથી જમીનપર વેરવા લાગી એટલાં સુધી કે તેના પગ પાસે ફુલના પાતરાંઓનો એક નાનો ઢગ બની ગયો.

જહાંગીરે બોલવાનું પુરૂં કરતાંજ તેણીએ બેદરકારપણે પેલાં ગોહરોનું કીંમતી નજરાંનું હાથમાં લીધું અને ગોયા તેઓ નાચીજ અને બેકીંમતી હોય એવું દેખાડી શાંત અદાએ તેઓને બાજુએ મુકી દીધાં, અને પછી જણાંત બોલી:—

"આપણાં વરસોનું હેત પવિત્ર છતાં તે હેતને સદા અખંડ રાખવા માટે કોઇપણ ગાંઠનો આંકોસ નથી અને તું તે ગાંઠને આસાંનીથી તોડગો ! મારા તરફનું તારૂં હેત જે જીગરમાં સમાયલું હતું તે જીગરની કીંમત આ ગોહરો કરતાં હું દસ ઘણી આંકતી આવી છું, તો આ ગોહરો શું બીશાદમાં છે? જા એ ગોહરો પેલીને સપુરદ કર ! તેને સપુરદ કર કે જેને હાથની ભેટ તેં તારી કોલાડપર લટકાવી કુલ આલમને તેં તારો પ્યાર જાહેર કીધો—જે મોતીઓ તેણે તારી કોલાડપરની પટીમાં મઢી લીધાં હતાં તે મોતીઓમાં આ જવાહીરોને પણ ઉમેર અને તેના બદનને સણગાર—આહ! તે ખુબસુરતીની રાણીને શણગાર અને તેને પછી કેહે કે તેની ખુબસુરતી દીલઆરામની ખુબસુરતી આગળ બીસાદમાં નથી !"

એટલું કહી દીલઆરાંમે પેલાં જવાહીરો ગુંથવા માટે

હાથ લંબાવ્યો પણ તુરત પાછો ખેંચી લીધો, અને એકાએક ફેરવાઇ ગયલા વીચારે અને અદેખાઇના પુર આવેશમાં જહાંગીરની અજાયબી વચ્ચે પેલા જવાહીરો નદીમાં ફેંકી દીધાં.

"ખુદાના કસમથી હું મારો વિચાર ફેરવુંચ. જે જવાહીરો તેં મારે માટે જીત્યાં તે બીજીને આપવા માટે હું તુંને પાછાં આપું ? નહીં. કદી નહીં !" દીલઆરાંમ તે જવાહીરોને નદીમાં ફેંકતી બોલી.

વીજલીના ચમકારથી તે જવાહીરો પાણીમાં પડયાં અને પાણીના ચમકાટ સાથેના એક પળના મેળાપ પછી જોનારની આંખને છક કરી નજરથી ગુમ થયાં.

જહાંગીર અજાયબી ગુસ્સો અને દલગીરીની લાગણીઓથી માહુત થઇ ડંગ થઇ ઉભો અને કંઇ બોલવા જાય તેની આગમજ તેની નજર તેહમીનાના સબને લઇને આવતી હોડીપર પડી, અને તે હોડીના હાંકનાર મુંગા-બેહરાને તુરત ઓલખ્યો. બીજીજ પળે તેની નજર ગરીબ તેહમીનાના મુંખપર પડી કે જે ખુલ્લું મેલાયલું હોવાથી આબાદ નજરે પડયું.

એક ફાલ ખાઇ જહાંગીર ચમકયો, પણ તેની એ હીલચાલપર દીલઆરાંમનું ધ્યાંન ખેંચાયું નહીં કારણ તે ત્યાંથી ચાલી ગઇ. મેહેલના નોકર નફરો બારીએ બારી એકઠાં થયાં અને તેહમીનાવાળી હોડીને જોવા લાગ્યાં. મુંગો-બેહરો બાગબાન બહમન સ્થિર અને એક ચીતે વગર હીલવે બેસી રહ્યો.

“એ પરી સમાન નારી કોણ છે?” એકે પુછ્યું.

“પેલો માણસ બોલતો કેમ નથી?” બીજાએ પુછ્યું.

“જાદુથી બંધાયલો લાગે છે!” ત્રીજાએ ખરેખર દયાર્દ્ર બની ઉમેર્યું. કારણ તે દેખાવ ખરેખર ગંભીર હતો. તેહેનો નાનો ચહેરો મોતની નિંદમાં પણ હસતો હતો છતાં તેની સુંદરતા અને ફીકાસ અકુદરતી હતા. સર્વને ઘણી અજાયબી લાગી.

## પ્રકરણ ૧૦ મું.

એ ગડબડપર હાકેમ ફરેદુનનું ધ્યાન ખેંચાયું, અને તે અમિર ઉમરાવોના સરઘસ સાથે બારી આગલ આવી ઉભો. તેને જોતાંજ મુંગો બેહેરો બાગબાંન બહમન પોતાની જગાપરથી ઉઠ્યો અને નમન કરી તે કમનસીબ નારના મુડદાં તરફ તથા મેહેલના દરવાજા તરફ આંગલીનો ઇસારત કરી ઉભો. હાકેમ ફરેદુન તેની મતલબ સમજી ગયો, અને પાસે ઉભેલા બે ત્રણ અમીરોને હુકમ કીધો કે તેહેમીનાને પોતા પાસે લાવે. અમિરિ પેશાંનીના તે ઉમરાવો નીચે ઉતરી ગયા અને કુજાયણો વચ્ચે તેહેમીનાને મુવેલી જોતાં ઘણુંજ માનથી તેણીના સબને ઉચક્યું અને હાકેમ ફરેદુન પાસે લઇ આવ્યા. અમિર ફરામર્ઝ પણ ઉમરાવોના ટોલાંમાં હતો અને તેહેમીનાને મુવેલી જોઇ દલગીર થઇ ઉભો. જહાંગીર તો ત્યાં ઉભેલોજ હતો અને દીલઆરામ પણ પાછી આવી ઉભી રહી.

હાકેમ ફરૈદુનની નજર તેહેમીનાએ પકડેલાં કાગજપર પડી; જે કાગજ તુરત તેને વાંકા વલી લીધું અને તેની મોહોર તોડી વાંચ્યું:—

"નામવર હાકેમ ફરૈદુનની દરબારને શોભાવનાર અને

જેમ દેનાર જહાં પેહેલવાંન મારા વાહાલા જહાંગીર—મારાં સરનાં તાજ તું તો મને મુકી ચાલી ગયો—જતી વખત મને છેલ્લી સલાંમ વટીક આપ્યા વગર તું મારેથી જુદો પડયો તો હું તુને મળવા આવી છું કે તું મારી છેલ્લી સલાંમ લે! મેં તુને ચાહ્યો, પણ મને તે ચાહી નહીં, અને તેથી મારો અખંડ અને ખરો પ્યાર મારો જમ થઇ પડયો. પણ મોત પછીથી મેં તુંને જોવા માંગ્યો. હવે મેં તુને જોયો એટલે મારી ઉમેદ બર આવી સલાંમ વાહલા જહાંગીર સલાંમ—છેલ્લી સલાંમ!

હાકેમ ફરેદુને આ ટુંકું પણ અતિ લાગણી ભર્યું કાગજ વાંચવાનું પુરૂં કરતાંજ સર્વ સરદારોની આંખોમાં પાણી આવી ગયાં, જ્યારે ઉમરાવી બાનુઓથી તે મેહેલમાં ચાકરી કરનારી ઓરતો ધસાધસ રડી પડી—ગોયા સર્વના જીગરો ચાક થઇ ગયાં!

અરે પ્રિય વાંચનાર! તે વખતના દેખાવનું વર્ણન કરવાને આ નબલી કલમમાં તાકાત નથી. દયા અને મહુબતની લાગણીઓને તેઓએ આંસુથી ખાલી કીધી.

અરે! ગરીબ તેહેમીના!

કોણ કમબખતની હીંમત છે કે પ્યાર જેવાં પવિત્ર કલાંમાં હસી ઊડાડે. પ્યારની મોટાઈ શું છે તે આપણે આપણી વાર્તાની કમનસીબ નાયકાની કાહાંણીપરથી પુરેપુરૂં અને પકકે પકકું જોઇ લીધું છે, અને જેઓ પ્યારને ઘેલાં ચેડાં તરીકે ગણે છે તેઓને ધડો—સંગીન ધડો લેવા દો!

જહાંગીરનું સર્વના કરતાં દુખની વધુ અસર થવા

પામી એ કુદરતીજ છે. તે બાહાદુર પેહેલવાંન પોતાની ઉમરમાં આ પેહેલ્લીજ વાર રડયો—હ્રોકેહ્રોક રડયો.

આંખોમાં આંસુ સાથ તેણે હોઠો ખોલ્યા અને બોલ્યોઃ—

"નામવર હાકેમ ફરેદુન" તે ગળગળતા અવાજે બોલ્યો "મારો એમાં સ્હેજ પણ કસુર નથી. અફસોસ! ગરીબ બીચારી એ છોકરીએ મને એવાં હેતથી ચાહયોચ કે જેનો ઝાંખો ખ્યાલ વટીક મને નહીં હતો—અને જો હુતે તોપણ હું એની માંગણી કબુલ કરી શકતે નહીં, કારણ કુમારો રેહેવાના સોગંદ મેં ખાધા હુતા અને મરણ સુધી હું તે મારા કસમ પાલીશ. એ પરીપેકર સુંદરીના મારી તરફના અણહદ અને અથાગ પ્યારને મેં સ્હેજ પણ ઉત્તેજન આપ્યું નથી કે જેના સાક્ષિઓ તરીકે ગરીબ તેહેમીનાના ભાઇઓ તથા પીતા મોજુદ છે. એના પિતાનીજ ફરમાસથી હું તેહેમીનાને છેલ્લી સલાંમ આપવા વટીક ગયો નહીં કે એ મને વીસરે-પણ અફસોસ! એ બીચારીએ મને વિસારીયો નહીં અને કમોતે મરણ પાંમી મરણ પછી પણ સલાંમી આપવા અહીંવેર આવી."

દીલઆરાંમને પણ ઘણું લાગી આવ્યું અને જહાંગીરને વગર ફોકટનો ઠપકો આપવા માટે તેની કદર ખાઇ પસ્તાવા લાગી.

સર્વને એકજ વીચાર આવ્યો. આવી ખુબસુરત છોકરી તેના એટલા અણહદ પયાર છતાં જહાંગીરના દીલને નહીં જીતી શકી એ, સર્વને ઘણું અજાયબ લાગ્યું અને દરેક જણ એક તરફ...નંશામી જીલ્લી વલાવી તેહેમીનાના મોત

માટે સર્વએ દીલઆરાંમને દોષીત ગણી—ગુનેહગારં દોષીત ગણી—જો કે તેમ તો આપણે એ વાર્તાના પેહેલ્લાં પ્રકરણમાં જોઇ આવ્યા પ્રમાણે હતુંજ નહીં. જહાંગીરને હાકેમ ફરેહુને દીલાસો દીધો અને તે મુંગા—બેહેરાની ફરીની ઇસારતપરથી તેહેમીનાના બદનને ઉંચકી નદી આગલ લઇ જવામાં આવ્યું અને પુરતાં માંન સાથે હોડીમાં તેણીને એકવાર પાછી બેસી કે જેથી તે પોતાના બાપીકાં ઘરમાં પાછી જાય અને તેઓના હાથથીજ આરામગાહની ક્રિયા પાંમે. કારણ જહાંગીરને સલાંમ કરવાનું તેણીનું કાંમ હવે પુરૂં થયું હતું!

હાકેમ ફરેહુએ તેહેમીનાના બંદનને નમન કીધું અને તેના પછી સર્વ અમીર ઉમરાવોએ નમીને તેહેમીનાને છેલ્લું માંન આપ્યું. જહાંગીરે પણ નમન કીધું અને ઉસ્કેરાટના આવેસમાં દોડી જઇ તેહેમીનાના મુંખપર બેસુમાર બોસા લઈ તેના પગો ચુમ્યા.

આસમાંન તરફ નજર કરી મુંગા-બેહેરા બહમને હોડીને હલ્લેસું માર્યું અને સર્વને દલગીરીના વમલમાં વીંટાલી તેહેમીનાએ ધીમે ધીમે બાપીકાં ઘર તરફનો રસ્તો લીધો. જહાંગીર તે કીનારાના એક એકાંત ભાગપર ચાલી ગયો અને આસ્તે આસ્તે નજરથી ગુમ થતી પેલી હોડીપર નજર ઠેડવી રાખી ગમથી દબાતી છાતીએ ડચકાં ખાવા લાગ્યો.

"અરે! મીઠાં અને ભોલાં જીગરની વાહલી તેહેમીના, હુંતેજ હું બોલુંચ કે હું તુંને ચાહી શકતે! કમોતે મોતને સ્વાધીન થયલી હુરી, હું મારા ખુદાને શું જવાબ દઇશ! સલાંમ—પુલસમાંન• છોકરી .સલાંમ! છેલ્લી સલાંમ! હું

તારાં મોતનો ગમ સદાનો કરીશ! પણ દુન્યાના પેદા કરનાર ઓ કીરતાર! તું જાણે છે કે હું નિર્દોષ છું—અને તે છતાં હું કમનસીબ છું. પણ એમાં તારો કંઈ ભેદ હોવો જોઇએ."

હોડી નજરથી ગુમ થતાંજ જહાંગીર ધીરેથી ઉઠયો અને દીલઆરાંમ પાસે આવ્યો.

"માફ કરજે ઓ વફાદાર જહાંગીર" દીલઆરાંમ લાગણીથી બોલી "મેં તુંને નાહક ઘેરઈનસાફ કીધો. પણ મારે જણાવવું જોઇએ કે જે હેતથી તુંને તેહમીનાએ ચાહયોચ તેટલાં અગાધ હેતથી હું તુંને ચાહી શકતે નહીં—તે નારીની માફક હું મારો જીવ આપી શકતે નહીં—"

"અને તેથી હું માની લઉંછ કે તેહમીનાના મુવા પાછળ હું તેને હંમેશનો વફાદાર રેહેવા માંગું છું—અને હવેથી હું તારો વિચાર કરીશ નહીં—જો કે તું બાનું તરફનો મારો વિચાર કણી અપવિત્ર તો હતોજ નહીં."

"હું તેમ કરવાની રજા આપું છું." દીલઆરામ બોલી પણ તે કમનસીબ નારીનો ચેહેરો જરદ મારી ગયો. "તારી જુદાઈ હું ખમી શકનાર નથી, પણ તેનો કંઈ મુજાકો નથી."

સર્વની ભારી અજાયબી અને ફરેહુનની અપાર દલગીરી વચ્ચે કંઈક મુદત પછી દીલઆરાંમ જોગન બની ગઇ અને તેહમીનાનું પવિત્ર નામ યાદ કરતા જહાંગીર જોગીના પોષાકમાં આ ફાંની દુન્યાની મોજમજાહથી હાથ ઉઠાવી જગેજગે ભટકવા લાગ્યો.

સંપૂર્ણ.

# આગલથી ઘરાક થનારાઓના નાંમો.

| નામ. | નકલ. |
|---|---|
| બાઈ આમાંબાઈ હો૦ પતેલ ... ... ... ... | ૧ |
| " હીરાંબાઈ બા૦ મોદી ... ... ... ... | ૧ |
| " ગુલબાઇ શો૦ શાહ ... ... ... ... | ૧ |
| " શીરીનબાઇ એ૦ કામદીન... ... ... ... | ૧ |
| " મેહેરબાઇ જી. એ. મોદી... ... ... ... | ૧ |
| મીસીસ બરજોર સો૦ કુપર ... ... ... ... | ૧ |
| બાઈ જરબાજી રૂ૦ વાડીઆ ... ... ... ... | ૧ |
| મીસ મેહેર ફ૦ વાડીઆં ... ... ... ... | ૧ |
| ડાકટર રૂસતમજી કાપડીઆ ... ... ... .. | ૩ |
| શેઠ હોમી ના૦ નાલાશેઠ ... ... ... ... | ૧ |
| " મેહેરવાંન પે૦ ઉમરીગર ... ... ... ... | ૧ |
| " જમશેદ ન૦ માદી... ... ... ... ... | ૧ |
| " પેસી વાહડીઆ ... ... ... ... .. | ૨ |
| " કેકી કા૦ બાતલીવાલા ... ... ... . . | ૧ |
| " ફરાંમજી ગંદેલીઆ... ... ... ... ... | ૧ |
| " સોહરાબ રાંદેલીઆ... ... ... ... ... | ૧ |
| " રૂસતમજી પે૦ પાવરી ... ... ... ... | ૧ |
| " રૂસતમજી છાપગર ... ... ... ... | ૧ |
| " સોહરાબ જ૦ દલાલ ... ... ... ... | ૧ |
| " શાપુરજી પા૦ તલાતી ... ... ... ... | ૧ |
| " અરદેસર ઢીવેચી... ... ... ... ... | ૧ |

| | |
|---|---|
| ,, ફેરામજી બ્રા૦ ધાભર ... ... ... ... | ૧ |
| ,, ફરામજી દો૦ કાપડીઆ ... ... ... ... | ૫ |
| ,, સોહરાબજી ન૦ દલાલ ... ... ... ... | ૧ |
| ,, પેસતનજી એ૦ ગઝદર ... ... ... ... | ૧ |
| ,, બહમનશાહ સો૦ માસ્તર ... ... ... ... | ૧ |
| ,, બીખાજી દી૦ મુલ્લાં ... ... ... ... | ૧ |
| ,, બરજોર પી૦ વકીલ ... ... ... ... | ૧ |
| ,, પીરોશાહ પી૦ મોબો ... ... ... ... | ૧ |
| ,, હોરમજી ફ૦ કોમીસરીએટ... ... ... ... | ૧ |
| ,, દારાબજી મે૦ ગાસનેવાળા... ... ... ... | ૧ |
| ,, જેકીસનદાસ લ૦ બારભાયા ... ... ... | ૧ |
| ,, સોહરાબ બ૦ મેહેતા ... ... ... ... | ૧ |
| ,, બેહેરાંમજી બ૦ કોલાહ ... ... ... ... | ૧ |
| ,, સોહરાબ મે૦ મેજર ... ... ... ... | ૧ |
| ,, રેહમતોલ્લા હાજી હાસમ ... ... ... ... | ૧ |
| ,, અરદેશર ન૦ લોર્ડ ... ... ... ... | ૧ |
| ,, માણેકજી શે૦ ભરૂચા ... ... ... ... | ૧ |
| ,, મેહેરવાનજી સો૦ મેહેરવાંનઆઇના ... ... ... | ૧ |
| ,, અરદેસર મા૦ કરજીઆ ... ... ... ... | ૧ |
| ,, કુંવરજી ન૦ એનડોરાવાળા... ... ... ... | ૧ |
| ,, જહાંગીર હો૦ મેજર... ... ... ... ... | ૧ |
| ,, દીનાનાથ એ૦ તાલચરકર... ... ... ... | ૧ |
| ,, ધનજીશાહ કાંટ્રેકટર.. ... ... ... | ૧ |
| ,, એ. એફ. ગીમી... ... ... ... ... | ૧ |
| ,, દાદાભાઈ ન૦ વાડીઆ ... ... ... ... | ૧ |

,, પેશતનજી મ૦ વોરડન ... ... ... ... ૧
,, હોરમસજી કુ૦ શેઠના ... ... ... ... ૧
,, હોરમજી સો૦ દુબાસ ... ... ... ... ૧
,, અહમેદ ભેગામી ... ... ... ... ... ૧
,, પીરોજશાહ સો૦ આબાદાન ... ... ... ... ૧
,, જહાંગીર પો૦ પાવરી ... ... ... ... ૧
,, જહાંગીર મોદી ... ... ... ... ... ૧
,, જમશેદજી બીલીમોરીઆ ... ... ... ... ૧
,, દાદી એમ૦ મેહતા... ... ... ... ... ૧
,, પીરોશાહ હો૦ કુપર ... ... ... ... ૧
,, દોરાબ વજીફદાર... ... ... ... ... ૧
,, ફરામરોઝ સો૦ માસતર ... ... ... ... ૧
,, હોરમસજી પે૦ ચોકસી ... ... ... ... ૧
,, દાદાભાઈ ફ૦ લંગરાના ... ... ... ... ૧
,, માણેકજી સો૦ કરઈ ... ... ... ... ૧
,, સોરાબજી હો૦ કાપડીઆ ... ... ... ... ૧
,, કુંવરજી મ૦ લાકડાંવાળા ... ... ... ... ૧
,, નાનાભાઈ બા૦ દુબાસ ... ... ... ... ૧
,, પેસતનજી મે૦ બરીવાળા... ... ... ... ૧
,, કાવસજી સો૦ બીલીમોરીઆ ... ... ... ૧
,, નવરોજી કો૦ ગડેવીઆ ... ... ... ... ૧
,, પીરોશાહ મ૦ સોપારીવાળા... ... ... ... ૧
,, દોસાભાઈ સ૦ ઝુગતી ... ... ... ... ૧
,, અરદેશરજી ના૦ રાંડેલીઆ ... ... ... ... ૧
,, નવરોજી એ૦ કુપર ... ... ... ... ... ૧

,, મોબેદરામજી મે૦ કન્ટ્રાક્ટર ... ... ... ... ૨
,, રૂસ્તમજી ન૦ પારાકોલ ... ... ... ... ૧
,, મેહેરવાનજી પે૦ ચકીઆળી... ... ... ... ૧
,, જમશેદજી ફ્૦ રબાદીના ... ... ... ... ૧
,, ધનજીભાઇ ન૦ પટેલ ... ... ... ... ૧
,, રહેમતુલ્લા હાજી હા૦ મરચંટ ... ... ... ૧
, હાજી હાસા ઇબ્રાહીમ ... ... ... ... ૧
શ્રી મુલજીભાઇ ભોજા "રીડીંગ રૂમ ... ... ... ૧
શેઠ રૂસ્તમજી મા૦ ખરાસ ... ... ... ... ૧
,, બહમનજી ફ્રા૦ બાટેનાં ... ... ... ... ૧
,, બેહેરામજી ન૦ ભરૂચા ... ... ... ... ૧

આ ઉપરાંત કેટલાંક ઘરાકોના નામો અસુરેથી આવ્યાથી છાપી શક્યાં નથી.

# ગુડ લક રેસટોરાં.

શું કામ પઈસા ખરચી ડોહલ્યાંનો જેવું ખાણું ખાઇ તનદરોસ્તી બગાડો છો ? ગુડ લક રેસટોરાંનું ખાણું ખાધા પછી, ઘરમાં પકાવવાની કડાકુટ કહાડી નાંખવાની પણ તમને લાલચ થશે.

વધુ બોલવામાં સાર નહી. ફકત નીચલી સરટીફીકેટ વાંચો એટલે બસ:—

"ગુડ લક રેસટોરાં" ના માલેક જોગ—

પ્યારા સાહેબ,

બોરડર તરીકે હું તમારાં રેસટોરામાં રહેલો છું, અને મને ઘર જેવું સુખ અને સગવડ આજ ૨ માસ થયાં મળે છે. દરએક રીતની સગવડ પહેલા પ્રકારનો ખોરાક, નંબર વન સરવીસ, અને બીજી સરવે રીતની ગોઠવણથી મને એટલો આનંદ ઉપજ્યો છે કે, આ રેસટોરાં છોડીને બીજે કેડે જવાનો મને સવપને પણ વીચાર આવતો નથી. ચોખ્ખો અને સફાઈદાર ખોરાક ઉપરાંત, ખોલ્લી ખુલ્લી હવા, જે દરએક માણસ માટે અગતયની છે તે અહીંયાં હું લઉંચ.

આએ "ગુડ લક રેસટોરાં" નો લાભ લેવા માટે હું મારાં "ગુડ લક" સમજુ છું.

એ ગુડ લક રેસટોરાંને તેના ફતેહમંદ લોકપ્રીય કારોબાર માટે મુબારકબાદી આપુંચ, અને મારા સઘળા જાતભાઈઓ તથા પરકોમનાં ગ્રેહસ્થોને એ રેસટોરાં અજમાવી જોવાની ખાસ ભલામણ કરૂંચ. એ રેસટોરાંના લાયકીવાલા માલેકની લાયકી બહુ વખાણવા જોગ છે.

લી૰ સેવક

**અરદેશર દાદાભાઇ પહોંચા તથા મુઉવાલા.**

એકવાર મુલાકાત લઇ ખાત્રી કરો, અને પછી હમેશાં હમારીજ સાથે કામ પાડશો.

નવો ગંજાવર જથ્થો

તરેહ કીસમની

# અચારીઆની ચાહ!

નો, દર થોડે થોડે દીવસે આવે છે.

---

નીલગીરી, દારજીલીંગ કાંગરા, શીલોન, પલુનટેસન,
દેરાડુન, આસામ, [illegible] અને બીજા અનેક
જુદા જુદા બગીચાની મધુર મધમધાટ અને
કડવાશ સાથે બેહદ પમરાટ ધરાવનારી.

# દીલખુશ ચાહ!!

ના રતલી બોક્ષ રૂ. ૧ થી ચઢ ઊતર સાત આના
સુધીની કીંમતે હમેશાં તઇયાર મલે છે.

વધુ વીગત માટે પ્રાઇસ લીસ્ટ મંગાવો !

**આર. એમ્. અચારીઆ.**

૩૮૪, મરીનલાઇન્સ નજદીક, ધોબીતલાવ, મુંબઇ.

## સરવેને જાણીતા અને માનીતા પ્રખ્યાત

### વીકટોરિયા બેકરી કોટ. મુબઈ.

## અરદેશર રૂસ્તમજી કનફેકશનરની કુાં,

જનરલ મરચંટસ
અને
કમીશન એજંટસ



પારસી બજાર,
કોટ, વીકટોરીયા
બેકરી.

કેક, બીસકીટ, પેસટ્રી, પેટીશ, કનફેકશનરી વગેરે વગેરે
બનાવવા માટે કીધા છે માટે તેનો લાભ લેવા તુરત પધારો

આખા હીંદુસ્થાનમાં ફકત

## વિકટોરીયા બેકરીનેજ ચાંદનું માન મળ્યું છે.

માન, ઇનામ, અકરામ અને જે ઉમદાત સરટીફીકેટોનો પુરો સરંજામ

## વીકટોરીયાં બેકરી ધરાવે છે.



# એક મહાતમા અને તેણે શોધેલો અરક.

હીમાલય પરવતની ટોંચો રૂ જેવાં સફેદ અને નરમ બરફથી ઢંકાઇ ગયલી છે. ઠંડી ન ખમાએ એવી પડે છે. પક્ષીઓ કોણ જાણે ક્યાં સંતાઇ બેઠાં છે. બધું ચુપાચુપ છે."

એવે વખતે પરવતની એક ઘણીજ ઉંચી ટોંચ ઉપરનાં એક નાનાં ઝુપડાંમાં એક મહાતમા બોંય ઉપર સ્થીર નજર ટાંકી બેઠો છે. તેનાં ડાચાં બેસી ગયાં છે. હાડકાં ઉપર ચામડી ચીટકી બેઠી છે. આંખોમાં મોટા ખાડા પડી ડોળા બાહેર નીકળીઆવયાં છે. આખા શરીરની ચામડી ઉપર કરચલી વળી રહી છે. પણ તેનાં ઉપર જયહરશના હસવાનો છાપ છે. તેનાં નાના ઝુપડામાં એક મોટો આતસ બળે છે, અને અહી તહી જાત જાતની નાની મોટી શીશીઓ, ભાત ભાતના પાળાઓ અને તરેહવાર જડીબુટીઓ વીખરાઇ પડી છે.

"હાહાહાહાહા!" તે મોટથી ખડખડ હસી બોલ્યો "એ મોત, જાલમ મોત. અંતે મેં તુને આજેજ કીધું કેની! આ સામે ઉકાળાતા અરકનું એકજ ટીપું ગમે એવા જીવ લેણ દરદને હંકાવે છે. જરા વધુ મેહેનત કરી હું એને એવું બનાવીશ કે તે તુંને પોતાને પણ માહાત કરશે અને અમે માણુસ જાત તારા પંજામાંથી સદાનાં છુટી ——" "નહી, નહી" એક ડરામણો મોટો સાદ નીકળયો.

પેલા મહાતમાએ ગભરાઇ ફરીને જોયું તો મોત દેવ તેના સઘળા ભયાનક સાથીઓ સાથે ઉંબર ઉપર દાંત કચકચાવતો ઉભો હતો.

"નહી માનવી, તુ તેમ કરી શકશે નહી. તારો મોતનો વખત આવી પુગયો છે. તારી અજલની આજ ઘડી."

આમ કહી તેણે પેલા મહાતમા ઉપર પોતાનો પંજો, અફાળગો અને તે મહાન પુરૂષને પણ પોતાની સઘળી શોધો પડતી મુકી આ જહાનથી વાસો ઉઠાવવો પડયો.

પણ આખી જીંદગી વેર જીવે પટકી, હજારો મુસીબતો અને મુશકેલીઓ ખમી, દુનીયા સાથનો સઘળો સંબંધ છોડી, તેણે જે અરક શોધિયો હતો તે તો આ જગતમાં રહી ગયો. હજારો વરસ પછી તે એક બીજા શોધકને હાથ લાગ્યો. તે મનુશયજાતને અમરપણું તો આપતો નથી. પણ તે જાત જાતની ઝેરી તાવોને તો બેશક મારી નાખે છે અને એ રીતે મોતના નાયબાને હફાવે છે. તેનો રંગ લાલ છે. તે હવે સરવે વેચનારાઓને ત્યાં મળે છે તેની કીમત માત્ર રૂપીઓ એક છે કેમકે તેની હજારો બાટલીઓ ખપે છે. તેનું નાંમ "બાટલીવાળા એગયુ મીક્ષચર" છે.

તેનો એક નવો ગુણ મરકીના હીગામે હાલ બહાર આણુયો છે. જે માણસોએ તાવનાં ચીનહો જણાતાં એ દવા લીધી છે, તેઓ મરકીના સપાટામાંથી મોકળા રહયા છે, વળી મરકીના નરમ પ્રકારનાં હુમલામાં પણ એ દવા ફતેહમંદ ઉતરી છે, અને પલેગ અમલદારોને પણ નરમ પ્રકારની મરકીથી સપડાયલાં દરદીઓ ઉપર એ દવા અકસીર જણાઇ છે. જેવું બાટલીવાળા એગ્યુ પીલ્સ અથવા મીક્ષચર તાવ વગેરેનો અકસીર ઇલાજ છે તેવોજ કાલેરા માટે અકસીર ઇલાજ બાટલીવાળાની કુંપની "કાલેરોલ" છે. સાધારણ ઝાડા, ઉલટી તો "કાલેરોલ"ના બે ત્રણ ડોઝથી તરત સારાં થાય છે અને દરેક મુસાફરને તે સાથે રાખવાની અરજ કરવામાં આવે છે.

બાટલીવાળા એગ્યુ પીલ્સ અથવા બાટલીવાળા એગયુ મીક્ષર અને બાટલીવાળાની કુંનું "કાલેરોલ" સરવે ઠેકાણે વેચાય છે. કીમત બાટલી એકનો રૂ. ૧ જો મળવામાં અડચણ પડે તો ડાકટર હોરમસજી બાટલીવાળાને <del>[illegible]</del> દાદર મુંબઇ લખવું અથવા તાર કરવો.

પેહેલો પારસી રંગારો કોણ ?

અનુભવી પારસી ધોનારો કોણ ?

શેડીંગ, બલીચીંગ, ફીની

શીંગમાં કોણ ?

જુનાં ને નવાં બનાવનારો

કોણ ? જુની

# દેશાઈની કું.

દરેક જાતનાં કસબી, ગરમ, રેશમી, તથા સુતરાઉ કપડાં ધોનારા

તેમજ રંગનારા.

ચંદનવાડી } સામે કોટ હુરનબી રોડ,

ધોબીતલાવ. } મુંબઈ.

સોરાબજી એદલજી.

માલેક, જુની દેસાઇ કુંપની.

# મ્યુઝીકના શોખીનોને

## ખાસ ખબર.

—:o:—

નીચે સહી કરનાર ધણી, આબરૂદાર ઘરોમાં હારમોનયમ તથા ફીડલ પર ગાતાં વગાડતાં શીખવે છે.

સરસમાં સરસ સર્ટીફીકેટો રજુ કરવામાં તેમજ ઓળખ આપવામાં આવશે.

મે૦ બે૦ ઘડીઆળી,

નં૦ ૩૦, એસપલેનેડ રોડ, (બીજે માળે) ત્રીચર બીલ્ડીંગ્સ,

કોટ—મુંબઈ,

# હાફણનો શત્રુ છે.

અમે એવી સખત હાફણ ખાંસી બ્રાંકાઇતીસ સસની "કાફી"
ની પહેલો ભાગ લેતાંજ તુરત નરમ પડે છે. દમ લેવા-
માં મુશ્કેલી વારંવાર સરદી લાગી સલેગમ થતો
હોય તે ઉપર "કાફી" અચુક ઇલાજ છે,
જ્યાં ડાકટરોનાં ઇલાજો અને બીજી
દવાઓ નીષ્ફળ નીવડે ત્યાંપણ
"કાફી" અકસીર છે,
કાંઇ પણ નુકશાન
કીધા વગર દર
દસારૂં ક
રીતાકાત
આપે
છે.

કીંમત રૂ૦ ૧॥.

**દીનશાહ એમ. દસ્તુરની કું.**

નેત્ર વઇદો કોટમાં, મુંબઇ કલબ સામે.

# થોડે નફે બોહલુ વેચાન

## સાયરશની કું.

## ઘેરઘટુ ખાનું પુરૂં પાડનારૂં ખાતું.

**ધોબી તલાવ પોલીસ ચોકીની બાજુમાં.**

હમોએ ખાશ વરદીથી ઘેરઘતુ ખાનું પુરૂં પાડવાનુ. ખાતું કેટલાંક આબરૂદાર કુટુંબની ફરમાસથી ઉઘાડીયું છે જયાં હમારી જાતી દેખરેખ હેથલ સઘલું ખાનું ઘેરનાં ખાનાં મુંજબ તઈયાર થાય છે. એ શીવાએ નવજોત ઇયા કાંઇ બીજાં ગાંકનાંચાર ખાનું જોઇતું હોય તે પણ વરદી મુંજબ તઇયાર કરી પોંહોંચાડી શું. હમારે ત્યાં નવશારીનું ઘી. જેને રાંધવામાં હમો ખાશ ઉપીઓગ કરીએ છઇએ. તે વેચાતું આપીશું.

હમારી દુકાંને ચાહા કારી સેન્ટ સાબુ કોલીંગવોટર વીગેરે માલ કોટના ભાવથી મલશે.

આ કોફી તથા મસાલાનાં જુના જાંણીતા અને
માનીતા થયલા વેપારીઓ

# રૂ. ખો. ધરાણી ઍન્ડ સન્સ.

ગીરગામ બેક રોડ, અગીયારી મોલા નાકે, મુંબઈ.

જો તમારૂં ખાણું સ્વાદીષ્ટ કરવું હોય તો અમારે
ત્યાંનો એકજવાર મસાલો વાપરી ખાત્રી
કરો, જેથી ખાણું એવું સ્વાદીષ્ટ થશે
કે તમો તમારૂં ખાણું હોંશે
હોંશે ખાશો.

અત્યાર સુધી તમોએ બધે ઠેકાણેની ચાહ પીધી હશે પણ
ફકત એકવાર અમારે ત્યાંનું ચાહનું પેકેટ લઈ
જશો તો પછી ભવીષયમાં બીજે ઠેકાણે
જશોજ નહી. ચોખી હાઇલેન્ડર કાફી
જેણે મોટી નામના મેળવી છે, તે
અમારે ત્યાં વેચાય છે. અમારે
ત્યાં નાનાં બચ્ચાંને
પણ ઠગાવાની
ધાસ્તી

ગણાતા બુરોઅરને આ ગોળીના બનાવનાર ઇશ્વર કૃપાથી સારા કરી શકે છે જો કે એ કામ ઘણું અઘરૂં તથા મનાય નહી તેવું જણાય છે પણ સ્યાણા આદમીએ જાણવું જોઇએ જે દુન્યા કોઇબી વાતે ખાલી નથી. રોગો અને જડ્ડીઓ એમ પેગમબર કાઇસ્ટ ફરમાવી ગયો છે તે ખરૂં છે, કેમકે અમે શોધવાની કોશેશ કીધીને મોહ મહેનતે મેળવ્યું છે તે મોટા મહાત્માઓ તથા ખુદાના વલીઓના નાદેર નુશખાઓથી ઘણા અસાદ્ય દરદો દફે કરવાને અમે ભાગ્યશાળી થયા છઇએ માટે જે લોકો સઘળાં તરેહની દવા કરી શક્યા હોય તેવાઓ જો રૂબરૂ અથવા પત્ર દવારાં દર-દાન દઇ હકીકત જણાવશે તો શમજાણ.ઇલાજ કરવામાં આવશે. અમી-રોને લાયક ઉમદા પાક ચાકુતી માજુન તેલ મલમ સુરમાં તથા સુનહેં આદી ખાક અમારે ત્યાંથી મળશે.

જે શખસો કોઇબી બીકટ દરદ માટે દવા કરવાનો ઇરાદો રાખતા હોય તેવોને મેહેરજી કાવસજી આરસીવાલાને ધી ન્યુ હાઇસ્કુલમા સાંજ ના સાડા ચાર વાગે મલ્યાથી વધુ ખુલાસો મલશે.

એકલા બનાવનાર **બનજીશા મેરવાનજી હાથીખાનાવાલા.**

**ડો. સુરત સીગણપોર ફુલવાડી પોતાના બંગલામાં.**

**દવા મળવાનાં ઠેકાણાં—મે. ઇસાભાઇ હેબતભાઇની કુ. સુરત તથા** અમદાવાદ અથવા ધણીને પોતાના મુકામેથી મળશે એમ. જે. પોચ્ખાનાવાલા, સુરત ખોદાબક્ષ પ્રેસ.

# હબ્બુલ હયાતિ

## યાને

# જીવન આપનારી ગોળી કીં. રૂ. ૧

આ ગોળી આયુષ વધારે છે એમ કેહેવામાં જરાએ સહરાગાત નથી કેમકે એને ઉપયોગ કરવાથી હોજરીને તાકાત મળે છે ને પાચન શકતી વધે છે ને શરીરનું લોહી સુધારીને દેહમે શુદ્ધ તથા દ્રઢ બનાવે છે. લોહી તથા વીર્ય વધારવા માટે એ ગોળી એક અકશીર ઇલાજ છે કેમકે સફેદ પુણી જેવી થઇ ગયલી વીર્યહીણુ દેહને લોહી તથા વીર્ય બક્ષીને ચેહરો ગુલાબી બનાવી દે છે. મરદી વધારી નવી જુવાની બક્ષે છે. કોઇબી રસ્તેથી થતો ધાતુ ક્ષય એવી સફાઇથી અટકાવે છે કે એ ગોળીને "ધાત બંધ" નામ આપે તોબી વાજબીજ કહેવાય. ઓરતોને દરતાન સાફ લાવી વાંઝીયાપણુ ટાળે છે ને ચેહરો ખુબસુરત બનાવી પતીને પ્રીય બનાવે છે. મધુ પ્રમેહને માટેબી એ ગોળી લાંબો વખત સેવવાથી ફાયદો થાય છે. છાતીના દરદો જેવા કે દમ હાંફણ ખાંસી ખહી ઉપર પણ એ ગોળી બહુ ફતેહમંદી સાથે વપરાય છે. છાતીપરથી બળગમમાં પડતું લોહી અટકાવે છે. હરસ બવાશીરનેબી ફાયદો કરે છે મગજ તથા પેટ તથા પીશાબને લગતા વ્યાધીઓપર એની અસર રામબાણ છે. દીલને લગતા દરદો દફે કરવામાં એ ગોળી અકસીર છે. પેટમાં વાયુને મગજે [illegible] ગરમી એવી દેહવાળાને માટે તો ગોળી છેક આશીરવાદ સમાન છે. એ ગોળીની મુખ્ય ખુબી એ છે જે શરીરના સઘળા અવયવોને પુષ્ટી તથા [illegible] બક્ષે છે. જેથીજ એનું નામ જીવન આપનારી ગોળી પાડવામાં [illegible] તદન [illegible] [illegible] [illegible] માટે [illegible] [illegible] નખાતી [illegible] દીન, [illegible]

વાતી જણાય તે વારે તો બને તેટલી ઝડપે એ ગોળી મેળવી વાપરવી અગ-ત્યની છે, કારણ કે મોડુ થયુ નહી હોય તે પહેલાં એ અજમતી ગોળી વાપ-રવાથી જીંદગી બચાવી સકાય છે. એ ગોળીની સઘળી ખુબી વીસ્તારી લખ-વાને આટલુ કાગળ પુરતુ નથી. એની ખુબી જાણવાને કોઇ સયાણો આદમી એ ગોળી વાપરી અજમાવી જોશે તો એની સઘળી ખુબીના શરવાળાના છાપ તે ખાનારની દેહપરથી ખુલ્લો જણાઇ આવશે કે જે દેહને એક નવો જનમ મળ્યો હોય એવી બનાવી દે છે. એ ગોળી બીમારોએ તો વાપરવીજ એતો શીધ છે પણ તનદરૂસ્ત આદમીએબી દર વરસે શીયાળાનાં વસાણા પૈ એક બે શીશીબી વાપરવી બહુ અગત્યની છે, સબબ જે ગમે એવા તનદોરોસ્ત અને લઠ આદમી પણ ચાલુ મેહનત ચીંતા ત્યાં સંસારી આફતોથી શરીરે દીવસો દીવસ ઘસાતા જાય છે તેથી તનદોરોસ્તીની પુરવણી તથા નીભાવવા ખાતર એ ગોળીનો ઉપયોગ કરવોજ જોઇએ જેથી ઘડપણ તથા દરદો થઇ આવવાનો ભય રેહતો નથી એટલુંજ નહીં પણ શરીર તથા મગજની કુવત વધવાથી તથા નીભાવવાથી આ હરીફાઇના જમાનામાં પૈસા રળ-વાના કામમાં વધુ મેહનત ઉલટથેર કરી શકવાથી ફતેહ મળે છે. જુના ઝાડા-પેચશ—અતીસારનેબી દફે કરે છે.

**ગોળીઓ વાપરવાની રીત**—ખાનુ ખાવા પેહલાં અરધો કલાક આગમચથી એક સવારે તથા એક સાંજે ગળી જવી. હમેલદાર ઓરત તથા ૧૦ વરસની અંદરના બાળકે લેવી નહી. ખાટું તથા તીખુ બહુ ખાવું નહીં. નીશો ઝાઝો કરવો નહીં. ખોરાક ઉત્તમ ઘી દુધવાળો ખાવો ઝાડો સાફ નહીં આવે તો હલકો જુલાબ લઇ એ ગોળી જારી રાખવી. કબજ કોઠાવાળાએ સવારના ગોહરમાં માખણ જરૂર ખાવું.

## બીકટ દરદોના રામબાણ ઇલાજ.

**અમે એવી નામરદી, ખરજી, હાંફણ, રક્તપીત, કોઢ મીઠી પીશાબ, અતેસક, બાસુર, સઘળી જાતના વા હીસટીરીઆ વીગેરે અસાદય**

# નવી નવાઇનાં "પેટંટ તેબલ લાંપ.

## ધી "મેનહોતન" સ્મોકલેસ ઇનકેન્ડીસંત લાંપ

ઘણુંજ સલામતી ભરેલો અને ઉત્તમ બનાવટનો આ એક કેરોસીન તેલ બાળવા માટેનો લાંપ છે.

આ લાંપ ઇનકેનડીસંત રોશની આપવા માટે ખાસ બનાવેલો છે. સાધારણ કેરોસીન લાંપનાં કરતાં સેંકડે પચાસ ટકા વધુ રોશની આપે છે.


યાદ રાખજો! આ લાંપને માટે "મેનતલ" જોઈતો નથી. વળી બળતી વખતે ધુંવો નીકળતો નથી ; તેલનો વાસ આવતો નથી. એક સરખી સ્થિર રોશની આપે છે. કાકડાને ઘડી ઘડી ઉસ્કેરવો પડતો નથી અને બુજવતે વખતે ગ્યાસની બતી માફક તુરત બુજવાઇ જાય છે. આ લાંપ બધી જાતની કંટાળા ભરેલી કડાકુટથી તદન મોકલો છે. ફકત એક વખત સલગાવ્યું કે તુરત પોતાનું કામ કાયદા રીતે કરે છે.


આ "**લાંપ**" ને ખરૂંજ એક લાંપ છે. **ખચીતજ વાપરવાં લાયક** છે. વળી કીંમતમાં પણ ઘણાજ સસ્તા છે. કીંમત નંગ ૧ ના!

અબદુલ તઇયબની કું૦

નં. ૧૨૭ અબદુલ રેહમાન સ્ટ્રીટ મુંબઇ.

## હમેશાં દાગીના ખરીદ કરતાં અમારી
## જુની દુકાનની પહેલી મુલાકાત લેશો !





કારણ કે

જુદી જુદી કોમને પહેરવા લાયક દાગીનાની સરસ તરાહ અતિ ઉત્તમ ફીનીસ, તેમજ તેપર થતી વિલાયતી સામે હરિફાઇ કરે તેવા સુંદર અને મશીનરી ફલીંગ પાલીસની ખરી ખુબી કામે અનુભવ મેળવેલા,

નવા ધંધાદારીઓ કરતાં
વીસ વરસના જુના અનુભવી

# કાનજી માલજી જવેરીની

દુકાનોએ વધુ જણાશે. તેમજ ત્યાં ખાસ દેખરેખ નીચે બનતા દાગીના પ્રથમ હરિફાઇમાં ઉતરી શકશે. વલી હીરા, માણેક અને મોતી જડીત સર્વ જાતના દાગીના ઉપરાંત ઉંચા મેકરનાં લેડીઝ અને જેન્ટલમેન ઘડીયાલો, તેમજ રાજા રજવાડા અને શ્રીમંતોને વાપરવા લાયક દાગીના અને કચ્છ વર્કના તરેહવાર ફેન્સી માલ મલી શકશે.


જુની દુકાન—શેક અબદુલ રેહમાન સ્ટ્રીટ, મુંબઇ. ટેલીફોન નં. ૭૮૬

સોનાના દાગીના ૯૯૨ ડાયમંડ પોલીશ થાય છે તેજ કોઇ કહેવું હોયતો તે વાત મલશે.

**કાનજી માલજી જવેરી.**

# કુવરજી દી. મીસ્ત્રી

**ખેતવાડી [illegible]મી ગલી—મુંબઇ.**



હીંદની હવાને ખરનાં ખાસ બનાવેલા મધુરે સુરના ટકાઉ ફોલડીંગ અને ફ્રેંચ હારમનીઅમો રીયલ ઇંગ્લીશ બીચ ઉડના કી-બોર્ડ સાથે કીફાયત ભાવે તૈયાર મલશે.

વેલાયતનાં નામીચા મેકરોને ત્યાંથી હારમોનીઅમોને લગતા દરેક રીડીંગ્સો ખાસ ઓરડર કરી મોહોટાં દામે મંગાવવામાં આવે છે.

[illegible] કૉનગ્રેસનાં પ્રદર્શનમાં સર્વથી ઉંચો સોનાનો ચાંદ હારમોનીઅમોની ઉંચી કારીગરી માટે અમોને મળ્યો છે.